# કચ્છ-ગીરનારની મહાયાત્રા.

卐

પ્રકાશક,
જૈન સસ્તી વાંચનમાળા.
ભાવનગર.

# શ્રી કચ્છ ગીરનારની મહાયાત્રા




પ્રકાશક,

શ્રી જૈન સસ્તી વાંચનમાળા—ભાવનગર.

લેખક:—

રા. મોહનલાલ ચુનીલાલ ધામી.

રાજકોટ.

પ્રકાશકે સર્વ હક્ક સ્વાધીન રાખ્યા છે.

કિં. રૂા. ૨-૮-૦

ભાવનગર:—

ધી આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં

શા. ગુલાબચંદ લલ્લુભાઇએ

છાપ્યું.

# સમર્પણ.

આ પુસ્તક તો તેજ દાનવીર નર રત્નને અર્પણ કરવાની સ્વભાવિક ઇચ્છા થાય કે જેમણે આ મહાન્ સંઘ કાઢી અતુલ પુણ્ય ઉપાર્જન કરી જગતભરમાં જૈન ધર્મની ધ્વજા ફરકાવી છે.

**ન માપી શકાય તેટલી** ઉદારતા—ધર્મની સાચી અને ઉંડી ધગશ સ્વામીભાઇ પ્રત્યેના પ્રેમનો તો એક વ્હેતો ઝરો શ્રીમંતાઈ છતાં સાદાઇ, ધાર્મીક દરેક પ્રસંગમાં ગમે તે સ્થળમાં નિયમીત હાજરી, અને નિત્યની ક્રિયા જેમની નિરંતર જોવાય છે. આવા વિશાળ હૃદયી પુણ્યશાળી નરરત્ન શેઠશ્રી **નગીનદાસભાઇને** આ પુસ્તક પ્રેમ-પૂર્વક અર્પણ કરી અતિ આનંદીત થાઉં છું.

લી૦ આપનો:—

**અચરતલાલ.**

# આભાર.

દાનવીર નરરત્ન !

શેઠશ્રી નગીનદાસભાઇ કરમચંદ સંઘવીએ આ પુસ્તકની ૫૦૦) નકલના પ્રથમથી ગ્રાહક થઇ મારા કાર્યને સહાનુભુતી આપી છે તે માટે તેઓશ્રીનો આભારી છું.

લી૦ સેવક,

અચરતલાલ.

# પ્રસ્તાવના.

આવું ઇતિહાસીક અને તાજેતર બનેલી—જોવાયેલી હકીકતનુ પુસ્તક પ્રગટ કરવાનો વાંચનમાળાનો આ પહેલો પ્રયાસ હોવા સાથે તેના લેખકને પણ આવું ધાર્મીક, ઇતિહાસીક પુસ્તક લખવાની આ પહેલી તક મળી છે, આનંદતો પ્રસ્તાવના લખતાં પણ એજ થાય છે કે—એક દાનવીર ધર્મપરાયણ ગૃહસ્થ ધર્મના કાર્ય કેટલી હદ સુધી છુટે હાથે ખર્ચ કરી કરી શકે છે અને દુનિયાભરમાં જૈનધર્મની ધ્વજા ફરકાવી શકે છે.

## સંઘવીજીનો વીચાર અને ધ્રાંગધ્રા સ્ટેટની સલાહ.

સંઘવીજીનો પ્રથમ વીચાર આ સંઘ શ્રી રાધનપુર તરફથી શ્રી કચ્છમાં લઇ જવાનો હતો, તેવામાં સંઘવીજી અને શ્રીયુત કમળશી ભાઇ ગુલાબચંદનું કામ પ્રસંગે શ્રી ધ્રાંગધ્રા જવું થતાં ત્યાંના નામદાર મહારાજા રાજ્ય સાહેબ અને મહેરબાન દિવાનજી સાહેબને મળ્યા, ત્યાં આ સંઘનાં પ્રવાસની વાત નીકળી. જેમાં આ મહાન સંઘ રાધનપુર તરફ લઇ જવા કરતાં આ બાજુ લેઇ આવો તો રસ્તો સહેજ લાંબો થશે પરંતુ રસ્તો ઘણો સારો અને સગવડતા ભર્યો થશે. તેમ તેઓશ્રીએ જણાવ્યું. ને સાથે જો સંઘ આ બાજુ લેઇ આવો તો સંઘને જોઇતી તમામ મદદ આપવા ઘણો ઉત્સાહ બતાવ્યો અને ત્યાંના સંઘે પણ ઘણો ઉત્સાહ બતાવ્યો. વળી વચમાં મહાન પ્રાચીન તીર્થશ્રી સંખેશ્વરજી અને શ્રી ઉપરીયાળાજીની મહાન જાત્રાનો લાભ શ્રી સંઘને

ચર્ચા. જેથી તે રસ્તે જવાનું ઠરાવ્યું. આ કીંમતી સલાહ શ્રી ધ્રાંગધ્રા ના નામદાર રાજ સાહેબ અને મે. દિવાનજી સાહેબને આભારી છે.

ધ્રાંગધ્રામાં લેવાતી જગાત આ સંઘ આવતાં સંઘવીજી તેમજ સંઘના દર્શન કરવા આવનાર બહાર ગામનાં માણસોની તદ્દન માફ કરી હતી અને સ્ટેટે પોતાનાં તમામ ઉતારામાં બહારનાં આવેલા મેમાનોને સુવા બેસવાની ગોઠવણ કરી આપી હતી.

શ્રી અખીઆણા ગામ મુકયા બાદ શ્રી ધ્રાંગધ્રા સ્ટેટની હદ શરૂ થઇ ત્યારથી તે સ્ટેટની હદ પુરી થતાં સુધીનાં દરેક મુકામોએ ધ્રાંગધ્રા સ્ટેટ તરફથી તમામ જાતની સગવડતા કરી આપવામાં આવી હતી તે માટે અગાઉથી દરેક ગામોનાં વહીવટદારો અને પોલીસ પટેલોને હુકમો લખાઇ ગયા હતા.

રાજગઢથી સંઘ ધ્રાંગધ્રા સ્વારે નવ વાગ્યાનાં સુમારે (હરીપરની વાવે) પહોંચ્યો હતો ત્યાં આગળ ધ્રાંગધ્રા સ્ટેટ તરફથી સંઘને થોડો વખત વિશ્રાંતી લેવા માટે બેઠક કરાવી હતી અને ત્યાંના મહેરબાન દિવાનજી સાહેબ માનસીંહજીભાઇ રાજમંડળ અને ઓફીસરો સુધાં તે હરીપરની વાવસુધી શ્રી સંઘની સામે આવ્યા હતા. સંઘવીજી આવતાં મે. દિવાનજી સાહેબ સંઘવીશ્રીને આનંદથી મળ્યા, અને હાર તોરા આપ્યા. તે બાદ સંઘવીશ્રી અને મે. દિવાનજી સાહેબ વિગેરેએ આચાર્યશ્રી વિજયનેમિશ્વરસૂરિજીને વાંદ્યા. તે બાદ ત્યાંથી વરઘોડાની શરૂઆતી થઇ; જવાનો અને આજુબાજુનો રસ્તો માણસોથી ચીકાર ભરાઇ ગયો હતો, અને આનંદ આનંદ ઉભરાઇ રહ્યો. ધ્રાંગધ્રા સ્ટેટે આનંદ ખાતર તમામ ઓફીસોમાં રજા પડાવી હતી. વરઘોડો

ગામમાં પેસતા રસ્તામાં કેટલીક જગ્યાએ સંઘવીશ્રીને હારતોરાથી વધાવવામાં આવતા હતા અને નામદાર મહારાજા રાજ સાહેબ શ્રીસંઘનું સામૈયું અને સ્વારી જોવા માટે એક્ષચેન્જ હોલની મેડી ઉપર બીરાજ્યા હતા વરઘોડો જોઇ પોતે બહુજ ખુશી થયા હતા.

શ્રી ધ્રાંગધ્રામાં ત્રણ દિવસો ઘણાં આનંદ સાથે વ્યતીત થયા હતા ત્યાંના નામદાર મહારાજા રાજ સાહેબ અને મે. દિવાનજી સાહેબ અને ત્યાંના સકળ સંઘે જે પ્રેમાળ લાગણી બતાવી હતી તે ખરેખર જૈન ધર્મને દીપાવનાર અને સ્તુતિ પાત્ર હોઇને તે માટે લખીએ તેટલું ઓછું છે. મહારાજાશ્રી અને દિવાનજી સાહેબનું અનુકરણ સંઘવીજીનાં તમામ પ્રવાસમાં શ્રી શાસનદેવતાની કૃપાથી દરેક સ્થળે થયું હતુ, વિશેષ હકીકત આ પુસ્તકના પૃષ્ટ ૬૧ થી વાંચવાથી જાણી શકાશે.

આશા નહોતી કે આ પુસ્તક પ્રગટ કરવાનું સાહસ અમે કરી શકશું. કારણ કે આ મહાન્ સંઘના પાંચ માસના પ્રવાસની સાંગોપાંગ હકીકત ફરાયેલા, દરેક સ્થળોનો સંપૂર્ણ ઈતિહાસ ક્યાંથી મેળવવો. કોની પાસે લખાવવો–સાથે–તેટલો મોટો ખર્ચ કેમ કરવો. છતાંય આ ઉત્તમ તક, ભવિષ્યની જૈન પ્રજાનો ઉપયોગી ઇતિહાસ જતો કરવા, મન ન માન્યું જેથી આ પુસ્તકના લેખક ભાઇ મોહનલાલ ચુનીલાલ ધામી. કે જેઓ આ સંઘમાં ઠેઠ સુધી સાથેજ હતા. તેમણે પ્રથમથીજ ઇતિહાસીક દ્રષ્ટીએ કચ્છના દરેક ગામનો ઇતિહાસ મેળવવા જે સતત્ પ્રયાસ કર્યો હતો તે જોતાં આ પુસ્તક તેમની પાસે વાંચનમાળાની ઓફીસમાં જ લખાવાયું જે તેમણે ઘણી સુંદર રીતે લખવા ઉપરાંત આખા પુસ્તકના સાર રૂપ શ્રી સંઘનો રાસ. પણ તૈયાર કર્યો (જે આ પુસ્તકના છેવટના ભાગમાં આપવામાં આવેલ છે) તે માટે તેમનો આભાર માનું છું.

જીંદગીની યાદગાર રૂપ આ સંઘ હતો, પૂર્વના સંઘોની યાદી આપનાર હતો. શેઠશ્રી નગીનદાસ કરમચંદે આ મહાન સંઘ કાઢી વસ્તુ-પાળ-તેજપાળ-જગડુશા આદિ પ્રભાવશાળી દાનવીરોનું ખરેખર સ્મરણ કરાવ્યું છે લગભગ ૪૫૦ સાધુ સાધ્વીનાં ઠાણાં અને પાંચ હજાર માનવ સમુહનો આ સંઘ જ્યાં પડાવ નાખે-ત્યાં એક સુંદર ગામનો દેખાવ થઇ જતો હતો.

કચ્છની જૈન-અને જૈનેતર પ્રજા તો આ સંઘ જોઇ હર્ષઘેલી બની ગઇ હતી તેમનાં સ્વાગત, તેમનો નિખાલસ પ્રેમ અને કચ્છના ગામેગામનો ઇતિહાસ તેમજ પ્રાચિન તિર્થ શ્રી ભદ્રેશ્વર તિર્થનો સંપુર્ણ પરિચય-આપવા સાથે કચ્છના બીજા ગામોના ભવ્ય જિનાલયોના ફોટા આ પુસ્તકમાં આપ્યા છે. ઉપરાંત શ્રી કચ્છ નરેશ, શ્રી ધ્રાંગધ્રા દરબાર, શ્રી વીરપુર દરબાર શ્રી માલીઆ દરબાર આદિ મહારાજાઓની જૈન ધર્મ પ્રત્યેની સદ્‌ભાવના અને સહાનુભૂતીનું દિગ્દર્શન કરાવી તેમના ફોટા પણ આપવામાં આવ્યા છે જૈનશાસન દિપક જૈનાચાર્ય શ્રી વિજય-નેમીસુરિશ્વરજી મહારાજશ્રી કે જેમના ઉપદેશથી આ સંઘ કાઢવામાં આવ્યો હતો તેમજ જેમના પવિત્ર હસ્તે સંઘવીજીએ તિર્થમાળ પહેરી તે તિર્થોદ્ધારક આચાર્ય મહારાજ શ્રી વિજયનીતિસુરિશ્વરજી મહારાજ-શ્રીના ફોટા પણ દર્શનાર્થે આપવામાં આવ્યા છે આવી રીતે લગભગ ૩૦ ચીત્રોથી આ ગ્રંથને વધુ ઉપયોગી બનાવ્યો છે.

લગભગ પાંચ મહિના સુધી આ સંઘે દરેક તિર્થનો લાભ લીધો, જીવન સાફલ્ય કર્યું તેની સવીસ્તર હકીકત ઉપરાંત ગામે ગામમાં થયેલી સખાવતો, સંઘવીજીને મળેલા માનપત્રો-અને તેના જવાબો. સામે

ગામમાં થયેલા જમણવારો વીગેરે તમામ હકીકત આ પુસ્તકમાં લેવામાં આવી છે. તે ઉપરાંત શેઠ નગીનદાસભાઈએ સં. ૧૯૮૨ ના ફાગણ માસમાં પાટણમાં મહામંગલકારી જ્ઞાનદર્શન ચારિત્રની આરાધનારૂપ ઉદ્યાપન મહોત્સવ કરેલ તેમાં શ્રી તારંગાજી મહાતીર્થની રચના અને પરમાર્હત ગુર્જર નરેશ કુમારપાળ મહારાજાનાં પૂર્વ ભવનાં અને તે ભવનાં સુંદર દૃશ્યો ગોઠવ્યા હતા તેના ૭ ફોટા તેની હકીકત સાથે આ પુસ્તકના પાછલા ભાગમાં આપ્યા છે તે પણ વધુ ઉપયોગી થઇ પડે તેમ છે. ફોટા કાચમાં મઢાવી ઘરમાં રાખી શકાય તેવા છે ટુંકામાં આ પુસ્તક તુરતમાં જેટલું ઉપયોગી છે તેથી પણ વધુ ઉપયોગી ભવિષ્યમાં થશે તેમ ઇતિહાસીક દૃષ્ટિથી જણાય છે.

**આટલી**—ઢીલ થવાનાં ઉપરનાં કારણો સાથે આ લાંબા પ્રવાસના દૃશ્યો, ચિત્રો વીગેરે મેળવવા–તૈયાર કરવામાં પણ ઠીક વખત લાગ્યો. પ્રથમથી થયેલા ગ્રાહકોએ પણ તેટલો વખત શાંતિ જાળવી તે માટે તેમનો આભાર માનવા સાથે જૈન સમાજ અમારા આ પુસ્તકને સહર્ષ વધાવી લઇ સહાનુભૂતિ આપશે તેમ ઇચ્છીશું.

લી૦ સેવક,

લી૦ અચરતલાલ.

# સુધારો.

પાના ૬૧—સરવાળ ગામના દેરાસરજીમાં દર્શન કરવા જતાં સાધારણ ખાતામાં રૂા. ૫૦૦) ધ્રાંગધ્રા—શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી મારફત આપ્યા હતા.

પાના ૬૨—માણસની સંખ્યા ૭ થી ૮ હજાર.

„ ૬૩—સંઘવીજીના ડંકા સાથે ધ્રાંગધ્રા સ્ટેટનો ડંકા હતો.

„ ૬૪—રેલ્વેપુલ. તે હળવદ જવા માટેનો

„ ૬૫—ચોથી લાઇનમાં—રાજ્ય તરફથી તંબુઓ, રાવટીઓ, તબેલા, ઘોડેસ્વારો અને પોલીસોની ટુકડી.

„ „ દશમી લાઇનમાં—સંઘવીજીના ચાંદીના દેરાસરજી પાસે શ્રી ધ્રાંગધ્રાના સંઘે શ્રી સમવસરણની રચના કરી હતી.

„ ૬૭—ચોથી લાઇનમાં—દિવાનજી સાહેબ.

„ ૯૦—સંઘવીજીનું માનપત્ર. શેઠ નગીનદાસ મોહનલાલ ગાંધીએ વાંચ્યું હતું

„ ૮૫—૨૦—૨૧ લાઇનમાં—તેમજ મે. દિવાનજી સાહેબ તરફથી પોશાકમાં ડાલર ૧૧ આપ્યા હતા.

„ ૯૩—૨૦ મી લાઇનમાં—ધ્રાંગધ્રામાં સુંદરબા અનાથાશ્રમમાં રૂા. ૩૦૧) આપી તે દિવસે અનાથોને જમણ આપવામાં આવ્યું હતું.

„ ૯૮—૧૨ મી લાઇનમાં—જૈનોનાં વીશ ઘર છે,

# આભાર.

આ મહાન સંઘમાં તન-મન-ધનથી સેવા અર્પનાર ગૃહસ્થોની ટુંક પીછાણ સમાજને આપવાની ફરજ માની તેઓશ્રીનો પણ આ સ્થળે આભાર માનું છું.

૧ શેઠ કમળશીભાઈ ગુલાબચંદ રાધનપુરઃ—ઉદ્યાપન મહોત્સવની રચનાના સુત્રધાર અને સારાય સંઘની યોજના, વ્યવસ્થા અને કાર્યની પાછળ પોતાની સમસ્ત શક્તિનો વ્યય કરનાર, શ્રી સંઘના કાર્યને માટે રાત્રિદિવસ ખડાપગે ઉભા રહી સેવા અર્પનાર ગમે તેવા પ્રસંગોમાં પણ પોતાના વ્રત-નિયમોને ન ચુકનાર આ પુણ્યવાન પુરૂષની અમે શું ઓળખાણ આપીએ ? શો આભાર માનીએ ! સંઘના આબાળવૃદ્ધ યાત્રિકો તેમની સેવાથી, તેમના કાર્યથી, તેમના નામથી, ક્યાં અજાણ છે !

૨ શેઠ પોપટલાલ ધારશીભાઈ જામનગરઃ—શ્રી જૈન વિદ્યાર્થી ભુવન જેવું સુંદર મકાન અર્પણ કરનાર આ ધર્મવીરનો આભાર ભુલાય તેમ નથી. જામનગર અને આજુબાજુના ગામો તરફની બધી વ્યવસ્થાની ભલામણો તેમનીજ હતી.

૩ શેઠ મોહનલાલ જમનાદાસ અમદાવાદઃ—અમદાવાદથી શ્રી સંઘના ઉપયોગ માટે દરેક પ્રકારની સગવડો કરાવનાર અને સંઘના યાત્રાળુઓમાં ફરી દરેક ભાઈઓની મુશ્કેલીનો તોડ કાઢનાર આ ભાઈનો પણ આભાર માન્યા શીવાય રહી શકાય તેમ નથી.

૪ શેઠ ગાંગજીભાઈ શીવજી બીદડાઃ—શેઠ નગીનદાસ કરમચંદની મુંબઈની " શેઠ સેવંતીલાલ નગીનદાસ " ની પેઢીના ભાગીદાર

અને કચ્છમાં દરેક જગ્યાએ સંઘની વ્યવસ્થા કરાવનાર શેઠ ગાંગજીભાઈનો પણ ઓછો ઉપકાર નથી.

૫ શેઠ **ચુનીલાલ કમળશી** હળવદ:—" મામા " ના નામથી ઓળખાતા આ ભાઈએ પણ દરેક જગ્યાએ શ્રી સંઘના કાર્યમાં આગેવાની ભર્યો ભાગ લીધો હતો.

રાજા, મહારાજાઓ તેમજ તેમજ અન્ય ગૃહસ્થોની શ્રી સંઘ માટેની દરેક પ્રકારની મળેલી સગવડો કરેલાં સ્વાગત વીગેરે હકીકત પુસ્તકમાં આવી ગયેલ હોવાથી આ સ્થળે લીધી નથી. અમો ઉક્ત દરેક ધર્મપ્રેમી, નરરત્નોનો આભાર માનીએ છીએ અને આવા દરેક ધાર્મીક કાર્યમાં હજુ પણ વધુ પ્રગતી કરો. તેમ ઇચ્છીએ છીએ.

## અમારૂ પુજ્ય મુનિ મંડળ.

કે જેઓશ્રીએ આ સંઘમાં સાથે રહી અમારા ઉપર અને સારી જૈન સમાજ ઉપર મહદ ઉપકાર કર્યો છે, તેઓશ્રીની ટુંક નોંધ લઇ કૃતાર્થ થાઉં છું, શ્રીમાન આચાર્ય મહારાજ શ્રી વિજયનેમીસુરિશ્વરજી મહારાજ તથા તેઓશ્રીના પટ્ટધર શ્રી દર્શનસુરિજી શ્રી ઉદયસુરિજી આદિ મુનિ મંડળ.

શ્રીમાન આચાર્ય મહારાજશ્રી વિજયનીતિસુરિશ્વરજી મહારાજ તેમના શિષ્ય આદિ મુનિ મંડળ.

શ્રીવિજયમાણેકસિંહસુરિ મહારાજ, પન્યાસજી મહારાજશ્રી ભક્તિ-વિજયજી મહારાજ ( રાધનપુર ) તથા તેમના શિષ્યો, પન્યાસજી ભક્તિ-વિજયજી મહારાજ ( સમી ) તથા તેમના શિષ્યો, પન્યાસજી ખાંતિ-

વિજયજી મહારાજ શ્રી પન્યાસજી લાભવિજયજી. પન્યાસજી મોતીવિજયજી, પન્યાસજી ઉમંગવિજયજી પન્યાસજી ધર્મવિજયજી ઇત્યાદિ.

પૂજ્યપાદ–આચાર્ય મહારાજાઓ પન્યાસજી મહારાજો વગેરે સાધુ સમુદાય અને શ્રી સાધ્વીજીઓના સમુદાયે આ તીર્થયાત્રા દરમ્યાન અનેક કઠીણ પરિષહો સહન કરી, રસ્તાની વિકટતા ઉપર લેશ પણ દુઃખીત હ્રદયી ન થતાં ગમે તેવા કઠીણ પ્રસંગોમાં લેશમાત્ર પણ શાંતિ ન ગુમાવતાં, જે અનુપમ પ્રમોદ–શાસન ભક્તિ અને ઉચ્ચ અધ્યવસાય યુક્ત હ્રદયે તીર્થયાત્રા કરી છે–તે દશ્યે હાલના સાધુ જીવન ઉપર કટાક્ષ કરનાર કોઈપણને ખરેખર મંત્રમુગ્ધ કરી સત્ય પથે દોરવાને માટેનું બલ્કે તેમની અસ્થિરતાના એક એક પાયાને હચમચાવી નાખવાને માટે એક સમર્થ સાધન થઇ પડ્યું હતું.

ખરો ઉપકાર તો આ પૂજ્યપાદ–મૂનિવરો અને સાધ્વીજીઓનો માનવાનો છે કે જેઓએ આવા વિકટ રણ જેવા રસ્તાઓમાં પણ સ્થીર ચિત્તુ વીચરીને ત્યાંની અજ્ઞાન અને ભોળી પ્રજાને–સમ્યક્ત્વ બીજની પ્રાપ્તિરૂપ શ્રી જીનવર ભાષિત–ધર્મની પ્રાપ્તિ કરાવી હતી.

લી૦ શ્રી સંઘના સેવકો—

ચંપકલાલ અને અચરતલાલ.

# અનુક્રમણિકા.


| નંબર | વિષય | | પાનું. |
|---|---|---|---|
| ૧ | મંગળાચરણ | | ૧ |
| ૨ | સંઘ અને તેનું મહત્વ | | ૨ |
| ૩ | સંઘથી થતા ફાયદા અને તેનું સ્વરૂપ | | ૧૦ |
| ૪ | વિચારોદ્ભવ અને તૈયારી | | ૨૫ |
| ૫ | સંઘ નિમંત્રણ પત્રિકા | | ૨૭ |
| ૬ | પાટણ અને સંઘની ભવ્યતા | | ૩૩ |
| ૭ | યાત્રા ( ગુજરાત–ઝાલાવાડ ) | દરેક ગામોનો ઈતિહાસ | ૪૬ |
| ૮ | યાત્રા ( કચ્છ—વાગડ ) | | ૧૦૦ |
| ૯ | યાત્રા ( સૌરાષ્ટ્ર ) | | ૧૫૭ |
| ૧૦ | કચ્છનો પરિચય... | | ૧૭૫ |
| ૧૧ | સંઘ અને સંઘપતિ | | ૧૭૯ |
| ૧૨ | કવિતામાં સ્થાન... | | ૧૮૭ |
| ૧૩ | સંઘવીજીને મળેલાં માનપત્રો | | ૨૦૭ |
| ૧૪ | કચ્છ-વરાડીયાના એક જૈન બંધુના હૃદયોદ્ગાર ( કાવ્ય ) | | ૨૯૦ |
| ૧૫ | માનપત્રોના જવાબો | | ૨૯૩ |
| ૧૬ | આ મહાન સંઘની ખુશાલીમાં આવેલા તારો ... | | ૩૦૯ |
| ૧૭ | સંઘમાં અપાયેલ જમણવારની નોંધ ... | | ૩૧૨ |

૧૮ આ મહાન સંઘનો રાસ... ... ... ... ૩૨૧
૧૯ શ્રી પાટણમાં ઉપધાન મહોત્સવ ... ... ... ૩૩૯

## ચિત્ર પરિચય.

૧ આચાર્ય મહારાજ શ્રી વિજયનેમીસુરિશ્વરજી મહારાજ ... ૨૬
૨ ,, ,, શ્રી વિજયનીતિસુરિશ્વરજી મહારાજ ... ૧૭૨
૩ શેઠ શ્રી નગીનદાસ કરમચંદ સંઘવી ... ... ...
૪ અ. સૌ. બેન. કેશરબા ( શેઠ નગીનદાસભાઇનાં ધર્મ પત્નિ ) ૪૦
૫ મહારાવ શ્રી સર ખેંગારજી સવાઇ બહાદુર ... ... ૧૦૨
૬ મહારાણા શ્રી સર ઘનશ્યામસિંહજી સાહેબ બહાદુર ધ્રાંગધ્રા ૭૮
૭ રાજ્યરાણા દિવાન સાહેબ શ્રી માનસિંહજી ધ્રાંગધ્રા ... ૮૬
૮ નામદાર દરબાર શ્રી ઠાકોર સાહેબ શ્રી હમીરસિંહજી
સાહેબ વીરપુર ... ... ... ... ૧૬૮
૯ ઠાકોર સાહેબ શ્રી રાયસિંહજી મોડજી માળીયા ... ... ૧૫૮
૧૦ શેઠ કુંવરજી આણંદજી ભાવનગર ... ... ... ૮૯
૧૧ શેઠ શવજીભાઇ રાજપાળ બીદડા—કચ્છ ... ... ૧૩૩
૧૨ માન્યવર દીવાન સાહેબ મહમદભાઇ જુનાગઢ ... ... ૧૭૧
૧૩ શ્રી કચ્છ જખૌનું જિન મંદિર ... ... ... ૧૪૫
૧૪ શ્રી જામનગરનું જિન મંદિર ... ... ... ૧૬૩
૧૫ ,, ,, બીજું ... ... ... ૧૬૪
૧૬ શ્રી ભદ્રેશ્વર તિર્થ ... ... ... ... ૧૧૫
૧૭ હળવદમાં શેઠ ચુનીલાલ કમળશીને ત્યાં સંઘવીજીનું સ્વાગત ૯૭
૧૮ શ્રી સંખેશ્વરજીમાં સામૈયાનો દેખાવ ... ... ... ૫૩

૧૯ શ્રી સંઘનું સામૈયું ... ... ... ... ૧૬૯
૨૦ શ્રી જામનગરમાં સામૈયાનો દેખાવ ... ... ... ૧૬૨
૨૧ શ્રી દિક્ષા મહોત્સવના શુભ પ્રસંગનું દૃષ્ય ... ... ૧૬૭
૨૨ સંઘવીજી અને તેમનું કુટુંબ ... ... ... ૩૨
૨૩ શ્રી પાટણ જૈન સમાજ સેવક મંડળ... ... ... ૪૧
૨૪ શ્રી ગિરનારજી તિર્થ ... ... ... ... ૧૭૦
૨૫ સત્ય ધર્મ ક્યો ! ચારૂ સંજીવીની કથા ... ... ૩૪૪
૨૬ મહારાજા કુમારપાળનો પૂર્વ ભવ ... ... ... ૩૫૨
૨૭ દયાની મુર્તિ કુમારપાળ નરેશ પૌષધ વ્રતમાં ... ... ૩૫૧
૨૮ કુબેરદત્ત શ્રેષ્ઠીને ત્યાં બારવ્રતધારી કુમારપાળ ... ... ૩૪૯
૨૯ ધર્મવીર કુમારપાળને કંટકેશ્વરી દેવીનો ઉપસર્ગ ... ૩૪૬
૩૦ શ્રી તારંગાજી તિર્થ ... ... ... ... ૩૫૪

## આપણાં શહેર અને ગામડામાં

જ્યાં ત્યાં દરેક સ્થળે જે–તે જૈનેતર નોવેલો વંચાતા હતા. તે હવે વાંચનમાળાના ઇતિહાસીક નવીન પુસ્તકો વાંચવાનો રસ લેતાં થયાં છે છતાં હજુ જોઇએ તેટલું પ્રમાણ નથી વધ્યું, દરેક દરેક નાના મોટા ગામોમાં વાંચનમાળાના પુસ્તકો વંચાવા જોઇએ અને તે માટે તેને ગામોમાંથી બે–પાંચ ગ્રાહકો થવાં જોઇએ તેજ અમારી ઇચ્છા છે. લીષ્ટ મંગાવો. લખો—

**જૈન સસ્તી વાંચનમાળા**
રાધનપુરી બજાર—ભાવનગર.

જગડુશાહનો-અવતાર,

# દાનવીર નરરત્ન શેઠ નગીનદાસ કરમચંદ.



પૂર્વના પ્રતિભાશાળી મહાપુરૂષોનું સ્મરણ કરાવનાર,

સંઘવીશ્રીનો ટુંક પરિચય-આ પુસ્તકની શરૂઆતમાં આપેલ છે.

પ્રકાશક. જૈ. સ. વાં. માલા. ક. ગિ. મહાયાત્રા.

## શેઠ નગીનદાસ કરમચંદ ( સંઘવીજી ) નો

# ટુંક પરિચય.

જેનાં પુણ્યકાર્યોની સુવાસ જગત-ભરમાં ફેલાઇ રહી છે. તાજેતરમાંજ શ્રી જૈન શ્વેતાંબર કોન્સફરન્સના જનરલ સેક્રેટરી તરીકે નીમાઇ-જેનામાં જૈન કોમે પોતાનો અખુટ વિશ્વાસ જાહેર કર્યો છે. અને જેની ગણનાજૈન આગેવાનોમાં થાય છે. એવા એ નરવીરની અમે શી પીછાણુ કરાવી શકીએ ?

**આ નરરત્નનો જન્મ ઇતિહાસપ્રસિદ્ધ પાટણ શહેરમાં સં. ૧૯૩૬ ના આસો શુ. ૫ થયો હતો. મહાભાગ શેઠ, કરમચંદ ઉજમચંદ અને શ્રીમતિ દીવાળીબાઇના એ સુપુત્ર.**

બાલ્યવયથીજ તેઓશ્રીનો ધર્મપ્રેમ જવલંત હતો. તિર્થાધિરાજ શ્રી ગીરિરાજની વાર્ષિકયાત્રા ઇત્યાદિ શુભકૃત્યો તેઓશ્રી પહેલેથી જ કરતા આવ્યા હતા. તેઓશ્રીએ તિર્થાધિરાજની નવાણું યાત્રા પ્રસંગે શ્રી ગીરિરાજની પંચતિર્થિનો સંઘ કાઢી-અપૂર્વ લ્હાવો લીધો હતો. તથા તેજ અરસામાં શ્રીમદ્ કપુરવિજયજી મહારાજ પાસે બારવ્રત ઉચર્યા હતાં.

સાંસારિક અવસરો સમયે પણ તેમનો ધર્મપ્રેમ તરી આવે છે. અને તે જનતાને તેમના સુપત્ર સેવંતીલાલના પ્રથમ લગ્ન વખતે કરેલ શાંતિસ્નાત્ર તથા તેમના બીજા સુપુત્ર રસિકલાલના લગ્ન પ્રસંગનો ઉદ્યાપન મહોત્સવ ઇત્યાદિ પ્રસંગોથી સારીરીતે વિદિતજ છે.

પાટણની શ્રી દિવાળીબાઈ ઉદ્યોગશાળામાં પણ તેમનો રૂા. ૩૦૦૦૦) જેટલો ઉદાર ફાળો છે.

તેઓશ્રીએ કરાવેલ સં. ૧૯૮૨ ની સાલમાં શ્રી પાટણમાંના અજોડ અને સારાય ગુજરાતની દૃષ્ટિ ખેંચનાર ઉદ્યાપન મહોત્સવ અને અષ્ટોતરી સનાત્રથી કોણ અજાણ છે.

અને તાજેતરમાંજ નીકળેલા સારાય હિંદુસ્તાનભરના જૈન—જૈનેતરોને ચકિત કરનારા રાજ રજવાડાઓથી સન્માનિત થયેલા. પેલા વિરાટ યાત્રિકોના સમુહને શ્રી ભદ્રેશ્વર તથા શ્રી ગીરનારજીનાં દર્શનથી પૂનિત કરાવનાર સંઘથી કોણ આશ્ચર્યચકિત નથી થયું ?

શ્રી પાટણ પાંજરાપોળના મેનેજીંગટ્રસ્ટી તરીકે તેઓશ્રી આજે કેટલાય વખતથી કામ કરી રહ્યા છે. અને હમણાંજ થોડા વખત ઉપર તેઓશ્રીની નિમણુક શ્રી બાબુ સાહેબ પનાલાલ પુરનચંદ જૈન ચેરીટીઝ જેવાં સખાવતી ખાતાંના ટ્રસ્ટી તરીકે થઇ છે.

શ્રી તારંગાજી જીર્ણોદ્ધારના કાર્યમાં મર્હુમ શેઠ વેણીચંદ સુરચંદ ને અખુટ સહાય આપનાર પણ એજ છે. તેમજ શ્રી ગીરનારજી ઉપર પરમાર્હત શ્રી કુમારપાળના દહેરાસરનો જીર્ણોદ્ધાર સ્વદ્રવ્યથી કરાવ્યો છે તેમજ ત્યાંના રસોડાખાતામાં પણ સારી મદદ આપી છે.

મુંબઇના શ્રી શાંતિનાથજી મહારાજના દેરાસરના પણ લાંબા વખતથી તેઓશ્રી ટ્રસ્ટી તરીકે નિમાયેલા છે.

એમની કાર્ય કુશળતા મુંબઇના શ્રી જૈન શ્વેતાંબર કન્વેશન પ્રસંગે, અમદાવાદ અને મુંબઇના જૈન આગેવાનો વચ્ચે તેમની કાર્યકુશળતા

વિરોધો દૂર કરવાની જ્વલંત ખાહેશ અને નિર્ણય કરવાની તેમની કુશાગ્ર બુદ્ધિ ક્યાં ઓછી તરી આવતી હતી ?

અને છેલ્લાં છેલ્લાં મુંબઇના આગેવાનોના વિરોધો દૂર કરવાની તેમની પ્રવૃત્તિઓ મુંબઇની જૈન પ્રજાથી ક્યાં છુપી છે.

અગરતો તેમનો વધુ પરિચય આપવાથી પણ સર્યું. કારણ કે ધવલ પ્રભાયુક્ત રત્નની રાશિઓની ગણના કોણ કરી શકે ?

**શેઠશ્રીનું સાહિત્ય જ્ઞાન**—ધાર્મિક જ્ઞાન અને કેળવણી માટેનો તેમનો અથાગ પ્રેમ તે માટે તેઓશ્રીએ કરેલી ઉદાર સખાવતોથી જૈન સમાજ જાણીતી છે. અને તેમના પોતાના જ્ઞાન માટે તો હમણાં જ ભરાયેલી શ્રી દેશવિરતી આરાધક સમાજના તૃતિય અધિવેશનમાં તેઓશ્રીએ આપેલા ભાષણથી સૌ કોઇ જાણી શકયા છે વધુ જાણવા વીરશાસનો અંક ૨૪ મો વાંચવો શ્રી ભોયણીજી તિર્થમાં આ અધિવેશનમાં શેઠશ્રી સ્વાગત પ્રમુખ હતા. તેમના તરફથી ફાગણ શુદી. ૧૨–૧૩–૧૪–૧૫ અને વદી ૧ પાંચ દિવસ સુધી સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું.

દરેક ધાર્મિક પ્રસંગોમાં આગળ પડતો ભાગ લઇ જાતે દરેક ક્રિયાઓ કરી આવી અનુપમ ઉદારતા સ્થળે સ્થળે કરનાર વ્યક્તિ જૈન કોમમાં ભાગ્યે જ જોવાય છે. ઉપરા ઉપર પ્રતિવર્ષે ધાર્મિક કાર્યમાં નાદર રકમ ખરચી લક્ષ્મીની મૂર્છા શેઠશ્રીએ ઉતારી નાખી છે. શાસન દેવો તેમના દરેક શુભકાર્યમાં સહાયક થાઓ અને જૈન સમાજમાં આવા ઉદાર નરવીર રત્નો દીર્ઘાયુષી થઇ વીર શાસનની વિજય પતાકા ફરકાવો તેમ અંતકરણથી ઇચ્છું છું.

લી. સેવક

અચરતલાલ.

# જરા વાંચી લેજો.

જીવનને નૈતિક, ધાર્મિક અને ઉચ્ચ સંસ્કારી બનાવવા,
વરસે રૂા. ૩) જરૂર ખરચશો.

જૈન સસ્તી વાંચનમાળાએ પ્રગટ કરેલાં પુસ્તકો.

સં. ૧૯૭૯–૮૦–૮૧–૮૨ નાં પુસ્તકો શીલીકમાં નથી માટે તે નામો અહીં આપવામાં આવ્યાં નથી.

| સં. ૧૯૮૩ નાં | પૃષ્ઠ | |
|---|---|---|
| ૧૨ શ્રી બપ્પભટ્ટસૂરિ અને આમરાજા ભાગ ૨ | ૨૦૦ | ૧–૦–૦ |
| ૧૩ જગડુશાહ કે જગતનો પાલનહાર ... | ૩૨૫ | ૧–૮–૦ |
| ૧૪ શ્રી અંબડ ચરિત્ર ... ... ... | ૧૫૦ | ૦-૧૦-૦ |
| ૧૫ સદ્‌ગુણી સુશીલા ... ... ... | ૨૪૦ | ૧–૨–૦ |
| | ૯૨૫ | ૪–૪–૦ |

| સં. ૧૯૮૪ નાં | | |
|---|---|---|
| ૧૬ મગધરાજ શ્રેણીક ચરિત્ર ... ... | ૩૫૦ | ૧–૮–૦ |
| ૧૭ શ્રી સ્થંભન પાર્શ્વનાથ ચરિત્ર... ... | ૩૫૦ | ૧–૮–૦ |
| ૧૮ પૃથ્વીકુમાર યાને મહામંત્રી પેથડ ... | ૨૫૦ | ૧–૪–૦ |
| ૧૯ માનતુંગ માનવતી યાને બુદ્ધિમતી પ્રમદા... | ૧૦૦ | ૦–૬–૦ |
| | ૧૦૫૦ | ૪–૧૦–૦ |

સં. ૧૯૮૫ માં ગ્રાહકોને મળવાનાં પુસ્તકો.

| | |
|---|---|
| ૧ ચંપકશ્રેષ્ઠી કથા<br>૨ ચિત્રસેન પદ્માવતી<br>૩ સ્થુલીભદ્રની નાકા<br>૪ શ્રી અજારા પાર્શ્વનાથ ચરિત્ર | ચારે પુસ્તકો લગભગ ૧૦૦૦ પાનાનાં થશે. |

લખો:—**જૈન સસ્તી વાંચનમાળા**

રાધનપુરી બજાર—**ભાવનગર.**

શ્રી કચ્છ ગીરનારની

# મહાયાત્રા.

## ખંડ પહેલો.

### મંગલાચરણ.

भक्ति तीर्थकरे गुरौ जिनमते सङ्घे च हिंसानृत-
स्तेयाब्रह्म परिग्रहाद्युपरमं, क्रोधाद्यरीणां जयम् ।
सौजन्यं गुणिसङ्गमिन्द्रियदमं दानं तपो भावनां
वैराग्यं च कुरुष्व निर्वृतिपदे यद्यस्ति गन्तुं मनः ॥

હે માનવ! મોક્ષપદ મેળવવાનું તારૂં મન હોય તો, તીર્થંકર પર, ગુરૂપર, જીનમતપર, અને **સંઘપર ભક્તિ**-ભાવ ધારણ કર. હિંસા, અસત્ય, મૈથુન અને પરીગ્રહ વિગેરેથી વિરામ પામ. ક્રોધ વિગેરે અંતરંગ શત્રુઓને જીતવા યત્ન કર, સહૃદયભાવ રાખ, ગુણવાનનો સંગ કર ઇન્દ્રિઓને કાબુમાં રાખ; દાન, તપ, ભાવ અને વૈરાગ્યને ધારણ કર.

# સંઘ અને તેનું મહત્વ.

(૧)

સંઘ એ શું ? સંઘની મહત્વતાનો પ્રભાવ, સંઘની યોજના, સંઘ બળમાં પ્રભુ મહાવીરે ભરેલી અગાધશક્તિ અને સંઘના બંધારણો, યાત્રાના સંઘો કેમ કાઢવા ? કઇ રીતે સંઘની શક્તિ ફેરવવી, તેમજ સંઘની શું મર્યાદા ? આવા અનેક પ્રશ્નો આપણી સન્મુખ થાય, તે સ્વાભાવિક છે. આપણામાં સંઘ વિષે કોઇ જુદોજ ગ્રંથ કે જુદુંજ શાસ્ત્ર હોય, એવું હજી સુધી જાણવામાં આવ્યું નથી. પરંતુ સંઘની મહત્વતાનો, સંઘની મર્યાદાનો અને સંઘની રચનાત્મક યોજનાનો કંઇક ખ્યાલ આપનારા છૂટા છવાયા શ્લોકો રાસો, પ્રકરો, ચરિત્રો આદિ ગ્રંથોમાંથી મળી આવે છે. આ સિવાય સંઘની સંપૂર્ણ યોજના તો વ્યવહારમાંજ જળવાય છે. એ વ્યવહારના અતુલ ભંડારો આપણને પૂજ્ય મુનિવર્ગ પાસેથી મળી આવે. તદુપરાંત પૂર્વે કાઢેલા મહાન્ સંઘોના વર્ણનો સંઘ નાયકોના ચરિત્રો, અને રહેણી કરણીઓ તેમજ પરાપૂર્વથી ચાલી આવતી વહેવારૂ રૂઢીઓ વિગેરે દ્વારાથીજ 'સંઘ એ શું ?' અને સંઘની મર્યાદા તેમજ તેની સહેતુક રચના વિગેરે સંઘશાસ્ત્રોના વિષયો આપણને મળી આવે, અને આપણે સંઘની રચના બરોબર પીછાણી શકીયે.

આ પ્રકરણમાં સંઘની મહત્વતાનો શાસ્ત્રાધારે ટુંકો ઉલ્લેખ કરીશ.

સિન્દૂર પ્રકરણમાં સંઘનું મહત્વ આ પ્રમાણે બતાવેલ છે:—

रत्नानामिव रोहणक्षितिधरः खं तारकाणामिव
स्वर्गः कल्पमहीरुहामिव सरः पङ्केरुहाणामिव ।
पाथोधिः पयसामिवेन्दुमहसां स्थानं गुणानामसा–
वित्यालोच्य विरच्यतां भगवतः सङ्घस्य पूजा विधिः

જેમ રત્નનું સ્થાનક રોહણાચલ, તારાનું સ્થાનક આકાશ, કલ્પવૃક્ષનું સ્થાનક સ્વર્ગ, કમળનું સ્થાનક સરોવર, ચંદ્ર સરખા નિર્મલ પાણીનું સ્થાનક સમુદ્ર છે તેમ ગુણોના સ્થાનરૂપ અને પૂજ્ય એવા **સંઘની** પૂજા કરો.

यः संसारनिरासलालसमतिर्मुक्त्यर्थमुत्तिष्ठते
यं तीर्थं कथयन्ति पावनतया येनास्ति नान्यः समः ।
यस्मै तीर्थपतिर्नमस्यति सतां यस्माच्छुभं जायते
स्फूर्तिर्यस्य परा वसन्ति च गुणाः यस्मिन्स सङ्घोऽर्च्यताम्

જે [ સાધુ સાધ્વી શ્રાવક અને શ્રાવિકારૂપ સંઘ ] સંસારનો ત્યાગ કરવા ઇચ્છતો હોઇ મુક્તિ માટે સાવધાન થાય છે. જેને પવિત્રતાથી તીર્થ ગણવામાં આવે છે, જેના જેવો બીજો

કોઇ નથી. જેને તીર્થંકર નમસ્કાર કરે છે, જેથી જનોનું કલ્યાણ થાય છે, જેનો ઘણો મહિમા છે અને જેમાં ગુણો વસે છે તે **સંઘ**ની પૂજા કરો.

**लक्ष्मीस्तं स्वयमभ्युपैति रभसा कीर्तिस्तमालिङ्गति**
**प्रीतिस्तं भजते मतिः प्रयतते तं लब्धुमुत्कण्ठया ।**
**स्वःश्रीस्तं परिरब्धुमिच्छति मुहुर्मुक्तिस्तमालोकते**
**यः सङ्घं गुणराशिकेलिसदनं श्रेयोरुचिः सेवते**

જે કલ્યાણેચ્છુ મનુષ્ય, ગુણ સમૂહના ક્રીડાગૃહરૂપ સંઘને સેવે છે, તેની સમીપમાં સંપત્તિ પોતે આવે છે, કીર્તિ તેને આલિંગન આપે છે, બુદ્ધિ તેને ઉત્સુકતાથી મળવા ઇચ્છે છે, સ્વર્ગીય લક્ષ્મી તેને આલિંગન આપવા ઇચ્છે છે અને મોક્ષ તો વારંવાર તેની સામે જોયા કરે છે.

**यद्भक्तेः फलमर्हदादिपदवी मुख्यं कृषेः सस्यव–**
**च्चक्रित्वं त्रिदशेन्द्रतादि तृणवत्प्रासंगिकं गीयते ।**
**शक्तिं यन्महिमस्तुतौ न दधते वाचोऽपि वाचस्पतेः**
**सङ्घः सोऽघहरः पुनातु चरणान्यासैः सतां मंदिरम्**

જેમ ખેતીનું ફળ મુખ્યત્વે કરીને ધાન્ય છે તેમ જે [ સંઘ ] ની ભક્તિનું ફળ ખાસ કરીને તીર્થંકર વગેરે પદવી

છે, ખેતી કરતાં જેમ ઘાસ ઉગી નીકળે છે તેમ ચક્રવર્તીપણું અને દેવપણું તો તે [ મનુષ્ય ] ને સામાન્ય રીતે મળે છે, જેનો મહિમા વર્ણવવાને વાચસ્પતિની વાચા પણ સમર્થ નથી એવો પાપ હરનાર તે સંઘ પોતાનાં ચરણો સ્થાપીને સજ્જનોનાં ઘર પાવન કરો.

સંઘ અને સંઘપતી સંબંધી શત્રુંજય માહાત્મ્યમાં પણ સારો પ્રકાશ પાડેલ છે:—

**न प्राप्यते विना भाग्यं संघाधिपपदं नृपः ।**
**सत्यामपि हि संपत्तौ पुण्डरिक इवाचलः ॥**

હે રાજન્! પુંડરિકગિરિની માફક, **સંઘવીપદ** સંપત્તિ મળ્યા છતાં પણ ભાગ્ય વગર પ્રાપ્ત થતું નથી.

**एन्द्रं पदं चक्रिपदं श्लाघ्यं श्लाघ्यतरं पुनः ।**
**संघाधिपपदं ताभ्यां नविना सुकृतार्जनात् ॥**

ઇન્દ્રપદ અને ચક્રવર્તીપદ તો શ્લાઘ્ય છે, પરંતુ તે બંનેથી **સંઘવીપદ** તો શ્લાઘ્યતર છે. અને તે સુકૃત કર્યા સિવાય સર્વદા પ્રાપ્ત થઇ શકતું નથી.

**तीर्थंकर नामगोत्र–मर्जयत्यतिदुर्लभम्**
**लब्ध्वा दर्शनसंशुद्धिं संघाधिपतिरूत्तमम्**

સંઘવી **શુદ્ધ સમ્યક્ત્વને** પામીને, ઉત્તમ ને દુર્લભ એવું તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરે છે.

अर्हतामपि मान्योऽयं संघः पूज्यो हि सर्वदा
तस्याधिपो भवेद्यस्तु स हि लोकोत्तरस्थितिः

સંઘ સદા અર્હતોને પણ માન્ય–પૂજ્ય છે, તેનો જે **અધિપતિ** થાય છે, તે **લોકોત્તર સ્થિતિને** પ્રાપ્ત કરે છે.

चतुर्विधेन संघेन सहितः शुभवासनः ।
रथस्य देवतागारजिनबिंबमहोत्सवैः ॥

શુભ વાસનાવાળો **સંઘવી**, ચતુર્વિધ સંઘની સાથે રથમાં સ્થાપિત કરેલાં એવા દેવગૃહના જિનબિંબોનો મહોત્સવ કરતો છતો—

यच्छन पंचविधं दानं प्रार्थना कल्पपादपम् ।
पुर पुरे जिनागारे कुर्वाणो ध्वजरोपणम् ॥

યાચકો પ્રત્યે કલ્પવૃક્ષ સમાન પાંચ પ્રકારના દાન દેતો છતો, માર્ગમાં આવતાં દરેક નગરોના જિનાગારોમાં ધ્વજારોપણ કરતો છતો;—

शत्रुंजये रैवते च वैभारेऽष्टापदाचले ।
सम्मेतशिखरे देवा,–नर्चयन् शुभदर्शनः ॥

શત્રુંજય, રૈવત, વૈભાર, અષ્ટાપદ અને સમ્મેતશિખરે શુભદર્શનવાળા તે દેવોની પૂજા કરતો છતો—

सर्वेष्वेष्वथ चैकस्मिन् गुर्वादेशपरायणः
इन्द्रोत्सवादिकं कुर्वन् कृत्यं संघपतिर्भवेत्

અને એ બધા તીર્થોમાં અગર એકમાં, ગુરૂની આજ્ઞામાં તલ્લીન એવો તે, ઇન્દ્રોત્સવાદિક કરતો છતો કૃતાર્થ થાય છે.

सदाराध्योऽपि यत् पुण्यकर्मणाराध्यते गुरुः
सौरभ्यं तत् सुवर्णस्य सा चेन्दोर्निष्कलंकता

પોતે હમેશાં આરાધન કરવા યોગ્ય છે, છતાં સંઘવી પુણ્યકર્મ વડે ગુરૂનું આરાધન કરે છે, તે સુવર્ણમાં સુગંધતા અને ચંદ્રમાં નિષ્કલંકતાજ છે.

मिथ्यात्विषु न संसर्ग,-स्तद्वाक्येष्वनादरः ।
विधेयः संघपतिना सद्यात्राफलमिच्छता ॥

સુયાત્રાનું ફલ ઇચ્છનાર સંઘવીએ, મિથ્યાત્વી જોડે સંસર્ગ અને તેઓના વાકયો તરફ આદરભાવ પણ ન કરવો જોઇએ.

न निन्दा न स्तुतिः कार्या परतीर्थस्य तेन हि ।
पालनीयं त्रिशुद्ध्या तु सम्यक्त्वं जीवितावधि ॥

પર તીર્થની નિન્દા તેમજ સ્તુતિ કદી ન કરવી. ત્રીકરણ શુદ્ધિવડે જીવિત પર્યંત સમ્યક્ત્વ પાલન કરવું.

साधून् सधर्मिसहितान् वस्त्रान्नमनादिभिः ।
प्रत्यब्दं पूजयत्येष संघयात्रां करोति यः ॥

જે સંઘ યાત્રા કરે છે તે સાધર્મિયુક્ત સાધુઓને વસ્ત્ર, અન્નદાન અને નિરંતર નમનાદિથી પૂજે છે,

पाक्षिकादीनि पर्वाणि धर्म्मान् दानादिकांश्च सः ।
श्री संघपूजा मत्युच्चैः कुर्यादार्जव संयुतः ॥
स हि संघपतिः पूज्यः सुराणामपि जायते ।
सिद्धः स्यात् तद्भवे कश्चिद् भवेषु त्रिषु कश्चनः ॥

( શત્રુંજય મહાત્મ્ય. )

પાક્ષિકાદિક પર્વો, જ્ઞાનાદિક ધર્મો, અને અત્યુત્તમ **સંઘપૂજા** નિષ્કપટ ભાવે કરનાર, તે સંઘપતિ દેવતાઓને પણ પૂજ્ય થાય છે, અને કોઇક ત્રણ ભવની અંદર સિદ્ધિ પદને પ્રાપ્ત કરે છે.

કર્પૂર પ્રકરમાં પણ કહ્યું છે કે:—

लोकेभ्यो नृपतीस्ततोऽपि हि वरश्चक्री ततो वासवः
सर्वेभ्योऽपि जिनेश्वरः समधिको विश्वत्रयी नायकः ।
सोऽपि ज्ञानमहोदधिः प्रतिदिनं संघं नमस्यत्यहो,
वैरस्वामिवदुन्नतिं नयति तयः सः प्रशस्यःचितो ॥

રાજા શ્રેષ્ઠ છે સર્વ લોકોથી, રાજાથી ગરિષ્ટ છે ચક્રવર્તી, ચક્રવર્તીથી ઉચ્ચ ઈંદ્ર ગણાય છે; અને એ સર્વથી અધિક-મહાન-ત્રણ જગતના નાયક પ્રભુ જિનેશ્વર છે કે જે

જ્ઞાનના મહાસાગર સમા તે જીનેશ્વર પ્રભુ પણ નિત્ય જે સંઘને નમે છે; તેવા સંઘને વજસ્વામીની માફક જે પુરુષ ઉન્નતિ પમાડે છે તે પુરૂષ પૃથિવિમાં પ્રશંસનીય છે.

**कोऽप्यन्यो महिमाऽस्त्यहो भगवतः संघस्य यस्य स्फुरत्**
**कायोत्सर्गबलेन शासनसूरी सीमन्धर स्वामिनम् ।**
**नीत्वा तत्कृतदोषशुद्धि मुदितां यक्षार्यिकां चानयत्**
**किं चैतन्ननु तत्प्रभावविभवैस्तीर्थंकरत्वं भवेत् ॥**

( કર્પૂર પ્રકર. )

પૂજનિક સંઘનો અવર્ણનીય મહિમા છે કે:—જે સંઘના દેદીપ્યમાન કાઉસગ્ગના સામર્થ્યથી શાસનદેવી, યક્ષા સાધ્વીને (સ્થૂલીભદ્રના મોટાં બ્હેનને) સીમંધર સ્વામિ પાસે લઇ જઇ, તેના દોષની શુદ્ધિથી આનંદિત બનેલી યક્ષાને પાછી ભરતક્ષેત્રમાં લાવી હતી. વધારે શું વર્ણવીએ ? **સંઘના મહિમાના સામર્થ્યથી, તીર્થંકરપણું પણ પ્રાપ્ત થાય છે.**

આ તો માત્ર સંઘનું માહાત્મ્ય જ થયું; આ સિવાય પણ સંઘને લગતા, સંભવ જીનચરિત્ર, ઉપદેશ તરંગિણી, તેમજ બીજા પ્રકરોમાં છુટા છવાયા શ્લોકો મળી આવે છે.

હવે સંઘની રચના જાણવી હોય તો, પૂર્વે નિકળેલા સંઘના વર્ણનો અને તેમાં સંઘપતિની રહેણી કરણી વિષે જણાવેલ હકિકત ઉપરથી, આપણે સંઘરચનાનો ખ્યાલ

પામી શકીએ; આવા વર્ણનો આપણામાં ઘણે ઠેકાણે મળી આવે છે. (શત્રુંજય માહાત્મ્ય-તેમજ બીજા રાસાઓ) મહારાજા કુમારપાળ-જાવડશા, સમરાશા, કરમાશા, વસ્તુપાળ, તેજપાળ, વિમળશા આદિએ કાઢેલા સંઘના વર્ણનો જો આપણે તપાસીયે, તો આપણને સંઘની મર્યાદાની, સંઘના મહત્વની અને સંઘથી થતા-તમામ વર્ગમાં-ફાયદાઓની ઝાંખી થાય. અને એ બધા ઉપરથી જ સંઘ-રચનાનું તારણ કરી શકાય. અસ્તુ.

# સંઘથી થતા ફાયદા અને તેનું સ્વરૂપ.

( ૨ )

પહેલા પ્રકરણમાં શાસ્ત્રાધારે સંઘની મહત્વતા જોઇ. આ પ્રકરણમાં સંઘથી થતા ફાયદાઓ અને તેના સ્વરૂપ વિષે વિચાર કરીએ.

સંઘ એ શું ? આ પ્રશ્ન જૈન જગતમાં ન થાય; પરંતુ જૈનેતર જગતમાં થાય એ સ્વાભાવિક છે.

**સંઘનું સ્વરૂપ** સંઘ એટલે ઐકયતા. સાધુ-સાધ્વી શ્રાવક અને શ્રાવીકા એ સંઘના ચારેય અંગોનું અભેદપણું-એ ચારેય અંગોનો અરસપરસ ભાવ, સહકાર અને શાસ્ત્રમાં નિયત કરેલા વ્યવહારનું પાલન, અને એ સર્વનું પવિત્ર સંગઠન, એજ ઐકયતા-એજ સંઘ.

પરંતુ આવી ઐકયતાને પવિત્રપણાનું સ્વરૂપ શા માટે

આપ્યું હશે ? એનો જવાબ એજ કે આ ઐકયતા ધર્મના પાયા પર રચાયેલી છે અને આ ઐકયતાની રગેરગમાં માનવ જીવનનો ઉત્કર્ષ અને ધર્મની પ્રચુર ભાવના ભરેલી છે. એથી જ સંઘની શકિત ઉપરથી ધાર્મિક વાતાવરણની ઉજ્વળતા માપી શકાય છે. સંઘની શકિત જેટલી નબળી તેટલીજ ધાર્મિક ઉજ્વળતામાં ખામી.

આવી ઐકયતાને સંઘ કહેવાય, આવા શ્રી સંઘો યાત્રા નિમિત્તે જે જે પ્રદેશમાં ફરે, અને જ્યાં જ્યાં પોતાનું વાતાવરણ ફેલાવે તે તે પ્રદેશમાં અજબ પરિવર્તનો થાય, ધર્મ ભાવનાને અસ્ખલિતપણે વહેવડાવે અને ઘણા ભાગ્યશાળી જીવોના જીવનનો ઉત્કર્ષ થાય, ઘણાય ભવિ જીવોના હૃદયમાં સમકિત ઉદય પામે તેમજ ધર્મની પ્રભાવના થાય એથી જ શાસ્ત્રકારો કહે છે કે:—**આવા મહાન્ સંઘનો સેવક સંઘપતિ–ઐકયતાનો નાયક ( સંઘના સંપૂર્ણ કાયદા પાળવાથી ) તીર્થંકર ગોત્ર બાંધે.**

**ધર્મની પ્રભાવના.**

આવા ઐકયતાના મજબુત તત્વથી રચાયેલા ભવ્ય સંઘો જયારે યાત્રા નિમિત્તે દેશ પરદેશમાં ફરે ત્યારે સામાન્ય જનતા કે વર્ગ ' ધર્મ એ શું ' ? એ જાણતો પણ ન હોય અને કદાચ જાણતો હોય તો તેનો ધર્મભાવ એટલો શિથિલ થયો હોય કે જો એને ધર્મની પ્રભાવના ન મળે તો એના જીવનમાંથી ધાર્મિકતાનો નાશ

થઇ જાય. આવા વર્ગમાં શ્રીસંઘો એવી છૂપી રીતે ધર્મની પ્રભાવના કરે છે કે, જેથી સામાન્ય ( જૈન ) જનતામાં ધર્મ-દૃષ્ટિયે પોષાતા અધર્મનો નાશ થાય અને ધર્મનાં શુદ્ધ પરમાણુઓ વ્યવહાર દ્વારા તેમાં પ્રવેશે.

આવું પરિવર્તન કરવાને કાંઈ વરસો નથી જોઈતા; પરંતુ સંઘની રચનાત્મક પદ્ધતિ એવી વિશાળ અને અર્થ-પૂર્ણ છે કે માત્ર એક દહાડામાં એક જ દિવસના સમાગમમાં સંઘની રચનાનો વ્યવહાર અને સંઘનું ભવ્ય સ્વરૂપ નિહાળ-વાથી મનુષ્યને ધર્મ પ્રત્યે શ્રદ્ધા જાગે છે, અને પોતે જે કંઈ કરે છે તેનું સત્યાસત્ય સ્વરૂપ સમજે છે. સંઘમાંના પ્રચલિત વ્યવહારો જોઇ તે માણસ તેવા વ્યવહારોનું અનુકરણ કરવા લલચાય છે અને એથી જ એના હૃદયમાં ધર્મભાવનાનો ઉદય થાય છે. એટલે આવા સંઘોમાંના પ્રચલિત વ્યવહારો જેવા કે–દર્શન, પૂજા, પ્રતિક્રમણ, વ્યાખ્યાન, તપ, આદિદ્વારાજ ધર્મની પ્રભાવના થાય અને આ પ્રભાવનાના પ્રતાપે જ શુદ્ધ વ્યવહાર પોષાય.

**સંઘમાં રાજ-દ્વારી તત્વ.**

સંઘમાં રાજદ્વારી તત્વ પણ અજબ હોય છે. જૈનેતર વર્ગમાં જૈન ધર્મની મહત્તા અને પ્રભાવ ફેલાવી શકાય. ઉપરાંત ધર્મની સ્થિતિનું અવલોકન કરી શકાય. અમુક સ્થળે અમુક ધર્મના અનુયાયીઓ જૈનધર્મને અમુક પ્રકારના આડકતરા વાતાવરણથી ડગમગાવી રહ્યા હોય

અથવા તો સામાન્ય વર્ગમાં વિરૂદ્ધ તત્વ ફેલાવી પોતાના ધર્મનો પ્રચાર કરવાને માટે સબળ પ્રયત્ન કરી રહ્યા હોય ત્યારે યાત્રાએ નિકળતા સંઘમાંહેનો વિદ્વાન્ મુનિવર્ગ, આ વસ્તુને તપાસે, વિચારે અને ધર્મ પ્રત્યે થતા અન્ય ધર્મોના આઘાતોથી બચવાનો માર્ગ યોજે. વળી કોઇ ગામમાં કોઈ દુષ્ટ રાજા પ્રજાને પીડી રહ્યો હોય અને પ્રજા સંઘપતિ આગળ આવીને પ્રાર્થના કરે ત્યારે સંઘપતિ એ વાતને વિચારે અને રાજાને મળી જે પ્રકારનું પ્રજાને દુઃખ હોય તેમાંથી પ્રજાને મુકત કરવા રાજાને વિનવે, જો રાજા ન માને તો નાણાં આપીને પણ પ્રજાનું દુઃખ દૂર કરવા પ્રયત્ન કરે; છતાં પણ રાજા ન માને તો છેવટ સંઘપતિ લડાઈનું નોતરૂં આપે (પૂર્વે રાજાઓ જે સંઘ કાઢતા તેમાં દેશો જીતતા તે એટલાજ માટે કે પ્રજાનું દુઃખ દૂર કરી પ્રજાને જોઈતા હકકો અપાવે.) કોઇ રાજા અધર્મ પોષી રહ્યો હોય તો તેને મુનિ વર્ગ સમજાવે અને શાસ્ત્રોની દલીલોથી કે તપના પ્રભાવથી રાજાના હૃદયનો પલટો કરે.

દાખલા તરિકે શ્રી સિદ્ધસેન દિવાકરસુરિએ વિક્રમને પ્રતિબોધ્યો હતો, અને વિક્રમરાજાએ શ્રી સિદ્ધસેન દિવાકરને સાથે લઇ શત્રુંજયતીર્થનો સંઘ કાઢયો હતો. જેમાં પાંચ હજાર આચાર્યોએ ભાગ લીધો હતો. મહાત્માશ્રી હીરસૂરિજીએ સમ્રાટ અકબરના હૃદયમાં ધર્મપ્રત્યે શ્રદ્ધાનો પ્રકાશ પાડી, ધર્મના અનેક રાજદ્વારી કાર્યો કર્યાં હતાં. આ ઉપરથી જાણુ-

વાનું એટલું જ કે ધર્મની ઉજ્વળતા જાળવી રાખવા જેટલી જરૂર વ્યવહાર પાલનની છે, તેટલી જ આવશ્યકતા આવા રાજદ્વારી કાર્યોની પણ છે. અને એથીજ પૂર્વના મહાન્ આચાર્યો સંઘ સાથે વિહાર કરતા કરતા આવાં કાર્યો કર્યે જતા.

દરેકે દરેક ગામે દેરાસર, ધર્મશાળા, કુવા, વાવ વિગેરે શક્તિ પ્રમાણે સંઘપતિ કરાવે તેનું કારણ પણ ભવિષ્યમાં સંઘપતિની આ ઉદારતાભર્યાં કાર્યો જોઇ માનવ હૃદયો પિગળે અને ધર્મ પ્રત્યે શ્રદ્ધા રાખે. એથી જ આજે આપણે વીર **વસ્તુપાળ તેજપાળ** તેમજ **વિમળશા** જેવા નરરત્નોને યાદ કરીએ છીએ.

ઉપરાંત ધર્મની હદો નક્કી કરે, ભૌગોલિક દૃષ્ટિયે સિમાડા રચે અને ધર્મભાવનાનો સામાન્ય વર્ગમાં–જૈનેતર વર્ગમાં પ્રચાર કરે. ( પૂર્વે કુટુંબોના કુટુંબો અને ગામના ગામો જૈનધર્મની મહત્તા નિરખી જૈનો થઇ જતા. ) આવા તો અનેક કાર્યો છે. આ બધા રાજદ્વારી ગણાય, આવા કાર્યો કરતા થકા પણ સંઘપતિ કે મુનિવર્ગ ન્યાય–નીતિ અને ધર્મને તો નજ ચૂકે. જે કંઇ કરે તે ધર્મબુદ્ધિથીજ પરોપકારની ભાવનાથી જ કરે.

**સામાજીક તત્ત્વ.** શ્રી સંઘો જ્યાં જ્યાં પર્યટન કરે, ત્યાં ત્યાં ગામડાઓની, શહેરોની અને જુદા જુદા દેશોની, જુદી જુદી જાતની પ્રજાની ઓળ-

ખાણુ યાત્રાળુઓ પામે. કચ્છમાં વસતા જૈનોનો પરિચય ગુજરાતને કે'દી થાત ? અને કચ્છીઓ પણ ગુજરાતીઓને ક્યારે પિછાણત ? એ ઓળખાણુ આવા સંઘો વગર નજ થઇ શકે. આથી બંધુત્વની ભાવના ફેલાય છે, અને જે જે ગામડા શહેરોમાંના જૈનોને જૈનધર્મનું પ્રભુત્વ ન દેખાયું હોય ત્યાં આવા ભવ્ય સંઘોના આગમનથી તેઓ જોઇ શકે છે અને તેઓનાં હ્રુદયમાં અવાજ થાય છે કે:—

"જૈનો–અમારા ભાઇઓ, આ જગતમાં સંખ્યાબદ્ધ છે અને તેથી અમારો ધર્મ અમર છે."

એકબીજી પ્રજાની ઓળખાણોમાં તો અનેક પ્રકારના શુભ કાર્યો સમાયેલાં છે. એકબીજાના સામાજીક રિવાજો, એક બીજાના આદર્શો, એક બીજાના ખાનપાનના વહેવારો, એક બીજાની પહેરવા ઓઢવાની પ્રથાઓ, લગ્નાદિક્રિયાઓની રીતભાતો,–ભાષા–જ્ઞાન–સ્વાસ્થ્ય–શક્તિ અને વેપારની ખીલવણીના એકબીજાના વિચારો વિગેરેની આપ–લે આવા આવા સંઘો દ્વારા એકબીજી પ્રજા કરી શકે અને એથી સમાજમાં પડેલો સડો દૂર થાય અને સમાજ જો સ્વચ્છ થાય, તો પછી ધર્મ પણ ઉજ્જવળ જ થાય. કારણ કે સમાજ એ ધર્મ ઝીલનારૂં પાત્ર છે. જો તે કાણું હોય તો ધર્મરૂપી અમૃત ઢળી જાય. આથી જ સામાજીક તત્વ સંઘદ્વારા વિશેષ અંશે શુદ્ધ બને અને ધર્મની ઉજ્વળતા વધારે દીપે.

આવા સામાજીક લાભ માત્ર જૈનોને જ થાય એમ

નહીં પરંતુ દરેક વર્ગ આ લાભ મેળવી શકે. દાખલા તરિકે કચ્છી પ્રજા પાસે પ્રેમ અને આદરના અખુટ ભંડાર હતા, ત્યારે ગુજરાતીઓ પાસે વિવેક–કરકસર અને સમયસુચકતાના ભંડાર હતા. એકબીજામાં આ ગુણોનો વિનીમય થાય તે કાંઇ જેવું તેવું કાર્ય ન ગણાય.

**મુનિવર્ગનો પ્રભાવ.**

સંઘ સાથે વિચરતા સાધુ મુનિરાજાઓના ચારિત્રના અને ઉપદેશના પ્રભાવથી અનેક સ્થળોમાં જીવહીંસાઓ અટકે, દયાધર્મનો પ્રચાર થાય; સામાન્ય જૈન જનતાની સંસ્કારિતા ખીલે. વૈરાગ્ય ભાવનાનો પણ વિકાસ-થાય, માનવજીવનનું ખરૂં રહસ્ય સમજાય. આત્માની ઉન્નતિના અનેક માર્ગોનું દર્શન થાય સાથે સાથે શ્રાવકોનાં ઇતર વર્ગના આચાર વિચાર અને વ્યવહારમાં પણ સુધારો થાય, અને લાખો રૂપિયાના પુસ્તકો છપાવતાં, કે લાખો રૂપિયા ખર્ચી ઉપદેશકો ફેરવતા, જે કાર્ય ન થાય તે કામ આવા કંચન કામિનીના ત્યાગી સાધુઓના ચારિત્રમાંથી અને ઉપદેશામૃતમાંથી જ થાય. પોતાના નિર્મળ ચારિત્રથી સાધુવર્ગ સમાજમાં પવિત્ર વાતાવરણને પાથરે અને એના પ્રભાવની શકિતભરી વિજળી, અધર્મ રૂપી અંધકારને દૂર કરે. અને જ્યાં જ્યાં ધર્મના પાયા નબળા પડ્યા હોય, શ્રાવકોના આચારો શિથીલ થયા હોય, તો ત્યાં એ મુનિવરો રોકાઇ જાય અને વ્યાખ્યાન દ્વારા એ ખામીઓ દૂર કરી, પાયા મજબુત કરે. ઉત્સાહ સીંચે અને ધર્મ પ્રત્યે શ્રાવકોને દૃઢ બનાવે.

**સંઘપતિનો પ્રભાવ.**

સંઘપતિ તો ઘણાં કામ કરે. સંઘપતિ પ્રત્યે સર્વને પૂજ્ય ભાવના હોય, સંઘપતિ તો બારવ્રત પાળનારો હોય; તે કદી જુઠું તો બોલે નહીં, તેનું વ્યક્તિત્વ નિર્મળ અને અભિમાન વગરનું હોય, એનું ચારિત્ર ગૃહસ્થાઇ ભર્યું ખિલેલું હોય, એની ઉદારતા તો અજોડ હોય. એનું હૃદય વિશાળ–ગંભિર હોય, ટુંકામાં એનો ધર્મ પ્રત્યે પ્રેમ અખુટ હોય. આવા ગુણોની મૂર્તિ સમા સંઘપતિને નિરખી, એના પ્રત્યે દરેકને માન થયા વગર નજ રહે, અને પોતાના આ પ્રભાવની અસર તે રાજાઓમાં, અમલદારોમાં અને સામાન્ય જનતામાં, એવી રીતે પાથરે કે એના કહેવા માત્રથી ઘણાંઓ વ્રત–નિયમો લે–આચાર–વિચારમાં સુધારો કરે, અને આવા પ્રભાવિક પુરૂષના કહેવાથી ઘણાંઓનાં વર્ષો થયાં ચાલતા નાતના–ધર્મના અને કુટુમ્બના ઝઘડાઓ પણ દૂર થાય. અને પ્રેમ ભાવનાનુંજ વાતાવરણ પથરાય.

**સંસ્થાઓનું નિરિક્ષણ અને પોષણ.**

સંઘના નાયકની મુખ્ય દૃષ્ટિ ધાર્મિક હોય છે. તેમાં દયા પરોપકાર અને ફરજ આવી જાય છે. જે જે ગામે સંઘ વિચરે, તે તે ગામોમાં ચાલતી ધાર્મિક સંસ્થાઓ, જેવી કે પાંજરાપોળ, સદાવૃતખાતાંઓ, ધર્મશાળાઓ, વિગેરે સંસ્થાઓનું સંઘપતિ નિરીક્ષણ કરે અને દરેક સંસ્થાઓની અગવડો પૂરી પાડે. વળી સંઘ સાથે

યાત્રા કરતા બીજા શ્રીમંત ગૃહસ્થો પણ આવી સંસ્થાઓને પોષણ આપતા જાય જેથી સંસ્થાઓ ફાલી ફુલી રહે, અને પરોપકાર પણ જળવાય, વળી કોઈ સંસ્થા લબાડ હોય, કોઇ ઠેકાણે ધર્મને નામે અધર્મ પોષાતો હોય, તો સંઘપતિ તેમજ બીજા ગૃહસ્થો, એ સંસ્થાઓનું બારીકાઇથી નિરિક્ષણ કરી એ ખામી દૂર કરવા સુચના કરે, તેમ છતાં સંસ્થાઓ એવીજ હલકટ હોય, તો સંઘપતિ તેને બંધ પણ કરાવી શકે. સાથે સાથે સામાજીક કાર્યો કરતી સંસ્થાઓમાં પણ જરૂરજોગું ધાર્મીક દ્રષ્ટિએ દાન અપાતું જાય અને એનું પણ નિરિક્ષણ થતું જાય.

વળી કોઇ કોઇ ગામડાઓમાં પાણીની તંગી હોય અને કુવાઓની જરૂર હોય તો યથાશકિત તેમાં પણ સંઘ મદદ કરે કોઇ સ્થળે ચબુતરા આદિની ઉપયોગીતા જણાઇ હોય તો તે પણ પુરી કરે.

હવે સામાન્ય દ્રષ્ટાયે સંઘમાં જનારાઓને થતા ફાયદાઓ તપાસીયે.

**યાત્રાળુઓના જીવનમાં કસોટી.**

સંઘની સાથે ફરતા યાત્રાળુઓને કાંઇ ઓછી કસોટીમાંથી પસાર નથી થવું પડતું. રોજ સ્હવારે વ્હેલું ઠંડીમાં ઉઠવું, ગાડાઓમાં હાથોહાથ સામાન ભરવો, પાલ ( તંબુ ) સંકેલવા અને ગાડાઓમાં ચડાવવા, છ'રી પાળનાર ભાઇઓને અને બીજા ગાડામાં ન બેસનારાઓને ભાગકડાના ઝાંખા અજવાળામાં ચાલવું

અને ચારચાર પાંચપાંચ ગાઉની મજલ કરવી, સાથે સાથે પ્રભુસ્મરણ કરતા જવું.

જે સ્થળે પડાવ હોય ત્યાં આગળથી જગ્યાઓ રોકી તડકામાં તપવું અને ખરી મહેનતથી પાલ ઉભા કરવા. કોઇ જમીન કાંટાવાળી આવે, કોઈ પથરાવાળી આવે. કોઇ વળી ભંઠીયાખડવાળી પણ આવે, આવી જમીનોપર ભોંય બિછાનુ બિછાવી સુઇ રહેવું; ટાઢ તડકા સહન કરવા, છહરી પાળનારાઓ અને બીજા તપ કરનારાઓને આટલું કરવા છતાં એક વખત જમવું, ગરમ ઠારેલું પાણી પીવું, કયાંય પાણી ન મળે તો તરશ્યા રહેવાનો પણ અનુભવ પ્રાપ્ત કરવો, વળી દેવદર્શન ગુરૂવંદન વ્યાખ્યાન–પ્રતિક્રમણ, સામાયિક આદિ નિત્ય ધાર્મિક કાર્યો પણ નિયમસર કરવા.

તદુપરાંત જે જે ગામે સંઘ ગયો હોય, તે તે ગામોમાં જોવાલાયક વસ્તુઓને જોવા માટે, જોઇતી વસ્તુઓ ખરીદવા માટે અને એવાંજ બીજાં કામો માટે ગામમાં ફરવું.

અમુક વસ્તુ ખલાસ થઇ ગઇ હોય, ગામમાં મળતી પણ ન હોય તો તે વસ્તુ વગર ચલાવી લેવું અને ત્યાગ શક્તિ કેળવવી.

વખતે માથું દુ:ખવું, તાવ આવવો, શરદી થવી, કયાંક લાગી જવું, આદિ નાના નાના રોગોની સામે પણ શીર ઉચકવું, અને યાત્રામાં ન કંટાળવું, ભક્તિ પણ એટલીજ રાખવી.

કોઇ વખતે ગાડાં માર્ગે ચાલતા, સાથમાંથી છુટા પડી જવું અને માર્ગ ભૂલી જવો, વળી માર્ગ શોધવો, રસ્તામાં

આવતાં સંકટો સહન કરવાં; ચોરની બીક, હીંસક પશુઓનો ડર, બીજા આકસ્મિક પ્રસંગોમાં પણ સચેત રહેવું,–આવા અનેક પ્રકારના શિક્ષણથી વિંટાઇને રહેવું એ શું ઓછી કસોટી છે ? આવી કસોટીમાંથી પસાર થયા સિવાય જ્ઞાન, શક્તિ, સંયમ તથા મોક્ષનો માર્ગ ન જ મળી શકે, કાયરો તો આ વાંચતાંજ ભડકે.

કોઇ મારગમાં ઢાળ આવે, અગર ઉંચા–નીચા ખાડા–ટેકરાવાળા રસ્તાઓ આવે, નદિઓ, પર્વતો, જંગલો આદિ ભયંકર સ્થળો આવે, આવામાં ગાડાઓને ચાલવું, એક બીજા ગાડાઓ અથડાય, બળદીયા ચમકે, ગાડાઓ ઉંધા પડે, વળી તેમાંથી ઉગરવું, ન્હાના છોકરાઓ, સ્ત્રીઓ વૃદ્ધો આદિ કુટુમ્બના માણસોની પૂરતી સંભાળ રાખવી, આટલી આટલી ઉપાધીઓ હોવા છતાં જાણે કોઇપણ પ્રકારની જંજાળ જ ન હોય એવું હૃદય રાખવું, અને ધર્મમાં દ્રઢ રહી યાત્રા કરવી, આ કાંઈ ઓછી કસોટી નથી. અત્યારે સ્કાઉટ પાછળ જે લાખો રૂપિયા ખર્ચાય છે તેના કરતાં તો આ ઘણું જ ઉંચું શિક્ષણ છે. ચારિત્ર ખીલે અને શરીર પણ સુદ્રઢ બને, વળી અનેક અનુભવની એરણપર જીવન ટીચાઇને અનુભવી બને.

જ્યારે સ્કાઉટ પદ્ધતિથી ધાર્મિકતાનો નાશ થાય છે ત્યારે આ યાત્રાઓથી શારીરિક ખીલવણી સાથે ધાર્મિકતા મજબુત બને છે.

વળી આજના સાધનભૂત વાતાવરણમાં રંગાયેલા સુધા-

રકો કહે છે કે:—“ રેલ્વેના સાધનો હોવા છતાં શા માટે આવા ગાડા રસ્તે હાડમારી ભોગવતાં જવું અને પૈસાનું પાણી કરવું ?” પરંતુ એ ભાઈઓને ક્યાં ખબર છે કે રેલ્વેના સંઘો એ સંઘજ ન કહેવાય, એ તો મુસાફરી ગણાય. સંઘ તો એના નિયમ પ્રમાણે સાધુ–સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ ચારેય શક્તિઓના સમૂહથીજ નીકળવો જોઇએ. આવી રીતે જે સંઘ નીકળે તેજ સંઘ કહેવાય. રેલ્વેના સંઘોમાં ન ધાર્મિકતા પોષાય કે ન માનવ જીવનનો અનુભવ મળે, ન પ્રકૃતિનું નિરિક્ષણ થાય કે ન પરોપકારના બીજા મહાન્ કાર્યો પોષાય. અરે ! રેલ્વેની યાત્રા તે ખરી યાત્રા પણ ન ગણાય. એ તો આવી કસોટીઓમાંજ મન વચન અને કાયાને નિર્મળ રાખવી, અને ધર્મભાવના દૃઢ રાખવી એજ ખરી યાત્રા કહેવાય. એમાંજ યાત્રાળુઓનાં જીવન રીઢાં બને, અભ્યાસી બને, દુ:ખ વખતે કંટાળે નહીં, મુસીબતોની સામે તે પગભર થઈ શકે. આવી કસોટીથીજ યાત્રાળુઓના જીવનમાં નૈતિકતા અને ચારિત્ર્યની પ્રાબલ્યતા જન્મે. અને ત્યારેજ તેને મોક્ષ મેળવવાની ઇચ્છા થાય.

**સામાન્ય પ્રજાને પોષણ**

આવા પવિત્ર ભાવનાવાળા પાદચારી સંઘના કેટલા ફાયદા વર્ણવવા ? આવા સંઘમાં હજારો માણસોને રોજી મળે. જેવાકે મજુરો, ગાડાવાળાઓ, પખાલીયો, ઘોડા સાચવનારાઓ, ઘાટીઓ, માંગણ લોકો અને અનેક ગરીબો. આ બધા સંઘની સાથે હોય, તેમને સારૂં ખાવા-

પીવાનું મળે, અનુભવ મળે અને વળી પગાર મળે. તેઓ ન જોએલા દેશો જુવે. પોતપોતાના ધર્મનાં યાત્રાસ્થળો આવે તેનાં દર્શન કરીને પાવન થાય. તેમની નીતિ સુધરે. સત્સંગથી ચારિત્રની ખીલવણી થાય અને વળી નવરી મોસમે ચાર ચાર માસના રોટલા અને તંદુરસ્તી લઇને ઘેર આવે. આ શું ઓછો ફાયદો ? સંઘમાં ખરચાતા પૈસાનો મોટો ભાગ તો આવી સામાન્ય પ્રજા–મજુર વર્ગનાજ ખીસામાં ચાલ્યો જાય, એના પેટ ગુજારા ને કાંઇક પોષણ મળે.

વળી જે ગામમાં સંઘ જાય ત્યાંના મજુરોને, વેપારીઓને અને બીજાઓને પણ હજાર પાંચસો રૂપિઆનો વકરો થાય. એક બીજાના વેપાર–ધંધાની માહીતી મળે. આવી ધાર્મિક, રાજકીય અને સામાજીક ભાવનાઓથી સંકળાયેલી રચના-વાળા "સંઘની આવશ્યકતા નથી" એવું કહેનારાઓ ગંભીર ભૂલ કરે છે.

**કળા અને કારીગરોને ઉત્તેજન.**

જે જે દેશની વસ્તુઓ વખણાય, જ્યાં જ્યાંની—કારીગરી વખણાય ( દાખલા તરિકે ભૂજનું મીનાં કામ, મંજલના ચપ્પુ સુડી, અંજારના વાસણ આદિ. ) તે વસ્તુઓ સંભારણા ખાતર લેવા માટે યાત્રાળુઓ તીડની માફક પડયાજ હોય. વળી સંઘપતિ પાસે પણ ઘણાંય કારીગરો પોતાની કળાના સર્વોત્તમ નમુનાઓ લઇને ભેટ ધરવા આવે. તેનો સ્વીકાર, એ કળાને વધાવી લઇ તેને યોગ્ય સત્કાર આ-

પવો. આવા નાદર નમુનાઓ જોઇ સંઘાળુઓ પણ વસ્તુ ખરીદે, આથી અનેક કારિગરો તથા ભારતીય કળાને પોષણ– ઉત્તેજન અને જીવનદાન મળે. આવી રચના પાછળ આપણા પૂર્વજોએ પ્રાણ આપ્યા હશે; છતાં પણ ઘણા ખરા જૈન ભાઇઓને આવા સંઘની આવશ્યકતા નથી જણાતી. તે કેટલી નબળાઇ !

**કવિતા અને સંગિત.**

આ સંઘરચના કાંઇ શુષ્ક નથી. રોજ જીન–મંદિરમાં ભાવનાઓ બેસે, પૂજાઓ ભણાવાય. આમાં સંગિત સાથે આત્માને પણ આનંદ મળે. વળી જે જે ગામોમાં વસતો કવિવર્ગ તે આવા સંઘની ભવ્યતા નિરખી તેના પર કાવ્યો રચી સંઘપતિ પાસે સાંજની કચેરીમાં આવે અને કાવ્યો ભેટ ધરે. સંઘપતિ કવિતાની કદર કરે અને કવિને રાજી કરે. વળી ત્યાં વસતા સંગિત રસિકો–ગાયકો પણ આવે અને મીઠી ભૈરવીઓ કે માલકોષ ફેંકી જાય, સંઘપતિ એની પણ યોગ્ય કદર કરે, કોઇ યાચકો આવે–માંગણો આવે તે પણ બે ચાર દુહા કહી જાય અને તેને પણ સંઘપતિ રાજી કરે. આવી રીતે કવિતા અને સંગિતને પણ આવા પાદચારી સંઘોદ્વારા પોષણ મળે. [ આ સંઘ માટે ઘણા ખરા ગામોમાં લોક કવિઓએ દુહા સોરઠાઓ રચ્યા છે. તેનું જુદુંજ પ્રકરણ હોવાથી તે વાંચી લેવું. ]

નિશદિન વૈભવમાં મ્હાલતા અને ગરિબાઇ, સુસીબત,

**શ્રીમંત વર્ગને સામાન્ય જીવનનો ખ્યાલ.**

કસોટી વિગેરેનો જેને ખ્યાલ પણ નથી એવા શ્રીમંત કુટુંબો ( આ સંઘમાં હતા. ) સામાન્ય જીવનનો ખ્યાલ કયારે જાણી શકે ? ગાડાવાળાઓ, મજુરો અને બીજા કામ કરનારાઓ પરસેવાથી નીતરી પૈસો પ્રાપ્ત કરે છે. તે શ્રીમંતો પોતાને ઘેર કે રેલ્વેના સેકંડ કલાસના ડબ્બામાં કેહી અનુભવત ! આવા દ્રશ્યો આવા અનુભવો તો તે આવી યાત્રાઓમાંજ જોઈ શકે–મેળવી શકે; અને તેથીજ તેઓનાં હૃદયમાં અનુભવની ખુમારી પ્રગટે અને દયા–પરોપકાર તેમજ ફરજના તત્વો સમજાય.

આ સિવાય સામાન્ય દૃષ્ટિથી તો ઘણુંય લાભો જોઇ શકાય છે. શારીરિક લાભથી અનેક પ્રકારના રોગો દૂર થાય અને શરીર કસાયેલું મજબુત બને. માનસિક બળની ખિલવટ થવાથી હૃદયમાં અનેક પ્રકારની ઉજ્વળતા પ્રગટે. શારીરિક અને માનસિક શકિતની જેટલી ખિલવણી એટલીજ હૃદયમાં શુદ્ધ–પરમાણુઓની ભરતી. અને એ શુદ્ધ પરમાણુઓના પ્રતાપેજ નિર્મળતા પ્રાપ્ત થાય. અસ્તુ.

---


## સ્ત્રીઓનો સાચો શણગાર.

નૈતિક અને ધાર્મિક સંસ્કારો સાથે એક આદર્શ ગૃહીણી આ પુસ્તકના વાંચનથી થઇ શકે છે. જુજ નકલો શીલીકમાં છે માટે તુરત મંગાવો.

૧ પ્રતિભાસુંદરી—યાને પૂર્વકર્મનું પ્રાબલ્ય... ૧–૮–૦
૨ સદ્ગુણી સુશીલા... ... ... ૧–૦–૦

લખો:—**જૈન સસ્તીવાંચનમાળા,** રાધનપુરી બજાર–**ભાવનગર.**

# વિચારોદ્‌ભવ અને તૈયારી.

( ૩ )


શેઠ શ્રી નગિનદાસભાઇના જીવનમાં જન્મથીજ પરોપકાર અને ધર્મભાવનાનાં બીજો રોપાયેલાંજ હતા. આદર્શ માતા દિવાળીબાઈ અને ગુણવાન પિતા કરમચંદના એ સદ્‌ગુણોનો વારસો, આ ભાગ્યશાળી નરને બાળવયમાંથીજ પ્રાપ્ત થયો હતો. અજવાળીયાના ચંદ્રની કળા જેમ દિવસે દિવસે ખિલતી જાય, તેમ આ ગુણો શેઠશ્રીમાં દિનપ્રતિદિન ખિલતા જતા. આ ભાવનાના પ્રતાપે તેઓશ્રીના કંઠમાં લક્ષ્મીદેવીએ માળા આરોપી. એતો જગતનો સનાતન નિયમ છે કે જ્યાં હૃદયની વિશુદ્ધતા—જ્યાં ધર્મ પ્રેમ—જ્યાં દયાના ફુવારા અને જ્યાં પરોપકારવૃત્તિ ત્યાં લક્ષ્મી, હસતી હસતી જાય છે; એવા પ્રતાપી પુરૂષના કરકમળમાં નાચે છે અને રમે છે. મળેલી લક્ષ્મીનો પૂણ્યમાર્ગે, ધર્મમાર્ગે અને સતકાર્ય પંથે વ્યય કરવો એવી ઇચ્છા શેઠશ્રીના હૃદયમાં જાગી, અને આજદિન સુધીમાં એમને ધાર્મિક તેમજ સામાજીક કામોમાં પુષ્કળ લક્ષ્મી ખુલ્લા દિલે વાપરી; અને પોતાના હૃદયમાં જાગૃત થયેલી ઇચ્છાને વિકસાવી.

આવા સુકાર્યો કરતા કરતા કોઇ એક ધન્ય દિવસે તેઓશ્રીના મનમાં સંઘ કાઢવાની ઇચ્છા પ્રગટી. અને આ ઇચ્છાને, શાસનોન્નતિરક્ત, સન્માર્ગોપદેશક પવિત્ર પંચાચાર

સમારાધક પન્યાસજી મહારાજ શ્રી શ્રી શ્રી ૧૦૦૮ શ્રીમાન **ભક્તિવિજયજી** ( આચાર્ય મહારાજ શ્રી સિદ્ધિવિજયજીના પ્રશિષ્ય ) મહારાજે સદુપદેશરૂપી અમૃત છાંટી પલ્લવિત કરી. અને વિજયશેઠ તથા વિજયા શેઠાણીના પૂનિત બ્રહ્મચર્યના પ્રતાપે વિભૂષિત થયેલા કચ્છપ્રદેશમાં આવેલા **શ્રી ભદ્રેશ્વર તીર્થ** તરફ સંઘ કાઢવાની સૂચના કરી. શેઠશ્રીને હૈયે વાત ઉતરી અને તેઓને લાગ્યું કે શત્રુંજય-ગિરનાર-તેમજ કેસરીયાજીનાં સંઘો તો દરવર્ષે નિકળે છે; પરંતુ આવા ભદ્રેશ્વર જેવા છુપા-પૂનિત-તીર્થના સંઘ તો કવચિતજ નિકળે છે. આવા વિચારથી તેઓશ્રીએ ભદ્રેશ્વર સંઘ કાઢવાનો વિચાર નક્કી કર્યો અને સંઘ નિમિત્તે ખર્ચના અડસટ્ટા તૈયાર કર્યા. આ ખર્ચનો અડસટ્ટો ૭૦ હજારથી એક લાખ સુધીનો ધારવામાં આવ્યો હતો. તાકીદે સંઘની તૈયારીઓ થવા લાગી. સીધું સામાન ખરિદાવા માંડયું. ત્યાં વળી તેમના આ કાર્યને વધુ પ્રકાશ મળવાનું સાધન ભાગ્યદેવીએ આપ્યું. તે પ્રકાશને દિપાવનાર, તીર્થોદ્ધારક શાસન પ્રભાવક પ્રાતઃ સ્મરણીય પૂજ્યપાદ તપગચ્છ ગગન દિનમણિ આચાર્ય મહારાજશ્રી ભટ્ટારક શ્રી શ્રી શ્રી ૧૦૦૮ શ્રીમાન **વિજયનેમિસૂરીશ્વરજી** મહારાજ તે સમયે પાટણમાં બિરાજતા હતા. તેઓશ્રીએ આ કચ્છ-ભદ્રેશ્વરનાં સંઘને લગતા અનેક મુદ્દાઓ સમજાવી સંઘની મર્યાદા સંઘની રચના વિગેરેનો પુરો ખ્યાલ આપી હાલમાં શ્રી શત્રુંજય મહાતીર્થનો વિરહ કાળ હોવાથી **શ્રી રૈવતગિર તીર્થે** સંઘને કચ્છમાંથી સીધો લઇ જવો

## શ્રી તપગચ્છાધિપતિ-શાસનસમ્રાટ પૂજ્યપાદ પ્રાતઃસ્મરણીય આચાર્ય મહારાજશ્રી વિજયનેમી સૂરિશ્વરજી મહારાજશ્રી

જેમના સદુપદેશથી આ મહાન સંઘ નીકળ્યો છે,



જેમના વચનામૃતથી લાખોની સંખ્યાવંતો જગજાહેર છે.

વંદન હો ! જૈનશાસન સમ્રાટ તિર્થરક્ષક આચાર્યશ્રીને.

પ્રકાશક :

જૈ. સ. વાંચનમાલા. ક. ગિ. મ. યાત્રા. પૃષ્ટ ૨૬.

એવો ઉપદેશ આપ્યો. શેઠ બહુ રાજી થયા અને એ ઉપદેશામૃતને હૃદયમાં ઝીલી લીધું. સોનામાં સુગંધી ભળી.

તરતજ દરેક તૈયારીઓ પૂર્ણ ઉત્સાહ પૂર્વક—બમણા જોરથી થવા લાગી. ગામેગામ જ્યાં જ્યાં જૈનો વસતા હતા ત્યાં ત્યાં દરેક સ્થળે નીચે પ્રમાણે **શ્રી સંઘ નિમન્ત્રણ પત્રિકા** મોકલાવી દીધી:—

॥ ॐ अर्हं नमः

## શ્રી શંખેશ્વરજી ઉપરિયાલા—કચ્છ દેશીય શ્રી ભદ્રેશ્વરાદિ તીર્થયાત્રા કરી શ્રી રૈવતાચલ (ગિરનારજી) મહાતીર્થ યાત્રા નિમિત્તે

# શ્રી સંઘ નિમન્ત્રણ પત્રિકા.

नागेन्द्र निर्मित फणाञ्चित मौलिपार्श्वः
यो भात्युपासक सुरासुरनाथ पार्श्वः ।
यत्तीर्थरक्षणपरो विदितोऽस्ति पार्श्वः
श्री पत्तनाधिपतिरस्तु सुखाय पार्श्वः ॥ १ ॥

यत्राभून्नेमिनाथस्य, कल्याणानां त्रिकं चरम्,
दीक्षाज्ञानं च निर्वाणं तं वन्दे रैवताचलम् ॥ १ ॥
पद्मनाभादयोभावि-जिना यत्र शिवालयम्
यास्यन्ति कर्मनिर्मुक्ता-स्तं वन्दे रैवताचलम् ॥२॥

**आरम्भाणां निवृत्तिर्द्रविणसफलता सङ्घवात्सल्यमुच्च,**
**नैर्मल्यं दर्शनस्य प्रणयिजनहितं, जीर्णचैत्यादि कृत्यम् ।**
**तीर्थोन्नत्यं च सम्यक् जिनवचनकृति-स्तीर्थकृत्कर्मबन्धः,**
**सिद्धेरासन्नभावः सुरनरपदवी तीर्थयात्रा फलानि ॥ १ ॥**

સ્વસ્તિ શ્રી સકલશ્રેયોમંગલમણિમણ્યાકરાન્ અનુપમાપ્રમેયગુણગણમકરન્દાકૃષ્ટ ભવ્યસુરાસુરનરગણ નાયકેન્દિન્દિરોપાસ્યચરણેન્દીવરાન્ ચતુસ્ત્રિંશદતિશયસમ્પત્સમન્વિતાન્ નિખિલાન્ જિનાધીશાન્ ગણાધીશાન્ પરમ ગુરૂંશ્ચ પ્રણમ્ય સમસ્તાનન્દાલયે ભવાર્ણવતરણ શ્રીજિનચૈત્યોપાશ્રયધર્મશાલાદિધાર્મિકાસ્પદોપશોભિતે સન્માર્ગોપદર્શક પવિત્રપંચાચારસમારાધક ગુરૂગણાગમનપવિત્રિતમેદિનીતલે તત્ર શ્રીમતિ ____________ નગરે ત્રિકાલાબાધ્ય સ્યાદ્વાદમુદ્રાંકિતપવિત્રધર્મારાધક નિરૂપમામેયપ્રભાવપ્રભાવિત શ્રી વીતરાગપારગતોપાસક પરમપાવનાવિચ્છિન્ન પ્રભાવમુક્તિસૌધસરણિ શ્રી સર્વજ્ઞશાસનસમુપાસક અપારસંસારસિંધુતારણતરીશુદ્ધાગમપ્રતિપાદિત પંચમહાવ્રતાલંકૃત સુગુરૂચરણકમલોપાસક શાશ્વતશિવશર્મૈકાવંદયનિબંધનબંધુરસમ્યકત્વમૂલદ્વાદશવ્રતસમારાધક દેવગુરૂભક્તિકારક સમાનધાર્મિક બંધુવર્ગવાત્સલ્યધારક મૈત્ર્યાદિશુભભાવનાભાવિતાંતઃકરણ માર્ગાનુસારિત્વાદિગુણગણવિભુષિત સુશ્રાદ્ધસદ્‌ગુણાલંકૃત સમસ્તશ્રમણોપાસક ____________ શ્રી સંઘચરણાન્ પ્રતિ શેઠજી શ્રી ____________ વિગેરે યોગ્ય શ્રી પત્તન ( ઉ, ગુ પાટણ ) નગરથી લિ. શા

કરમચંદ ઉજમચંદના બહુમાન પુરસ્સર પ્રણામ પૂર્વક સવિનય વિજ્ઞાપન વાંચશોજી.

વિ. અત્રશ્રી દેવગુરૂધર્મની કૃપાથી આનન્દમંગલ વર્તે છે. આપ શ્રીસંઘના પણ નિરંતર આનંદમય સમાચાર ચાહીયે છીયે. વિ. વિ. અમારા ભાઇ **નગીનદાસને** ઘણા વખતથી શાસનોન્નતિરક્ત સન્માર્ગોપદેશક પવિત્ર પંચાચાર સમારાધક પન્યાસજી મહારાજ શ્રી શ્રીશ્રી ૧૦૦૮ શ્રીમાન્ ભક્તિવિજયજી ( આચાર્ય મહારાજ શ્રી સિદ્ધીવિજયજીના પ્રશિષ્ય ) મહારાજના સદુપદેશથી શ્રી સર્વજ્ઞ ભગવંતે જેમનું સકલવ્રતશિરોમણી બ્રહ્મચર્યવ્રત વર્ણવ્યું હતું તે શ્રી વિજયશેઠ વિજયાશેઠાણી જેવા પવિત્ર પુરૂષોથી પાવન થયેલા શ્રી કચ્છ દેશમાં આવેલા શ્રી ભદ્રેશ્વરતીર્થાદિની યાત્રાર્થે સંઘ કાઢવાનો વિચાર હતો. તેમાં વલી સોનામાં સુગંધની જેમ અમારા પુણ્યોદયથી હાલ અમારા નગરમાં બીરાજતા તીર્થોદ્ધારક શાસનપ્રભાવક પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ તપગચ્છગગનદિનમણિ આચાર્ય મહારાજાધિરાજ ભટ્ટારક શ્રી શ્રી શ્રી ૧૦૦૮ શ્રીમાન્ વિજયનેમિસુરીશ્વરજી મહારાજના સદુપદેશથી હાલ શ્રી તીર્થાધિરાજ શ્રીસિદ્ધગિરિજી મહારાજનો વિરહકાળ હોવાથી તે શ્રી સિદ્ધગિરિજી મહારાજના કૂટ ( શિખર રૂપ ) મહાતીર્થ શ્રી રૈવતાચલજી તીર્થ કે જ્યાં બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથજી મહારાજના દીક્ષા કેવલજ્ઞાન અને નિર્વાણ કલ્યાણકો

થયા હતા તથા અનાગત ચોવીશી નિર્વાણપદ પામશે તે શ્રી રૈવતાચલ તીર્થની ભવ્ય જીવને બોધિબીજાંકુરોત્પાદક સમ્યક્ત્વ દૃઢતાનું પરમ સાધન યાત્રાર્થે સંઘ લઇ જવા નિર્ણય કર્યો છે. તેનું શુભ મુહૂર્ત—

**માગશર ( હિંદી પૌષ ) વદિ ૧૩ શનિવાર તા. ૧-૧-૨૭**

**સૂચના**—પાટણથી પ્રયાણ કરી અનુક્રમે સંઘ ગઇ ચોવીશીમાં આષાઢી શ્રાવકે ભરાવેલ ઇંદ્રભવનાદિ અનેક સ્થાનોમાં પૂજિત શ્રી શંખેશ્વરજી તીર્થ—ઉપરિયાલા—ધ્રાંગધ્રા થઇ કચ્છમાં શ્રી ભદ્રેશ્વરજી તીર્થ વિગેરેની યાત્રા કરી મોરબી રાજકોટ રસ્તે થઇ મહાતીર્થ શ્રી ગિરનારજી જશે.

હવે અમારી આપ શ્રી સંઘ તથા શ્રીમાનો પ્રતિ સવિનય નમ્ર પ્રાર્થના છે કે—આપશ્રી સહકુટુંબ સાધર્મિક બંધુ વર્ગ મિત્રમંડળ સમેત સંઘમાં પધારી અમારા ઉપર અનુગ્રહ કરવા સાથે શાસનશોભામાં વૃદ્ધિ કરશો. આપ શ્રીમાનોને પણ માર્ગમાં અનેક તીર્થો—તીર્થરૂપ ચૈત્યોના દર્શન પૂજા આદિ અપૂર્વ લાભો સાથે શ્લોકોમાં વર્ણવ્યા પ્રમાણે આરંભોનો ત્યાગ, દ્રવ્યની સફલતા, સાધર્મિક બંધુ તથા શ્રી સંઘનું ઉત્કૃષ્ટ વાત્સલ્ય સમ્યક્ત્વની નિર્મળતા, સ્નેહિઓનું સાચું હિત કરવાપણું, જીર્ણ ચૈત્યોદ્ધાર, તીર્થની ઉન્નતિ, જીનવચનની આરાધના, તીર્થંકર નામકર્મનો બંધ અને મુક્તિની નજીકતા વિગેરે મહાન્ તીર્થયાત્રાના ફલોનો લાભ મળશે.

પૂજ્ય સકલ સાધુ સાધ્વી મહારાજોને પણ અમો સાદર વંદનાપૂર્વક સાગ્રહ વિનંતિ કરીયે છીએ કે આપ પણ શ્રી સંઘમાં પધારી અમારી ઉપર અનુગ્રહ કરશો.

આપ શ્રીસંઘના પધારવાથી મહાન્ મંત્રીશ્વર વસ્તુપાળની ભાવના પ્રમાણે " સંઘપતિ " એ પદ તત્પુરૂષ સમાસ વડે એટલે કે " સંઘનો પતિ " એ અર્થથી નહિ પણ બહુવ્રીહિ સમાસ વડે એટલે કે " સંઘ છે પતિ જેનો " એ અર્થથી મળે તેમ અમારા આત્માને માનીશું.

| | |
|---|---|
| વીર સંવત ૨૪૫૩<br><br>વિક્રમ સંવત્ ૧૯૮૩ માગસર શુદી ૨.<br>તા. ૭-૧૨-૨૬ મંગળવાર. | શ્રી સંઘ ચરણકમલ સેવકો,<br>શા કરમચંદ ઉજમચંદના સુપુત્રો<br>સરૂપચંદ કરમચંદ.<br>નગીનદાસ કરમચંદ.<br>મણીલાલ કરમચંદ.<br>ના સબહુમાન પ્રણામ વાંચશોજી. |

---

તા. ક.—આવનાર યાત્રાળુઓને પાટણથી સાથે પધારવાથી અનુકુળતા રહેશે બાકી વચમાં પણ શ્રી શંખેશ્વરજી-ઉપરિયાલા-ધ્રાંગધ્રા-હલવદ વીગેરે સ્થળે રેલ્વે વિગેરેની અનુકુળતા હોવાથી ભેગા થઇ શકાશે.

" છહરી " પાલવાની ઇચ્છા ધરાવનારા માટે પણ સગવડ રાખવામાં આવશે,

ઉપર લખી પત્રિકા મોકલાવ્યા પછી શેઠશ્રીએ સંપૂર્ણ તૈયારીઓ કરવા માટે માણસોની સગવડ કરવા માંડી, અને પોતાનું આખું કુટુંબ તેમજ આ કામનો મુખ્ય વહીવટ કરનાર રાધનપુરવાળા શ્રીયુત કમળશીભાઇ સંઘની વ્યવસ્થા માટેતનતોડ મહેનત કરવા લાગ્યા. તેમણે કરેલી, આ સંઘને લગતી તૈયારીનો ખ્યાલ તો જનતાને એટલા ઉપરથીજ આવી શકશે કે ત્રણ મહીના પહેલાં શ્રી સંઘના માર્ગપંથમાં આવનારાં સ્થળોનાં આગેવાનો ઉપર તે ગામોમાં શું શું વ્યવસ્થા થઇ શકશે તેના માટે પત્રો લખી જવાબ મંગાવી બાકી રહેલી તમામ વ્યવસ્થા તે ગામની આગળ પાછળના **સેન્ટરથી** ( મુખ્ય શહેર ) યોજના કરી હતી.

ગામેગામ જ્યાં જાઓ ત્યાં આ ભવ્ય સંઘનીજ વાતો સંભળાવા લાગી સૌ કહેતા કે " શેઠ તો એવો મોટો સંઘ કાઢવાના છે કે છેલ્લા દોઢસો વર્ષમાં એવો સંઘ નિકળ્યો પણ નહીં હોય. " જનતાની આ વાણી પણ ફળી ! !

---


## વાર્ષિક રૂા. ૩) માં

દર વરસે ૧૦૦૦ પાનાના ઐતિહાસીક નવીન ત્રણ પુસ્તકો નીયમીતપણે ગ્રાહકોને મળે છે. પોસ્ટ ખર્ચ જુદો. લખો—

**જૈનસસ્તી વાંચનમાળા.**
રાધનપુરી બજાર,—**ભાવનગર.**

સંઘવીજી અને તેમનું કુટુંબ.



પ્રકાશક—જૈ. સ. વાં. માળા.-**ભાવનગર** ક. ગિ. મહાયાત્રા પૃ. ૩૨

*Aanand P. Press—Bhavnagar.*

# પાટણ અને સંઘની ભવ્યતા.

( ૪ )

**પાટણ.** પાટણ એ દેવભૂમિ છે. એ દેવભૂમિ ઉપર અનેક નરરત્નોએ પોતાનું જીવન અમ્મર કર્યું છે.

જૈન ઈતિહાસમાં જેની કીર્તિકથા કોઇ પણ કાળે ભૂંસાવાની નથી. એવા પરમાર્હત્ શ્રી કુમારપાળ મહારાજાના જીવન સાથે પાટણ સંકળાંયેલું છે એ વીરનરે રેડેલી સંસ્કૃતિથી આજ પણ પાટણ ઉજળું છે.

જગતને શુદ્ધ બ્રહ્મચર્યની પ્રભા બતાવનાર, જેનો સાહિત્યનો જોટો ન મળે એવા સાડા ત્રણ કરોડ શ્લોકની રચના કરનાર, અને ગુજરાતપર–ભારતવર્ષપર ' અહિંસા પરમોધર્મ ' નો વિજય–ડંકો વગાડનાર, એવા કલિકાળ સર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યના પૂનિત પગલાએ કરી, પાટણ પવિત્ર બનેલું છે.

જંગમ યુગપ્રધાન શ્રી જયસિંહ સૂરીશ્વરજીની પવિત્ર ભાવનાઓ વડે પાટણનો દેહ રંગાયેલ–ઉજ્વળ બનેલ છે.

વીરત્વની પ્રતિમા સમા, રાજનીતિમાં કૌટીલ્ય સમા, ધર્મકાર્યોમાં આદર્શ શ્રાવક સમા, મુંજાલ અને ઉદાયન જેવા

મહા મંત્રીઓ વડે પાટણની રાજનીતિ પંકાએલી છે–પાટણની જાહોજલાલી અદ્વિતીય બનેલી છે.

**અને** જગત જેને ભૂલી શકવાનું નથી એવા કળા-વિધાયકો શુરવીરોનાં હૈયામાં જેની વીરતાનું પૂજન થયેલ છે એવા રણવીરો, જૈનો જૈનેતરો જેની ધર્મ–જાહોજલાલીના સ્મારકો નિરખી, પ્રભાતે જેનું સ્મરણ કરે છે, એવી એ વીર વસ્તુપાળ–તેજપાળની જોડીનાં, ચેતન ઓજસ ને–ધર્મભાવ-નાના સાગરનું મૂળ પણ ત્યાં જ છે.

**એવા** એ અણહીલપુર પાટણના પૂનિત હૃદયપર શ્રેષ્ઠી-વર્ય નગિનદાસ કરમચંદ જેવા નરરત્નો જન્મે એમાં શી નવાઇ?

**એ ધન્ય દિવસ.** સંવત ૧૯૮૩ ના માગશર વદી ૧૩ નો મંગળ દહાડો પાટણના ઇતિહાસમાં બલ્કે જગતના જૈન ઇતિહાસમાં સુવર્ણાક્ષરે અંકિત થઇ અમર થયો છે; અને રહેશે.

એ સામાન્ય દિવસ ન્હોતો, પણ સારી આલમના દિવ-સોનું તારણ હતું. એ તારણમાં ધર્મભાવનાનું ઉજ્વળ નૂર ઝળકતું. ઉદારતાના ઓજસ અને પાટણની પૂર્વ જાહોજલા-લીના મીઠાં સંસ્મરણો તેમાં ઝળહળી રહ્યાં હતાં.

એ મંગળ દિવસનો દિવાકર પણ–જૈનત્વના લાલ ખમીરની–ખુમારીથી અવનવું નૃત્ય કરી રહ્યો હતો. **એનાં** નૃત્યમાં **એનાં** હાસ્યમાં અરે! એનાં પ્રત્યેક કિરણમાં "**જૈન**

**ધર્મના વિજય રણુકાર** " ધર્મભાવનાથી પૂનિત બનેલા સમીર સાથે અદ્વિતીય ગાન ઉપજાવી રહ્યા હતા. પાટણુનો પુણ્ય દેહ, એ દિવ્ય ગાનથી ડોલી રહ્યો હતો; એ સંગિત સરિતાથી નાહી રહ્યો હતો, અને જૈનોના વદનપર તો એ દિવ્ય ગાને અજબ આનંદ પાથર્યો હતો.

આ ધન્ય દહાડે, પાટણુના જૈનોનાં ઉજ્વળ આંગણે, ધર્મ ભાવનાના ઉત્સવ મંડપો રચાયા હતા; તેઓના હૃદયમાં ધર્મ–પ્રેમની વીણા વાગી રહી હતી. દેશ દેશાંતરેથી પધારેલા મુનિ મહારાજાઓના સમૂહે કરીને પાટણ પલટાઈ ગયું હતું; શ્રી કુમારપાળ મહારાજના સમયનુ રૂપ પાટણે આજપ્રકાશ્યું હતું.

ચૌટે ને ચોકે, બજારે ને પોળે, માનવ–મેદિનીના ઝુંડો **વીર વસ્તુપાળ તેજપાળ**, બાહડમંત્રી અને જાવડશાહ, કર્માશાહ અને સમરાશાહ, આભૂશેઠ અને પેથડકુમાર, વિગેરે નરવીરોએ કાઢેલા સંઘોની ભવ્યતાની અને જગડુશાહના અપૂર્વ દાન મહિમાની, સ્મરણ–કથાઓ કથી રહ્યા હતા.

ભગવતી દેવી સરસ્વતીએ પણ આ ધન્ય દહાડે, માનવ મુખે કેમ વાસ કર્યો હોય ! તેમ સૌના હૈયાં લલકારતાં કેઃ—

" જુગજુગ જીવો પુત્ર પનોતો પાટણનો એ નગિન. "

આ ધન્ય દિવસનાં મંગલ–પ્રભાતે શ્રેષ્ઠીવર્ય નગિનદાસ

**પ્રતિષ્ઠા.**

કરમચંદે પ્રેમથી, ઠાઠથી અને ઉત્સાહથી વરઘોડો કાઢી પોતાના રૌપ્ય જીનાલયમાં ચઉમુખજી, અને શ્રીપાર્શ્વનાથ પ્રભુની પ્રતિ-

માજીની પ્રતિષ્ઠા કરી. આ સમયે હજારો માણસોની મેદિનીથી પાટણની બજારો ઉભરાઇ રહી હતી. નરવીર નગિનદાસ શેઠના આ શુભ કાર્ય માટે સૌ અંતરથી આશિષ દઇ રહ્યા હતા.

**માનવ સમૂહ.** આ ધન્ય દિવસનો લ્હાવો લેવા અને દોઢસો વર્ષમાં નહીં બનેલા કાર્યનો મહોત્સવ નિરખવા આસપાસના ગામડાઓમાંથી, અમદાવાદ, સુરત–મુંબઈ આદિ શહેરોમાંથી, અને ગુજરાત–મારવાડ–કચ્છ–કાઠીયાવાડ આદિ દેશોમાંથી અનેક જૈનભાઇઓ આવ્યા હતા. દૂર દૂરથી વિહાર કરીને મુનિ મહારાજાઓ અને શ્રી સાધ્વીજીઓ પણ આ ધન્ય દહાડાનો લાભ લેવા પધાર્યા હતા. સાથે સાથે જૈનેતર વર્ગનો તો પાર જ ન્હોતો, ટુંકામાં માનવ સમૂહ એટલો બધો હતો કે પાટણની બજારોના રસ્તાઓ માનવ મેદિનીથી કેમ જાણે ઢંકાઇ ઢંકાઇ ગયા ન હોય !

**પ્રસ્થાન ઉત્સવ.** આ ધન્ય દહાડે સંઘના પ્રસ્થાનનું મુહૂર્ત હતું. શુભ ચોઘડીયે, સારા શુકને, અનેક પ્રકારના રસાલા યુકત પ્રસ્થાનનો વરઘોડો ઘણી ભવ્યતા દાખવતો નિકળ્યો, પાટણની બજારો ધ્વજાપતાકાથી શોભી રહી હતી. વરઘોડો દોશીવટ, સુખડીવટ આદિ મૂખ્ય બજારોમાં ફરી કણસડા દરવાજા તરફ ( જ્યાં સંઘનો પડાવ મુકરર કરવામાં આવ્યો હતો ) વળ્યો, આ પ્રસ્થાન–ઉત્સવમાં પ્રખર વિદ્વાન આચાર્ય મહારાજ શ્રી વિજયનેમિ સૂરીશ્વરજી તથા પન્યાસ શ્રી ભકિત-

વિજયજી ( રાધનપુરવાળા ) વિગેરે પોતપોતાના શિષ્ય સમુદાય સાથે ચાલી રહ્યા હતા. પાછળ શ્રેષ્ઠીવર્ય નગિનદાસભાઇ (સંઘવીજી) તેમના વડીલભાઈશ્રી સ્વરૂપચંદભાઇ, તથા ન્હાના ભાઈશ્રી મણીલાલભાઇ સર્વને નમન કરતા સૌના અંતઃકરણના આશિર્વાદ ઝીલતા, હર્ષાશ્રુએ યુકત નયને ચાલી રહ્યા હતા. સાથે અમદાવાદના શેઠ માણેકલાલભાઇ મનસુખભાઇ તેમજ બીજા રાધનપુર—ધ્રાંગધ્રા—લખ્તર તેમ બીજા ઘણાં ગામોના શેઠીઆઓ આ પ્રસ્થાન—ઉત્સવની શોભામાં વૃદ્ધિ કરી રહ્યા હતા. સંઘવીશ્રીનું કુટુંબ પણ સામેલ હતું, સંઘવીજીની ન્હાની પુત્રી કલાવતી બ્હેનની વદનપ્રભા, પણ જનતામાં દિવ્યતા અને પવિત્રતાની પ્રતિભા પાથરી રહી હતી.

છેવટે વરઘોડો કણાસડા દરવાજાની બ્હાર પડાવ—સ્થળે આવી પહોંચ્યો અને કચેરીના ભવ્ય તંબુમાં સંઘવીશ્રી બિરાજ્યા, બાજુના તંબુમાં સંઘવીયણ શ્રી અ. સૌ. કેસરબ્હેન અપાર નારી સમુદાય વચ્ચે બેઠા.

**પડાવની રચના**

કણુસડા દરવાજાની બ્હાર એક વિશાળ ખેતરમાં પડાવની રચના કરી હતી. જ્યાં એક ભવ્ય દરવાજો લાલ મખરાશી જડેલો શોભી રહ્યો હતો. જેના ઉપર સોનેરી રૂપેરી કામ ઝગમગી રહ્યું હતું.

દરવાજામાં પ્રવેશ કરતાં જ બે બાજુએ રાવટી—તંબુઓની કતારો પડી હતી. એક તરફ મુનિવર્ગ અને એક તરફ

સંઘવીના પાલો હતા. સામે રૌપ્ય-મંદિર ઝળહળી રહ્યું હતું આ મંદિર એક ભવ્ય મંડપ વચ્ચે ગોઠવ્યું હતું. આજુબાજુ કુમારપાળ મહારાજના જીવનચિત્રો ગોઠવ્યાં હતા. ડાબી તરફ કચેરીનો વિશાળ તંબુ હતો. પાછળ સ્ટોર ખાતું વિગેરેના તંબુઓ હતા, એક તરફ રસોડાનો મંડપ અને એક તરફ સાધુ-સાધ્વીઓની વ્યવસ્થાનો પાલ હતો. એક બાજુ ઉકાળેલા પાણીની રાવટી હતી અને બાકીના ભાગોમાં વ્હારગામના ગાડાઓ છુટયા હતાં, આ પ્રમાણે પડાવની રચના શોભી રહી હતી આ વિશાળ રચના જોવા માટે માનવ-પુર પણ ઉછળી રહ્યું હતું. ગાડીઓ-મોટરો અને સાઈકલોની આવજાની ધમાલ પણ આશ્ચર્ય પમાડે તેવી હતી. જાણે અમર-પુરીજ આ માનવ લોકમાં આવી ને કેમ વસી ન હોય !

**રૂપાનું જીન મંદીર.**

આ જીનાલય ખાસ ધ્યાન ખેંચે તેવું હતું. આ રૂપાના દેરાસરને ચાર દ્વારો હતા. દ્વારે દ્વારે સુવર્ણ પાયેલા ચાંદીના તોરણો હતા, મુખ્ય દ્વારે-વચ્ચેના ચાંદીના ગઢપર શ્રી ચિંતામણી પાર્શ્વનાથ સ્વામીની ધાતુમય પ્રતિમાજી હતા અને ઉપર ચૌમુખજી ( ધાતુમય ) બિરાજ-માન હતા. વ્હારના વિશાળ રંગમંડપમાં ચાંદીનું સીંહાસન હતું. જેમાં શાંતિનાથ પ્રભુની પ્રતિમા સિદ્ધચક્રજી મંડળ સાથે બિરાજમાન હતા. આ દેરાસર કમળશીભાઈની થતી દેખરેખ નીચે અને તેમની સુચનાથીજ કરવામાં આવ્યું હતું

દેરાસરનું ચોકઠું, સિંહાસન અને ત્રીગડામાં રૂા. ૪૦૦૦) ની ચાંદી વાપરવામાં આવી હતી. જ્યારે દહેરાસરનો મંડપ રૂા. ૨૦૦૦) ના ખર્ચથી રેશમીઝાલર યુક્ત સુશોભીત બનાવ્યો હતો. રંગમંડપમાં ચટાઇઓ અને જાજમો પાથરેલી રહેતી. તેમજ સંગિત પણ ચાલુ રહેતું. પૂજા ભાવના આંગી આદી કાર્યો પણ નિયમિત થતાં, ટુંકામાં દેરાસરજીની રચના અનુપમ ભવ્ય અને આનંદદાયક હતી. આ દહેરાસરની ઉપરના ભાગમાં મનોરમ્ય જરીની ધ્વજા અને સોનેરી ઇંડાઓ ગોઠવાયેલાં હતાં.

**કચેરી.** ચારસો માણસ ખુશીથી બેસી શકે એવો ભવ્ય તંબુ કચેરીના ઉપયોગ તરિકે લીધો હતો. આ કચેરીમાં ગાદી તકીયાઓ બિછાવ્યા હતા અને તે પર લાલ મખમલના ઝરી ભરેલા સુંદર ગાલીચાઓ પાથર્યા હતા. વિશાળ જાજમપર પણ આગ્રાનો ગાલીચો બિછાવ્યો હતો. એક તરફ તેજુરીઓ રહેતી. બાજુમાં નાણાંનો વહીવટ કરનાર કીલીદાર બેસતા, વચ્ચે શેઠ બેસતા. એક ખુરશીપર સંઘના જનરલ સેક્રેટરીની બેઠક હતી. આજુબાજુ માનવસમૂહ બેસતો. આ કચેરીમાં રોજ ધાર્મિક સંગિત થતું. સંઘના નોકર વર્ગથી થયેલા ગુન્હાઓના ચુકાદા અને સંઘ કયે રસ્તે લઇ જવો, કેવી રીતે લઈ જવો તેમજ સંઘાળુઓની વ્યવસ્થામાં શી શી ખામીઓ, અડચણો અને ઉણપો આવે છે, વિગેરેનો નિર્ણય

કરવા રોજ રાત્રે કચેરી ભરાતી અને સંઘમાંથી આગેવાન માણસો આવી, ચર્ચા ચલાવતા અને પ્રત્યેક કાર્ય સંઘની સલાહથી સંઘવીજી અમલમાં મૂકતા. આવી ભવ્યતા જોઇ સ્વાભાવિક જ કહેવાઈ જતું કે આતો દિગ્વિજય કરવા નિકળેલ કોઈ મહારાજાનું વિરાટ કાર્યાલય જ છે યાને રાજદરબાર છે.

**સંઘવીયણ ડેરા તંબુ.**


બાજુમાં સંઘવીયણશ્રીનો તંબુ હતો. આ તંબુમાં પણ એવીજ ધમાલ રહેતી. સ્ત્રીઓનો આવરો જાવરો, અનેક પ્રકારનાં ભેટણાં, અનેક પ્રકારનાં ન્હાના ન્હાનાં ગુપ્તદાન વિગેરે સ્ત્રીજીવનની નિર્મળ ઘટનાઓ આ તંબુમાં દેખાતી. જુદા જુદા ગામોની સ્ત્રીઓ મળવા આવે અને સંઘવીયણ તેમને પ્રવાસની, ધર્મની, તથા બીજી વાતો કરે, આથી સ્ત્રીઓનાં હૃદયમાં એક પ્રકારની શકિત પ્રગટતી અને સંઘવીયણશ્રીની ઉદારતા તેમજ ધર્મપ્રિયતા, મળવા આવતી સ્ત્રીઓમાં સન્માન પામતી.

**વધાવા.**

વધાવાનો રિવાજ અતિ પ્રાચીન અને ઘણો મહત્વપૂર્ણ છે. વધાવો એટલે કાર્યમાં સમ્મતિ. સંઘવીશ્રીના આ કાર્યમાં અનેક સમ્મતિઓ આવતી હતી. વધાવાથી ઉત્સાહ, જાગૃતિ અને કર્તવ્ય સચેત રહે છે. વધાવો એ કાંઇ રૂઢી નથી; પરંતુ સુંદર યોજના છે. આવા વધાવા પાટણમાં ત્રણ દહાડા સુધી

**શ્રી પાટણ જૈન સમાજ સેવક મંડળ.**

કે જે દરેક ધાર્મિક કાર્યોમાં હાજર રહી સેવા અર્પી રહ્યું છે.



પ્રકાશક. જૈ. સ. વાં. માલા. ક. ગિ. મહાયાત્રા. પૃષ્ટ ૪૧

ચાલુજ રહ્યા હતા. સંઘવીજી સૌના વધાવા સત્કારતા અને પોતાના કાર્યની આ સમ્મતિથી ઉત્સાહિત બનતા.

આ વધાવા માત્ર જૈનો કે સગાઓ તરફથી આવતા એવુંજ ન્હોતું જૈનતર વર્ગમાંથી પણ આવતા. એ તો જેના હૃદયમાં આવા કાર્યો માટે લાગણી, ભાવ, સ્નેહ અને સમ્મતિ પ્રગટે તે વધાવો કરી શકે. આ સિવાય હારતોરાથી પણ શેઠ શ્રી ઢંકાઇ રહેતા.

**શ્રી પાટણ જૈન સમાજ સેવક મંડળ.**

પડાવ જોવા આવનારને પહેલીજ તકે આ સેવાભાવી સૈનિકોના લશ્કરી ઠાઠથી શણગારાયલા તંબુના દર્શન થતા. આ મંડળ પાટણના યુવક વર્ગનું બનેલું છે. આ મંડળે સંઘમાં સારૂં કાર્ય બજાવ્યું હતું. માર્ગમાં સંઘની વ્યવસ્થા જાળવવા માટે નીચે પ્રમાણે વ્યવસ્થા અને નિમણુંક કરવામાં આવી હતી:—

**મૂખ્ય કાર્યવાહક:**—રાધનપુરવાળા શ્રીયુત કમળશી ભાઈ ગુલાબચંદ હતા. તેઓશ્રીએ પોતાના અનુભવ અને કાર્ય કુશળતાથી આ કાર્યને બરોબર દિપાવ્યું હતું. તમામ ખાતાઓ પર નજર રાખવી અને સંઘાળુઓની અડચણો વિગેરેનો ખ્યાલ રાખવો એ તેમનું મૂખ્ય કાર્ય હતું.

**પ્રાઇવેટ સેક્રેટરી:**—ચંપકલાલ જમનાદાસ રાધનપુર વાળા હતા. આ ભાઇનું કામકાજ સંઘના સેક્રેટરી તરીકેનું

હતું. સંઘ વ્યવસ્થા જાળવવી અને બીજા પરચુરણ કામોના ઓર્ડર આપવા વિગેરે.

નાણાં ખાતાનો વહીવટ કરનાર બાપુલાલભાઈ દલપત-રામભાઈ અને કેશવલાલભાઇ હતા. આ ભાઇઓ લેવડ દેવડનો તથા તમામ ખર્ચના હિસાબનો વહીવટ સાચવતા.

તંબુ ખાતાની વ્યવસ્થા કરનાર પાટણવાળા ડાહ્યાભાઈ સાંકળચંદ હતા. આ ભાઇનું કામ એક મુકામથી બીજે મુકામ તંબુઓ મોકલાવવા અને સાધુ સાધ્વીઓના પડાવને વ્યવસ્થિત રાખવા વિગેરે હતું.

સાધુ સાધ્વીની સરભરા તેમજ તેમની વ્યવસ્થા જાળવવા ખાતર શ્રી વીરચંદ મેઘજી પંડિત અને બાલચંદ મગનચંદને રોકવામાં આવેલા હતા. આ ભાઇઓનું કામ સાધુ–સાધ્વીના ઉતારાઓની સગવડ કરી દેવી, તેમજ તેમની અડચણો દૂર કરવી તે હતું.

છહરી–પાલનાર ભાઇઓના બંદોબસ્ત ખાતર શ્રી જૈન વિદ્યાભુવનના શિક્ષક શાંતિલાલ જગજીવનને રોકવામાં આવ્યા હતા.

ભાતા ખાતામાં ડાહ્યાભાઇ ખેમચંદ અને મણીલાલ-ભાઇને રોકવામાં આવ્યા હતા.

ગાડા ખાતાનું કામ શેઠ મનસુખલાલ નાગરદાસ તથા જેઠાલાલ શીવજી કચ્છ સાંધાણુવાળાને સોંપવામાં આવ્યું

હતું. આ ભાઇનું કામ એ હતું કે તમામ ગાડાની નોંધ રાખવી. ગાડાવાળાઓને સમજાવવા. નવા ગાડાઓ ભાડે કરવા વિગેરે.

રસોડા ખાતામાં લધુભાઈ ભારમલ તથા શાહ મોહનલાલ મુલચંદને રોકવામાં આવ્યા હતા.

ખાનગી રસોડા ખાતામાં અમીચંદ તલકચંદ શિહોરવાળા તથા શેઠ ખેમચંદ ભુખણદાસ તથા મણીલાલ લહેરચંદ હતા. સાધુ સાધ્વીને વ્હોરાવવાનું પણ કામકાજ તેમના હાથમાં હતું.

આયંબીલ તથા દેરાસરને લગતું કામકાજ અમદાવાદવાળા ચીમનલાલ જેસીંગભાઇ પટવાને સોંપવામાં આવ્યું હતું.

કંદોઇ ખાતામાં મોહનલાલ મુલચંદ પાટણવાળા હતા.

આ સિવાય સંઘાળુઓની તમામ વ્યવસ્થા જાળવવાનું, છહરી પાલનારભાઇઓના સામાન સાચવવાનું, પીરસવાનું તેમજ એવા ન્હાના મ્હોટા પરચુરણ સંઘાળુઓની સેવાનું, કામકાજ પાટણ જૈન સમાજ સેવક મંડળના પચાસ સેવકોએ માથે લીધું હતું અને આ મંડળના કેપ્ટન શ્રી કરશનદાસ કે. શાહ હતા. તેમની વ્યવસ્થાશક્તિ સારી હતી.

આ સિવાય સંઘવીજી તરફથી બસો પગારદાર માણસો રોકવામાં આવેલા હતા. અને બીજા પણ સગા સંબંધીઓ

કામકાજમાં ભાગ લેનારા ઘણાં હતા. ( આ કમિટીઓમાં વખતે વખતે ફેરફાર થતા હતા )

**આચાર્યશ્રીની દેશના.**

પાટણને આંગણે સંઘ ચાર દિવસ રોકાયો. પોષ શુદી એકમને દહાડે શાસન પ્રભાવક આચાર્ય મહારાજ શ્રી વિજયનેમિસુરશ્વરીજીનું મહત્વ પૂર્ણ વ્યાખ્યાન હતું. આ વ્યાખ્યાન સાંભળવા માટે માનવ મેદિનીનો પાર ન્હોતો. કોઇ તેમના દર્શનાર્થે, કોઈ વચનામૃતની આશાએ તો કોઈ તેમનો પડકાર ઝીલવા એમ ઘણાં ભાઇઓ આવ્યા હતા. અમદાવાદના તેમજ બીજા ગામોનાં શેઠીઆઓ પણ આ વ્યાખ્યાનમાં આવ્યા હતા. જૈનતર વર્ગનો પણ સારો જમાવ થયો હતો. મહારાજશ્રીએ ' આત્મ શકિતનો વિકાસ ' અને ' પ્રતિમા પૂજન ' ઉપર સચોટ દલિલો સહિત લગભગ ત્રણ કલાક સુધી સુંદર વ્યાખ્યાન આપ્યું હતું. સંઘવીશ્રી તરફથી શ્રીફળની પ્રભાવના પણ કરવામાં આવી હતી.

આ ઉપરાંત ધ્રાંગધ્રા સ્ટેટની પોલીસ અને સ્વારો, કુણઘેરના ઠાકોરો, (ચોકીયાતો) તેમજ બામચાઓ માગવાવાળાઓ વિગેરેની પુષ્કળ ધમાલ અને આનંદના અંગે વાતાવરણ એટલું બધું આનંદદાયક બન્યું હતું કે, કોઇ અજાણ્યો જોનાર તો આ ભવ્યતા નિહાળી કોઇ રાજાનો લશ્કરી પડાવ જ ધારી લ્યે.

**પ્રયાણ.**

શ્રી સંઘ પાટણ ખાતે ચાર દહાડા રોકાયો અને સાડા ચારસો લગભગ ગાડાઓ, પાંચ હજાર લગભગ માણસો દોઢસો સાધુ સાધ્વીઓના ઠાણાંઓ, ઉપરાંત ચોકીદારો પોલીસો સિગરામો, મોટરો, મોટરલારીઓ, ઘોડા ગાડીઓ આદિ અનેકવિધ રસાલા સહિત સંવત ૧૯૮૩ ના પોષ શુદી બીજને બુધવારની મંગલ-પ્રભાતના મંગળ ચોઘડીએ સંઘ વિદાય થયો. આ પ્રયાણ વખતે લગભગ એક હજાર માનવ મેદિનીના "**જૈન શાસન દેવકી જય.**" નો ગગનભેદી ઘોષ સાથે સંઘવીએ પ્રયાણ કર્યું.

પાટણમાં પણ મહોલ્લે મહોલ્લે પ્રયાણનાંજ ઉત્સવો થઈ રહ્યા હતા. યાત્રા કરવા જતા કુટુંબોને સાર-સંભાળની સુચનાઓ સ્નેહીજનો આપી રહ્યા હતા. સંઘનો લાભ ન લઈ શકનારા ભાઈઓ તથા બ્હેનો, પોતાને હિણભાગ્ય માની રહ્યા હતા. અને જનારાઓને સુખરૂપ નિર્વિઘ્ને પાછા આવો, એવો આર્શિવાદ આપી રહ્યા હતા. આવા શુભ આશિર્વાદો ઝીલતાં ઝીલતાં શ્રી સંઘે પાટણને આંગણેથી પ્રયાણ કર્યું.

# યાત્રા

( ગુજરાત ઝાલાવાડ )

( ૫ )

કુણઘેર પોષ શુદ ૨ બુધવાર.

આ ગામ પાટણથી ત્રણ ગાઉ થાય, સંઘે એક વિશાળ ખેતરમાં પડાવ નાખ્યો, આ ગામ ઘણું જુનું છે, મોગલસમય પહેલાના અવશેષો મળી આવે છે. શ્રાવકોના ઘર આઠથી દસ છે. એક જીન મંદિર છે. આ મંદિર જુનું છે. મંદિરનો ઘાટ ઐઠે ખામણે છે; આછી આછી કલા પણ મંદિર ઉપર તરવરે છે. મુળનાયકજી **શ્રીશાંતિનાથ** પ્રભુ છે. પ્રભુની પ્રતિમાજી ઘણાં મનોહર છે. એક ઉપાશ્રય છે. આ ઉપાશ્રયને જોતાંજ જૈનાચાર્ય હીરસૂરીજીપર કલાખાટ સુબાએ ગુજારેલો જુલમ અને તોલાધામી શ્રાવક જેવા શ્રાવકોની બહાદુરી યાદ આવી જાય આ ગામમાં રજપુતોની વસ્તી વધારે છે. આ ગામના ઠાકોરો રણશૂરા ગણાય છે. સંઘની ચોકી કરનારા પણ આજ કુણઘેરીઆઓ હતા. આહીં મૂખ્ય ધંધો ખેતી છે. ખેડુત વર્ગની સ્થિતિ સાધારણ છે. પરંતુ લોકો મહેનતુ અને ઉદ્યમી હોવાથી ગામ સારૂં લાગે. આંહીના માટીના વાસણો વખણાય છે. પ્રજા જીવનમાં હજીપણ પરાપૂર્વથી ચાલ્યા આવતા આર્ય સંસ્કૃતિના સંસ્કારો ચાલ્યા આવે છે. પરદેશનું વાતાવરણ નથી જામ્યું. પહેલા આ ગામમાં વણાટકામ સારૂં થતું, પરંતુ અત્યારે હાથવણાટને ઉતેજન નહીં હોવાથી આ ધંધો

માંગતો જાય છે. ગૃહઉદ્યોગમાં સામાન્ય ભરતકામ અને કયાંક ક્યાંક રેંટીઆઓ ચાલે છે, જોવા લાયક સ્થળ તરીકે એક તળાવ સારૂં છે. ફરતી વનરાજી છે. કાંઠે એક શિવાલય છે.

આ રાજ્ય ગાયકવાડનું છે. ગામની પ્રાચીનતાનો પુરાવો ગામને પાદર પડેલા પાળીયાઓ આપે છે.

આંહી સંઘ એક રાત રહ્યો. શરૂઆત અને પહેલોજ દિવસ હોવાથી ઉત્સાહ સાથે માણસોમાં ધમાલ હોય તે સ્વાભાવિક હતું. સાંજે ચાર વાગ્યાના સુમારે ગામ તરફથી સંઘવી શ્રીનું સામૈયું થયું, રાત્રે સંઘવી–મંદિરમાં માનવમેદની બેશુમાર હતી, સંઘાળુઓ અને જોવા આવનારા ભાઈઓથી ચીકાર ગીરદીવાળો દેખાતો હતો. જ્યાં જુઓ ત્યાં આનંદ અને આનંદ જ પથરાયેલો દ્રષ્ટીગોચર થતો, સંઘના દેરાસરમાં પણ પૂજા–આંગી આદિ હોવાથી ત્યાં પણ સંગિત સહિત ભાવના બેઠી હતી. ( આંહી કોના તરફથી જમણુ, તેમજ કેટલી સખાવત, તે પાછળ જુદુંજ પ્રકરણ હોવાથી તેમાં આપવામાં આવશે. )

**જમણપુર** પોષ શુદી ૭ ગુરૂવાર.

**કુણઘેરથી જમણપુર** પાંચ ગાઉ થાય, વચ્ચે **ભલગામ** અને **ચંદ્રમાણું** નામના બે ગામડાઓ આવ્યા હતા. આ બેમાંથી એકેય ગામમાં દેરાસર ન્હોતા, ગામના માણસો સ્હવારના સાત વાગ્યાથી સંઘપતિને જોવા માટે ગામને ગોંદરે આવીને બેઠા હતા, અને સંઘવીજીને જોવા માટે અધિરા થઇ રહ્યા હતા.

આ પાંચ ગાઉનો પંથ સંઘાળુઓને સહેજ આકરો લાગ્યો. અને તે સ્વભાવિક હતું. લગભગ દિવસના બાર વાગ્યે સંઘ જમણુપુર પહોંચી ગયો. આ ગામમાં જૈનોનાં માત્ર બેજ ઘર છે અને એક ન્હાનું દેરાસર છે. મુળનાયક શ્રી ચંદ્રપ્રભુ છે. દેરાસર જરા જીર્ણુ થયેલું છે. આ ગામમાં એક વિશાળ પ્રાચિન તળાવ છે, પરંતુ વર્ષો થયા આ તળાવની સંભાળ લેવામાં નહીં આવેલ હોવાથી અત્યારે ભગ્નસ્થિતિમાં પડયું છે. ગામની સ્થિતિ સારી ન ગણુાય. મુખ્ય વસતિ ખેડૂત વર્ગની છે. પરંતુ લોકોપર નૂર નથી. સંઘને આંહી પાણીની મુશ્કેલી પડી હતી. સંઘનું પડાવ સ્થળ પણુ સાધારણુ હતું. સંઘાળુઓમાં તો ઉત્સાહ અપાર હતો. સંઘવી મંદિરમાં નિત્ય નિયમ પ્રમાણે બેઠક થઈ હતી અને પાણી વિગેરેની વાતો ચર્ચાઇ હતી સ્ત્રીઓએ રાત્રીના દશ વાગ્યા સુધી રાસ પણુ ગાયા હતા. સંઘના દેરાસરમાં પૂજા, આંગી, ભાવના પણુ થઇ હતી. સંઘનું સામૈયુ પણુ થયું હતું અને વાજતે ગાજતે સંઘવીશ્રી દેરાસર દરશન કરવા ગયા હતા. ગામના ગરીબ લોકો અને આસપાસના ગામડાના બીજા ઘણુાંય અન્ય કોમના માણસો સંઘ જોવાને આવ્યા હતા. અને રાત્રીના દશ વાગ્યા સુધી આનંદમય વાતાવરણુ ફેલાઇ રહ્યું હતું.

હારિજ — પોષ શુદી ૪ શુક્રવાર.

જમણુપુરથી હારીજ ત્રણુ ગાઉ થાય. આ ગામ આસ-પાસના ગામડાઓના વેપારનું મથક છે. આંહી જૈનોના લગ-

ભગ ૫૦ ઘર છે, એક ન્હાનું દેરાસર અને ઉપાશ્રય પણ છે. મૂળનાયક શ્રી શાંતિનાથ પ્રભુ છે. પ્રતિમાજી ન્હાના પણ સુંદર છે. આ ગામમાં અનાજ અને ગોળનો વેપાર સારો થાય છે. ગામ મોટું છે. પ્રજા જીવન ગામડા જેવું નિર્મળ ન ગણાય. અહીંના ખેડુત વર્ગની સ્થિતિ સાધારણ છે. આંહીનું તળાવ મોટું અને સારૂં છે. જમીન પણ રસદાર છે. એક જીન છે. આ જીનના ભવ્ય મેદાનમાંજ સંઘનો પડાવ નંખાયો હતો. આ હારીજ ઘણું પ્રાચિન કહેવાય છે. પૂર્વે આ શહેર હતું. એવી લોકકથા અહીં પ્રચલિત છે. આ ગામમાં સંઘનો સત્કાર સારો થયો હતો. રેલ્વેને લઇને આસપાસના ગામડાઓમાંથી અનેક માણસો સંઘ જોવાને આવ્યા હતા. આંહીના સામૈયાનો ઠાઠ ઘણો સારો હતો. શ્રી વિજયનેમિસૂરીશ્વરજી કુણઘેર ( તબીયત નરમ હોવાના અંગે ) રોકાઇ ગયેલા હોવાથી સામૈયામાં તેમના પ્રભાવની ન્યુનતા જણાતી, છતાં બીજા મુનિ મહારાજાઓ સારા પ્રમાણમાં હતા. આંહી પણ નિત્ય નિયમ પ્રમાણે સંઘના દેરાસરમાં આંગી આદિ થયેલું હતું. અને ગામના દેરાસરમાં પણ આંગીઓ ચડાવી હતી, રાત્રે ઘણાં શેઠીયાઓ મળવા આવેલા હોવાથી સંઘવી–મંદિર ઘણું રળીયામણું જણાતું હતું, સંઘવીયણ–મંદિરમાં પણ સારો આનંદ હતો. સ્ત્રીઓ મળવા આવતી અને રાત્રે ગીત પણ ગવાયાં હતાં. ગાવા આવનાર બ્હેનોને રોજ લાણી પણ નિયમ પ્રમાણે થઇ હતી.

મુજપુર પોષ શુદી. ૫. શનીવાર.

**હારીજથી મુજપુર** પાંચ ગાઉ થાય, હારીજથી મુજપુર જતાં વચ્ચે એક નાનકડું ગામ આવ્યું હતું. આ ગામના ખેડુતોએ સંઘવીજીનો સત્કાર હૃદયના ઉમળકાથી કર્યો હતો. આગળ જતાં રણની જમીન આવે છે. આને લોટીનું રણ કહે છે. આ રણ બહુ વિકટ નથી; માત્ર બે અઢી ગાઉનું જ છે. મુજપુર ઘણું પ્રાચીન ગામ છે. પૂર્વે તે મોટું શહેર હતું અને તેના અવશેષો અત્યારે પણ નજરે ચડે છે. ગામને પાદર ત્રણ તળાવ છે. વાવકુવા સારા પ્રમાણમાં છે. ગામ વચ્ચે એક ચબુતરો છે. તે લગભગ છસો વર્ષનો જુનો હોવાની ગામની અટકળ છે. અહીં એક ગોઝારો કુવો છે તેને પણ લોકો પ્રાચીન કહે છે. આંહી જૈન ભાઈઓના લગભગ પચાસ ઘર છે, અને એ ભાઈઓની સ્થીતિ સારી ગણાય. બે દેરાસરો છે. એકમાં મૂળ નાયક શ્રી **શાંતિનાથ** પ્રભુ બિરાજે છે. બીજામાં શ્રીગોડી પાર્શ્વનાથ પ્રભુ મૂળનાયક છે, આ દેરાસરો કળાવાન છે, ઘાટ ઘણોજ સારો છે; કોરણી પણ ઠીક છે. આ ગામમાં સંઘનો સારો સત્કાર થયો હતો; પડાવસ્થળ છુટુંછવાયું થઈ ગયું હતું. સામૈયાનો ઉત્સાહ પણ સારો હતો અને આંગી ભાવના પણ ગામના તેમજ સંઘના દેરાસરમાં સારી થઈ હતી.

શંખેશ્વર પોષ શુદી. ૬-૭-૮

મુજપુરથી શંખેશ્વર ચાર ગાઉ થાય; અત્યારે આ ગામની સ્થિતિ ઘણીજ સાધારણ છે. માત્ર યાત્રાળુઓના આવરાજાવરા

ઉપરજ ગામ નભી રહ્યું ગણાય. આઠથી દશ દુકાનો વેપારીની છે. મુખ્ય વસ્તી રબારી–ઠાકરડાઓની છે. પ્રજાજીવન નિર્મળ નથી. ગૌધન સાધારણ છે. ખેડુત વર્ગની સ્થિતિ સાધારણ છે. જૈનોના પાંચ સાત ઘર છે અને બે ધર્મશાળાઓ છે. ગત ચોવીશીના પ્રગટ પ્રભાવી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુનું વિશાળ જિનમંદિર છે, આ પ્રતિમાજીનો નીચે પ્રમાણે ઇતિહાસ છે.

ગઇ ચોવીશીમાં, આષાઢીશ્રાવકે આ પ્રતિમાજીને ભરાવ્યા અને ઘણો કાળ પોતે ભક્તિભાવે પૂજા કરી. ત્યારબાદ અસંખ્યાતો કાળ એ પ્રતિમાજી ભરતક્ષેત્રમાં માનવોથી પૂજાઇ. પછી દેવતાઓમાં ભિન્ન ભિન્ન સ્થળે પૂજાઇ. ચંદ્ર–સૂર્યના વિમાનમાં અને ઇંદ્રોએ પણ આ પ્રભાવિક પ્રતિમાજીને આરાધી. ત્યારપછી પાતાળપતિ, નાગનાથ પાસે એ પ્રતિમાજી આવ્યાં, અને તેને ઘણો કાળ પૂજી, નમિ વિનમીએ પણ આ પ્રતિમાજીને ઘણો કાળ આરાધી. ત્યારબાદ કૃષ્ણવાંસુદેવનું અને જરાસંઘનું યુદ્ધ ભરતક્ષેત્રમાં થયું. તેમાં જરાસંઘે યાદવો પર જરા–મંત્રબળથી મૂકી. આના બચાવ અર્થે નેમિકુમારે શંખનાદ કર્યો અને કૃષ્ણે–અઠ્ઠમનું તપ આદર્યું. તપના પ્રભાવે પાતાળવાસી દેવનું આસન ખળભળ્યું. દેવી પદ્માવતી પ્રગટ થયાં, અને કૃષ્ણને કારણ પૂછ્યું. કૃષ્ણે આ પ્રતિમાજીનો મહિમા સાંભળેલો હતો અને એનાં પ્રભાવેજ પોતાના લશ્કરની જરા દૂર થાય તેમ હતી, એટલે પ્રભુની પ્રતિમાજીની માગણી કરી. પાતાળમાંથી પ્રતિમાજી પ્રાપ્ત થયાં, અને કૃષ્ણે તેમની અનેક

પ્રકારે વિવિધ પૂજા કરી, પાર્શ્વનાથ પ્રભુની એ પ્રતિમાજીના ન્હવણથી લશ્કરનો જરા રોગ દૂર થયો. આંહી શંખનાદ કરેલો હોવાથી શંખપુર-નામનું ગામ વસાવ્યું, અને ત્યાંજ આ પ્રગટ-પ્રભાવી શ્રી **શંખેશ્વર પ્રભુની** પ્રતિષ્ઠા કરી.

ત્યારબાદ તો ઘણો કાળ વિત્યો. હજારો વર્ષ વિત્યાં. માનવો ભક્તિભાવથી પૂજતા રહ્યા, અને કર્ણદેવના વખતમાં ૧૧૫૧ ની સાલમાં સજ્જન મંત્રીએ આ તીર્થનો ઉદ્ધાર કરાવ્યો અને એક ભવ્ય પ્રાસાદ બંધાવી પ્રભુની પ્રતિષ્ઠા કરી, એ પછી તેરમા સૈકામાં ગુજરાતના મહામંત્રી વસ્તુપાળે વર્ધમાનસુરિના ઉપદેશથી આ તીર્થનો ઉદ્ધાર કર્યો, અને પુનઃ પ્રતિષ્ઠા કરી, ત્યારપછી સુભટશાહ નામના પ્રખ્યાત વેપારીએ, આ પ્રતિમા આરાધનથી પોતાનો ચોરાએલો માલ પાછો મળતા, શંખેશ્વર આવી ખૂબ ભક્તિભાવે પ્રતિમાજીનું પૂજન કર્યું અને પોતે ઘણો વખત ત્યાં રહ્યો, અને છેલ્લો જીર્ણોદ્ધાર દુર્જનશલ્ય રાજાએ કરાવ્યો. આ રાજાનાં અંગે કોઢ હતો અને પોતે પ્રભુનું ન્હવણ લેવાથી પોતાનો કોઢ દૂર થયો, તરતજ તેણે જૈન ધર્મ સ્વીકાર્યો અને પ્રભુનો ભવ્ય પ્રાસાદ જે જીર્ણ થયો હતો, તેને પુનઃ સમરાવી ઉદ્ધાર કર્યો. ત્યારપછી ઔરંગઝેબનો શાહજાદો મહમદ આઝમશાહ, જે ગુજરાતનો સુબો હતો તેણે આ સંખેશ્વર તિર્થપર હલ્લો કર્યો અને મંદિરને ઘેરી લીધું પૂજારીઓએ પ્રતિમાજીને ભોંયરામાં છુપાવી દીધાં. મ્લેચ્છોએ મંદિર તોડયું, બીજાં કેટલાંક

## શ્રી સંખેશ્વરજીમાં સામૈયાનો દેખાવ.



Pho. C. J. Shah. ફ. ગિ. મ. યાત્રા. પૃ. ૫૩.

આનંદ પ્રેસ–ભાવનગર.

ન્હાના પ્રતિમાજીઓને ખંડીત કરી તેઓ ચાલ્યા ગયા, ત્યારપછી શ્રી મહાવીર પ્રભુની ૬૧ મી પાટે આવેલા શ્રી વિજયપ્રભસૂરિના ઉપદેશથી, શ્રી સંઘે આ મંદિરો પુનઃ સમરાવ્યું અને ફરી પ્રભુની પ્રતિષ્ઠા કરી, તે સત્તરમી સદીને અંતે થયેલું આ ઉજ્વળ કાર્ય આજ પણ ઝળકી રહ્યું છે અને હજારો માણસો યાત્રાએ આવે જાય છે, તેમજ પ્રતિવર્ષે આ તીર્થના ઘણાં સંઘો પણ નિકળે છે, આ જીનાલયનો, ગામનો અને પ્રતિમાજીનો આ પ્રમાણેનો ઇતિહાસ છે.[1]

સંઘ પોષ શુદી ૬ ને દહાડે આ પ્રાચિન તીર્થને આંગણે આવ્યો અને એક વિશાળ ખેતરમાં પડાવ નાખ્યો આ અવસરે એક ખેરાળુનો સંઘ પણ આવ્યો હતો. એ ખેરાળુના સંઘપતિ શેઠ ગોપાળદાસ છગનલાલ તથા કારખાનાવાળાઓ તરફથી આ સંઘનું સારૂં સામૈયું થયું અને હજારો માણસની મેદની વચ્ચે શેઠ નગિનદાસ કરમચંદ અને તેમનાં ભાઇઓ ઠાઠથી દર્શનોત્સવના વરઘોડા સાથે, દર્શન કરવાને નિકળ્યા હતા.

સંઘની સાથે આવવા ખાતર અહીં મુનિમંડળ પણ સારૂં ભેગું થયું હતું અને એ સર્વના સમુદાયથી વરઘોડો વધારે દીપી રહ્યો હતો.

---

[1] સંપૂર્ણ ઇતિહાસ જાણવો હોય તો અમારા તરફથી પ્રગટ થયેલ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ચરિત્ર મંગાવો. કિં. રૂા. ૧ાા

સંઘ ત્રણ દહાડા અહીં રોકાયો હતો. ૬ ને દહાડે ખેરાળુના સંઘવી તરફથી આંગી–પૂજા અને ભાવના હતી, સાતમને દહાડે સંઘવીના વડીલભાઇ શેઠ સ્વરૂપચંદ કરમચંદ તરફથી આંગી–પૂજા અને ભાવના હતી અને આઠમને દહાડે સંઘવીજી તરફથી આંગી–પૂજા અને ભાવના હતી. આંગીનો ઠાઠ અજબ હતો, ભાવનામાં પણ હજારો માણસો એ વિશાળ ચોકમાં ભેગા થયા હતા અને એક મારવાડી ગૃહસ્થના નાચની સાથે ભાવનાનો રંગ ખીલી નિકળ્યો હતો.

રાત્રે સંઘના પડાવમાં અને દેરાસરમાં બૈરાંઓ રાસ, ગીત આદી ગાતા અને એથી પણ વાતાવરણ ઘણું રળીયામણું લાગતું, તેમજ જરમનસિલ્વર, પિતળ આદિની વાટકીઓ, શ્રીફળો, સોપારીઓ વિગેરેની લ્હાણીઓ પણ થતી હતી.

આ ત્રણે દહાડામાં કચેરીનો ઠાઠ બહુ ભવ્ય લાગતો, રોજ રાત્રે અનેક પ્રશ્નો ચર્ચાતા અને સાતમના દહાડે સંઘવી તરફથી રસ્તામાં ગામેગામ ટીપ વિગેરેની અડચણ ન પડે, તે માટે એક સારી જેવી ટીપ ઉભી કરવામાં આવી હતી. જેમાં નીચે મુજબ રકમો ભરાણી હતી: —

રૂા. ૧૫૦૦૦) સંઘવી નગીનદાસ કરમચંદ,
રૂા. ૫૦૦૦) શેઠ સ્વરૂપચંદ કરમચંદ,
રૂા. ૩૦૦૦) શેઠ મણીલાલ કરમચંદ,
રૂા. ૨૫૦૦) શેઠ સવજીભાઇ રાજપાળ,
રૂા. ૧૨૦૦) શેઠ ચુનીલાલ કમળશીભાઇ હળવદવાળા,
રૂા. ૩૦૦) શેઠ ચુનીલાલ ખુબચંદ,

આ સિવાય બીજી ન્હાની મોટી રકમ પણ ઠીક ભરાણી હતી અને કુલ રૂા. ત્રીશ હજાર ઉપર થયા હતા.

અષ્ટમીના પૂનિત પ્રભાતે વાજાં, ધ્રાંગધ્રાની પોલીસ ટુકડી, અને સમાજ સેવક મંડળના સૈનિક તથા શેઠના મોટા પુત્ર સેવંતીલાલ સાથે સંઘનો માનવ–સમુહ વિજયનેમિસૂરીશ્વરજી મહારાજના સામૈયા માટે આનંદપૂર્વક સામો ગયો હતો. ( મહારાજશ્રી, પોતાના શિષ્ય વાચસ્પતી મુનિની તબીયત નરમ હોવાનાં અંગે પાટણ રોકાયા હતા. ) લગભગ પોણા ગાઉ ઉપર સામૈયાએ વિસામો લીધો, ત્યાં મહારાજશ્રીની ઉજ્જવળ એવી ભવ્ય મૂર્તિ શિષ્ય સમુદાય સાથે આવતી જણાઇ. વાજાં શરૂ થયાં અને મહારાજશ્રીનાં મંગલચરણે સૌના મસ્તકો નમ્યા. મહારાજે હૃદયથી ધર્મલાભ આપ્યો અને સૌ ગામ તરફ ઉપડ્યા. ગામને પાદર તો માનવ–મેદની લગભગ ત્રણ હજાર ઉપરવટ થઇ હતી. આ માનવ–પુર દેરાસર તરફ ચાલ્યું. સામે વિજયનીતિ સૂરીશ્વરજી પણ આવ્યા હતા અને સાથે બીજા સાધુઓ પણ હતા.

દેરાસરમાં પહોંચ્યા, મહારાજશ્રી ચૈત્યવંદન કરવા બેઠા. જાણે કેમ શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુની હસતી પ્રતિમાજી સામે મહારાજની અંતરવાતો ઉકેલાતી ન હોય !

બ્હાર વ્યાખ્યાન મંડપમાં માણસો સમાતું ન્હોતું. મહારાજશ્રી આવ્યા અને દેશના શરૂ કરી અને મહાવીર પ્રભુના જીવનની ઉજ્જવળ કથા રસમય શૈલીમાં જણાવી. ત્યારબાદ

તીર્થમાળાનું મુહૂર્ત હતું. સર્વ સામગ્રીઓ તૈયાર થઇ અને વિધિ સહિત શેઠના મોટા પુત્ર સેવંતીલાલ અને તેમના પત્નીના કંઠમાં તીર્થમાળનું આરોપણ થયું. આજ વખતે સભામંડપમાં બેઠેલા હજારો માણસોએ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુના જયનાદથી ગગન ગજાવી મુકયું અને તીર્થમાળનો પ્રસંગ સમાપ્ત થયો. આ પ્રસંગ વખતે પાલણપુર નિવાસી ભાઇ મણીલાલ ખુશાલચંદે એક વ્યાખ્યાન આપી શત્રુંજયનો ઈતિહાસ જનતાને જણાવી, યાત્રાત્યાગના તપને મક્કમ રીતે વળગી રહેવા જણાવ્યું હતું.

**પંચાસર** **પોષ શુદિ ૧૦ બુધવાર**

શંખેશ્વરથી પંચાસર ત્રણ ગાઉ થાય. આ ગામ પણ ઈતિહાસ પ્રસિદ્ધ છે. પંચાસરની આસપાસનો પ્રદેશ વીરભૂમિ ગણાય છે. આ ગામમાં મુખ્ય વસ્તી ચાવડા વંશથી ઉતરેલા નાડોદા રજપુતોની છે. તેઓનો ધંધો ખેતી અને ઢોરોનું પાલન છે. આ ગામમાં જૈનોના પંદરથી અઢાર ઘર છે, એક દેરાસર છે, મૂળ નાયક શ્રી મહાવીર પ્રભુ છે. દેરાસર ન્હાનું પણ સારૂં છે, એક ધર્મશાળા તથા એક ઉપાશ્રય છે. ગામનું સૃષ્ટિસૌન્દર્ય પણ સારૂં છે. ગામને પાદર એક તળાવ છે.

સંઘને પડાવ સ્થળ અહીં સારૂં મળ્યું હતું, અને ગામના જૈન ભાઇઓ તરફથી સંઘનું સામૈયું પણ ઉત્સાહભર્યું થયું હતું. ગામનો અન્ય વર્ગ પણ ભક્તિભાવે સંઘના દર્શન કરવા આવી પહોંચ્યો હતો. તદુપરાંત નિત્ય-નિયમ પ્રમાણે

ગામના દેરાસરમાં આંગી પણ થઇ હતી અને સંઘના દેરાસરમાં પણ આંગીભાવના આદિ ઉત્સાહપૂર્વક થયાં હતાં.

દશાડા પોષ શુદી ૧૧ ગુરૂવાર

પંચાસરથી દશાડા ચાર ગાઉ થાય, પરંતુ સંઘ, બાજુમાં રહી જતાં વડગામ ગામના દેરાસરના દર્શન કરવાને જવાનો હોવાથી, એક ગાઉનો ફેરો થયો હતો. વડગામ પણ જુનું ગામ છે. આંહીનું દેરાસર જુની ઢબનું સારૂં છે. મૂળ નાયક શ્રી ઋષભદેવ પ્રભુ છે. આ ગામમાં મુખ્ય વસ્તી રજપુતોની છે. જમીન ઘણીજ રસાળ અને ઉપજવાળી છે. ગાયો ભેંસો સારા પ્રમાણુમાં છે. શ્રાવકોના માત્ર ચારજ ઘર છે.

દશાડા ગામ મોટું છે. મુસલમાની રાજ્ય હોવાથી મુખ્ય વસતી મુસલમાનોની છે. ખેતી સારી છે. ગામને પાદર એક નાનું તળાવ છે. શ્રાવકોના ૫૦ ઘર છે અને એક દેરાસર છે. દેરાસર સાધારણ છે; પરંતુ મૂળનાયક શ્રી શાંતિનાથ પ્રભુના પ્રતિમાજી ઘણાં મનોરમ્ય છે. ધર્મશાળા તથા ઉપાશ્રય પણ છે.

આ ગામમાં પણ પડાવ સ્થળ સારૂં મળ્યું હતું. સામૈયાનો ઠાઠ ગામ પ્રમાણે સારો હતો. પાણીની સ્હેજ તંગી પડી હતી. આ ગામમાંથી બીજા ઘણાં માણસો સંઘ જોવાને આવ્યા હતા, અને આખો દિવસ સંઘવી મંદિર પાસે તેમજ સંઘના દેરાસર પાસે ગીરદી રહી હતી. આંગી-પૂજા અને ભાવના પણ એજ પ્રમાણે થઇ હતી.

**માંડલ** પોષ વદી ૧૨–૧૩

દશાડાથી માંડલ ત્રણ ગાઉ થાય. વચ્ચે એક **જગદીસણુ** નામનું ૫૦ ઘરની વસ્તીવાળું સુંદર ગામડું આવ્યું હતું. આ ગામના ખેડુતો, સંઘપતિને જોવા માટે ટોળાં વળીને ગામને પાદર ઉભા રહ્યા હતા. માંડલ ગામ મોટું છે. કપાસના વેપારનું મથક હોવાથી આંહી ૪૦૦ ઘર જૈનોના છે. ચાર દેરાસર છે. **વાસુપૂજ્ય સ્વામીનું**, **આદિનાથ પ્રભુનું**, **શાંતિનાથ પ્રભુનું** અને **પાર્શ્વનાથ પ્રભુનું**. આમાં એક મોટું દેરાસર છે તે કારીગીરીવાળું–કળાવાન છે. સાત ઉપાશ્રય છે. જમીન સારી છે. આ ગામના ઉત્સાહી સ્વયંસેવકોએ સંઘની સેવા સારી કરી હતી. કોઇ પણ સંઘાળુને પાલ નાખવા પડ્યા નહોતા. એવી ઉતારાની સગવડો જીનોમાંની ઓરડીઓમાં કરી હતી. અમુક પાછળથી આવેલા સંઘાળુઓને પાલ નાખવા પડયા હતા. આંહીનું સામૈયું ઘણું સરસ નિકળ્યું હતું. પાટણથી આંહી સુધીના સામૈયામાં આ માંડલનું સામૈયું જ વધી જાય. માંડલના સ્વયંસેવકોની વ્યવસ્થાશક્તિ ઘણી સુંદર હતી. આંહી સંઘમાંથી વડી દીક્ષા અપાઇ હતી. તેમજ વિજય **નેમિસૂરીશ્વરજીનું** મહત્વ પૂર્ણ વ્યાખ્યાન પણ થયું હતું. બંને દિવસ સંઘના દેરાસરમાં તેમજ ગામના દેરાસરમાં આંગીઓ રચાઇ હતી. આંહી એક જૈન લાયબ્રેરી છે તે પણ સારી અને મોટી છે.

**ઉપરીયાળા** પોષ શુદી ૧૪–૧૫

માંડલથી ઉપરીયાળા છ ગાઉ થાય. વચ્ચે **માલણપુર**,

**હાથીપરૂં**, અને **નવરંગપરૂં** નામના ત્રણ નાનાં ગામડાઓ આવે છે. આ ત્રણે ગામને પાદર ગામના લોકો ઉલટભેર સંઘ જોવાને ઉભા હતા; અને "આતે શેઠીયો છે કે ભગવાનનો અવતાર છે." એમ કથી રહ્યા હતા.

ઉપરીયાળા એ વીરમગામની બાજુમાં આવેલું એક જૈન તીર્થ છે. આંહી એક દેરાસર છે. તીર્થપતિ શ્રી ઋષભદેવ સ્વામિનું ભવ્ય અને મનોહર બિંબ આ દેરાસરમાં બિરાજી રહ્યું છે, આંહી સંઘ જોવાને આસપાસના ગામડાઓમાંથી અને વીરમગામ, અમદાવાદ આદિ સ્થળેથી હજારો માણસો ઉતરી પડ્યા હતા, લગભગ પાંચ હજાર માનવ-સમૂહનો મેળો ભરાયો હતો. આ ગામમાં શ્રાવકોનાં બેથી ત્રણજ ઘર છે. આ તીર્થનો સઘળો વહીવટ વીરમગામવાળા કરે છે. આંહી સંઘની વ્યવસ્થા જાળવવા માટે શ્રી વીરમગામનું સ્વયં સેવક મંડળ આવ્યું હતું અને એ લોકોએ વ્યવસ્થા સારી જાળવી હતી. સામૈયામાં બજાણાના દરબારશ્રી સામે આવ્યા હતા. એટલે સામૈયાનો રંગ બહુ સારો દિપ્યો હતો. અને ધર્માનુરાગી ભાઇઓના પ્રેમમાં ઉત્સાહ આવ્યો હતો. આ ગામ બજાણા દરબાર સાહેબના તાબે છે. વીરમગામથી ઘણાં વેપારીઓએ આંહી અગાઉથી આવીને પરચુરણ સામાનની મેળા માફક દુકાનો માંડી હતી તેમજ બે દહાડા સુધી સૌને અપાર આનંદ મળ્યો હતો. આંહી સંઘવીશ્રી તરફથી સંઘમાંના પાલો, ગાડાઓ, માણસો, સાધુ-સાધ્વીઓ વિગેરેની ગણત્રી થઇ હતી. અને ઉપરીયાળા સુધીમાં ૧૨૫ સાધુ

મહારાજો ૧૮૬ સાધ્વીજી મહારાજ એટલે કુલઠાણાં ૩૧૧ જૈન યાત્રાળુઓમાં ૭૦૦ પુરૂષો અને ૧૮૦૦ સ્ત્રીઓ થઇ કુલ માણુસો ૩૫૦૦) ૩૨૫ ગાડાઓ ૧૭ પોલીસ તથા સ્વાર ધ્રાંગધ્રા શહેરના. જેમાં પાયદળ ચાલનારા અને ચાર ઘોડેસ્વાર. ૫૭ કુશુ૨ેરીયા તરવારવાળા ચાર બીજા બંધુકોવાળા અને ત્રણ ખાનગી રાઇફલવાળા. આ પ્રમાણેની ઉપરીયાળા મુકામે ગણત્રી થઇ હતી.

**બજાણા** — પોષ વદી. ૧ મંગળવાર

ઉપરીયાળાથી બજાણા ચાર ગાઉ થાય. આ ગામમાં એક દેરાસર છે. મૂળનાયક **શ્રી શાંતિનાથ** પ્રભુ છે. લગભગ ૧૨૫ ઘર જૈનોના છે. ગામ સારૂં અને મોટું છે. એક મોટા તળાવનાં કાંઠે જ સંઘનો પડાવ નંખાયો હતો. આંહી સંઘમાં એક પાલ સળગી જતા એક બાઇને સ્હેજ ઇજા થઇ હતી. સામૈયું વિગેરે ઘણા ઠાઠથી થયું હતું.

**અખીયાણાં** — પોષ વદી ૨ બુધવાર.

બજાણાથી અખીયાણાં ચાર ગાઉ થાય. આ ગામમાં જૈનનું ઘર કે દેરાસર કશું છે નહી. ગામ પણ ન્હાનું છે. અખીયાણામાં સંઘનો પડાવ ઘણો સરસ નંખાયો હતો. સંઘની મંદીરમાં અને દેરાસરમાં રોજ કરતા ધમાલ વિશેષ હતી. રાત્રે ગામમાંથી ખેડુતોની સ્ત્રીઓ આવી હતી. અને સંઘવીયણના દર્શન કરી હલકભર્યા રાગે એકબે રાસ ગાયા હતા. આહા! સંઘની આ ભવ્યતા સામાન્ય વર્ગનાં હૃદયમાં પણ કેટલી ભકિત પેદા કરે છે !!

**મેથાણુ** પોષ વદી ૩ ગુરૂવાર.

અખીયાણુંથી મેથાણુ ચાર ગાઉ થાય. વચ્ચે 'સરવાલ' નામનું એક ગામડું આવે છે, આ ગામડામાં એક શીખરબંધ દેરાસર છે. મૂળ નાયક શ્રીવાસુપૂજ્યસ્વામી છે. શ્રાવકનું માત્ર એક જ ઘર છે; પરંતુ ગામના પટેલે વાજતે ગાજતે સંઘવીશ્રીનું સામૈયું કર્યું હતું. અને સંઘવીશ્રી તથા તેમના બંને પુત્રો દર્શનાર્થે ગયા હતા. આ ગામમાં વસતા શ્રાવક ભાઈઓએ સંઘની યથાશક્તિ સેવા બજાવી હતી. બાકી ગામના માણસોના ઉત્સાહનો તો પારજ ન હતો. આંહીથી ધ્રાંગધ્રા સ્ટેટની હદ શરૂ થઇ હતી.

મેથાણુમાં જૈનોનાં ત્રણ ઘર છે. પરંતુ દેરાસર નથી. ગામ સાધારણ છે. ખેડુતો દુઃખી હોવાથી ગામ પડી ભાંગ્યા જેવું જણાય છે.

રાજગઢ પોષ વદી ૪ શુક્રવાર

મેથાણુથી રાજગઢ ૪ાા ગાઉ થાય. વચ્ચે—ગાળા નામનું એક ન્હાનું ગામડું આવે છે. [ સંઘનો પડાવ પહેલા આંહી નક્કી થયો હતો. ] આ ગામમાં જૈનોના ત્રણ ઘર છે અને એક ન્હાનું શીખરબંધ દેરાસર છે. મૂળ નાયક શ્રી શાંતિનાથપ્રભુ છે. ગામ સાધારણ છે.

રાજગઢ હમણાં નવું વસેલું ગામ છે. અહીં સંઘને પાણીની બહુ હાડમારી વેઠવી પડી હતી. આ ગામડું એક ધારપર આવેલું છે. જૈનોના ઘર કે દેરાસર નથી.

ધ્રાંગધ્રા પોષ વદી ૪-૫-૬

રાજગઢથી ધ્રાંગધ્રા ત્રણ ગાઉ થાય. રસ્તામાં યાત્રાળુઓને સામૈયામાં હાજર રહેવાની સુચના કરેલી હોવાથી યાત્રાળુઓના ગાડાઓ ધ્રાંગધ્રાના પાદરમાં જ ઉભા રહ્યા હતા. અને સઘળા યાત્રાળુઓ સામૈયામાં હાજર રહેવાને તૈયાર થયા હતા.

આ ભવ્ય સંઘના સમાચાર સારાએ કાઠીયાવાડમાં વાયુવેગે પ્રસરેલા હોવાથી, ધ્રાંગધ્રા મુકામે આ સંઘ પહોંચ્યો તે અગાઉ,વઢવાણ-રાજકોટ-મોરબી-ભાવનગર-જામનગર જુનાગઢ-વેરાવળ-થાન-ચોટીલા-લખતર-તેમજ ગુજરાત તરફથી અમદાવાદ-પાટણ-વીરમગામ-મેસાણા આદિ ગામોમાંથી, પુષ્કળ માણસો ધ્રાંગધ્રે સંઘના દર્શનાર્થે આવ્યા હતા. આ જોવા આવેલા માણસોની સંખ્યા લગભગ પાંચ હજાર ઉપરની હતી. માણસોનાં ટોળેટોળાં માર્ગમાં ગામથી અડધો ગાઉ દૂર આવીને ઉભા હતાં. અને હરઘડીએ સંઘાળુ ભાઈઓને પૂછ્યા કરતા કે-" શેઠ કયારે આવશે ? " ત્યાં શેઠ પણ આવ્યા. અને એક જગ્યામાં સામૈયામાં તૈયાર થવા માટે ઉતર્યા. ત્યાં આચાર્ય મહારાજશ્રી પણ આવી પહોંચ્યા. અને સામૈયામાં જવાની તૈયારીઓ થવા લાગી. થોડી વારે સંઘનો સત્કાર કરવાને દિવાન સાહેબ શ્રી માનસિંહજી બહાદુર તથા ધ્રાંગધ્રા સંઘના આગેવાનો; તેમજ રાજ્યના બીજા અમલદારો વિગેરે આવ્યા અને વરઘોડાની તૈયારીઓ થવા લાગી.

ગામથી એક માઈલ દુરથી વરઘોડો ચડવાનો હોવાથી એએક માઈલ સુધી સડકપર બન્ને બાજુ માણસોની હાર ખડી થઇ ગઈ હતી.

**વરઘોડો**

વરઘોડામાં પ્રથમ સંઘવીશ્રીનો નિશાન ડંકો હતો. ત્યાર પછી સ્ટેટનું વિશાળ મિલિટરી બેન્ડ હતું. એની પાછળ સ્ટેટના પાયદલ સૈનિકની સશસ્ત્ર એક ટુકડી હતી. પાછળ કાઠીયાવાડના પાણીદાર ઘોડાઓ નચાવતા સ્ટેટના સ્વારો હતા. ત્યાર પછી કુણુઘેરીઆ ગુર્જરવીરો તેની પાછળ ઘોડાગાડીઓની લાંબી કતાર અને શણગારાયેલા સાંબેલાઓ પાછળ સંઘવીજીનો સુંદર સીગરામ ચાલતો હતો. એની પાછળ ધ્રાંગધ્રાના સ્વયંસેવકોની વિશાળ ટુકડી હતી. ત્યારબાદ સંઘપતિની પુત્રી શ્રીકલાવતીબ્હેન સાંબેલા તરિકે શોભી રહ્યા હતા. આની પાછળ પાટણના પચાસ વોલીંટીયરની ટુકડી હતી; આ પછી વળી સ્ટેટનું એક સુંદર બેન્ડ હતું. અને પાછળ આચાર્ય મહારાજ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી, આચાર્ય મહારાજ શ્રી વિજય નીતિસૂરીશ્વરજી આચાર્ય શ્રી ઉદયસૂરિજી, આચાર્ય શ્રી દર્શનસૂરિજી પં. શ્રી ભક્તિવિજયજી તેમજ બીજા મુનિમંડળ સહિત લગભગ પોણોસો સાધુમહારાજાઓનો વિશાળ સમુદાય ચાલ્યો જતો હતો. ત્યાર પછી સંઘવીજી અને તેમના બંને ભાઇઓ તથા કુટુંબ, તેમની બાજુમાં ધ્રાંગધ્રા સ્ટેટના દિવાન સાહેબ તથા અન્ય અમલદારો ત્યારબાદ ધ્રાંગધ્રાના આગેવાન જૈન ગૃહસ્થો, અને ભાવનગર, જામન-

ગર, વેરાવળ આદિ ગામોના શેઠીયાઓ. આ ઉપરાંત સંઘના તેમજ બીજા જોવા આવેલા ભાઈઓની અપાર સંખ્યા હતી. આ વરઘોડાની લંબાઇ એટલી વિશાળ થઇ હતી કે જાણે કોઈ નદી મંદ મંદ ગતીયે વહી રહી ન હોય ! આ વરઘોડો રેલ્વે પુલ વટાવીને ગામના દરવાજા પાસે પહોંચ્યો, ત્યાં સ્ટેટનો મદમસ્ત હાથી ઉભો હતો, અને તે પર સૂવર્ણજડીત અંબાડી શોભી રહી હતી. આ હાથીપર સંઘપતિના બંન્ને પુત્રો સેવંતીલાલ તથા રસિકલાલ પ્રભુજીની પ્રતિમા લઇને બેઠા. અને એ હાથી વરઘોડા સાથે લીધો. પાછળ સંઘવી શ્રીના પત્ની કેસર બ્હેન અને સ્રીમંડળ સાધ્વીશ્રીઓના સમુદાય સાથે ચાલી રહ્યા હતા.

સંઘની આવી મહાન્ ભવ્યતા નિરખી જોનારા ભાઇઓના હૈયામાંથી અચાનક બોલાઇ જવાતું કેઃ—" આ સંઘ નથી પણ ઈંદ્રની સ્વારી છે. " કોઇ વળી કહેતું કે;—" આ તો વસ્તુપાલ તેજપાળનોજ અવતાર છે. સંઘપતિ તમે ઘણું જીવો ! " અને આવા અનેક કાર્યો કરો ! ! " વળી કોઇ તો ત્યાંસુધી બોલી જતા કેઃ—" આ સંઘપતિ તો સ્વર્ગનો દેવ છે. " વળી કોઇ બીચારા આવી ભવ્યતાના ખર્ચનો ખ્યાલ નહી બાંધી શકવાથી એમ પણ કથી લેતા કેઃ— "ભાઇ ! એને તો લક્ષ્મી દેવી સહાયમાં છે. મોઢે માગ્યા રૂપિયા એને મળી રહે છે. પછી આવો ખર્ચ શું કામ ન કરે ? " આ પ્રમાણે અનેક ભાઇઓ હૈયાના સુર છોડી રહ્યા હતા અને

ઘણાંયના હૃદયમાં, આવા સંઘની યાત્રાનો લાભ ન લઇ શકવાથી, પોતાના જીવનપર ધિક્કાર પણ વછુટતો. ત્યારે ઘણાં ભાઇઓ હર્ષાશ્રુ સહિત પોતાનો પ્રેમ પણ પ્રગટ કરી રહ્યા હતા. ધીરે ધીરે સામૈયું ગામમાં ગયું અને બંને દેરાસરોનાં દર્શન કરી, પડાવ સ્થળ તરફ વળ્યું. દિવાન સાહેબ પણ દેરાસર સુધી સાથેજ રહ્યા હતા. ધ્રાંગધ્રાંના તમામ ધોરી રસ્તાઓ ધ્વજા પતાકાથી શણગાર્યા હતા. અને ગામના માણસો પણ, કોઇ મેડી માથે તો કોઇ છાપરા માથે તો કોઇ ઝાડ ઉપર એવી રીતે ચડી ચડીને આ ભવ્ય એવો વિશાળ વરઘોડો જોઇ રહ્યા હતા.

સંઘનો પડાવ દરબારશ્રીના વિશાળ જીનના પ્લોટમાં રાખવામાં આવ્યો હતો. રાજ્ય તરફથી આ જીનની જગ્યા સાફ-સ્વચ્છ કરાવી હતી અને રાજ્યના તંબુઓ ત્યાં ઉભા કરવામાં આવ્યા હતા. ( રાજ્ય તરફથી તંબુઓ રાવટીઓ તેમજ બીજા ઘણાં સામાનની પહેલેથીજ સંઘવીશ્રીને મદદ મળી હતી ) આ પડાવ સ્થળમાં રાજ્ય તરફથી એક મોટો શમીઆણો પણ ખડો કરવામાં આવ્યો હતો. અને સંઘનાં પડાવમાં ખાસ વિજળીબત્તીઓ (ઇલેકટ્રીક) પણ ગોઠવી હતી. ઉપરાંત ધ્વજા પતાકાથી આખો પડાવ ઝળહળી રહ્યો હતો. આવા ભવ્ય મેદાનમાં શ્રી સંઘે ઉતારો કર્યો.

શ્રી સંઘની શુભ પધરામણીની ખુશાલીમાં શ્રી ધ્રાંગધ્રા

નરેશે નીચે પ્રમાણે પૂણ્યકર્મના ફરમાનો બ્હાર પાડી, પોતાના હૃદયનો અને શ્રીસંઘ પ્રત્યેના પોતાના પ્રેમનો સર્વને સાક્ષાત્કાર કરાવ્યો:—

## — ફરમાન —

૧ આ રાજ્યના કેદીઓની દરેકને એક માસની કેદની સજા માફ. અને એક માસના કેદીઓને મુક્ત કરવામાં આવે છે.

૨ જ્યાં સુધી આ શ્રી સંઘ અત્રે રહે ત્યાંસુધી કોઇએ પણ આ શહેરમાં **પશુ વધ કરવો નહીં.** તેમજ કોઇપણ વિદેશીને તેની ખાસ અગત્ય હોય તોપણ તેને આ સ્થળેથી તે મળી શકશે નહીં.

ધ્રાંગધ્રા નરેશનો આ ધર્મપ્રેમ અનહદ ગણાય. પૂર્વના રાજાઓનું સ્મરણ કરાવતા વીરનરેશોનું સંઘ પ્રત્યે આવું માન અને આટલો અગાધ પ્રેમ, ખરેખર પ્રશંસનીય છે.

બીજે દિવસે રવિવારે બપોરે ત્રણ વાગ્યે સંઘના પડાવ સ્થળે રાજ–શમિયાણામાં માનપત્રના મેળવડાનો પ્રસંગ હતો. આ પ્રસંગે ધ્રાંગધ્રા નરેશ શ્રી પોતે તેમજ મંત્રીવર માન-સીંહજી, તથા રાજકર્મચારીઓ વિગેરે આવવાના હતા, એટલે રાજ્યના માણસોએ આ સભા–મંડપની જગ્યાને સ્વચ્છ કરી વિશાળ જાજમ પાથરી તેપર એક સુંદર ગાલીચો બીછાવી, બે બાજુ ગાદી તકીયાઓની હારો ગોઠવી દીધી અને પાછળ-ના ભાગમાં ખુરશીઓ વિગેરે વ્યવસ્થિત રીતે ગોઠવી દીધું હતું. દરબારશ્રીને બેસવા માટે એક સૂવર્ણની હીરા જડીત બહુ

મૂલ્ય રંગ બેરંગી મીનાકામવાળી ખુરશી પણ ગોઠવવામાં આવી હતી. આ દિવ્ય પ્રસંગનો લાભ લેવા પુષ્કળ માણસો શમિયાણાની આસપાસ ચીકાર ગોઠવાઇ ગયા હતા અને બરોબર નિયત કરેલા સમયે દરબારશ્રી પધાર્યા. સાથે દિવાન સાહેબ તથા રાજકર્મચારીઓ પણ હતા.

આ મેળાવડાનો લાભ લેવા અમદાવાદથી માનવંતા **શેઠશ્રી માણેકલાલભાઇ મનસુખભાઇ** પણ પધાર્યા હતા. ભાવનગરથી શેઠ **કુંવરજી આણંદજી** તેમજ બીજા સંભાવિત ગૃહસ્થો પણ પધાર્યા હતા, આ સિવાય બીજા ગામોના શેઠીઆઓ પણ આવ્યા હતા. દરબારશ્રીને, સંઘવીજી તથા તેમના ભાઇઓ બ્હારથી મંડપમાં સન્માન સહ લઇ આવ્યા અને નામદાર મહારાજાશ્રી રાજા સાહેબ સુવર્ણ સિંહાસન પર બિરાજ્યા. આ પ્રસંગમાં માત્ર જૈનોજ હતા એમ ન્હોતું. હિંદુ, પારસી, ખ્રિસ્તી, મુસલમાન વિગેરે તમામ વર્ગના ભાઇઓ આવ્યા હતા અને કાર્ય શરૂ થયું. શરૂઆતમાં વઢવાણ નિવાસી કવિ મનસુખલાલ ડાહ્યાભાઇએ મંગળાચરણ કર્યું. ત્યારબાદ કવિ રસીકે મધુર રાગમાં બે કાવ્યો ગાઇ સંભળાવ્યા. તે કાવ્યો નીચે આપવામાં આવે છે:—

**કવિ મનસુખભાઇએ ગાયેલું મંગળાચરણ:—**

**( શહેર ધ્રાંગધ્રે ધામધુમ છે, દીસેજ દીવાળી. )**

સંઘે સ્નેહેથી તંબુ તાણીયા, ભવિ પ્રાણીયા,
તક જાણી આ કરો ભક્તિ રસાળી.— શહેર ધ્રાં૦

પાટણપુરી પવિત્ર પ્રમાણો, સવાસો જિનચૈત્ય જ્યાં જાણો;
નગરી જૈનપુરીજ માનો,

પંચાસર પાર્શ્વની પડિમા પ્રેમથી, લ્યો ત્યાંહી નિહાળી—ધ્રાં૦
એ શુભ પાટણપુર વાસી, શેઠશ્રી શાણા ઉલ્લાસી;
રસીયા જિનધર્મ અભ્યાસી,

ઉજમણું કીધું મોટા ખર્ચથી, કરી જાહોજલાલી. શહેર ધ્રાં૦
કરમચંદ શેઠ સુભાગી, સુપુત્રો તસ ત્રણ ધર્મરાગી;
લગની યાત્રાની લાગી,

સ્વરૂપ–નગીન–મણિ ભાઇઓની, જુઓ ભક્તિ રસાળી. ધ્રાં૦
નગીનભાઈ શેઠ રંગીલા, સોહે સંઘવીજી રસીલા;
ધર્મે છે જરી નહિ ઢીલા,

લીલા લહેરથી લક્ષ્મી વાપરે; આતમ અજવાળી.—શહેર ધ્રાં૦
સંઘ મહા કાઢી પ્રીતે, શંખેશ્વર જઇ શુભ ચિત્તે;
ઉપરિયાળેજ ખચિતે,

આદિજિણંદને ભેટી ભાવથી, ભવરાશી ટાળી.—શહેર ધ્રાં૦
કૃપા કરી આંહિ પધારી, સંઘની વિનંતિ સ્વીકારી;
શાસન શોભાને વધારી,

સંઘનો મહા મેળો જોવા આવીઆ, જન બહુ પુન્યશાળી.–ધ્રાં૦
સાધુ સમુદાય સારો, અધિકો શત પંચથી ધારો;
સુધર્યો જોતાં જન્મારો,

જેણે જોયું નહિ તે કરે ઓરતો, સુણી વાત આ વ્હાલી.–ધ્રાં૦
રાજ્યે કરી મદદ મઝાની, રૈયાસત ઉતારાની;
શોભા વધી સામૈયાની,

ધન્ય! ધન્ય! **ધ્રાંગધ્રા નૃપતિ!** ધન્ય છે, કરી ભક્તિ રસાળી.
દીવાનજી સાહેબ શાણા, આવ્યે સંઘ બહુ હરખાણા;
ઉત્તેજન આપ્યા મઝાના,

સગવડો દઇ સ્નેહે વધારી સ્ટેટની, બહુ જાહોજલાલી.—ધ્રાં૦
સામૈયું શોભે ભારી, હાથી અંબાડી સારી;
નીરખે નરનારી અપારી,

રસીક–સેવન્તી બન્ધુ ખંતીલા, બેઠા પુન્યશાળી.—શહેર ધ્રાં૦
બેન્ડ વાજાઓ ભારી, ટુકડી ત્રણ મન હરનારી;
ગાવે ગીતો લલકારી,

સામૈયે સોહે મોટર પાલખી, બહુ બગીઓ રૂપાળી.—ધ્રાં૦
ધન્ય ! ધન્ય ! ધ્રાંગધ્રાવાસી, સફળ શ્રી સંઘ ઉલ્લાસી;
ભક્તિ કીધી બહુ ખાસી,

વૈયાવચ્ચ કીધી ભારે ભાવથી, દિન રાતો ગાળી.—શહેર ધ્રાં૦
મહેનત બહુ મોટી લીધી, સંઘની ભકિત બહુ કીધી;
જમણે નવકારશી દીધી,

ભકિતમાં રસિયા ભવિયા, કૈકે તો નિદ્રા પણ ટાળી.—શ. ધ્રાં૦
ધ્રાંગધ્રા સંઘ સંઘભકિત, રૂડી કરે ફોરવી શકિત;
થઇ છે જોયાની જુકિત,

ભાગ્યે ભવિક જન જાણજો, મળી ઘડી લટકાળી.—શહેર ધ્રાં૦
મંગળકારી આ મેળો, પુન્યે અહિં થયો ભેળો;
જોતાં હું તો થયો ઘેલો,
ઘરઘર મહેમાનો બહુ આવીયા, હશે કોકજ ખાલી.—ધ્રાં૦
સંઘ તો **ભદ્રેસર** જાશે, ધીમે ધીમે ઉલ્લાસે;
મહાવીર પ્રભુ દર્શન થાશે,
જાશે જુક્તિથી ગઢ **ગીરનારજી**, "છરી" વળી પાળી.—ધ્રાં૦
નેમીશ્વર દર્શન કરશે, ગીરનારે મનડાં ઠરશે;
ભવિયાં ભવજળથી તરશે,
ભવની ભ્રાન્તિને સર્વે યાત્રિકો, દેશે ઝટ ટાળી.—શહેર ધ્રાં૦
લાખોના લેખાં આમાં, ગણતાં મનસુખ મુંઝા મા;
સુણ્યો નથી આ સૈકામાં,
કુમારપાળાદિ પૂર્વના સંઘોની, યાદી આ આલી.—શહેર ધ્રાં૦

## કવિ રસિકે ગાયેલાં કાવ્યો (સાખી).

જય જય જિનશાસનતણી, બલિહારી જગમાંહ્ય;
જે આગમથી સાંભળ્યું, તે પ્રત્યક્ષ જણાય. ૧
શ્રી ભદ્રેશ્વર તીર્થનો, સંઘ સરસ સોહાય;
આવ્યો ધ્રાંગધ્રા નયર, જ્યાં સન્માને રાય. ૨
તેહ બીના શી વર્ણવું, મુખથી કહ્યું ન જાય;
તો પણ ધર્મ પ્રભાવના, કારણ ખ્યાન કરાય. ૩
ધન્ય ધરા આ નયરની, ધન્ય ધન્ય દરબાર;
ધન્ય દિવાનજી આપને, કીધો સંઘ સત્કાર. ૪

ધન્ય પ્રજા આ શહેરની, કર્યું સંઘ સન્માન;
અવર જનો એ નિરખતાં, કરે આત્મ કલ્યાણ. ૫

## કૌવાલી.

પ્રભાવક જૈન શાસનના, અમર હો સંઘવી પ્યારા;
વિજય પામો સકળ ઠામે, અમારી આંખના તારા. ૧

ચલાવ્યો સંઘ પાટણથી, અજબ શોભા સહિત આપે;
પધાર્યા શહેર ધ્રાંગધ્રે, અમર હો સંઘવી પ્યારા. ૨

તમારા દાન મહિમાથી, સુગંધી ધર્મની મહેકી;
ઘણા જીવને જીવનદાતા, અમર હો સંઘવી પ્યારા. ૩

ઉમંગી રાજવી પોતે, વળી દીવાન પણ તેવા;
કરે સન્માન બહુ સારૂં, અમર હો સંઘવી પ્યારા. ૪

બધે રાજા અને દીવાન, કદાપિ હોય આ જેવા;
અને એ સાથ તુમ સરીખા, અમર હો સંઘવી પ્યારા. ૫

વિજય જિનધર્મનો હોવે, પૂરવ કાળે હતો જેવો;
બતાવી એહની ઝાંખી, અમર હો સંઘવી પ્યારા. ૬

હૃદયમાં જે ભરેલું છે, ઉચરતાં અંત ના આવે;
રસિક તોયે બધા બોલે, અમર હો સંઘવી પ્યારા. ૭

મંગળાચરણ થઇ રહ્યા બાદ નામદાર રાજસાહેબની આજ્ઞા મેળવીને તેઓ સાહેબને આપવાનું સંઘવી તરફનું માનપત્ર શેઠ નગીનદાસે વાંચી સંભળાવ્યું અને ત્યારપછી ધ્રાંગધ્રા મૂર્તિપૂજક જૈન સંઘ તરફથી આપવાનું માનપત્ર

ભાઈ ડુંગરશી હરિલાલે વાંચી સંભળાવ્યું. ત્યારબાદ કેટલીક બીજી ભેટો સાથે સંઘવીનું માનપત્ર ત્રણે બંધુઓએ નામદાર રાજાસાહેબને અર્પણ કર્યું, અને ધ્રાંગધ્રાના સંઘનું માનપત્ર સંઘના આગેવાનોએ નામદાર રાજાસાહેબને અર્પણ કર્યું, તે બન્ને માનપત્રો આ નીચે આપવામાં આવ્યા છે.

ૐ तत्सत्.

## અખંડ ઐશ્વર્યસંપન્ન, ઝાલાકુળ શિરોમણિ, નેક નામદાર મહારાજાધિરાજ, મહારાણા શ્રી

# સર ઘનશ્યામસિંહજી સાહેબ બહાદુર.

જી. સી. આઇ. ઈ, કે. સી. એસ. આઈ.

## મહારાજા રાજાસાહેબ, સં૦ ધ્રાંગધ્રા.

**નેક નામદાર મહારાજા સાહેબ—**

અમે ગુર્જર દેશમાં અણુહીલ્લપુરપત્તનના નિવાસી શા. સ્વરૂપચંદ કરમચંદ, નગીનદાસ કરમચંદ અને મણિલાલ કરમચંદ એ બંધુઓની ત્રિપુટી આપ નામદારશ્રીએ અમારા કચ્છદેશની યાત્રા કરવા કરાવવાના શુભ સંકલ્પ નિમિત્તે શ્રી સંઘની ભકિત તથા સેવા કરવાના અવસરે અમોને અનેક પ્રકારની તંબુઓ, રાવટીઓ, રસાલાના સ્વારો, પોલીસો વિગેરેની મદદ આપીને તેમજ અનેક પ્રકારની સગવડતા કરી આપીને અમોને અમૂલ્ય ઉત્સાહ આપ્યો છે તે માટે અમો આપ નામદારશ્રીનો અને આપના ગુણજ્ઞ અમાત્ય રાજરાણા

શ્રી **માન**સિંહજી સાહેબનો ઘણોજ ઉપકાર માનીએ છીએ. એવા ઉત્તમ દીવાન મેળવવામાં આપે ઘણુ ઉંચા પ્રકારની મનુષ્ય પરિક્ષાનો અનુભવ આપ્યો છે. આ શુભ અવસરે અમો કૃતજ્ઞતા અને વિનયપૂર્વક આપ નામદારના અને મે. દીવાન સાહેબના અનેક પ્રકારના ગુણાનુવાદ કરી અમારા હર્ષોદ્દગાર પ્રદર્શીત કરવા માટે આ અભિનંદનપત્ર અર્પણ કરીએ છીએ, તે સ્વીકારી અમોને કૃતાર્થ કરશો.

આપના ઉત્તમ રાજ્યોનો જૈનો સાથેનો સંબંધ પરાપૂર્વથી અસ્ખલિત ચાલ્યો આવે છે, તેને આપ નામદારશ્રીએ વૃદ્ધિગત કરી કોઇ પણ જાતિ કે સંપ્રદાયના ભેદ રહીત અમો જૈનોને અનેક પ્રકારની મદદ અને આશ્રય આપી આભારી કરો છો તે જાણી અમને અપ્રતિમ આનંદ થાય છે.

આવા મહાન્ રાજ્યમાં આપ નામદારશ્રી આપની પ્રજાનું પુત્રવત પાલન કરો છો, અને તેમની ધાર્મિક, ઔદ્યોગિક અને આર્થિક ઉન્નતિ અર્થે વ્યાપાર, ઉદ્યોગ, ખેતીવાડી, કેળવણી વિગેરે દરેક દિશામાં પ્રગતિ કરી છે, વળી આધિવ્યાધિના નિવારણ માટે દરેક મહાલોમાં ઔષધશાળાઓ, સ્કુલો, પાઠશાળાઓ, પુસ્તકાલયો, હોસ્પીટલો, અનાથાશ્રમો અને પાંજરાપોળો સ્થાપન કરીને તેમજ દરેક ધર્મની સંસ્થાઓને આશ્રય આપીને સર્વ ધર્મની પ્રજાના આશીર્વાદ મેળવ્યા છે એમ કહેવામાં અમે કાંઇપણ અતિશયોક્તિ કરતા નથી, એટલુંજ નહિ પણ દુર્ભિક્ષ જેવા વિષમ પ્રસંગે મુંગા પ્રાણીઓની રક્ષા કરી ધર્મને બ્હાને થતી પ્રાણી હિંસાનો ઉચ્છેદ કરવામાં આપ નામદારે પહેલ કરી

છે અને હરામી હલાલી માણુસો પરહદમાં પશુઓ લઇ ન જાય તે માટે સખ્ત પ્રતિબંધ કર્યો છે. આવા અનેક શુભ કાર્યો માટે આપ નામદારને ઘણોજ ધન્યવાદ ઘટે છે.

અમારો સંઘ શ્રી શંખેશ્વર, ઉપરિયાળા વિગેરે તીર્થોની યાત્રા કરી અહીં આવતાં આપ નામદાર સાહેબે તથા નામદાર શ્રી દીવાન સાહેબે અને અમારા જૈન સંઘે અમારૂં જે સ્વાગત અને સન્માન કર્યું છે તેને માટે આ ઉત્તમ રાજ્યની અને જૈન પ્રજાની સેવા કરવાનો પરમકૃપાળુ પરમાત્મા અમને અવસર આપે એમ ઇચ્છીએ છીએ અને આપ નામદારશ્રી જેવા જીતેન્દ્રિય નિષ્કલંક અને શુદ્ધ રાજકુળતિલક મહારાજા સાહેબના તથા આપના નરપુંગવ દીવાન સાહેબ રાજરાણાશ્રી માનસિંહજી સાહેબના પ્રત્યક્ષ દર્શન કરી અમે અમને પુરા ભાગ્યશાળી માનીએ છીએ.

છેવટે પરમકૃપાળુ પરમાત્મા પાસે અમારી પ્રાર્થના છે કે આપ નામદારશ્રી મહારાજ કુમારશ્રી સર્વ રાજકુટુંબ સહિત આરોગ્ય અને દીર્ઘાયુ રહો અને ધર્મ તથા પરોપકારનાં અનેક કાર્યો કરી મનુષ્ય જીંદગીને સફળ કરો.

ધ્રાંગધ્રા, ૧૯૮૩ ના પોષ વદ ૫.
રવિવાર તા. ૨૩-૧-૧૯૨૭

અમો છીએ,
આપ નામદાર મહારાજાશ્રીના
આજ્ઞાંકિત આભારી સેવકો,

શા. સ્વરૂપચંદ કરમચંદ.
શા. નગીનદાસ કરમચંદ.
શા. મણિલાલ કરમચંદ.

ॐ तत्सत्.

અખંડ પ્રૌઢપ્રતાપ ગૌબ્રાહ્મણપ્રતિપાલ, ઝાલાકુળચક્રચુડામણિ
શિરછત્ર નેક નામદાર મહારાજાધિરાજ મહારાણા શ્રી

## સર ઘનશ્યામસિંહજી સાહેબ બહાદુર.

જી. સી. આઇ. ઇ. કે. સી. એસ. આઇ.

## મહારાજા રાજ સાહેબ સં૦ ધ્રાંગધ્રા.

**પ્રજાવત્સલ મહારાજાસાહેબ,**

અમો સં૦ ધ્રાંગધ્રાના સમસ્ત જૈન શ્વેતાંબર મૂર્તિપૂજકો, અમારા પરગજુ અને પ્રિય ધર્મબંધુ પાટણનિવાસી શેઠ સ્વરૂપચંદભાઇ, નગીનદાસભાઇ તથા મણિલાલભાઇ એ ત્રિપુટીએ ચતુર્વિધ સંઘની સેવા કરવાનો અમૂલ્ય અવસર મેળવી કચ્છ દેશની મહાન્ યાત્રા કરવા પધારતાં આ રસ્તે થઇ પધારવા આપ કૃપાળુ પિતાશ્રી તથા અમારા પ્રજાપ્રિય દીવાન સાહેબે આગ્રહ કરીને અમોને તેમની સેવાનો અમૂલ્ય અવસર મેળવી આપ્યો, તેમની સાનિધ્યમાં આપ નામદારશ્રીએ અત્રેના સમસ્ત જૈન ભાઇઓ ઉપર કરેલા આ તથા બીજા અનેક ઉપકારોનું સંક્ષેપમાં દિગ્દર્શન કરવારૂપ આ માનપત્ર આપ નામદારશ્રીના ચરણામ્બુજમાં સાદર કરીને હર્ષ પામીએ છીએ.

દરેક શુભ કામ રાજાઓની મદદ અને સહાનુભૂતિ સિવાય સંપૂર્ણપણે પાર પડી શકતા નથી. આવા ઉદાર સિદ્ધાંતને લઇને શેઠ નગીનદાસભાઇએ આદરેલી મહાન્ તીર્થ-

યાત્રાપ્રસંગે આ રાજ્યની અનેક રયાસત ઉદાર દીલથી તેમને આપીને તથા તેમના સત્કાર અને સ્વાગતનો મોટા પાયા ઉપર સમારંભ કરીને તેમની સેવાનો અમોને પણ લાભ અપાવી કૃતાર્થ કર્યાં છે, તેથી અમોને ઘણોજ આનંદ પ્રાપ્ત થાય છે.

આખા કાઠિયાવાડમાં ક્ષત્રિતેજપૂર્ણ ઝાલાવંશનું પાટનગર ધ્રાંગધ્રા છે. અને તેના મૂળ પુરૂષ પુણ્યશ્લોક મહાત્મા શ્રી હરપાળદેવજી તથા રાજર્ષિ રણમલસિંહજી બાપાના નામને શોભાવનાર આપ પ્રતાપી નરેશ રાજ્યારૂઢ થયા કે તુરતજ આપ નામદારે અમો પ્રજાવર્ગમાંથી આ રાજ્યના અગ્રગણ્ય અને વિદ્વાન ભાયાત રાજરાણા શ્રી માનસિંહજી સાહેબ સી. આઇ. ઇ. જેવા હિંમતવાન અને સુદ્રઢ રાજભક્તને અમાત્ય પદ ઉપર સ્થાપન કરી અમારી ઉપર મોટો અનુગ્રહ કર્યો છે.

આપ નામદારશ્રીએ આપના બુદ્ધિ ચાતુર્ય તથા વિદ્વત્તાથી નામદાર સાર્વભૌમ બ્રીટીશ સરકાર સાથે ઘણોજ સંબંધ વધાર્યો છે, તેમજ પડોશના તમામ રાજ્યો સાથે કુટુમ્બભાવ તથા મૈત્રી વધારી, અને અમદાવાદ, પાટણ, સુરત, મુંબઇ, કલકત્તા આદિ શહેરોના જૈનસંપ્રદાયના આગેવાન નેતાઓ સાથે સ્નેહસંબંધ વધારી નિર્મળ અને પવિત્ર સમષ્ટિભાવના અંતઃકરણપૂર્વક બ્રહ્મચર્યાદિ અનેક મહાન સદ્ગુણોવડે સિદ્ધ કરી આપી છે, તે બીજા રાજ્યોને દ્રષ્ટાંત રૂપ તેમજ અનુકરણીય છે.

આખા કાઠિયાવાડમાં સં૦ ધ્રાંગધ્રાને મુખ્યત્વે રૂના અને બીજા અનેક વ્યાપારનું આપે કેન્દ્રસ્થાન બનાવ્યું છે. પ્રજાની ઔદ્યોગિક તથા વ્યાપારાદિક ઉન્નતિ કેમ થાય તેને માટે આપ નામદાર અને આપના મે. દિવાન સાહેબ અહોનિશ ચિંતા ધરાવો છો, તેથી પરમાત્મા આપની તેવી શુભેચ્છા પૂરી કરે એવી અમારી તેમના પ્રત્યે પ્રાર્થના છે.

ધાર્મિક દરેક પ્રસંગે આપ નામદાર અમારા જિનમંદિરે દર્શને પધારીને તેમજ અમારા ગુરૂમહારાજને યોગ્ય સન્માન આપીને આપે અમારી જૈન કોમ પ્રત્યે પૂર્ણ સદ્ભાવ બતાવેલો છે. તેમજ અહીંની પાંજરાપોળને એક ગામ માત્ર નામની રકમથી અમુક વર્ષ માટે આપીને ખરેખરો કરૂણાભાવ બતાવી આપ્યો છે, તેને માટે અમે આપના સંપૂર્ણ આભારી છીએ.

છેવટે પરમાત્માને આર્જવતાપૂર્વક અમારી હંમેશા એજ પ્રાર્થના છે કે આપ દયાળુ મહારાજાસાહેબ, મહારાજ કુમારશ્રી સર્વ રાજકુટુમ્બ અને નામદાર દીવાન સાહેબ દીર્ઘાયુ થાઓ, આરોગ્ય રહો અને ધર્મ તથા પ્રજાકલ્યાણના કાર્યોમાં અનેકવિધ વૃદ્ધિ કરી આપની શુભ મનઃકામના પરિપૂર્ણ કરો. તથાસ્તુ.

**અમો છીએ.**

સં. ૧૯૮૩ ના પોષ વદિ ૫ — આપ નામદાર સાહેબની

તા. ૨૩–૧–૧૯૨૭. — વફાદાર **જૈન પ્રજાના સેવકો**

( ધ્રાંગધ્રા સંઘના આગેવાનોની સહીઓ.)

બંને માનપત્રો અર્પણ થયા બાદ નામદાર રાજાસાહેબે બંને માનપત્રોનો ઉત્તર આપ્યો હતો તે નીચે પ્રમાણે:—

## ધ્રાંગધ્રાના નામદાર દરબારશ્રીનો સંઘવીના માનપત્રનો પ્રત્યુત્તર.

**શ્રીમાન્ જૈન આચાર્યો, સાધ્વીજીઓ, સંઘવીજી,**
**જૈન ગૃહસ્થો અને બ્હેનો !**

અમારા રાજ્યની અંદર પાટણના **ધર્મપરાયણ** ભાઈઓના પરિશ્રમથી જૈન ધર્મગુરૂઓ અને જૈન ધર્માચાર્યોનો આવવાનો પ્રસંગ અમને તથા અમારી પ્રજાને ઘણોજ **આનંદદાયક** થઇ પડયો છે. આ **જડવાદ**ના જમાનામાં શિથિલ પડતા ધર્મના તંતુઓને સતેજ રાખવા માટે. આવું જૈનધર્માચાર્યોનું સંમેલન **જૈનધર્મને તેમજ અન્ય ધર્મોને પણ ઘણે દરજ્જે સજીવન** કરે છે. આ પવિત્ર આર્યભૂમિમાં મનુષ્યજન્મનો સાર સ્વધર્મપાલન છે અને તે કાર્ય લક્ષ્મી પ્રાપ્ત થવાથી ઘણી વખત ભૂલી જવાય છે. જ્યારે **શેઠ સ્વરૂપચંદ, નગીનદાસ** અને **મણિભાઇએ** દરેક પ્રકારની સાંસારિક તથા વ્યવહારિક સુખસંપત્તિ હોવા છતાં પોતાનો ધર્મ એજ પોતાનું કર્મ માનેલ છે અને એકથી વધારે વખત પોતાના ધર્મ તરફની એમની પ્રીતિ આપણે સર્વેએ જોઇ છે. આ તેમના ધર્મના કામમાં અમારા રાજ્ય તરફથી કાંઇપણ થોડી ઘણી મદદ થઇ હોય તો તેમાં હું મારી **ફરજનું પ્રતિપાલન થયેલુંજ સમજું છું.**

અખંડ ઐશ્વર્યસંપન્ન, ઝાલાકુળ શિરોમણિ, નેકનામદાર,

**મહારાણાશ્રી સર ઘનસ્યામસિંહજી સાહેબ બહાદુર.**



જેઓશ્રીના સંઘ પ્રત્યેના પ્રેમ, અહિંસા પ્રેમ અને અસ્ખલિત ઔદાર્યના સાક્ષી આ પુસ્તકમાંજ છે. પ્રકાશક. જૈ. સ. વાં. માલા. ક. ગિ. માહાયાત્રા. પૃ. ૭૮

છેવટે હું મારા અંતઃકરણથી ઇચ્છું છું કે **મહાન્ પ્રભુ દરેક રીતે આ મહાન્ પ્રવાસમાં સંઘને સુખ-શાંતિ આપે.**

**( પોતાની જૈન પ્રજાના માનપત્રનો પ્રત્યુત્તર )**

**મારી વહાલી જૈનપ્રજા !**

પાટણથી ધર્મપરાયણ શેઠ નગીનભાઇ તથા તેમના ભાઇઓ ધર્મગુરૂઓને તથા જૈનસંઘને સાથે લઇને અહીં આવતાં અમારી વહાલી પ્રજાએ પોતાથી યથાશકિત **સંઘની સેવા** કરી છે તે માટે હું **મારી પ્રસન્નતા જાહેર કરૂં છું.**

તમો જૈનો મારી પ્રજા છો અને **તમારા ધર્મનું** તેમજ **દરેક ધર્મનું રક્ષણ તથા પરિપાલન કરવું તે મારી ફરજ છે.** એ ફરજ અદા કરવાના બદલામાં આ અભિનંદનપત્ર આપવાની કાંઇ જરૂર નહોતી, છતાં તમોએ આપેલ અભિનંદન પત્ર માટે સૌનો ઉપકાર માનું છું અને મહાન્ પ્રભુ પાસે પ્રાર્થના કરૂં છું કે-તમે **સર્વ તમારા સ્વધર્મમાં વિશેષ ધર્મપરાયણ થાઓ અને નીતિને રસ્તે વ્યાપાર ઉદ્યોગમાં આગળ વધીને સુખી થાઓ.** તા. ૨૩-૧-૧૯૨૭.

**ॐ तत्सत्.**

**" परोपकाराय सतां विभूतयः "**

આ જવાબ સાંભળીને સૌ પ્રસન્ન થયા હતા. ત્યારપછી શ્રી ધ્રાંગધ્રાના સંઘે સંઘવી-બંધુની ત્રિપુટીને આપવાનું માનપત્ર

નામદાર રાજાસાહેબની પરવાનગીથી ધ્રાંગધ્રાના ગૃહસ્થોએ વાંચી સંભળાવ્યું હતું તે નીચે પ્રમાણે.—

**શ્રી અણહિલ્લપુર પત્તનના નિવાસી, પુણ્યરાશી, શેઠ શ્રી કરમચંદ ઉજમચંદના સુપુત્રો, સૌજન્ય સુધાસાગર અનેક સદ્‌ગુણાલંકૃત શ્રાદ્ધકુલદીપક પરોપકારપરાયણ, સ્વધર્મપ્રતિપાળક શેઠજી સાહેબ શ્રીમાન્ સ્વરૂપચંદભાઇ, નગીનદાસભાઇ તથા મણિલાલભાઇની ત્રિપુટી યોગ્ય. મુ. ધ્રાંગધ્રા.**

અમો શ્રી ધ્રાંગધ્રાનો શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સમુદાય આપ ભાઇઓના શ્રીચતુર્વિધસંઘ સાથે કચ્છના તીર્થોની યાત્રા કરવા, કરાવવાના શુભ પ્રસંગે આપ સર્વનો અત્રે પડાવ થતાં ઘણા માન અને વિનયપૂર્વક **આવકાર** આપીએ છીએ અને આપના અમૂલ્યદર્શન અને સેવાના અલભ્ય લાભથી અમો **કૃતાર્થ** થયા છીએ. એટલુંજ નહીં પણ આ ધન્ય અવસરે આપ ભાઇઓએ કરેલાં અનેક ધર્મકાર્યો અને જૈન ભાઈઓ ઉપર કરેલા ઉપકારોની મિમાંસાથી પ્રેરાઇ આ અલ્પ અભિનંદન પત્ર અર્પણ કરવાની ઇચ્છા પ્રદર્શિત કરીએ છીએ, તે સ્વીકારી આભારી કરશો. આપ બન્ધુઓ પૈકી શેઠ નગીનદાસભાઇ બહુ નાની વયમાંજ વિદ્યાભ્યાસ અને ધર્મશાસ્ત્રોનો સારો અભ્યાસ કરી સંયમ અને મનોનિગ્રહથી ધર્મપરાયણ વૃત્તિને પામ્યા છે, તેમજ વ્યવહારના અંગે મુંબઇ જેવા વ્યાપારના

અંઘોળા પ્રદેશમાં જઇ હિન્દુસ્તાનમાંથી નીકાસ થતાં માલને અંગે યુરોપીયન વ્યાપારીઓ સાથે પણ હરીફાઇમાં ઉતરી ઘણીજ કુશળતા બતાવી આપી છે અને લક્ષ્મી દેવીની કૃપા હોવાના કારણે આપ પરોપકાર અને દાન એવા મૌનપણે કરો છો કે **જમણા હાથે થયેલા દાનની ડાબા હાથને પણ ખબર પડે નહિ.** એજ આપ ભાઈઓની દાનશીલતા અને શ્રીમંતાઇનું શુદ્ધ સ્વરૂપ છે. આપના સદ્‌ગત માતુશ્રી દીવાળી બાઇના નામથી પાટણમાં એક **ઉદ્યોગશાળા** ખોલી તેમાં **પચાસ** હજાર જેવી મોટી રકમ આપી તેમાં જ્ઞાનાભ્યાસ ઉપરાંત ભરત, શીવણ વિગેરે અનેક ઉદ્યોગોથી સ્ત્રીજાતિ ઉપર એક મહાન્ ઉપકાર કર્યો છે. આ સંસ્થાને **જૈન** અને **જૈને**તરના ભેદ વિનાની રાખી **वसुधैव कुटुम्बकम्**ને ભાવ તમે સિદ્ધ કરી બતાવ્યો છે. તેમજ પાટણની **પ્રસિદ્ધ પાંજરાપોળ** જેમાં ચાર હજાર જેટલી મોટી સંખ્યામાં અબોલ પશુઓનું પાલન કરવામાં આવે છે, તેમાં આપ ભાઈઓની **મોટી રકમની** સહાય છે; તેમજ પાટણમાં **ભોજનશાળામાં** સારી રકમનીસહાય આપવાથી સ્વામીવચ્છલને પરમ લાભ પણ આપને ઘેર બેઠા મળ્યા કરે છે અને એથી પણ આપના જન્મનું સાર્થક્ય છે. એ ખાતાને પગભર કરવા માટે આપે અન્ય ગૃહસ્થોની પણ સારી રકમની સહાય મેળવી આપીને આપની લાગવગનો સદુપયોગ કર્યો છે.

ગત વર્ષમાં પાટણ ખાતે આપ બન્ધુઓએ એક મહાન

**ઉજમણાનો મહોત્સવ** કર્યો હતો કે જેની અંદર શ્રી તારંગાજી તીર્થની રચના કરવા ઉપરાંત કુમારપાળ મહારાજાની એ ભૂમિ હોવાથી, તેમના પૂર્વભવના અને તદ્‌ભવના દેખાવોની પણ રચના કરી હતી કે જેનાં દર્શન કરવાથી અનેક ભવ્ય જીવોને અનેક પ્રકારનો અનુભવ અને પરમ લાભ પ્રાપ્ત થયો હતો. એ શુભ મહોત્સવમાં સુમારે એક લાખ રૂપીયા જેટલી રકમ ખરચીને મેળવેલા દ્રવ્યનો આપે સદુપયોગ કરી બતાવ્યો હતો, અને ત્યારપછી તુરતમાંજ **શ્રી શંખેશ્વર મહા તીર્થનો** સંઘ કાઢી વિવિધ રીતે ચતુર્વિધ સંઘની ભક્તિ કરી હતી.

આપ ભાઇઓએ **શ્રી ગીરનારજી, તારંગાજી અને આબુ તીર્થના** જીર્ણોદ્ધારમાં **સારી સહાય** આપી છે અને **મહાવીર વિદ્યાલયના** પણ સારા સહાયક છો. પાટણ શહેરની અંદર **જૈન સાહિત્યનો** અપૂર્વ ખજાનો છે, તેને માટે **જ્ઞાનમંદિર** બનાવીને **જૈન ધર્મ સંબંધી** અનેક પુસ્તકોનું સંરક્ષણ કરવામાં મોટી રકમની સહાય આપવા ઇચ્છા જણાવી છે અને સમસ્ત જૈન બન્ધુઓના અનેક આશીર્વાદ મેળવ્યા છે અને દુષ્કાળાદિ પ્રસંગોએ આપની કરૂણાવાળી વૃત્તિને લઇને આપે ઘણી સારી રકમનો ફાળો આપી દુષ્કાળ પીડિત જનોની પીડા દૂર કરવામાં સહાય કરી છે.

આ સ્થાને આપ ભાઇઓ માટેનો અમારો આનંદ દર્શાવવાનું અસ્થાને નહિ ગણાય. તે એ કે અમારા શિરછત્ર મહારાજા રાજસાહેબના પ્રતિષ્ઠિત રાજ્યમાં અમે આપના જૈન

બન્ધુઓ અમારા ધર્મ કર્મમાં દરેક રીતે સુખ અને આનંદ ભોગવીએ છીએ અને અહિંની જૈનપ્રજા પ્રત્યે નામદાર મહારાજા રાજસાહેબ તથા નામદાર દીવાનજી સાહેબ દરેક પ્રસંગે જૈનોના ઉત્સવોમાં રસ લઇ અમોને આનંદિત બનાવે છે. અને આપના સંઘને આ બાજુના રસ્તે થઇને પધારવાને અંગે અનેક પ્રકારની સગવડતા કરી આપવાથી આપ ચતુર્વિધ સંઘના આદરાતિથ્યનો તેમજ આપની યત્કિંચિત્ સેવા કરવાનો અમને લાભ મળી ગયો છે. તેને માટે પણ અમે તેઓ નામદાર સાહેબના પૂર્ણ આભારી છીએ.

છેવટે પરમાત્માને અમારી પ્રાર્થના છે કે આપ ભાઇઓની ત્રિપુટી સંપ અને સુખમાં રહી દીર્ઘાયુષ્ય ભોગવો, અનેક પ્રકારનાં ધર્મકાર્યો કરી લક્ષ્મીનો સદુપયોગ કરો અને આત્માનું હિત સાધી ઉચ્ચ પ્રકારનાં ઐશ્વર્યને પ્રાપ્ત થાઓ અને **ચતુર્વિધ સંઘ સાથે આપની આ યાત્રા સફળ થાઓ.** તથાસ્તુ.

શ્રી ધ્રાંગધ્રા.
સં. ૧૯૮૩ ના પોષ વદિ ૫
રવીવાર, તા. ૨૩–૧–૧૯૨૭

અમો છીએ,
શ્રી સંઘના સેવકો.
(ધ્રાંગધ્રા સંઘના આગેવાનોની સહીઓ)

સંઘવીને આપવાનું માનપત્ર વંચાઇ રહ્યા બાદ શ્રીસંઘ તરફથી દરબારશ્રીના હસ્તે તે અર્પણ કરવામાં આવ્યું હતું. ત્યારપછી સંઘવી નગીનદાસભાઇએ તેનો જવાબ વાંચી સંભળાવ્યો હતો તે નીચે પ્રમાણે—

## સંઘવી શેઠ નગીનદાસ કરમચંદનો માનપત્રનો પ્રત્યુત્તર.

### નેકનામદાર શ્રીમાન્ મહારાજા સાહેબ, મે. દીવાન સાહેબ, અત્રે પધારેલા ગૃહસ્થો અને બ્હેનો.

શ્રી કચ્છદેશના જૈન તીર્થોની યાત્રા કરવા માટે ચતુર્વિધ સંઘ સાથે અહિં આવતાં અહિંના શ્રી સંઘે અમારી અલ્પ સંઘસેવાને અંગે અમને જે કંઇ અપરિમિત માન આપ્યું છે અને અમારો જે સત્કાર કર્યો છે, તેમજ અહીંના નામદાર રાજસાહેબે અમારી સાથેના શ્રી સંઘનો અને અમારો જે અપૂર્વ સત્કાર કર્યો છે તેથી અમારૂં અંતઃકરણ એટલી બધી લાગણીથી ઉભરાય છે અને અમે એટલા બધા આભારી થયા છીએ કે તેનો આભાર માનવાને માટે અમને પૂરા શબ્દો પણ મળી શકતા નથી.

અત્રેના શ્રીસંઘે અમારી આ શ્રીસંઘસેવાના બદલામાં અમને માનપત્ર આપવાનો વિચાર અમલમાં મૂકયો છે, તે માનપત્રમાં જણાવેલા શબ્દો અમને ઘણા અતિશયોકિતવાળા લાગે છે. અમે શ્રીસંઘની ઘણી અલ્પ સેવા બજાવી છે. પૂર્વે ઘણા મહાપુરૂષો એવી સંઘસેવા કરી ગયા છે કે જેના પ્રમાણમાં આ અમારી સંઘભકિત ઘણીજ અલ્પ છે; છતાં અમારી ઉપરના સ્નેહભાવના આકર્ષણથી અમને માનપત્ર આપીને શ્રીસંઘે અમને એવા અહેશાનમંદ કર્યા છે કે જેને માટે અમે શુદ્ધ અંતઃકરણથી પરમપૂજ્ય શ્રીસંઘનો પૂર્ણ રીતે આભાર માનીએ છીએ.

અત્રેના જૈન સમુદાયનો અને અહિંના ઉત્તમ અને શ્રેષ્ઠ રાજ્યનો આવો ગાઢ પ્રેમવાળો સંબંધ જોઇને અમારૂં અંતઃકરણ અત્યંત દ્રવિત થાય છે. અમે રાજા પ્રજા વચ્ચેનો આવો શુદ્ધ અંતઃકરણવાળો પ્રેમ જોવાને ઇચ્છીએ છીએ અને આશા રાખીએ છીએ કે આવો સંબંધ વિશેષે વૃદ્ધિ પામો અને બીજાઓને આદર્શરૂપ બનો.

અંતમાં પ્રજાપાલક અને ધર્મપોષક નામદાર મહારાજા સાહેબનું તથા શ્રીમાનના માનવંતા કુટુંબનું ધર્મપોષણ તથા પ્રજાકલ્યાણ માટે દીર્ઘાયુષ્ય થાઓ તથા શ્રીમાનનાં રાજ્યમાં સદા સુખશાંતિ અને આબાદી વિસ્તાર પામો એમ અમે ઇચ્છીએ છીએ. નામદાર મહારાજા સાહેબનો, મહેરબાન દીવાન સાહેબનો અને અત્રેના શ્રીસંઘનો ફરીથી આભાર માનીએ છીએ અને પરમાત્મા અમને આવો વખત વારંવાર આપે એમ ઇચ્છી અમારૂં બોલવું સમાપ્ત કરીએ છીએ.

" ॐ नमो भगवते अर्हताय. "

સંઘવીનો જવાબ વંચાઇ રહ્યા બાદ નામદાર રાજસાહેબ તરફથી સંઘવીની ત્રિપુટીને તથા નગીનભાઇના બંને પુત્રો ( સેવંતીલાલ ને રસિકલાલ ) ને પોશાક આપવામાં આવ્યો હતો. તેમાં જરૂરી વસ્ત્રો ઉપરાંત એક **હીરાજડીત ઘડીયાળ** પણ હતું.

ત્યારબાદ મે. દીવાનસાહેબે પોતાનું ભાષણ વાંચી બતાવ્યું હતું. તે નીચે પ્રમાણે:—

## ધ્રાંગધ્રાના નામદાર દીવાન સાહેબનું ભાષણ.

પૂજ્ય જૈન ધર્મગુરૂઓ, સંઘવી શેઠશ્રીઓ, જૈન ગૃહસ્થો અને બ્હેનો !

શેઠ સ્વરૂપચંદભાઈ, નગીનદાસભાઇ તથા મણીલાલભાઈએ માયાળુ શબ્દોમાં ખુદાવિંદ શ્રી મહારાજા સાહેબની સંપૂર્ણ કૃપાથી અને પ્રેરણાથી જે યત્કિંચિત્ સેવા રાજ્યની અને પ્રજાની હું કરી શક્યો છું, તેનો ઉલ્લેખ કરી મને તેમના આભારતળે દાબી નાખ્યો છે, તેમજ અત્રેના જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘે જે પ્રેમ અને ઉમળકાભર્યા શબ્દો મારા માટે વાપરી પોતાનો સદ્ભાવ પ્રદર્શિત કર્યો છે તે માટે હું તમનો ઋણી છું.

આ રાજ્યનું પરાપૂર્વથી ચાલ્યું આવતું સૂત્ર છે કે—'**રાજ્યે પોતાની દરેક ધર્મની અને દરેક સંપ્રદાયની પ્રજાને સમદ્દષ્ટિથી જોવી.** તેમના ધર્મના પ્રતિપાલનમાં દરેક રીતનું **ઉત્તેજન** આપવું કે જેથી રાજા એ સૌ પ્રજાના **પાલક પિતા** છે એવી દરેક વ્યક્તિને પ્રતીતિ થાય.' અમારા ખુદાવિંદ શ્રી મહારાજા રાજસાહેબ રાજ્યનીતિના આ ગહન સૂત્રના અનન્ય ઉપાસક છે અને તેઓશ્રીના સ્તુત્ય ઉદ્દેશને દરેક રીત વ્યવહારમાં મૂકવો એ મારો ધર્મ છે.

વળી સનાતન ધર્મનો મહાન્ સિદ્ધાંત છે:—

**अहिंसासत्यमक्रोधस्त्यागःशान्तिरपैशुनम् ।**
**दयाभूतेष्वलोलुप्त्वं मार्दवं ह्रीरचापलं ॥**

ઝાલાકુલભૂષણ રાજયરાણા-દિવાન સાહેબ શ્રી માનસિંહજી.



જેમના શુભ પ્રયાસથી ધ્રાંગધ્રા સ્ટેટના દરેક પ્રકારની સગવડો સંઘને મળી હતી. તેઓશ્રીનો ધર્મ પ્રજાવાત્સલ્યતા-સરળતા આદિ માટે વાંચો પૃષ્ટ ૮૬

પ્રકાશક જૈ. સ. વાં. માલા

ક. ગિ. મહાયાત્રા.

જે ધર્મ અનેક સંપ્રદાયને સંપૂર્ણ રીતે ગ્રાહ્ય છે તે તો દરેક રીતે ઉત્તેજનને પાત્ર છે. વળી યાત્રાની મહત્તા અને તેથી થતું પુણ્ય સર્વ ધર્મગ્રંથો મુક્તકંઠે વર્ણવે છે. તેમાં પારલૌકિક કલ્યાણ તેમજ ઇહલૌકિક કલ્યાણ દરેક પ્રકારે સમાયેલું છે. એ વિચારતાં જણાઇ આવશે. **આવા સંઘના સમૂહ--મેળાને લીધે ધાર્મિક ભાવનાઓ સતેજ અને સુદ્રઢ થાય છે, એટલુંજ નહિ પણ એકજ સાથે રહીને પ્રવાસમાં પડતાં અનેક સંકટો વેઠવાથી શ્રીમાન્ લક્ષ્મીનંદનોને, ગરીબોને તથા સામાન્યવર્ગને પડતી હાડમારી તથા મુશ્કેલીઓનો ખરો અને તાદશ ચિતાર ખડો થાય છે. તેથી 'आत्मवत् सर्वभूतेषु' એ મોક્ષમાર્ગનો અમોઘ મંત્ર જીવનવ્યાપારમાં કેટલેક અંશે ઉતારી શકાય છે, અને મનુષ્યમાં ખરી સહૃદયતા અને ભ્રાતૃભાવ આવે છે.** આવા સ્તુત્ય આશયથી શ્રીમાન્ સંઘવીજીએ ઉઠાવેલ ભગીરથ પ્રયત્નને આપણે સૌએ બનતી સહાનુભૂતિ આપવી એમાં કાંઇ આપણે વિશેષ કરતા નથી. મને ખરો સંતોષ તો એ જોઇને થાય છે કે ધ્રાંગધ્રા રાજ્યની સમસ્ત જૈનપ્રજા આપણા પરોણાઓને સત્કારવા કટીબદ્ધ થયેલી છે.

અમારા ઝાલાકુળને તથા અણહિલ્લપુરપાટણને તો પુરાણો સ્નેહ છે. એ પુણ્યભૂમિના સંસ્મરણો તો અમને હમેશાં વંશપરંપરા આલ્હાદજનક રહેવાનાં. અમારા પુણ્યશ્લોક પ્રતાપી વડિલ શ્રી હરપાળદેવના પ્રખર પરાક્રમનું એ પ્રથમ ક્ષેત્ર હતું,

તેથી એ સ્થળ તો અમારા યશસ્વી ઇતિહાસમાં સોનેરી અક્ષરે અંકાયેલું રહેશે. ત્યાંના સુપુત્ર શેઠશ્રી આવો ધાર્મિક પ્રયાસ આદરે તેમાં અમારા ઝાલાકુળ શિરોમણિ **નૃપતિની** પૂરી સહાનુભૂતિ હોય અને મારી એક **મંત્રી તરીકેનીજ નહિ,** પણ એક ઝાલાવંશના **ક્ષાત્રય** તરીકેની સહૃદયતા હોય તેમાં **નવાઇ શી ?** અને તેમાં હું શું વધારે કરૂં છું કે જેથી આવા પ્રેમમય શબ્દોથી આપે મને વધાવી લીધો છે? એ માત્ર મારા પ્રત્યેનો આપ સૌનો સદ્‌ભાવ અને પક્ષપાતજ સૂચવે છે.

વિશેષમાં મને ના. મહારાજા સાહેબે હુકમ કર્યો છે કે નીચેના સાત[1] દિવસોમાં ધ્રાંગધ્રા સ્ટેટમાં જીવહિંસા કોઇ કરે નહીં, અને કરે તો છ મહિનાની સખ્ત કેદની સજા ને એક હજાર રૂપીયાના દંડને તે પાત્ર થાય.

૧. કાર્તિક શુદિ પૂર્ણિમા.
૨. મહાશિવરાત્રી.
૩. રામનવમી.
૪. જન્માષ્ટમી.
૫. જૈનોની સંવત્સરી.
૬. મર્હુમ રાજા સાહેબની મરણ તિથિ.
૭. ના. મહારાણી સાહેબ સુન્દરબા સાહેબની મરણતિથિ.

**છેવટે સંઘવીજીને પ્રભુ સર્વ પ્રકારે સહાય કરે એમ ઇચ્છું છું.**

---

૧ આ સાત દિવસોના બાર દિવસો કરવામાં આવ્યા છે. તે પાછળ આપ્યા છે.

શ્રીમાન્ ધર્મપ્રેમી—શેઠ કુંવરજી આણંદજી—ભાવનગર.



જૈનસમાજ જેમની ઉજ્વળ કારકીર્દી જોઈ રહી છે. પુખ્ત ઉંમર છતાં તેટલીજ લાગણીથી હજુ પણ દરેક ધાર્મિક કાર્યમાં આગળ પડતો ભાગ લઇ રહ્યા છે.

પ્રકાશક—જૈ. સ. વાં. માળા. ક. ગિ. મ. યાત્રા. પૃષ્ટ ૮૮.

આ ભાષણ સાંભળી શ્રોતાઓનું દિલ અત્યંત પ્રસન્ન થયું હતું. ત્યારપછી નામદાર રાજસાહેબની આજ્ઞાથી મી. કુંવરજી આણંદજીએ ભાષણ કર્યું હતું. તે નીચે પ્રમાણે:—

## રા. કુંવરજી આણંદજીનું ભાષણ.

નેકનામદાર મહારાજાસાહેબ, મહેરબાન દીવાનસાહેબ, સંઘવી શ્રી નગીનભાઈ વિગેરે. ધ્રાંગધ્રાના શ્રી સંઘના આગેવાનો તથા અન્ય ગૃહસ્થો !

આજે મને આ મેળાવડો જોઇને એટલો હર્ષ થયો છે કે હું વધારે બોલી શકું તેમ નથી. મને ખાસ કરીને ત્રણ કારણે હર્ષ થયો છે. પ્રથમ આ મહારાજા ને દીવાનની ધર્મપરાયણ જોડી કે જેમણે ખરા અંતઃકરણથી શ્રી પાટણના સંઘનો અપૂર્વ સત્કાર કર્યો છે. બીજું આ સંઘવીની બંધુત્રિપુટી —શેઠ સ્વરૂપચંદભાઇ, નગીનભાઈ તથા મણિભાઇ કે જેઓ મળેલા દ્રવ્યનો ખરેખરો લાભ લેવા તત્પર બની રહેલા છે અને પૂરેપૂરી ઉદારતાથી દ્રવ્યનો વ્યય કરે છે. ત્રીજું કારણ અહીંના શ્રી સંઘનો સંપ—એકત્રતા કે જે એકત્રતાને અંગે તેમણે આ સંઘની ખડે પગે રહીને અપૂર્વ ભક્તિ કરી છે. જેમાં રાતદિવસની પણ ગણના કરી નથી. આવો સઘળો એકસરખો સંયોગ કવચિતજ બને છે. તે અહીં બનેલ હોવાથી મને અપૂર્વ અને અપરિમિત આનંદ થાય તેમાં આશ્ચર્ય નથી. એક કવિએ કહ્યું છે કે:—

**आहारनिद्राभयमैथुनानि, सामान्यमेतत् पशुभिर्नराणां ।**
**धर्मे नराणामधिको विशेषो, धर्मेणहीनाः पशुभिःसमानाः ॥**

" આહાર, નિદ્રા, ભય અને મૈથુન—એ ચાર પશુઓને અને મનુષ્યોને સમાન છે. માત્ર મનુષ્યોમાં ધર્મ અધિક વિશેષ છે; તેથી જેઓ ધર્મહીન છે, તે પશુ સરખાજ છે." આ શ્લોક ઉપરથી ઘણી હિતશિક્ષા લેવાની છે. અત્યારે અહીં તમે જે શોભા જુઓ છો તે બધી ધર્મની છે. આવી રાજ્યઋદ્ધિ ધર્મને પ્રતાપેજ મળે છે. દ્રવ્યપ્રાપ્તિ પણ પૂર્વે કરેલા ધર્મથીજ થાય છે. તેનો સદુપયોગ કરવો એ ઉત્તમ મનુષ્યનું કાર્ય છે. ખરી રીતે મનુષ્યોએ ગુણીની પંક્તિમાં દયા, ક્ષમા, દાન, નમ્રતા, શીળ, સંતોષાદિ ગુણોવડે આવવાની જરૂર છે. એક કવિ કહે છે કે:—

**गुणीगणगणनारंभे, न पतति कठिनी ससंभ्रमाद्यस्य ।**
**तेनांऽबा यदि सुतिनी, वद वंध्या कीदृशी नाम ॥**

" ગુણીજનોના સમૂહની ગણુના કરવાના પ્રારંભમાંજ જેના નામ ઉપર આંગળી પડતી નથી, તેની માતાને જો પુત્રવાળી કહીએ તો કહો વંધ્યા કેને કહેશું ? અર્થાત્ જેઓ ગુણીમાં ગણાતા નથી, તેઓની માતાજ પુત્રવાળી છતાં વંધ્યા ગણવા યોગ્ય છે. " આમાં થોડા શબ્દોમાં ઘણું રહસ્ય સમાવેલું છે. અત્યારે તે સંબંધી વિસ્તારથી કહેવાનો અવસર નથી.

આવો સંઘ હમણાં સો—પચાસ વર્ષમાં નીકળ્યો નથી.

સાધુ–સાધ્વીના ૪૦૦ થાણુાઓનો એકત્ર સંયોગ એ અપૂર્વ બનાવ છે. નામદાર દીવાન સાહેબે પોતાના ભાષણમાં જણાવેલા ( બાર ) દિવસના અમારી પટહ માટે નેક નામદાર રાજસાહેબનો આભાર માન્યા સિવાય હું રહી શકતો નથી. આ પાટણના સંઘની અત્રે આવ્યાની યાદગીરીમાં કરેલ કાર્ય બહુજ પ્રશંસાપાત્ર છે. એનો આભાર માનવા માટે મને જોઇતા શબ્દો પણ મળી શકતા નથી. આખી જૈનકોમને એ કાર્યથી આભારી કરેલ છે. આવા મહારાજા ને દીવાન સાહેબનો લાભ અહીંની પ્રજાએ લઇ જાણવાની જરૂર છે. હું નામદાર મહારાજા રાજસાહેબ અને મે. દીવાન સાહેબ આરોગ્યયુકત દીર્ઘાયુ ભોગવો, સંઘપતિની ત્રિપુટી અખંડ રહો અને અત્રેના શ્રી સંઘનો સંપ અન્યોઅન્યો રહો એવી પરમાત્મા પાસે શુદ્ધ અંતઃકરણથી પ્રાર્થના કરીને મારૂં બોલવું સમાપ્ત કરૂં છું.

છેવટે કવિ મનસુખલાલ ડાહ્યાભાઇએ નીચેની સન્માનની કવિતા ગાઇ સંભળાવી હતી.

રવિ ઉગ્યો સોનાનો આ સ્થાન.<br>
માનપત્રે મળ્યા સન્માન. રે..........રવિ૦

શેઠ નગીનભાઇએ સંઘ મહા કાઢી, કીધું આત્મકલ્યાણ;<br>
મ્હેર કરી આ શહેર પધાર્યા તો, ઘરઘર છે ગુલ્તાન રે—રવિ૦

પચરંગી શુભ પાઘડી મેળો, મળતા આ મોટે મેદાન;<br>
સ્થાન બન્યું તીર્થસ્થાનના જેવું, શું કરીએજ વખાણ રે—રવિ૦

જોનારાની જીન્દગાની જરૂરજ, થઇ છે સફળ પ્રમાણ;
નહિ આવ્યા તેને ઓરતો રહેશે, સાંભળતાં આ બ્યાન રે-રવિ૦

**ઘનશ્યામસિંહજી** મહારાજ ઘણું જીવો, **રાજસાહેબ** મહેરબાન'
સંઘની ભક્તિ કરી અતિ હર્ષે, આપ્યાં ઉત્તમ માન રે-રવિ૦

મનસુખ હર્ષમાં ઘેલો બનીને, ભાવે ગાવે ગુણગાન;
નૃપતિજી ને સંઘવીજી સ્વીકારો, અંતરના સન્માન રે-રવિ૦

ઉપર પ્રમાણેની કવિતા ગવાઇ રહ્યા બાદ નામદાર રાજસાહેબનો, મે. દીવાનસાહેબનો તેમજ ધ્રાંગધ્રાના સંઘનો, સંઘવી તરફથી આભાર માનવામાં આવ્યો હતો. અને "જૈન શાસન દેવકી જય" ના પ્રચંડ જયઘોષ સાથે આ મહોત્સવ સમાપ્ત થયો હતો.

દરબારશ્રી સંઘના દેરાસરે પધાર્યા હતા. અને **૧૦૧) રૂપિયા પ્રભુ આગળ મુકી પ્રેમથી દર્શન કર્યાં હતા,** ત્યારબાદ સંઘમાં સમવસરણની રચના થઇ હતી-ત્યાં પણ દરબાર શ્રી **દર્શને ગયા અને રૂા. ૫૧) ધર્યા.**

મહોત્સવનો આ મહા પ્રસંગ જગતના **જૈન** ઇતિહાસમાં સુવર્ણાક્ષરે અંકિત બની અમર રહેશે. અને ભારત સમ્રાટ અકબરે જેવી રીતે **અમારી પટહ**ની ઘોષણા પોતાના સમસ્ત રાજ્યમાં કરી અમર કીર્તિ સંપાદન કરી હતી, અને આજપણ જૈનો એ કાર્યને સંભારી પુલકીત બની રહ્યા છે. જૈન ઇતિહાસ પણ આજ એ સમ્રાટના ઉજ્જવળ કાર્યથી જે મગરૂબી ધરાવી રહેલ છે, તેવીજ મગરૂબી અને તેવાજ સંસ્મ-

રહ્યો ભવિષ્યની જૈન પ્રજા પોતાના હૃદયમાં ઝીલી રાખશે અને ધ્રાંગધ્રા નરેશના આ અમર કાર્યને યાદ કરશે. આ અમર કીર્તિના યશોગાન યુગના યુગ સુધી પણ નહીં ભૂલાય.

વળી પૂર્વે મહાન્ સંઘવીઓએ કરેલા મહાન્ કાર્યો, કે જેને લીધે જૈનપ્રજા ઉજ્જવળ બની જગત્ સન્મુખ ખડી છે; અને અનહદ માન સંપાદન કરી રહી છે. તેવું જ માન તેવું જ ગૌરવ, ભવિષ્યની જૈન પ્રજા સંઘવીશ્રી નગિનદાસ કરમચંદના આ મહાન કાર્યને આલમના ચોગાનમાં ધરી મેળવશે.

આ માનપત્રનો મહોત્સવ પૂર્ણ થયો પરંતુ જોવા આવેલા માનવ હૃદયોમાં આ બનાવ સદાકાળને માટે જડાઇ ગયો. એજ રાત્રે સંઘવી મંદિર પાસે ધ્રાંગધ્રાના ખેડુત વર્ગે સંઘ સંબંધીના તેમજ બીજા સુંદર રાસ ગાઇને હૈયાનો ઉત્સાહ ઉજવ્યો હતો.

આ પ્રમાણે ત્રણ દહાડા ચાલ્યા ગયા. સંઘવીજીએ ધ્રાંગધ્રાના દેરાસરજીમાં ને સાધારણખાતામાં રૂા. ૫૦૦૦) પાંજરાપોળમાં રૂા. ૫૦૦) અને બીજા બહાર ગામથી આવેલાઓને રૂા. ૨૫૦૦) કુલ આઠ હજાર લગભગ આપ્યા. ( સખાવતની સંપૂર્ણ નોંધ ત્રીજા ખંડમાં છે. ) ઉપરાંત સંઘવીશ્રીએ આ મહોત્સવની પુણ્યતિથી જળવાઇ રહે એટલા ખાતર ધ્રાંગધ્રા અનાથાશ્રમમાં રૂા. ૨૫૧) આપી, આ પૂણ્ય તીથિના દિવસે પ્રતિવર્ષે તેના વ્યાજમાંથી બાળકોને મિષ્ટાન્નનું જમણ આપવાને વ્યવસ્થા કરી હતી.

પોષ વદી સાતમના મંગળ પ્રભાતે સંઘ ત્યાંથી વિદાય થયો, આ વખતે પણ સુંદર બેન્ડવાજાઓ સહિત ઘણીજ ધામધુમથી રાજ્યના માનવંતા શ્રી દિવાન સાહેબ વળાવવા માટે લગભગ એક માઇલ સુધી આવ્યા હતા અને આગળ જતાં રસ્તો વિકટ આવતો હોવાથી, સંઘના સંરક્ષણ ખાતર બીજા વધારે માણસો મોકલાવવાની ઉદારતા શ્રી દિવાન સાહેબે બતાવી હતી. ધન્ય છે આવા ધર્મપ્રેમી નરેશને અને આવા માયાળુ દિવાનોને !

ધ્રાંગધ્રાનું આ સન્માન અપૂર્વ ગણાય, આ સન્માનના કાર્યમાં ધ્રાંગધ્રાના સંઘ તરફથી, રા. રા. ભુરજીભાઇ કે જેઓ રાજયના માનવંતા અધિકારી છે તેમજ ભાઇશ્રી હરીલાલ જુઠાભાઇ વિગેરે ભાઇઓએ ઉતારા વગેરેની સગવડ માટે ઘણો સારો પ્રયાસ કર્યો હતો. તેમજ ના૦ પોલીસ કમીશનર સાહેબ મે૦ દાદુભાસાહેબે પણ સંઘના રક્ષણનો સારો બંદોબસ્ત રાખ્યો હતો.

ધ્રાંગધ્રા મોટું શહેર છે. રસ્તા તથા બજારો ભવ્ય છે. બે દેરાસર છે. એક વાસુપૂજ્ય સ્વામિનું અને બીજું અજીતનાથ પ્રભુનું, જૈનોના લગભગ ૫૦૦ ઘર છે. ૩૦૦ સ્થાનકવાસી અને ૨૦૦ દેરાવાસી.

દરબારશ્રીએ મેળાવડાના પ્રસંગે જે સાત દહાડાનું ફરમાન બ્હાર પાડયું હતું તે પાછળથી બાર દહાડાનું રાજ્યના ગેઝેટમાં પ્રસિદ્ધ થયું છે. તે નીચે પ્રમાણે:—

## ધ્રાંગધ્રા.

### શ્રી હજુર હુ. નં. ૯.

પાટણ નિવાસી શેઠ **નગીનદાસ કરમચંદ** તથા તેમના ભાઇઓ કચ્છમાં **જૈન સંઘ** લઇને જતાં શહેર ધ્રાંગધ્રામાં રોકાયેલા, અને તેમનો **મહાન ભક્તિભાવ જોઈ** નામદાર મહારાજા **રાજસાહેબ** બહાદુરે ફરમાન કર્યું છે કે **આ સંઘની યાદગીરી**માં સ્વસ્થાન ધ્રાંગધ્રામાં કસાઇની દુકાનો અમુક તિથીઓએ બંધ રાખવી તે તીથીઓ હવે નક્કી થઇ જતાં ફરમાવવામાં આવે છે કે રાજ્ય ધ્રાંગધ્રાંમાં નીચે પ્રમાણે જણાવેલી તિથીઓના દિવસે કોઇ પણ **કસાઇએ પશુવધ કરવો નહીં** અને જો કોઇ કરશે તો તેને આ હુકમનો અનાદર કર્યા બદલ કાયદેસર સજા થશે.

### મુકરર થયેલા દિવસો.

**૧ નામદાર મહારાજા રાજસાહેબ બહાદુરનો શુભ જન્મ દિવસ.**

**૨ નામદાર મહારાજ કુમાર સાહેબનો શુભ જન્મ દિવસ.**

**૩ શેઠ નગીનદાસ કરમચંદે કાઢેલ 'સંઘે' ધ્રાંગધ્રા શહેરમાં મુકામ કર્યાનો દિવસ પોષ વદી ૪.**

**૪ મહાશિવરાત્રી.** **૫ રામનવમી.**

**૬ ચૈત્ર શુદી પૂર્ણિમા.** **૭ શ્રી કૃષ્ણ જયંતી.**

**૮ પર્યુષણનો પહેલો દિવસ ૯ ભાદરવા શુદ ૧**
**૧૦ ભાદરવા શુદ ૪. ૧૧ કારતક શુદી પૂર્ણિમા**
**૧૨ મકર સંક્રાંતિ.**

જાણુ તથા અમલ થવા આ હુકમ રાજ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવો.

| | |
|---|---|
| સને ૧૯૨૭ તા. ૭ માહે મે. | નામદાર મહારાજ સાહેબના હુકમથી |
| જનરલ બ્રાંચ હજુર | **માનસિંહજી ડ. ઝાલા.** |
| ઓફીસ સેક્રેટરી. | દિવાન સં૦ ધ્રાંગધ્રા. |

**ચુલી** પોષ વદી ૭ મંગળવાર.

ધ્રાંગધ્રાથી ચુલી ૪॥ ગાઉ થાય. રસ્તો પથરાળ હોવાથી ગાડાઓને બહુ આકરૂં પડયું હતું. વચ્ચે ' સોલત ' નામનું એક નાનુ ગામડું આવે છે. આ ગામમાં અને ચુલીમાં જૈન ઘર કે દેરાસર નથી પરંતુ ગામ લોકોનો ભાવ ઘણો સરસ હતો અને ટોળે ટોળાં—" હાલો શેઠીયાનું રૂપાનું ઠાકર મંદિર જોઇ આવીયે ને દરશન કરી પાવન થઇયે." આ પ્રમાણે કહેતા પ્રેમથી સંઘના દેરે દરશન કરી જતા.

**હળવદ** પોષ વદી ૮–૯.

ચુલીથી હળવદ સાડાપાંચ ગાઉ થાય. વચ્ચે ' સુખપર ' નામનું ગામડું આવે છે; પણ જૈન ઘર એકેય નથી. હળવદ એ પહેલા કાઠીયાવાડનું એક મથક ગણાતું. આંહી એક વાસુપૂજ્ય સ્વામીનું સુંદર દેરાસર છે. લગભગ ૧૦૦

હળવદમાં શેઠ ચુનીલાલ કમળશીને ત્યાં
સંઘવીજીનું સ્વાગત.



Pho. C. J. Shah.

ક. ગિ. મ. યાત્રા. પૃ. ૯૭.

આનંદ પ્રી. પ્રેસ–ભાવનગર.

ઘર જૈનોના છે. આ ગામમાં શેઠના ભાગીદાર શા. ચુનીલાલ કમળસી ( ચુનીમામા ) રહેતા હતા. ચુનીભાઇનું સ્વાગત પ્રેમ ભર્યું હતું. સંઘના પડાવ સ્થળથી ઠેઠ ગામના દેરાસર સુધીના રસ્તાને ધ્વજા-પતાકાથી શણગારવામાં આવ્યો હતો. ધ્રાંગધ્રામાં માનપત્ર મહોત્સવ વખતે " અમર હો સંઘવી ખ્યાશ " ની ભાવના ભર્યા કાવ્ય જેવા સુંદર સૂત્રો રસ્તામાં ઠેર ઠેર રોપવામાં આવ્યા હતા. શ્રી દેરાસરજીને તો ધ્વજા પતાકાથી ભરચક શણગારવામાં આવેલ હતું. બ્હાર એક વિશાળ મંડપ પણ ગોઠવ્યો હતો. સામૈયાની શોભામાં પણ ચુનીભાઇનો પરિશ્રમ સારો હતો. બીજે દહાડે ચુનીભાઇ તરફથી જમણ હતું. અને સંઘવીજીના આમંત્રણથી આવેલા સંબંધીઓને સ્હવારે ચા, નાસ્તા કરાવ્યા હતા. છહરીપાળતા અને એકાસણા કરતા યાત્રીઓને પણ જમણમાં ઘણીજ સુંદર-વાનીઓ પીરસવામાં આવી હતી. વળી ચુનીભાઈ સંઘ સાથેજ યાત્રા કરતા હોવાથી સંઘની જરૂરીયાતોનો પુરો અનુભવ તેઓશ્રી એ જાણ્યો હતો એટલે સંઘને હળવદનો સત્કાર ઘણો મીઠો લાગ્યો હતો.

હળવદ ઘણું પ્રાચિન ગામ છે. અહીં ઇતિહાસ પ્રેમીઓને જોવા લાયક ઘણી જગ્યાઓ છે. ચુલીથી હળવદનો રસ્તો વિહાર કરતા મુનિમંડળને તથા પગે ચાલતા યાત્રાળુઓને બહુજ આકરો લાગ્યો હતો.

આચાર્ય મહારાજ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી પોતાના શિષ્ય સમુદાય સાથે ધ્રાંગધ્રાથી આગળ ન આવી શકવાથી

સાધુ—સમાજમાં તેમની ન્યુનતા જણાતી હતી તેમજ પં. ભક્તિવિજયજી (રાધનપુરવાળા) પણ પોતાના શિષ્ય સમુદાયે સાથે પાછા વિહાર કરી ગયા હતા. એટલે આંહી લગભગ ૬૫ થાણાં સાધુઓના હતાં અને ૨૬૭ થાણાં સાધ્વીજીઓનાં હતા.

વાંટાવદર. પોષ વદી ૧૦ શુક્રવાર.

હળવદથી વાંટાવદર ચાર ગાઉ થાય. વચ્ચે 'રાયસંગપર' નામનું એક નાનું ગામડું આવે છે, આ ગામડાનો લોકવર્ગ ગામને પાદર સંઘ જોવા માટે ઢોલને ત્રાંસા વગાડતો ઉભો હતો અને એક ઢેઢનો બારોટ, સંઘવીજીની કીર્તિ કથા રસમય શૈલીમાં હલકથી કથી રહ્યો હતો. અને જ્યારે સંઘવીજીનો સીગરામ એ રસ્તેથી નિકળ્યો. ત્યારે આ બારોટને સંઘવીજીએ રાજી કર્યો હતો. વાંટાવદરમાં ચાર ઘર જૈનોનાં છે એક ન્હાનું એવું રમ્ય દેરાસર પણ છે મુળનાયક શ્રી ચંદ્રપ્રભુની મનોહર પ્રતિમાજી બિરાજી રહ્યા છે. આ પ્રતિમાજી ચારસો વર્ષ પહેલાના જુનાં છે. આ ગામમાં પહેલાં જૈનોના ઘર પુષ્કળ હતા અને જૈનોનુંજ ગામ હતું એવી લોકવાણી અત્યારે પણ નિકળે છે. આંહી સંઘનો પડાવ નદી કિનારે પડયો હતો. આસપાસના ગામડાઓના લોકો ટોળાબંધ સંઘને જોવા માટે આવતા હતા. સંઘવીજીના અને સંઘવણના દર્શન કરવાને તેમનાં તંબુ પાસે ગીરદી ચીકાર રહેતી હતી. અને લોકો "આતે શેઠીયો છે કે કોઇ મોટો રાજા છે?" એ પ્રશ્નમાંજ ગુંચવાઇ રહેતાં રૂપાનું મંદિર નિરખીને પણ

લોકોના હૃદયમાં ધર્મ પ્રત્યે લાગણી જાગતી હતી; અને હોંસે હોંસે પ્રભુના દર્શન કરી પોતાને પાવન માનતા.

**સુરવદર** પોષ વદી ૧૧ શનિવાર.

વાંટાવદરથી સુરવદર ચાર ગાઉ થાય આ ગામથી ધ્રાંગધ્રાની હદ પુરી થાય છે. જૈનોના માત્ર બેજ ઘર છે. ગામ બહુ મોટું નથી સો ઘરની વસ્તીવાળું ગણાય, આંહી દેરાસર નથી પણ એક જૈનભાઇને ઘેર સિદ્ધચક્રનો ફોટો અને બીજી છબીયો છે, તનાં દર્શન કરવા સંઘ ગયા હતો.

**વેણાંસર** પોષ વદી ૧૨ રવિવાર.

સુરવદરથી વેણાંસર પાંચ ગાઉ થાય. વચ્ચે વેજલપર 'અને' કુંભારીયા ' નામના બે ગામડાઓ આવ્યાં હતાં. આ બન્ને ગામના માણુસો સંઘ જોવા ગામને પાદર ઉભા રહ્યા હતા. આંહીથી મોરબી રાજ્યની હદ હતી. વેણાંસર પણ મોરબી તાબે છે. આ ગામમાં જૈનોના બે ઘર છે. અને એક ઉપાશ્રયમાં ઘરદેરાસર છે. સંઘનો પડાવ એક ટેકરા ઉપર થયો હતો આંહીથી રણ શરૂ થવાનું હોવાથી યાત્રાળુઓ સઘળી તૈયારીઓ કરવા લાગ્યા હતા. કોઇ પાણીની સગવડ તો કોઇ ભાસાની સગવડ તો કોઇ એવી બીજી સગવડો વિગેરેની ધમાલમાં સંઘાળુઓ મશગુલ હતા સંઘવીશ્રી પણ વેણાંસરથી માણાબા સુધી રણનો માર્ગ જોવા મોટરમાં બેસીને ગયા હતા અને રણની કાંધી પર છહરીપાળનારાઓ માટે ઉકાળેલા પાણીની તેમજ બીજી ભાતાની સગવડ કરાવી હતી, રસ્તો સારો લાગવાથી સંઘમાં જાહેર કરી દીધું કે "સ્હવારે ચારવાગે સૌએ ગાડા જોડવા."

# યાત્રા ( ચાલુ ).

## ( કચ્છ-વાગડ. )

### ( ૬ )

માણાબો. પોષ વદી ૧૩ સોમવાર.

વેણુાંસરથી માણુઓ આઠ ગાઉ થાય. વચ્ચે છ ગાઉનુ રણ આવે છે. અને બે ગાઉની કાંધી આવે છે. વેણુાંસરથી પરોઢીએ ચાર વાગ્યે ગાડાઓ ઉપડ્યા, યાત્રાળુઓના હૃદયમાં રણની જે મહાન્ ધાસ્તી હતી તેમાંનુ તો સ્વપ્ન પણ જણાયું નહીં ગાડાવાળાઓ પણ એમજ ધારતા કે હવે રણમાંથી પાછા દેશમાં આવીશું નહીં, પરંતુ સુકાયેલું રણ જોતા એના હૃદયમાં કલ્લોલ અને આનંદ ઉભરાયો. રણમાં રેતી નામનીજ હતી. જે ગાડાઓ ચીલો છોડી જતા તે ગાડાઓને જરા મુશ્કેલી પડતી, બાકી સંઘવાશ્રીની મોટરલોરીઓને અડચણુ પડેલી ચાલનારાઓને તો બહુજ આનંદ હતો સંઘ લગભગ દશ વાગ્યે કાંધી ઉપર પહોંચ્યો. આંહી સંઘવીશ્રી તરફથી છહરી પાળનારાઓ તેમજ સાધુ-સાધ્વીઓ માટે વિસામો લેવાની તેમજ ખાવા પીવાની સગવડ થયેલી હતી. તેમજ આ કાંધી ઉપર ખારીચું ખડ હોવાથી સંઘના ગાડાવાળાઓએ પણ આંહી વિસામો લીધો, અને બળદોએ પણ વાગડનું ખારીચું ખાઇને મોળ ભાંગી.

સંઘ માણાએ અગીઆર વાગ્યે પહોંચ્યો માણાએમાં પ્રવેશ કરતાજ કચ્છના મહારાવશ્રીના ૨૦ પોલીસો એક રાવટી નાખીને ખુલ્લી તરવારે ખડા હતા. યાત્રાળુઓએ જાણ્યું કે થઇ રહ્યું ! હવે શા' સાહેબના માણસો જકાત માટે આપણા પોટલાં વિગેરે ચુંથશે અને આપણી પુરી કમબખ્તી થવાની. આ વિચાર યાત્રાળુઓને ગભરાવી રહ્યો હતો. પણ સાંજ પડી ત્યાંસુધી કોઇના પોટલા બચકા ન ચુંથાણા સૌએ ધાર્યું કે આવતી કાલે જરૂર ચુંથશે. ત્યાં રાત્રે સંઘવી-મંદિરમાં કચેરી ભરાણી અને કચ્છ-પ્રવેશની વાતો ચર્ચાવા લાગી. ત્યાં પેલી પોલીસ ટુકડીના સરદાર કચેરીમાં આવ્યા. સંઘવીશ્રી મળ્યા અને માનપૂર્વક તેમને સારૂ આસન આપ્યું. પછી તે ભાઇએ મહારાવશ્રી તરફથી આવેલો લખોટો સંઘવીશ્રીને આપ્યો સંઘવીશ્રીએ તે વાંચ્યો, અને સંઘને સંભળાવ્યો. સાંભળતાંજ સંઘાળુઓનાં હૈયાં વેંત વેંત ઉછળવા લાગ્યાં અને સૌના મુખપર હાસ્યની રેખાઓ તરી વળી સૌના હૃદય બોલવા લાગ્યા કેઃ—"ધન્ય છે કચ્છના માહારાવ ને ધન્ય છે તેમના ધર્મ પ્રેમને." એ લખોટો મહારાવશ્રીએ અંજારના વહીવટદાર સાહેબ ઉપર બીડયો હતો. અને આ લખોટાનો શુભ સંદેશો આપનાર પણ વહીવટદાર સાહેબ પોતેજ આવ્યા હતા. એ લખોટામાં લખેલી હકીકતનો ભાવાર્થ નીચે પ્રમાણે હતોઃ—

**"પાટણના એક ગૃહસ્થ મોટો સંઘ લઇને મ્હારા દેશમાં આવે છે માટે જકાત માટે તેઓ કહે**

**તે નોંધી લેશો. અને તમે જાતે સ્વારો સાથે માણા-બોજજો અને તેમની ચોકી-જાપતાની પુરતી કાળજી રાખજો અને બનતી મદદ કરજો."**

અહા ! કેવું વિશાળ હૃદય ! ! સંઘવીશ્રીને ના૦ મહારાવશ્રી સાથે જરા પણ પરિચય ન્હોતો અને ના૦ મહા-રાવશ્રીએ પોતાના હૃદયની અમિરાત આ પ્રમાણે પ્રથમ ઘડીએજ બતાવી. તે કાંઇ ઓછી સહૃદયતા ન કહેવાય.

ના૦ મહારાવશ્રીનો આ સંદેશો વહીવટદાર સાહેબ સંભળાવીને રાતો રાત અંજાર ગયા અને પોલીસ ખાતાને પુરતી કાળજીથી સંઘની ચોકી રાખવા માટે હુકમ આપતા ગયા.

આ દિવ્ય-સંદેશના સમાચાર રાતો રાત સંઘમા પ્રસરી ગયા. સર્વ સંઘાળુઓને જાણ થતા સૌના હૃદય હર્ષથી દ્રવ્યાં અને શાસન દેવીનો ઉપકાર માની ના૦ મહારાવશ્રીની આ ઉદારતાને સૌ વખાણવા લાગ્યા.

માણાબો એ સરહદનું નાકું છે. આ ગામમાં એકસો પચીસ ઘરની વસ્તી છે. અને જૈનોના ચાર ઘર છે. દેરાસર નથી. આંહી સંઘ જોવા માટે આસપાસના ગામડાઓમાંથી લગભગ ૨૦૦૦) જૈનો આવ્યા હતા. આ જૈનોનો ધંધો ખેતી છે. આ લોકોનો પહેરવેશ કાઠીયાવાડના કણબીને મળતો આવે છે. આ જૈનભાઇઓને પ્રથમ વાર જોતાં તેઓ જૈન હશે કે નહીં તે શંકા થયા વગર ન રહે. આહીંથી ભાષા પણ બદ-

અખંડ પ્રૌઢ પ્રતાપ, મહારાજાધિરાજ,

**મિરજાં મહારાવશ્રી સર ખેંગારજી સવાઈ બહાદુર**

જી. સી. એસ. આઈ. જી. સી. આઈ. ઇ.



જેમના સૌજન્ય અને આતિથ્ય પ્રેમે શ્રી સંઘને મુગ્ધ કરી દીધો હતો. પાંચ હજાર માણસના આ વિશાળ સંઘની જગાત માફ કરી. શ્રી સંઘને જમાડી રસ્તાઓની અનેક સગવડો કરી આપી હતી

**અમર હો ! ધર્મધુરંધર કચ્છ નરેશને.** પૃષ્ટ. ૧૦૨

પ્રકાશકઃ
જૈ. સ. વાં. ભાવનગર. } સ્વદેશના "બંધુ કૃત્યથી."

લાય છે. સંઘની આ વિશાળ ભવ્યતા જોઇ તે લોકો અરસ પરસ બોલી રહ્યા હતા કે:–"**હીં સંઘનાય હીં તો માડુજો મેરામણ આય.**" (આ સંઘ નથી પણ માનવોનો દરીયો છે) વળી આંહીથી ચલણ પણ બદલાતું હતું એટલે સંઘવીશ્રીએ કચ્છનું ચલણ ( કોરી, ઠીંગલા, પાંચીયા, આધીયા, ઢબુ, દોકડા વિગેરે ) સંઘવી–મંદિરમાંથી યાત્રાળુઓને મળે એવી સગવડ પણ કરી હતી.

પોષ વદ ૧૪–૦))

માણાબાથી કટારીયા સાડા પાંચ ગાઉ થાય રસ્તો જરા વિકટ ખરો. માર્ગમાં **રાયથરી** (રાજસ્થલી) અને **ચાંદરોળી** નામના બે ન્હાના સૌન્દર્ય પૂર્ણ ગામડાઓ આવે છે. રાયથરી ગામ અત્યારે ચારણો ભોગવી રહ્યા છે. અને ચારણોની વસ્તી વધારે છે. ચાંદરોળી પણ નાનું ૬૦ ઘરનું ગામડું છે. કચ્છ–( વાગડ ) ની પોલાદ જેવી ભડ પ્રજાના દર્શન સંઘને આંહીથી થવા લાગ્યાં માણસોના મોઢાપર લોહી કુદી રહ્યું હતું. સંઘ તથા સંઘવીના દર્શનાર્થે આ વીર પ્રજા ગામને પાદર ટોળા બંધ ખડી હતી.

કટારીયા તે ( વાગડનું ) જૈનોનુ તિર્થ ગણાય છે. આ ગામમાં જૈનોના ૭ ઘર છે અને અન્ય ૨૫૦ ઘર છે. જમીન સાધારણ પણ ગામની આસપાસ સૌંદર્ય સારૂં છે. આ ગામમાં શ્રી **મહાવીર** પ્રભુનું એક ભવ્ય જીનાલય છે, પ્રતિમા ઘણુંજ સુંદર પ્રતિભા ભર્યાં દિવ્ય છે. દર્શન કરના-

રાએ પ્રભુના વદન સામે જોયા કરે તોય કલાકોનાં કલાક થઇ જાય એવાં મનોહર છે. આંહીથી ત્રણ ગાઉ **વાંઢીયા** કરીને એક ગામ છે. આ ગામમાં પણ એક વિશાળ જીનાલય છે અને **ચંદ્રપ્રભુજીના** સુંદર પ્રતિમાજી છે વાંઢીયામાં જૈનના ૪૦ ઘર છે. સંઘના માણસો આ ગામમાં યાત્રા કરવાને ગયા હતા.

આ તિર્થનો ઇતિહાસ ઘણો સરસ છે:—

**લાખાકુલાણીના** વખત પૂર્વે વાંઢીયા અને કટારીયા બંને ભેગા મળી " **આનંદપુર** " નામની નગરી હતી. આ નગરીમાં અનેક કોટયાધિપતિ જૈનો રહેતા હતા. વળી દરિયો પણ નજીક હતો. આ વિશાળ નગરીમાં **જગત્પાલક જગડુ શાહના** પણ ભવ્ય પ્રાસાદો હતા. અને બીજા કોટયાધિપતીઓની ગગન ચુંબિત હવેલીઓ હતી. કુદરતનો એતો ક્રમ છે કે "આજે જેની ચડતી કલા, કાલે તેની પડતી કલા." આ નિયમાનુસાર આ નગરી પર એવા અનેક હુમલાઓ થયા. અને નગરી ભાંગી મુસલમાનોના ધાડાઓ પણ પડવા લાગ્યા. દહેરાઓ તુટયાં. પ્રાસાદોનો નાશ થયો. લક્ષ્મી દટાઇ. સાગર પણ દુર થયો. અને પ્રજા જીવ લઇને નાશી છુટી પછી જે બે ભાગ અવશેષ રહ્યા હતા તેનાં બે ગામડા થયા એક કટારીયા અને બીજું વાંઢીયા. આવા નામો પડવાનું કારણ એ હતું કે આનંદપુરના ઉત્તર ભાગમાં એક મસ્તબાવો રહેતો હતો અને પોતે બકરા ગાડરને પાળતો હતો. આ બકરા ગાડરને રાખવાનો પોતે વિશાળ વાડો કર્યો હતો. વાગડમાં આ વાડાને " વોઢ " કહે

છે. જ્યારે દુશ્મનો આનંદપુર ઉપર ચડી આવ્યા અને લડાઇ કરી. તેમાં રાજા પડયો. ત્યારે આ મસ્ત બાવાએ ઉત્તર વિભાગમાં વિરતાથી દુશ્મનો સામે યુદ્ધ કર્યું. અને દુશ્મનોને તોબા તોબા પોકરાવ્યા, પછી બાવો ત્યાં પડયો. અને દુશ્મનો આનંદપુરને લુંટીને નાઠા. આ બાવાના 'વોઢ' વાળી જગ્યાપર જ્યાં બાવાનું વિરત્વ છંટાયુ હતું ત્યાં ફરીથી ગામ વસ્યું અને તેનું નામ 'વાંઢીયા' પડયું. આ બાજુ આનંદપુરના દક્ષિણ વિભાગમાં જ્યારે દુશ્મનો લડી રહ્યા હતા ત્યારે એક શુરી ક્ષત્રાણી હાથમાં નગ્ન કટારી લઇને ખુલ્લા કેશે રણક્ષેત્રમાં કુદી પડી. આ વીરક્ષત્રાણીના સ્વામિને દુશ્મનના સેનાપતિએ મારી નાખ્યો હતો. તેનું વેર લેવા તે સેનાપતિને શોધી રહી હતી. આખરે તે વીર બાળાએ સેનાપતીને શોધ્યો. અને ઘોડા પરથી તેને પછાડી તેની છાતીપર ચડી બેઠી અને એક હાથ જેવડી કટારી એ યવનના હ્રુદયમાં હુલાવી દીધી. યવનો અને એ વીર–રમણી પણ આ લોકમાંથી પરવારી આનંદપુર પણ શ્મશાનવત્ બન્યુ. જાહોજલાલી પળમાં ચાલી ગઇ. આજે એજ સ્થળે આ વીરનારીનો પાળીઓ છે અને એની કટારીના શૌર્યની યાદી રાખવા ત્યાં કટારીયા નામનું ગામ વસ્યું છે.

આજપણ વાંઢીયા અને કટારીયા વચ્ચેના માર્ગમાં તેમજ વાંઢીયામાં પૂર્વના ભવ્ય પ્રાસાદોના ભગ્નાવશેષો મોજુદ છે. એક પ્રાચિન દુર્ગ પણ ( ભગ્ન દશામાં ) ભૂત કાળની જાહોજલાલીની સાક્ષી પુરતો ખડો છે.

વાંઢીયા તેમજ કટારીયાના બન્ને દેરાસરોનાં પ્રતિમાજી

ઘણાં પ્રાચિન છે. કટારીયાના દેરાસરની તો અન્ય કોમમાં માનતાઓ ચાલે છે.

કટારીયામાં પણ વાગડનું બે હજાર માણસ સંઘ જોવાને આવ્યું હતું. અને સંઘવીશ્રીનું સામૈયું ઘણાંજ ઠાઠથી, ઉત્સાહથી તેમજ પ્રેમથી નિકળ્યું હતું. વાગડના ગામડીયા લોકો સંઘના વાજા–સંઘના તંબુ–સંઘની મોટરો વિગેરે જોઇને આંડાતુર બની જાય અને શેઠને જોવા માટે તો દિવસના બારેય કલાક શેઠના તંબુ ઉપર માનવ–મેદનીનો મારો રહ્યા કરતો. કોઇ દિવસ નહીં જોયેલી સામગ્રી જોઇને વાગડના જૈન ભાઇઓનાં હૃદયમાં ધર્મપ્રેમની ખુમારી પેદા થતી, અને હૃદયમાં માન ઉત્પન્ન થતું કે અમારો ધર્મ આવો મહાન શક્તિવાળો છે; મહાન તેજસ્વી છે.

લાકડીયા. માઘ શુ. ૧ ગુરૂવાર.

**કટારીયા** થી **લાકડીયા** ત્રણ ગાઉ થાય. રસ્તો સારો હતો. આ ગામમાં આજથી ૪૦ પૂર્વે વર્ષ શ્રાવકના ૬૦૦ ઘર હતા. પરંતુ આપણા સાધુ મુનિરાજાઓનો સંસર્ગ નહીં રહેવાથી અને સ્થાનકવાસી સાધુઓના ચાર્તુમાસ પુષ્કળ થવાથી આજ ૪૫૦ ઘર સ્થાનકવાસીના થયા છે અને ૧૫૦ ઘર દેરાવાસીના રહ્યાં છે, હજીપણ જો મુનિ વર્ગ આ તરફ ધ્યાન નહીં આપે તો કેટલા ઓછાં થઇ જશે તે ન કહી શકાય. આ પ્રદેશમાં વીસા ઓસવાળની વસ્તી વધારે છે, આંહીનું દેરાસર કારીગરીવાળું છે. નકસીદાર કોરણી અને રંગબેરંગી રંગરોગાનથી

દેરાસરની શોભા ઘણી મનોહર લાગે છે. મુળનાયકજી શ્રી શાંતિનાથ પ્રભુ છે, પ્રતિમાજી ઘણાં આકર્ષક છે. આહીંના જૈનોને મૂખ્ય ધંધો ખેતી છે અને સૌને ત્યાં જમીનો પણ છે. આંહીથી અમને કચ્છની ભકિતના દર્શન થવા માંડયા આ ગામનાં સંઘે સંઘ માટે દુધ–છાશની સગવડ ઘણી સરસ કરી હતી. સંઘાળુઓનાં હ્રદયમાં એવું હતું કે " કચ્છ–વાગડ તો તદ્દન રસકસ હીન પ્રદેશ છે અને ત્યાં દુધ તો શું પણ પાણીયે નહીં મળે. " પરંતુ આ માન્યતા ખોટી ઠરી. દુધ–છાશનો સતારો તો પુષ્કળ હતો. માટલા ને માટલા સંઘના રસોડે ચાલ્યા આવતાં સૌને એમજ થતું કે શું કચ્છમાં કામધેનું ફુજતી હશે ? હા તેમજ હતું.

લાકડીઆમાં સંઘને ઘણો આનંદ પડયો હતો. અંજાર વિગેરે સ્થળેથી શેઠીઆઓ સંઘવીજીને મળવા માટે આવ્યા હતા. તેમજ વાગડનું પણ હજારેક માણસ સંઘના દર્શનાર્થે સંઘમાં ઘુમી રહ્યું હતું. સંઘાળુઓને કચ્છના ચલણની ખબર પડતી નહીં હોવાથી જરા મુંઝાવું પડતું તેમાંય ગાડાવાળાઓ બહુ મુંઝાતા. વાગડીયા લોકો રૂપિયાથી ડરે. ગુજરાતના ગાડાવાળાઓ કોરી-ઢીંગલાથી ડરે. છતાંય બહુ અડચણ ન્હોતી. આંહી સામૈયાનો તેમજ પુજા–અંગી આદિનો ઠાઠ સારો હતો.

**સામખીયાળી.** માઘ શુ. ૨ શુક્રવાર.

**લાકડીયા થી સામખીયાળી** ચાર ગાઉ થાય. માર્ગ

મધ્યમ હતો આ ગામ ઘણું રમણીય છે. ગામને પાદર એક સુંદર તળાવ છે અને આસપાસ પ્રકૃતિ દેવીની લીલીસાડી સમી વનરાજી છે. આ ગામમાં ૧૫૦ ઘર જૈનોના છે, એક ન્હાનું દેરાસર છે. મુળનાયક શ્રી વાસુપુજ્યસ્વામિની પ્રતિમાજી છે. આંહીના જૈનોનો ધંધો ખેતી છે. આ ગામની પ્રજા માયાળુ છે, સંઘ પ્રત્યે જૈનોનો જ નહીં પણ સારાએ ગામનો અપાર પ્રેમ હતો, આખો દહાડો સંઘના પડાવમાં આ ભાઈઓ ફરી રહ્યા હતા, અને " પ્રણામ-પ્રણામ " દરેક યાત્રાળુઓને શીર નમાવીને કહી રહ્યા હતા. સાધુ-મુનિરાજાઓનાં પાલ પાસે પણ ટોળા વળીને આ ભાવ ભૂખ્યા ભાઈઓ દર્શન કરી રહ્યા હતા અને સૌના હૃદય કથી રહ્યાં હતા કે:—" મહારાજ સાહેબ ! આંહી રહી જાઓ, અમને ધર્મનો માર્ગ બતાવો, અમને તારો તેવી વીનંતી કરતા હતા.

**ભચાઉ** માઘ શુ. ૪ શનિવાર.

**સામખીયાળીથી ભચાઉ** પાંચ ગાઉ થાય. વચ્ચે '**વેંધ**' નામનું નાનું ગામડું આવે છે. આ ગામમાં એક દેરાસર છે. મુળનાયક શ્રી **સંભવનાથ** પ્રભુ છે, આંહી જૈનોના ઘર ૧૫ છે. સઘળાનો ધંધો ખેતી છે. આંહીના જૈનભાઈઓએ ત્યાં દર્શને ગયેલા સંઘાળુઓને પોતપોતાને ઘેર તેડી જઈ. છાશ-રોટલા જમાડયા હતા, અને પ્રેમથી ભક્તિ બતાવી હતી.

**ભચાઉ** ગામ પણ પ્રાચિન છે. એક ટેકરા પર વસેલું છે. આ ગામનો કિલ્લો ખાસ જોવા લાયક છે. કિલ્લામાં પાતાળ

કુવો છે, તેમાં તો દષ્ટી પણ નથી નાખી શકાતી. આંહી એક દેરાસર છે. મુળનાયક શ્રી અજીતનાથ પ્રભુ છે. પ્રતિમાજી મનોહર છે દેરાસર પણ ઠીક કહેવાય. આંહીઆં ૩૦૦ ઘર જૈનોના છે. ધંધોખેતી અને નેસ્તીનો છે. પ્રજા મજબુત છે; સંઘનો પડાવ ગામથી એક માઇલ દૂર રાખવામાં આવેલો હતો. આંહી સ્હેજ પાણીની તંગી જણાઇ હતી. બાકી સંઘ જોવા માટે તો આસપાસના લોકો પુષ્કળ આવતા.

**ચીરાઇ** માઘ શુ. ૫ રવીવાર.

**ભચાઉથી ચીરાઇ** સાડા ત્રણ ગાઉ થાય લાકડીયાથી અંજાર સુધીની સડક હોવાથી માર્ગ સારો હતો. તળાવ મોટું છે. પરંતુ તુટી ગયેલું હોવાથી પાણીનો પુરતો જથ્થો નથી રહેતો. આંહી જૈનોના સાત ઘર છે. એક ન્હાનું દેરાસર છે. મુળનાયક શ્રી **પાર્શ્વનાથ** પ્રભુના ન્હાના પ્રતિમાજી છે. સાદો ઉપાશ્રય છે. [ સામૈયું જે જે ગામમાં દેરાસર હોય છે. ત્યાં થાયજ છે. એટલે હવે પછી જ્યાં સામૈયાની ખાસ વિગત લખવા જેવી હશે ત્યાંજ એ વાત આવશે. પુજા-આંગીનો પણ નિત્ય નિયમ જાણવો. ]

**ભીમાસણ** માઘ શુ. ૬ સોમવાર.

ચીરાઇથી ભીમાસણ (ભીમાસર) ત્રણ ગાઉ થાય. રસ્તો સારો છે. આ ગામમાં એક પણ જૈન ઘર કે દેરાસર નથી. ગામ ન્હાનું છે. આ ભીમાસણને પાદર **દેવી હોથલ** અને **ઓઢાના** પૂનિત પ્રેમથી પવિત્ર બનેલું, **ચકાસર** નામનું એક વિશાળ

સરોવર છે. આ સરોવર જોતાં જ એમ થઈ જતું કે આંહીયા રહેતા હોઇએ તો કેવું સારૂં ! સંઘનો પડાવ આ સરોવરના કાંઠે જ હતો; આસપાસની વનરાજીમાંથી જોતાં સંઘનો દેખાવ ઘણો રળીઆમણો લાગતો હતો.

અંજાર માઘ શુ. ૭–૮

**ભીમાસણ** થી **અંજાર** પાંચ ગાઉ થાય. રસ્તો સારો હતો. વચ્ચે **વરસાબેડી** નામનું એક ગામડું આવે છે. આ ગામ ઠીક છે.

અંજારથી એક માઇલ દૂર એક ભવ્ય મેદાનમાં સંઘનો પડાવ નખાયો. આંહીથી કચ્છ પ્રદેશ શરૂ થાય છે. વાગડના ભાઇઓનાં ટોળાં અહીંથી બંધ થયા. આંહીયા તો રંગીલા કચ્છીઓના ટોળેટોળાં સંઘ જોવાને આવી રહ્યા હતા. અંજારનું સામૈયું સારૂં હતું. પડાવસ્થળથી તે ઠેઠ ગામના રસ્તાઓ સુધી ધ્વજા–પતાકા લગાવી દીધા હતા. સન્માન સુચક સોનેરી શબ્દો પણ શોભી રહ્યા હતા. અંજારની આ તૈયારી માટે શેઠ સોમચંદ ધારશીભાઇ અને શેઠ દેવકરણ મુલજીવાળાનો મુખ્ય હિસ્સો હતો. આ ગામમાં ત્રણ દેરાસર છે. ત્રણેય દેરાસર ખાસ જોવા લાયક છે. કાચનું રંગબેરંગી કામ, કલાભર્યાં ચિત્રો, વિશાળ રંગમંડપમાં સોનેરી અને હીરકરંગનું ચિત્ર કામ, વિગેરે કારીગીરીથી દેરાસરો ઘણાં કલાવાન અને મનોહર છે. એક દેરાસરમાં **શ્રી વાસુપુજયસ્વામિ** બિરાજે છે. બીજામાં

શ્રી શાંતિનાથ પ્રભુ અને ત્રીજામાં શ્રી સુપાર્શ્વનાથ સ્વામિ. પ્રતિમાઓ સુંદર અને નયનરંજક છે, આત્મામાં આરપાર એ મૂર્તિઓ ઉતરી જાય એવા પ્રભાવશાળી છે; દરેક દેરાસર સાથે એક એક ઉપાશ્રય ખરોજ. આંહી દેરાવાસી જૈનોના ૭૫ ઘર છે. સ્થાનકવાસીના ૨૨૫ ઘર છે.

આ ગામ ઘણું ઐતિહાસિક અને પ્રાચીન છે. આંહી જોવા લાયક સ્થળો ઘણાં છે. ગામને ફરતો એક વિશાળ લડાયક દુર્ગ છે. આ દુર્ગ પરના બુરજોમાં અત્યારે પણ તોપો ગોઠવેલી નજરે પડે છે દુર્ગ તદ્દન અખંડિત છે. બીજા ગામ બ્હાર જેસલ-તોરલનું સમાધી સ્થળ, વીર અજયપાળનું મસ્તક, વાવ, કુવા આદિ ઘણું જોવા જેવું છે; આંહીના લોકો સુખી છે, આંહી મુખ્ય ધંધો એટલે કમાવા જેવો ધંધો દીવાસળી અને કોલનવોટરનો છે. અંજારની વખણાતી વસ્તુઓમાં ત્યાંનું રેશમી કાપડ, ભરતકામ, લોખંડના ઓજારો, વિગેરે ચીજો જગમશહુર છે; પરંતુ અંજારનો આ હુન્નર ઉદ્યોગ, પરદેશી માલના બ્હોળા પ્રવેશથી દિવસે દિવસે પડી ભાંગતો જાય છે.

સંઘ આંહી બે દિવસ રહ્યો બંને દિવસ સંઘવી મંદિરે અને સંઘાળુઓના પાલોમાં જોવા આવનારા ભાઇઓની ગીડદી રહ્યાજ કરતી.

**ભૂવડ** માઘ શુદી ૯ ગુરવાર.

અંજારથી ભુવડ છ ગાઉ થાય. રસ્તો નદી નાળાં ડુંગરા

ઓ આદિથી ભરપૂર હોવાથી વિકટ ગણાય. અંજારથી આગલે દિવસે બપોરે ઉપડેલા સંઘવી શ્રીના સીધાસામાનના ૩૦-૩૫ ગાડા લુચ્ચા ભોમીઓ મળવાથી ઉંધે માર્ગે ચડી ગયા હતા અને લુંટવાની ધાસ્તીમાં હતા; પરંતુ સંઘનું રક્ષણ કરતી કચ્છની પોલીસમાંથી એક પોલીસે દૂર ટેકરા ઉપરથી આ ગાડાઓ જોયાં અને તરતજ બંધુકનો બાર કરી એ કાફરોને ચેતવ્યા. બદમાશો નાઠા, પેલો લુચ્ચો ભોમીઓ પકડાયો, તેને ખુબ મેથીપાક જમાડી ઉપરી ખાના તરફ ધકેલી દીધો, આ વખતે પણ સંઘાળુઓ શાસનદેવીનું સ્મરણ કરવું ભૂલ્યા નહીં.

અંજાર થી ભુવડ જવાના બે રસ્તા છે. સંઘના ઘણા ગાડાઓ **ખીડોઇને** માર્ગે ગયા હતા, અને ઘણાં ગાડાઓ "**સુખપર**" ( બગિચો ) થઈ "**મીંદીયાણાના**" માર્ગે ગયા હતા. ખીડોઈ એક હજાર ઘરની વસ્તીવાળું ગામ છે, મીંઢીયાણું એકલા રબારીઓનું જ ગામ છે. રબારીના ઘર લગભગ અઢીસો છે.

**ભૂવડ** ગામ ઘણું જુનું અને ઐતિહાસિક છે. આ ગામની આસપાસ પૂર્વના મકાનોના ભગ્નાવશેષો ઘણાં દષ્ટીગોચર થાય છે. આ ગામનું દેરાસર સાધારણ છે શ્રીઅજીતનાથ પ્રભુના પ્રતિમાજી ઘણાં મનોહર છે. આંહી પહેલા જૈનોના ઘણાં ઘર હતા. પરંતુ મુનિમહારાજાઓના વિરહકાળના પ્રતાપે ઘણા વટલી ગયા; અને ઘણા ચાલ્યા ગયા. આજે ચાર પાંચ ઘર જૈનોના છે. ગામ બ્હાર એક ભવ્ય દેવાલય છે. આ દેવાલય

કુબેરભંડારી જગડુશાહનું બંધાવેલ છે. આ દહેરાનો ભોગવટો એક બાવો ભોગવી રહેલ છે. આ ભવ્ય દેવાલય ઘણુંજ વિશાળ છે. બાર બાર હાથ લાંબા વિશાળ પત્થરના ચોસલાઓ તો થંભીઓ તરીકે વપરાયાં છે. આ મંદિરની રચના બાવન જીનાલયના આકારની છે. ગભારો, રંગમંડપ અને પ્રવેશ દ્વાર જોતાંજ જૈન શિલ્પની પ્રતિતી થયા વગર નથી રહેતી એક વખતના આ ભવ્ય જીનાલયમાં આજે મહાદેવ અને નંદી પૂજાય છે. આંહી શંકા થશે કે આ જૈનોનું જ મંદિર હશે તેનો સબળ પુરાવો કયો ? એના પુરાવા માટે આ મંદિરના ગભારામાં પ્રવેશ કરતાંજ જમણી બાજુના એક સ્થંભપર એક મોટો લેખ છે. આ લેખ ઘણો જીર્ણ થઇ ગયો છે. છતાં બહુ બારીકીથી નિરખતાં નીચે પ્રમાણેનાં શબ્દો વંચાય છે:–

**“ × × × ૧૩+૬ અષાઢ શુદી ૫ × × × કુલ મણી × × પોરવાડ × × × × જગડુશાહ + × × × × × × × ભવિ૦**

તેર અને છની વચ્ચેનો આંકડો એકનો પણ વંચાય છે પાંચ જેવો પણ લાગે છે અને શુન્ય પણ કલ્પી શકાય છે. એટલે નક્કી નિર્ણય ન બંધાય. પરંતુ જગડુશાહનો ઈતિહાસકાળ તપાસતા ૧૩૧૬ નું અનુમાન સપ્રમાણ લાગે.

બીજો પુરાવો લોકવાણી અને મંદિરની બાંધણી.

લોક કથા એવી છે કે:—

" જગડુશાહે મંદિર બંધાવ્યું. પ્રતિમાજી પધરાવવા બાકી હતા. પણ એ વખતે બ્રાહ્મણોનું જોર હોવાથી બ્રાહ્મણોએ શીરજોરીથી મંદિરનો કબજો લઇ લીધો. રાજા પાસે ફરીયાદ ગઈ. રાજા બ્રાહ્મણોથી દબાયેલો અને જગડુશાહની કીર્તિથી અંજાએલો હતો.તેથી કંઇ ન્યાય ન આપી શકયો અને જગડુશાહને ભદ્રેશ્વરમાં પુષ્કળ જમીન આપી સંતોષ પમાડ્યો. જગડુશા ભદ્રેશ્વર ગયા અને ત્યાં એક મંદિરનો જીર્ણોદ્ધાર કરી વિશાળ મંદિર બંધાવ્યું.પાછળથી ભુવડના ભવ્ય જીનપ્રાસાદપર વિજળી પડી. અને શિખર તથા ગભારાનો ઘુમ્મટ પડી ગયો. ( આજ પણ એ પડી ગયેલો ભાગ છે ) આ પ્રમાણેની દંતકથા ચાલે છે. જગડુશાહની ભક્તિ, પ્રતાપ અને ચાતુર્યતાનો વિચાર કરતાં કદી પણ બ્રાહ્મણોના હાથમાં ન જવાદે. પાછળથીજ કંઇક ગોટાળો થયો હોવો જોઇએ સાચું તો જ્ઞાની જાણે.

સંઘને આંહી પડાવ-સ્થળ સારૂં ન્હોતું મળ્યું. તેમજ પાણીની પણ જરા તંગી જણાઇ હતી.

**ભદ્રેશ્વર ( તીર્થ )** માઘ શુ. ૧૦-૧૧-૧૨-૧૩-૧૪

ભુવડથી શ્રી ભદ્રેશ્વરજી ચાર ગાઉ થાય. રસ્તામાં એક પણ ગામ નથી આવતું. માર્ગ ડુંગરાળ છે. ગાડાવાળાઓને તકલીફ પડી હતી. ચાલનારાઓ તો વ્હેલા પહોંચી ગયા હતા. યાત્રાળુઓનાં હૃદયમાં ઉત્સાહ અને ભાવતો માતો ન્હોતો. જે તિર્થના દર્શન કરવા ખાતર આટલાં સંકટો સહન કર્યાં. હશે તે તિર્થપર યાત્રાળુઓનો કેવો ભાવ અને

## શ્રી ભદ્રેશ્વર તીર્થ.



પ્રકાશક—જૈ. સ. વાં. માળા. ફોટો—C. J. Shah. ક. ગિ. મહાયાત્રા. પૃ. ૧૧૫.

આનંદ પ્રી. પ્રેસ—ભાવનગર.

કેટલો પ્રેમ થયો હશે. તે તો વાંચકોજ વિચારી લે. પ્રભુના દર્શન કરવાની તિવ્રઇચ્છાવાળા ઘણાં ભાઇઓ રાત્રીના ત્રણ ગાઉથી ચાલ્યા હતા. અને વ્હેલા દાદાને ભેટ્યા હતા.

સંઘ દશ વાગ્યાના સુમારે આવી ગયો. એક ખેતરમાં પડાવ નાખ્યો: ઘણાં સંઘાળુઓ તો દેરાસરજીની ધર્મશાળામાં અને ગામના મકાનોમાં ઊતર્યા હતા. કારણ કે પાંચદિવસ સુધી રહેવું. એટલે માલની ઉપાધી કોણ વોરે? સંઘનાં સમાચાર આખાએ કચ્છમાં ફેલાઇ ગયેલા હોવાથી કચ્છનું લગભગ બે હજાર માણસ સંઘના દર્શનાર્થે આવ્યું હતું. **ભુજના નગર શેઠ સાકરચંદભાઇ પાનાચંદભાઇ** તથા **માંડવી, અંજાર, મુંદ્રા, સુથરી,** કોઠારા, વિગેરે ગામોના સંભાવિત **ગૃહસ્થો** અને **શેઠીઆઓ** અને આસપાસના ગામડાઓના **હજારો કચ્છી બંધુઓ** સંઘનો **સત્કાર** કરવા અગાઉથી પધાર્યા હતા.

બીજી બાજુ યાત્રાનો લાભલેવા **મુંબઈ, અમદાવાદ, પાટણ,** તથા **કાઠીયાવાડ** તરફથી પણ ઘણું માણસ આવ્યું હતું. અને દેરાસરજીની ધર્મશાળાઓ **ચીકાર** ભરાઇગઇ હતી.

બ્હારના ભાગમાં રમકડાવાળાની મીઠાઈવાળાની તેમજ સીધા સામાનવાળાની પણ વીશ-પચીશ દુકાનો નંખાણી હતી, આંહીનું સામૈયું ઘણું સરસ થયું કહેવાય, જો કે બ્હારનો ભપકો ન્હોતો પરંતુ હૃદયનો પ્રેમ પુષ્કળ હતો.

દાદાના દર્શનાર્થે ગભારામાં પુષ્કળ ભીડ રહેતી સંઘવીજી

તથા સંઘવીયણુશ્રીએ ઘણાંજ પ્રેમથી ભાવથી અને હૃદયના ઉમળકાથી દાદાના દર્શન કર્યા. નયનમાંથી હર્ષના અશ્રુઓ ટપકવા લાગ્યા. જે પ્રભુના દર્શન કરવા ખાતર લાખો રૂપિઆ ખર્ચીને સંઘ કાઢનાર આ સંઘવીશ્રી એ સમયે કેટલો લ્હાવો પોતાના હૃદયમાં ઝીલતા હશે, એ શબ્દોમાં શી રીતે કહી શકાય ?

પહેલે દહાડે સંઘવીશ્રીએ રૂપા મણ ઘીનો ચડાવો કરી પ્રભુની આરતી તેમનાં-પુત્ર પાસે ઉતરાવી હતી. તેમજ મંગળ દીવો ધુપ પુજા આદિના મોટા ચડાવા કરીને અણુમુલો લ્હાવ લીધો હતો.

પ્રભુની આંગીની શોભાતો અપાર હતી. એક તો પ્રભુની અજોડ સૌન્દર્ય સંપન્ન પ્રતિમાજી અને તેપર બહુ મૂલ્ય લાખેણી આંગીની રચના ગુલાબ, જાસુદ, ચંપો-આદિ પવિત્ર પુષ્પોથી કારીગીરી યુકત રચેલું પવાસણ, પ્રભુની આ સ્વર્ગીય આંગીની રચના ખુદ શારદા પણ ન વર્ણવી શકે. સૂર્યથીએ તેજસ્વી એવા નયનોમાંથી ઝરતી પ્રતિભા, વદન મંડળ પર ખીલી રહેલું દિવ્ય તેજ, આસપાસ પથરાઈ રહેલી સુકોમળતા, અને સુરમ્યતા. આવા દિવ્ય ભાવો નિરખી જોનારનો આત્માહુલી ઉઠતો. કરેલા પાપોની ક્ષમા યાચવા, તત્પર થતો. પવિત્ર પરમાણુઓના પ્રબળ પ્રવેશથી હૃદયના મલિન પરમાણુઓ દુર થતા, અને પવિત્રતા જન્મતી, સંસારની અસારતાનો સાક્ષાત્કાર થતો. એ દિવ્ય-પદને વરવા જીવડો તલસી

રહેલા. પ્રેમ–ભાવ–અને–ભક્તિથી હૃદય નાચવા માંડતું. અને ભવિજીવોના અંતરમાં સમક્તિનો પ્રકાશ ઉદય પામતો, આવા પ્રતિભાશાળી અને આત્મજાગૃતિ કરનારા પ્રભુ મહાવીરની મનોહર પ્રતિમાજીને કલાકોના કલાકો નિરખી રહેતાંય, હૃદય તૃપ્ત ન્હોતું થતું.

આંગીની આવી અનુપમ રચના પાંચેય દહાડા થઇ હતી. પૂજાનો પણ આવોજ મહોત્સવ થતો. સાંજે ભાવના વખતે પણ આજ દ્રશ્ય અને આટલોજ આનંદ કોઇ નાચ કરે તો કોઇ પ્રભુના વદન સામેજ લીનતા લગાવી દે–ભાગ્યશાળીઓનાં હૃદય–પલટા આવા–દ્રશ્યો નિરખવાથીજ થઇ જાય છે.

આ સિવાય સંઘના પડાવમાં પણ આટલોજ આનંદ હતો. અને રોજ રાત્રે હજારો બૈરાઓ પ્રભુના રાસ ગાઈને હૈયાનો પ્રેમ દર્શાવતા હતા. સંઘવી શ્રી તરફથી રોજ જુદી જુદી લાણીયો થતી. એક દિવસે તો કોરીઓ ( લગભગ નવ આના ) ની લાણી, કરી હતી. અને લ્હાણીમાં ૨૦૦૦ કોરીઓ જોઇ હતી.

આ પાંચ દિવસમાં ત્રણ પ્રસંગો સ્મરણીય બન્યા હતા. એકતો તીર્થમાળાનો પ્રસંગ આ પ્રસંગે હજારો માણસો, ભેગા થયા હતા. મૂનિમંડળ પણ મ્હોટું હતું લગભગ ચાલીશેક ઠાણાંઓ આવ્યા હતાં. અને ઘણાં ઉત્સાહ વચ્ચે, આચાર્ય મહારાજ શ્રી વિજયનીતિ સૂરીશ્વરજી તથા

**પં. ભક્તિવિજયજી**—( સમીવાળા ) ના શુભ હસ્તે, સંઘવીશ્રીના ન્હાના ભાઇ **શેઠ મણીલાલ કરમચંદ** તથા તેમના **પત્નીએ** તિર્થમાળ પહેરી હતી.

બીજો પ્રસંગ **વિદ્ધવર્ય પં. શ્રી ખાંતિવિજયજી** મહારાજનું સંઘ રચના અને સંઘની મર્યાદા વિષેનું વ્યાખ્યાન. આ વ્યાખ્યાનમાં પણ ઘણાં માણસોએ લાભ લીધો હતો.

અને ત્રીજો પ્રસંગ **માનપત્રનો** હતો આ પ્રસંગ કચ્છ અને ગુજરાતના ઇતિહાસમાં કોતરાઇ રહેશે.

મહા શુદી તેરસના દિવસે, હજારો ભાઇઓની મેદની વચ્ચે સમસ્ત કચ્છના જૈન ભાઇઓ તથફથી સંઘવી શ્રીને માનપત્ર મળ્યું હતું. ( માનપત્ર વાળુ પ્રકરણ વાંચો ) અને કચ્છના કોટયાધિપતિ શ્રીમંતોએ શેઠ શ્રીને પ્રેમ નીરથી નવરાવ્યા હતા.

**ભદ્રેશ્વરજીથી** એક ગાઉપર **વડાલ** કરીને ગામ છે. ત્યાં આપણું જુનું દેરાસર હોવાથી શુદી ૧૨ ના રોજ આખો સંઘ પગે ચાલતો પ્રભાતે યાત્રાએ ગયો હતો. આ ગામ **સાધારણ છે. જૈનોના** ૨૧૦ ઘર છે. ૨૦૦ સ્થાનકવાસી અને ૧૦ દહેરાવાસી આ ગામવાળાઓએ સંઘનું પ્રેમથી સામૈયું કર્યું હતું. શેઠ લધુ ભારમલ તથા ધારશી ભારમલ તરફથી ભાતું આપવામાં આવ્યું હતું.

પાંચેય દહાડા સંઘને ઘણો આનંદ પડયો હતો. સંઘાળુઓ ઉત્સાહ પૂર્વક યાત્રા કરી રહ્યા હતા; અને ભદ્રેશ્વરજીના

ભવ્ય જીનાલયને વારે વારે જોઇ નયન ઠારી રહ્યા હતા. આ પ્રાચિન તિર્થનો ઇતિહાસ તેમજ અત્યારની સ્થિતિ અને અહીંના જોવા લાયક સ્થળો વિગેરે હકિકત નીચે પ્રમાણે:—

**ભદ્રેશ્વરનો પ્રાચિન ઇતિહાસ.**

આજથી લગભગ ચોવીસો વર્ષ પહેલા ભદ્રાવતી નામની આંહી મોટી નગરી હતી. ભગવાન મહાવીરના નિર્વાણ કાળ પછી ૨૩ વર્ષે આ ભવ્ય નગરીમાં દેવચંદ્ર નામના એક ધનાઢ્ય શ્રાવકે એક જીન-મંદિર બંધાવ્યું અને પાર્શ્વનાથ પ્રભુની પ્રતિષ્ઠા કરી.[1] આ પ્રતિમાજીની અંજન શલાકા શ્રી સુધર્મા સ્વામિ ગણધરના હાથે થયેલ છે એવા ચિહ્નો આજ પણ જોઇ શકાય છે. ત્યારપછી કેટલા ઉદ્ધારો થયા તે ઇતિહાસ નથી મળતો; પરંતુ પરમાહર્ત કુમારપાળ મહારાજાએ એક ઉદ્ધાર કરાવેલો છે. એવું અત્યારના જીર્ણ લેખો ઉપરથી જોઇ શકાય છે; ત્યારબાદ સંવત ૧૩૧૫ માં ધનકુબેર જગડુશાહે જીર્ણોદ્ધાર કરાવેલો છે એવો એક લેખ આજ પણ એક સ્થંભપર મળે છે. ત્યારપછી ભદ્રાવતીનું

---

૧ સંવત ૧૯૩૯ ની સાલમાં જ્યારે આ મંદિરનો જીર્ણોદ્ધાર થતો હતો ત્યારે મંદિરની પાછલી દિવાલમાંથી એક તામ્રપત્ર મળ્યું હતું, અને જેની નકલ શ્રીમાન્ પૂ. પા૦ વિજયાનંદસૂરિશ્વરજી તથા રોયલ એશિયાટિક સોસાઇટિ કલકત્તાના ઓનરરી સેક્રેટરી એ. ડબલ્યુ રૂડોલ્ફ હોર્નલ તરફ મોકલવામાં આવી હતી અને તેઓએ શાસ્ત્રીય તપાસથી નિર્ણય કર્યો હતો કે—" ભગવાન મહાવીર પછી ત્રેવીસ વર્ષે દેવચંદ્ર નામના વણીકે પાર્શ્વનાથ પ્રભુનું આ મંદિર બંધાવેલ છે. " લેખક.

પતન થયું જૈનો ન રહ્યા અને દેરાસર એક બાવાના હાથમાં ગયું. બાવાએ મૂળનાયક પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાજીને ઉઠાવી લઇ એક ભોંયરામાં સંતાડી દીધાં. આ ખબર જૈનસંઘને પડી અને જૈનો બાવા પાસે આવ્યા. બાવાને સમજાવ્યો પણ તે ન સમજ્યો. એટલે સંઘે મૂળનાયક તરિકે મહાવીરસ્વામીની પ્રતિમાજીની સંવત ૧૬૨૨ માં પ્રતિષ્ઠા કરી ( આ પ્રતિમા-જીની અંજન શલાકા સંવત ૬૨૨ માં થયેલ છે. ) ત્યારબાદ તે બાવા પાસેથી મૂળ પ્રતિમાજી ( પાર્શ્વનાથ પ્રભુ ) મળ્યા એટલે શ્રાવકોએ તેમને મૂળ મંદિરની પાછળ દેવકુલિકામાં સ્થાપ્યા. આજ પ્રતિમા તે કે જેની શ્રી સુધર્માસ્વામિ ગણધરના હાથે અંજન શલાકા થયેલ છે અને જેની પ્રતિષ્ઠા વણિક દેવ-ચંદ્રે ભગવાન મહાવીર પછી ૨૩ વર્ષે કરાવેલ છે. હાલ પણ આ પ્રતિમાજી વિદ્યમાન છે.

ફરી જૈનોની વસ્તી ઓછી થવાથી આ દેરાસરનો કબજો ત્યાંના ઠાકોરોનાં હાથમાં ગયો; અને કેટલેક વર્ષે જૈનોએ પાછું દહેરૂં હાથમાં લીધું. અને સંવત ૧૯૨૦ માં રાવ દેશ-ળજીના પુત્ર રાવ પ્રાગમલજીના રાજ્યમાં આ દેરાસ-રનો પુનઃ જીર્ણોદ્ધાર થયો.

ત્યારપછી સંવત ૧૯૩૯ ના મહા શુદી ૧૦ ને દીને માંડવીવાસી શા. મોણસી તેજસીના પત્ની બાઇ મીઠી વ્હેને છેલ્લો જીર્ણોદ્ધાર કરાવ્યો જે આજ પણ ચાલુ છે.

**દેરાસરજીની રચના.**

દેરાસરજીની રચના ઘણી મનોહર છે. ૪૫૦ ફુટ લાંબા અને ૩૦૦ ફુટ પહોળા ચોગાનની વચ્ચે આ મનોહર મંદિર આવેલું છે. મંદિરના કમ્પાઉન્ડની ચારેય બાજુ ધર્મશાળા છે ડાબી બાજુ એક ઉપાશ્રય છે. અને ફરતો દુર્ગ છે. મંદિરની ઉંચાઇ ૩૮ ફુટ છે. લંબાઇ ૧૫૦ ફુટ છે. અને પહોળાઇ ૮૦ ફુટ છે. મૂળમંદિરને ફરતી બાવન દેરીઓ છે. ચાર ઘુમ્મટ મોટા અને બે ઘુમ્મટ ન્હાના છે. મંદિરનો રંગમંડપ વિશાળ છે. મંદિરની અંદર ૨૧૮ થાંભલાઓ છે. આ થાંભલાઓમાં ઘણાં તો બે માણસની બાથમાં પણ ન આવી શકે તેવા ભવ્ય છે. બંને બાજુ અગાશી છે અગાશીમાં બાવન શિખરો ન્હાનાં અને એક મૂળમંદિરનું વિશાળ શિખર, એવી રીતે દેખાય છે કે, કેમ કોઇ આરસનો પહાડ કોતરીને ખડો કર્યો હોય ! પ્રવેશદ્વાર એવું કારીગીરીવાળું બનાવ્યું છે કે પ્રવેશ કરતાંજ લગભગ સો ફુટ જેટલે દુર વિરાજતા પ્રભુના દર્શન થઇ શકે. આ પ્રવેશદ્વાર ઉપર વિમાન ઘાટનો ઝરૂખો ઉતાસ્ચિ છે. પ્રાચિન-કારીગીરી અને કોતરણીએ તો કમાલ કરી છે. અને આગળના ભાગમાં સુંદર કમાનો છે.

દહેરાસરનો ઘાટ બેઠે ખામણે હોવાથી બ્હારથી ભવ્યતા નથી દેખાતી પરંતુ દહેરાની અંદર ગયા એટલે તો બસ ! શું જોવું અને શું ન જોવું એજ વિચાર થઇ પડે. દહેરાસરની અંદર જે ૨૧૮ થાંભલાઓ છે તે પહેલા ઉત્તમ કોરણીની કલાવાળા હતા પરંતુ છેલ્લા ઉદ્ધાર વખતે એ બધા થાંભ-

લાઓ પર સીમેંટ લગાવી દેવામાં આવી છે, અને કલાને દાટી દીધી છે, માત્ર દશજ થાંભલાઓ પૂર્વની કારીગીરીનો ખ્યાલ આપતા ખડા છે. મૂખ્ય દહેરાસરના મંડપમાં પ્રવેશ કરતાં તો આંખ્યો ઠાર થઇ જાય તેવું રંગનું સોનેરી તેમજ કાચનું જડાવકામ નજરે આવી ચડે છે. આખાયે મંડપમાં સોનેરી અને બીજા રંગોથી કાચ પર તેમજ દિવાલપર, નેમનાથ પ્રભુની જાન, પ્રભુનો વરઘોડો, મહાવીર પ્રભુના, રીષવદેવ સ્વામિના કલ્યાણકો, ને ઉપસર્ગો તેવાજ શ્રી પાર્શ્વનાથ પ્રભુ તથા શાંતિનાથ પ્રભુના જીવન દ્રશ્યો ચીતરેલા છે. આ ચિત્ર કામ એટલું આબેહુબ છે કે ગુજરાત કાઠીયાવાડનાં–આબુ–ગીરનાર અને શત્રુંજય સિવાય–કોઇપણ દેરાસરમાં આવું કલાપૂર્ણ કામ નહીં હોય, આ દિવ્ય કલાને ઉતારનારા કચ્છનાજ કારીગરો છે.

આ સિવાય ગભારાના ઘાટપરનું કોતર કામ પણ દિલ હલાવી નાખે તેવું છે. તેનાપર ચિત્રકળા તથા સોનેરી સતારાની કારિગીરી એવી કુશળતાપૂર્વક કરવામાં આવેલ છે કે જોનારની બુદ્ધિ પણ ચક્રાવો ખાઇ જાય, **આવા દિવ્ય-તીર્થનાં દર્શન કરવા જૈનભાઇઓએ જરૂર એકવાર આવવુંજ જોઇએ.**

આ વિશાળ જીનાલયમાં કુલ ૧૯૨ પ્રતિમાજી છે; અને એમાંની ઘણી ખરી પ્રતિમાઓ તો [૧]સંપ્રતિ રાજાના વખતની

---

૧ સંપ્રતિ રાજાનો સંપૂર્ણ ઇતિહાસ જાણવા મહાન્ સંપ્રતિ નામનું અમારૂં પુસ્તક મંગાવો. કિ. રૂ ૧–૮–૦

એ કુમારપાળ રાજાના વખતની પણ છે. વળી આ જીનમંદિરમાં એક ગુપ્ત ભોંયરૂ પણ છે જે સીધું જામનગર જાય છે. હાલ તે પુરી દેવામાં આવ્યું છે. આંહીથી જામનગર માત્ર બારજ ગાઉ થાય પૂર્વે ભદ્રેશ્વર અને જામનગર વચ્ચે વહાણુંનો વ્હેવાર હતો. આ તીર્થની યાત્રા કરવા જે જૈન ભાઈઓને આવવું હોય તેમને જામનગર રસ્તે તુણાં બંદર ઉતરવું અને તુણાંથી અંજાર સુધીની રેલ્વે છે. તેમજ તુણાંથી સીધા ભદ્રેશ્વર સુધીના એકા પણ ભાડે મળી શકે છે. અત્યારે આ તીર્થનો વહીવટ વર્ધમાન કલ્યાણજી નામની પેઢીથી ચાલે છે.

**જગડુની મ્હેલાતો.**

એક વખતે ભદ્રાવતીનો માલિક [૧]જગતપિતા જગડુશાહ હતો; ભદ્રાવતી જૈનપુરી હતી. એ જગડુશાહે આ ભદ્રાવતીમાં પોતાની બાવન મ્હેલાતો સ્થાપી હતી એમાંની આજે ઘણીખરી મ્હેલાતોનો નાશ થઇ ગયો છે, તોય એ ભવ્ય મ્હેલાતોના ભવ્ય ખંડેરો આજ પણ અત્યારના ભદ્રેશ્વરની પૂર્વ ભવ્ય ભૂતકાળનો અબોલ ઇતિહાસ કથતા પડ્યા છે, 'જગડુશાહની હવેલી' જગડુશાહની બેઠક અને 'જગડુનો ભંડાર' આ ત્રણ નામે ઓળખાતા વિશાળ ખંડેરો ખાસ જોવા જેવા છે. એમાં જગડુશાહની હવેલી માટે

---

૧ જગતને જીવાડનાર જગડુશાહનો ઇતિહાસ જાણવો હોય તો અમારે ત્યાંથી "જગડુશાહ અથવા જગતનો પાલનહાર" નામનું પુસ્તક મંગાવો ૩૪૦ પૃષ્ઠ કીં. દોઢ રૂપીએ.

દંતકથા એવી છે કે " તે સાતમાળની હતી અને તેની અગાશી પરથી જગડુશાહ આખી ભદ્રાવતી નગરીને જોતો. " આજ આ હવેલીનો એક માળ પણ નથી રહ્યો, બે માણસની બાથમાં પણ ન માય તેવા બાર હાથ લાંબા અસંખ્ય થાંભલાઓ એ ઠેકાણે પડ્યા છે.

' જગડુની બેઠક ' પણ જોવા જેવી છે. જો કે આ બેઠક પણ આજ ધુળ ભેગી થઇ છે છતાં ત્યાં થોડા એક નકશીદાર થાંભલાઓ ખાસ ધ્યાન ખેંચે તેવા છે.

' જગડુનો ભંડાર ' આ ભંડારના પણ એવા જ હાલ છે. દંતકથા એવી છે કે " આ ભંડારમાં સાતમાળનું મોટું ભોંયરું હતું અને તેમાં જગડુનું દ્રવ્ય રહેતું. "

આ સિવાય જગડુશાહને નામે ઓળખાતા ઘણાં ખંડેરો છે. ઘણે ઠેકાણે તો દિવાલોનાં ચણતર ત્રણ ત્રણ હાથ પહોળાં દેખાય છે.

**કલાપૂર્ણ કુવો.**

ભદ્રેશ્વરની બાજુમાં સાકરી નદી છે આ નદીના કાંઠે એક વિશાળ કુવો છે. આ કુવાની અંદરનું કોતરકામ એટલું બધું બારિક છે કે જે જોતાં જ આપણને ભારતિયકલાપર ગૌરવ થાય.

**આશાપુરી માતાનું મંદિર.**

ભદ્રેશ્વરની ઇશાનકોણમાં એક પ્રાચિન કુંડ છે. જે " પાંડવ કુંડ " ના નામથી ઓળખાય છે. આ કુંડ ખાસ જોવા જેવા છે, આ કુંડની પાછળ પશ્ચિમે આશાપુરી માતાનું મંદિર છે. આ મંદિર અસલ

જૈન મંદિર હોવાના અનેક પુરાવાઓ મળી આવે છે. આ મંદિરનો અડધો તુટેલો વિશાળ ઘુમ્મટ અને ચોકીયો જોતાં લગભગ ૬૦ ફુટનો ઘેરાવો કલ્પી શકાય. મૂળ મંદિરના ગભારાના ભાગ પાસે ૧૯૬૧ ના સાલમાં નાનકડું નવું આશાપુરી માતાનું મંદિર બંધાવ્યું છે. આ માતા ઓસવાળની કુળદેવી ગણાય છે. આંહી નવરાત્રીમાં માતાને પશુનો ભોગ દેવાય છે, આવા મહાન તિર્થમાં આ પ્રમાણેની હીંસા થાય તે અયોગ્ય ગણાય જૈનોએ તે અટકાવવી જોઈએ. આ મંદિરની આસપાસ ઘણાં ભવ્ય થાંભલાઓ પડેલા છે. એક થાંભલાના અડધા કટકા પર એક લેખ છે. તે ઘણો જીર્ણ થઇ ગયો છે. માત્ર નીચેના અક્ષરો મહા મહેનતે ઉકલે છે.

"સંવત....૧૩૫૮ દેવેન્દ્રસૂરી........પોર........લેખ લાંબો છે. પણ બીજા શબ્દો વંચાઇ શકે તેવા નથી આ સિવાય આંહી ઘણાં પાળીઆઓ છે, જેમાંની સંવત ૧૨૦૨–૧૩૧૯–૮૧૦ વિગેરે વંચાય છે.

આ સિવાય એક કુલસર નામનું તળાવ છે, આ તળાવને કાંઠે પણ પાળીઆઓની ઘણી દેરીયો છે. એ મહાદેવનું મંદિર છે અને ત્યાં પણ એક પત્થરપર ૧૧૯૫ ની સાલનો એક લેખ કોતરેલો પડયો છે.

બીજા જોવા જેવા સ્થળો પણ પુષ્કળ છે લાલશાહબાઝ

---

૧ જોવા જેવા સ્થળોનો સંપૂર્ણ ઇતિહાસ આપતાં ગ્રંથ ઘણો મોટો થઇ જાય એટલે એ વસ્તુ ભવિષ્ય પર છોડું છું. લેખક.

પીરની દરગાહો. ( આ દરગાહોની બાંધણી હીંદુ દેવળો જેવી છે. ) બીજી પણ એક બે મસ્જીદો, વાવો, કુવાઓ, વિગેરે ઘણું છે એક 'ઢેઢની વાવ' ને નામે ઓળખાતી વિશાળ વાવ છે. આ વાવને છ માળ ને આઠ કોઠાઓ હતા લાખો રૂપિયાના ખર્ચે આ વાવ બંધાણી હતી. આજ પણ આ વાવના ત્રણ ચાર માળ અને ચાર કોઠાઓ વિદ્યમાન છે. અસ્તુ.

ગોરસમા માઘ શુ. ૧૫ બુધવાર.

ભદ્રેશ્વરથી–ગોરસમા સાડાપાંચ ગાઉ થાય. રસ્તો સાધારણ છે વચ્ચે લુણી નામનું ગામડું આવે છે આ ગામમાં ૨૫ ઘર દેરાવાસી છે. અને ૧૫૦ ઘર સ્થાકવાસી છે. એક નાજુક પણ સુંદર દેરાસર છે. મૂળ નાયક શ્રી પદ્મપ્રભુ છે. આંહીના જૈન ભાઇએ સંઘનું સન્માન સારૂં કર્યું હતું અને આ દુધ પાયા હતા.

ગોરસમા ગામ પ્રાચિન છે. આંહી જૈનોના–લગભગ ૪૦ ઘર છે. એક નાજુક પણ મનોહર દેરાસર છે. મૂળનાયક શ્રી ચંદ્રપ્રભુ છે. ગામની આસપાસ સોન્દર્ય ઘણું સારૂં છે. સંઘને પડાવ સ્થળ સારૂં મળ્યું હતું આંહીના મહાજને સંઘનો સત્કાર સારો કર્યો હતો,

મુદ્રા માઘ, વદી. ૧ ગુરૂવાર

ગોરસમાથી મુદ્રા માત્ર અઢી ગાઉ થાય વચ્ચે બારોઈ નામનું એક ગામડું આવે છે. આ ગામમાં દેરાવાસી જૈનોનાં ૭૫ ઘર છે. સ્થાનકવાસી જૈનોના ૧૨૫ ઘર છે. બે દેરાસર

એક શ્રી મુનિસુવ્રતસ્વામિનું અને બીજુ શ્રી શાંતિનાથ પ્રભુનું આંહીના સંઘે પણ સંઘનું સારૂં સન્માન કર્યું હતું.

મુદ્રા કચ્છના મૂખ્ય શહેરોમાંનુ એક શહેર છે. મુદ્રા કચ્છનું પારીસ કહેવાય છે. ગામના ભવ્ય મકાનોની બાંધણી, અને ફરતો લડાયક–અખંડ કિલ્લો જોવાજેવો છે. આ ગામમાં બાગબગીચાઓ પુષ્કળ છે. અહીં જૈન ભાઈઓના ૫૦૦ ઘર છે. ૩૦૦ સ્થાનકવાસી અને ૨૦૦ દહેરાવાસી ચાર મનોહર દહેરા છે. એક અમીઝરા પાર્શ્વનાથનું દહેરૂં ગામની બ્હાર છે આ દહેરૂં એક યતિએ ત્રણલાખ કોરી ખરચીને બંધાવ્યું છે. દેરાસરની કોરણી ઘણી ઉમદા છે. ગામમાં એક મોટું દહેરૂં શ્રી શિતલનાથ પ્રભુનું છે. આ દેરાસર વૈમાન આકારનું સુંદર કોરણીવાળું ઘણું જ ભવ્ય છે. જોતાં જ હૃદયમાં શાંતિ થાય છે. ત્રીજું શ્રી પાર્શ્વનાથ પ્રભુનું અને ચોથું શ્રી મહાવીરસ્વામિ પ્રભુનું બંને દેરાસરોનો ઘાટ પણ સુંદર અને મનોહર છે. એમાં શ્રી શીતલનાથ પ્રભુના દેરાસરનું વર્ણન નજ થઇ શકે. સંઘને અહીંસારો સત્કાર મળ્યો હતો. સામૈયું ઘણા ઠાઠથી ઉત્સાહથી કરવામાં આવ્યું હતું. તેમજ ગામના રસ્તા અને ધ્વજા પાતકાથી શણગારવામાં આવ્યા હતા.

**ભુજપુર** માઘ. વદી ૨ શુક્રવાર

મુદ્રાથી ભૂજપુર સાડાચાર ગાઉ થાય. વચ્ચે એક દેશલપુર નામનું સુંદર ગામડું આવે છે આ ગામમાં જૈનોના ૪૦૦ ઘર છે. ૩૦૦ સ્થાનકવાસી અને ૧૦૦ દહેરાવાસી એક

બે માળનું અજીતનાથ પ્રભુનું મનોહર દેરાસર પણ છે ગામના લોકોએ સંઘનું સારૂં પ્રેમ પૂર્વક સન્માન કર્યું હતું જેમાં શેઠ ટોકરશી મુળજી તથા શ્રી ક્ષેમાનંદજી તથા નરસી ભાઇ તથા આણંદજીભાઇએ સારો ભાગ લીધો હતો દહેરા સુધીનો રસ્તો ધ્વજા પાતકાથી શોભાવ્યો હતો અને સંઘને આ પાણી પાયા હતા ગામ ઘણું મનોહર છે. કુદરતના ખોળે બેઠેલુ કહી શકાય.

ભુજપુર એટલે જૈનપુરી. નવસો ઘરની વસ્તીવાળા આ ગામમાં ૬૦૦ ઘરતો જૈનોના છે–સ્થાનકવાસીના સરખે ભાગે છે–ઘરની બાંધણી અને મકાનોની સ્વચ્છતા આગળ ગુજરાતીઓ એ શરમાવું પડે આંહીના પ્રેમાળ જૈનોની ભકિત અનેરી હતી. દરેક સંઘાળુ દુધ–છાશ–દહીં જે જોઇએ તે ત્યાંના સંઘ તરફથી એક ધર્મશાળામાં આપતા હતા ( કચ્છ માં ઘણે ઠેકાણે સંઘના રસોડે તેમજ સંઘાળુઓને દુધ–છાશ મફત જ મળતા ) ઉપરાંત બળદદીઠ કપાસીયા તથા ઘીની લ્હાણી કરવામાં આવી હતી. ભુજપુરના પ્રેમભર્યા સ્વાગતનું વર્ણન થઇ શકે તેમ નથી. ગામના મૂખ્ય રસ્તાપર ભરચક ધજાગરાઓ બાંધી દીધા હતા. મોટું પ્રવેશદ્વાર રચ્યું હતું. અને જીનના લગભગ ૪૪ તાકાથી રસ્તાથી તે ઠેઠ ચીંતામણી પાર્શ્વનાથ પ્રભુના દહેરા સુધીની વિશાળ છત કરી હતી તેમ જ સામૈયું ઘણુંજ ઉત્સાહ પૂર્વક થયુ હતું. અને ત્યાંના સંઘે સંઘવીશ્રીને એક માનપત્ર પણ આપ્યું હતું.

સંઘના પડાવ સ્થળમાં પુરૂષો અને કચ્છી બેરાઓ દર્શનાર્થે આવ્યા જ કરતા અને " પ્રણામ પ્રણામ " કહી હૃદયનો પ્રેમ પ્રગટ કરતા.

**કાંડાગરા.** માઘ વદી ૩ શનિવાર.

ભૂજપુરથી કાંડાગરા ચાર ગાઉ થાય. વચ્ચે મોટીખાખર નામનું એક ગામડું આવે છે. આ ગામડું પણ સારૂં છે. જૈનોના ૨૦૦ ઘર છે. ૭૫ દેરાવાસીના અને ૧૨૫ સ્થાનકવાસીના ઘર છે એક દેરાસર છે. મૂળ નાયક શ્રી ઋષભદેવપ્રભુ બિરાજમાન છે. આ ગામનો સત્કાર સારો હતો. સામૈયું કર્યું હતું. અને સંઘને કળી ગાંઠીયા તથા મોતીચુરની ગળી બુંદી આપી અને સીરામણ પણ આપ્યું હતું. આંહીથી પ્રકૃતિદેવીના નિવાસ સ્થાનો શરૂ થતાં, એટલે વનરાજીઓ શરૂ થતી.

કાંડાગરા તો સંઘને કાયમ યાદ રહેશે–ઘણા દહાડા થયા મુસાફરી કરતા હોવાથી સંઘના પાલન્તંબુઓ મેલા થયા હતા. ધોબી બિચારો ધોઇ શકે કે ? એ કાર્ય કુદરતેજ હાથમાં લીધું. અને સંઘ જેવો કાંડાગરામાં પહોંચ્યો અને પડાવ નાખ્યો ત્યાં લગભગ સ્હવારના દશથી–વરસાદ મંડયો સંધાણુઓ ભરાણા, ગામના માણસો આવ્યા, અને બની શકે એટલા ભાઇઓને ઘરમાં સગવડ કરી દીધી. છેવટે સાંજના પાંચ વાગ્યે વરસાદ રહ્યો. લોકોને કોઠે ધીરજ આવી અને સૌ સામાન સંભાળવા લાગ્યા, ત્યાંતો વળી રાત પડતાં

મેઘરાજ પાછા મંડાયા, અને સંઘાળુઓની ધીરજ ખુટી. જેમ તેમ રાત્રી નિકળી અને બીજે દિવસે સ્હવારે અગિયાર વાગ્યે સ્હેજ ઉઘાડ થતા ડંકો વાગ્યો અને ગાડાં ઉપડયાં.

કાંડાગરામાં ૧૦૦ દેરાવાસીના અને ૧૦૦ સ્થાનકવાસી જૈનોના ઘર છે. એક શાંતિનાથ પ્રભુનું ન્હાનું પણ સુંદર દહેરાસર છે. ગામની આસપાસ વનરાજીમાં આંબા આશોપાલવ લીંબડા વિગેરેના ઝાડો પુષ્કળ છે.

કાંડાગરાથી અડધો ગાઉ દુર ડુંડા નામનું એક નાનું ગામડું છે. આંહી શ્રી ઋષભદેવ સ્વામીનું દેરાસર હોવાથી સંઘના ઘણાં માણસો યાત્રા કરવા ગયા હતા. આ ગામમાં ૫૦ ઘર દેરાવાસીના અને ૨૫ ઘર સ્થાનકવાસીના છે; ગામ સારૂં છે.

**નાની ખાખર** માઘ વદી ૪-૫ રવિ–સોમ.

કાંડાગરાથી નાની ખાખર બે ગાઉ થાય–રસ્તો સારો છે, બન્ને બાજુ ઝાડોની ઘટાઓ આવ્યા કરતી આંબા, [illegible] ચીકુ તેમજ એવા ઉપયોગી વૃક્ષો તેમજ વગેરે દેખાતા. નાની ખાખર સંઘ પહોંચ્યો. નાની ખાખરના જૈનોએ સંઘના મોટા ભાગને પોતાના મકાનોમાં ઉતારા આપ્યા હતા.

ત્યાં રાત્રીના આઠ વાગ્યા પછી પાછો વરસાદ મંડાયો; અને પાલવાળા મુંઝાયા પરંતુ ખાખરના આગેવાન શેઠ નાગજીભાઈ તથા નાનજીભાઇ યાત્રાળુઓની સેવા માટે તત્પર

થયા, અને રાત્રીના બાર વાગ્યા સુધીમાં કોઇને મેડીપર તો કોઇને કોડમાં તો કોઇને ઓસરીમાં એવી સગવડ પડતી જગ્યાઓમાં બંદોબસ્ત કરી દીધો. બીજે દહાડે સંપૂર્ણ ઉઘાડ થયો, અને સૂર્યદેવે દર્શન દીધાં. અને સંઘવીશ્રીએ પાલો સુકવવા ખાતર એક દિવસની રોકાણુ કરી.

નાની ખાખરમાં ૧૦૦ ઘર દેરાવાસી જૈનોનાં છે. આ ગામમાં કોટયાધિપતિ શ્રીમંતો રહે છે, ગામ નાનું છે : પરંતુ જ્હેલાતો મોટી છે. ગામની આસપાસ હજારો આંબાઓ અને પુષ્કળ વાડી-બગીચાઓ ખીલી રહ્યા છે. ગામમાં એક ન્હાનું પાર્શ્વનાથ પ્રભુનું દેરાસર છે. આવા શ્રીમંતોના ગામમાં આવું ન્હાનું દેરાસર સારૂં નથી દેખાતું આ ગામનો સત્કાર સારો હતો. સંઘાળુઓ પ્રત્યેની ભક્તિ પણ અનહદ હતી. આંહીથી સંઘવીશ્રીને એક માનપત્ર પણ મળ્યું હતું.

**તુંબડી** માઘ વદી ૬ મંગળવાર

નાની ખાખરથી તુંબડી સાડાચાર ગાઉ થાય; રસ્તો ડુંગરાળ આવે છે. સંઘમાંથી ઘણાં ગાડાંએ નાની ખાખરથી સીધાં બીદડા ગયા હતા. કારણકે નાની ખાખરથી બીદડા એક ગાઉ થાય. આમ ફેર ફરવાનું કારણ એ હતું કે, તુંબડીના શેઠ શામજીભાઇનો પોતાને આંગણે સંઘ આવે એવો આગ્રહ પુષ્કળ હતો. એટલે સંઘ તુંબડી રસ્તેજ ગયો. તુંબડી જતાં વચ્ચે ફુલાદી નામનું એક ગામ આવે

છે આહી ૮૦ ઘર દેરાવાસી જૈનોના છે અને ૨૫ સ્થાનકવાસી ભાઇઓના છે. એક શ્રી **શાન્તિનાથ** પ્રભુનું દેરાસર છે.

તુંબડીમાં તપાગચ્છના ૧૫૦ ઘર છે. સ્થાનકવાસીનું એક પણ ઘર નથી. દેરાસર નાજુક પણ સારૂં છે. મૂળનાયક શ્રી **નેમનાથ** પ્રભુ છે. આંહીનાં સંઘે સંઘનો સત્કાર સારો કર્યો હતો. અને સંઘવીજીને એક માનપત્ર પણ આપ્યું હતું.

**બીદડા** માઘ વદી ૬-૭-૮

તુંબડીથી બીદડા સાત ગાઉ થાય. ( સંઘના ગાડાઓ ફુલાદ્રી થઇને ચાલ્યા હતા. એટલે પાંચ ગાઉ થાય. ) યાત્રાના અભિલાષિ સંઘાળુઓ નીચેના ગામોનીયાત્રા કરીને બીદડા પહોંચ્યા હતા.

**રામાણી**: ૫૦ દેરાવાસી અને ૧૨૫ સ્થાનકવાસીનાં ઘર છે. એક દેરાસર મૂળ નાયક શ્રી **ચંદ્રપ્રભુ**નું છે.

**પુનડી** ૧૫૦ દેરાવાસી જૈનનાં ઘર છે. એક દેરાસર મૂળનાયક શ્રી **અજીતનાથ** પ્રભુનું છે.

**નાના આસંબીયા** ( નથુ શેઠનું ભીમ ) આંહીના વૃદ્ધ-અને ઉત્સાહી જૈનોએ યાત્રાળુઓ માટે ચા-પુરીની સગવડ કરી હતી. અને એંસી એંસી વર્ષના ખડતલ વૃદ્ધો હાથોહાથ સેવા કરી રહ્યા હતા આંહી ૧૨૫ દેરાવાસીના ઘર છે અને આદિનાથ પ્રભુનું એક દેરાસર છે.

**મોટા આસંબીયા** આંહીના ભાઇઓનો પ્રેમ અગાધ

શેઠશ્રી શવજીભાઈ રાજપાળ કચ્છ–બીદડા.



જેમના સુપૂત્ર શેઠ ગાંગજીભાઈ સંઘવીશ્રી નગીનદાસભાઇની
પેઢીના મુખ્ય સંચાલક અને ભાગીદાર છે.

પ્રકાશક. જૈ. સ. વાં. માલા. ક. ગિ. મહાયાત્રા. પૃ. ૧૩૩

હતો. આંહી દેરાવાસીના ૨૫૦ ઘર અને સ્થાનકવાસીના ૧૫ ઘર છે. સુપા-ર્શ્વનાથ પ્રભુનું એક દહેરાસર છે.[1]

બીદડામાં સંઘવીશ્રીના ભાગીદાર શેઠ સવજીભાઈના પુત્ર ગાંગજીભાઈ રહેતા હોવાથી સંઘ ત્યાં ત્રણ દહાડા રોકાયો હતો. બીદડામાં દેરાવાસીના આઠસો ઘર છે. ગામ મોટું છે. એક પાંચ શીખરનું ભવ્ય અને વિશાળ દહેરાસર છે. મૂળ નાયક શ્રી **આદેશ્વર** ભગવાન છે. પ્રતિમાજી પણ ભવ્ય અને મોહક છે. સંઘના દર્શનાર્થે બ્હારથી પાંચ હજાર માણસ આવ્યું હતું. એટલે કુલ દશ બાર હજાર માણસની ગણત્રી ગણાય. બિદડામાં પહેલું જમણ મહાજનનું હતું. તેમાં **૫૪** ઘાણ શીરો થયેલો. બીજે દહાડે શેઠ ગાંગજીભાઈ તરફથી સ્હવારમાં ઘી ખીચડી અને સાંજે મોહનથાળનું જમણ તેમજ બળદ દીઠ અચ્છેર ઘીની લાણી. સવારમાં ૯૦ મણ ઘીઇ જોયેલું ત્રીજે દિવસે સંઘવીજીનું જમણ હતું. તેમાં સ્હવારે દાળભાતને સાંજે મોહનથાળ. ત્રીજે દિવસે ગાંગજી-ભાઇ તરફથી સંઘને પહેરામણી થઇ હતી. પહેરામણીમાં સંઘવીજીને તથા તેના સગા-સ્નેહીઓમાં રૂા. ૧૦૦૦) ના આસરાનું કાપડ વિગેરે આપ્યું હતું, અને બાકી સંઘમાં દરેક સ્વામીભાઇને રૂા. ૧) ને શ્રીફળ, તેમજ જૈનેતરોને એકલું શ્રીફળ આપ્યું હતું આ પ્રમાણે રૂા. ૨૮૦૦) રોકડા અને ૪૦૦૦ શ્રીફળ થયેલાં આંહીથી સંઘવીજીને માનપત્ર પણ

---

૧ આ બધા ગામડાઓના ઇતિહાસો ખાસ જાણવા જેવા છે.

મળ્યું હતું. કચ્છીભાઇઓનો પ્રેમ અવર્ણનીય ગણાય ! આ ગામમાં વીશા ઓસવાળની બાવન ગામની જ્ઞાતિ તરફથી શાંઘવીશ્રીને માનપત્ર આપવામાં આવ્યું હતું.

**રાયણ.** ( પત્તન ) માઘ વદી ૯ શનિવાર.

બિદડાથી રાયણ પાંચ ગાઉ થાય. વચ્ચે **તલ્લસાણા** નામનું ગામડું આવે છે. આ ગામનું દેરાસર સારૂં છે. મુળનાયક **આદિનાથ** પ્રભુ છે. ૧૦૦ ઘર દેરાવાસીના અને ૧૦૦ સ્થાનકવાસીના છે. બીજું **કોડાય** નામનું ગામ આવે છે.

કોડાય **કચ્છનું કાશી** કહેવાય છે. આંહી આપણાં બે વિશાળ જ્ઞાન ભંડારો છે. સંસ્કૃત અને પાલીભાષા જાણવા વાળા વિદ્વાનો પણ આંહીથી મળે. આ સિવાય એક મોટી લાઇબ્રેરી છે. કોડાયના દહેરાઓ પણ અજબ છે. કારીગીરી અને કલાના નમુનારૂપ છે. એકમાં શ્રી **અનંતનાથ** પ્રભુ અને બીજામાં શ્રી **મહાવીર** સ્વામી, અનંતનાથ પ્રભુનું દેરાસર ઘણું ભવ્ય અને ઉત્તમ કારીગરીવાળું છે. મહાવીર સ્વામીનું દેરાસર બેઠાઘાટનું, પણ પ્રભુની પ્રતિમા કોઈ દિવ્ય છે; દર્શન કરતાંજ હૈયું ઠરીને હીમ થઇ જાય તેવી છે. વળી આકાર, વિગેરે પ્રભુ દેશના દેતા હોય તેવો છે. તેમજ પ્રતિમાજી પણ દિવ્ય અને મોટા છે.

કોડાયના જૈનોએ સંઘનું સારૂં સ્વગત્ કર્યું હતું અને સ્હવારે લાડુ ગાંઠીયાનું જમણ આપ્યું હતું એટલે સંઘાળુઓ આંહી એક કલાક રોકાણા હતા, અને જમી જમીને જતા

હતા. આંહી ૪૦૦ દેરાવાસી અને ૧૦૦ સ્થાનકવાસીના ઘર છે. ગામ સુખી અને સૌન્દર્ય સંપન્ન છે.

રાયણ ગામ ઘણું પ્રાચિન છે. આંહી શ્રી ચંદ્રપ્રભુનું દેરાસર ઘણું વિશાળ અને જોવા લાયક છે. આંહી ૨૦૦ ઘર દેરાવાસીના છે અને ૭૫ ઘર સ્થાનકવાસીના છે ગામ ઐતિહાસિક છે.

**માંડવી.** માઘ વદી ૧૦–૧૧–૧૩ રવિ. સો. મં.

રાયણથી માંડવી દોઢ ગાઉ થાય. વચ્ચે '**નાગલપર**' નામનું મનોહર ગામડું આવે છે. આંહી બસો ઘર દેરાવાસી જૈનોનાં છે અને નમુનેદાર શાન્તિનાથ પ્રભુનું નાજુક દેરાસર છે. આ દહેરાના દર્શન કરી, સ્હવારના નવ વાગતા સંઘ કચ્છનાં મુખ્ય શહેર **માંડવી** બંદર પહોંચી ગયો. માંડવીમાં સંઘ એકજ દહાડો રોકાવાનો હતો પરંતુ માંડવીવાસી ભાઇઓના **અથાગ–પ્રેમ** આગળ સંઘને ત્રણ દિવસ રોકાવું પડયું, જેજે સ્થળોએ મુખ્ય બનાવો બન્યા છે તેમાં **માંડવી**ની પણ ગણત્રી આવે છે.

**પડાવસ્થળ.** શહેરથી એક માઇલ છેટે, નદી અને દરીયાનો જ્યાં સંગમ થાય છે. તે પુલની આ તરફ દાદા સાહેબની વાડી પાસે એક મોટા મેદાનમાં સંઘનું પડાવસ્થળ નિયત થયું હતું. માંડવીવાસી ભાઇઓએ આ પડાવ સ્થળમાં જવા માટેના બે ભવ્ય પ્રવેશ–દ્વારો બનાવ્યા હતાં, અને બંન્ને પ્રવેશ–દ્વારો

સુશોભિત કપડાથી અને સોનેરી કાગળથી શણુગારવામાં આવ્યા હતા. તેમજ ઠેઠ સંઘના કેમ્પથી સારાયે માંડવીમાં જ્યાં જ્યાં દેરાસરો છે ત્યાં ત્યાંના રસ્તાઓને ભરચક વાવટાઓ અને આદર્શ ચિત્રોથી શણુગારવામાં આવ્યા હતા, સંઘના પડાવ પાસે હાટડીઓ પણ વીશથી પચીશ પડી હતી, અને એક મહાન્ મેળા જેવો દેખાવ થઈ રહ્યો હતો. સામે દરીઓ ઘુઘવાટા કરે, બાજુમાં નિર્મળ નદી ચાલી જાય, ખુણાપર આ પડાવ, આવો આકર્ષક દેખાવ હજી સુધી કોઇ સ્થળે નથી થયો.

**સ્વયંસેવકો.** સંઘની સેવા માટે માંડવીના ૨૫૦ શ્રીમંત પુત્રો-કચ્છી હૃદયનો પરિચય આપવા અગાઉથીજ તૈયાર થયા હતા. સેવાનો ખરો મંત્ર આ યુવાનો પોતાના કર્તવ્યથી મુંગી રીતે ગુજરાતીઓને સમજાવી રહ્યા હતા, આ ૨૫૦ સ્વયંસેવકોની ટુકડીમાં, ૧૫૦ સ્વયંસેવકો પીરસવાનું કામ કરતા. ૫૦ સ્વયં-સેવકો સંઘના કેમ્પની વ્યવસ્થા જાળવતા, ચોકી કરતા, અને ૫૦ સ્વયંસેવકો ગામમાં ફરતા અને યાત્રાળુઓને જે વસ્તુ જોઇએ તે, દેરાસર જવાનો માર્ગ, બીજા જોવા લાયક સ્થળોનો પરિચય, આદિ આપતા અને બતાવતા.

**માંડવી.**

માંડવીમાં લગભગ ૩૦,૦૦૦ માણસોની વસ્તી ગણાય છે. કચ્છનું આ મૂખ્ય-બંદર હોવાથી વેપાર-વણજમાં સમૃદ્ધ છે. જોવા લાયક સ્થળોમાં દરિયો, બાગ, દહેરાસરો અને

રાજમહેલ મૂખ્ય છે. કચ્છ રાજ્યના ના. યુવરાજશ્રી ઘણો ભાગ આંહી રહેતા હોવાથી રસ્તાઓ વિગેરે બહુ સ્વચ્છ રહે છે. હવા પાણી માટે ઉત્તમ છે. માંડવીની પ્રજા પૈસાપાત્ર અને તંદુરસ્ત છે. આઠસો ઘર દેરાવાસી શ્રાવક ભાઇઓનાં અને ૨૦૦ ઘર સ્થાનકવાસી ભાઇઓનાં છે. ગામમાં પાઠશાળાઓ, ઉપાશ્રયો, નિશાળો, દવાખાનાઓ વિગેરે સારા છે. એકંદરે માંડવી જોવા લાયક સ્થળ છે.

આંહી છ દેરાસર છે, છએય દહેરાઓ એક એકથી ચડે તેવા છે.

૧. ગામ બ્હાર નદી કિનારે દાદા સાહેબની વાડીમાં શ્રી **પાર્શ્વનાથ** પ્રભુનું નાજુક પણ સુંદર અને મોહક દેરાસર છે.

૨. શ્રી **અજીતનાથ** પ્રભુનું બંદર કાંઠે એક દહેરૂં છે.

૩. શ્રી **ધર્મનાથ** પ્રભુનું એક દહેરૂં બજારમાં છે.

૪. શ્રી **શિતલનાથ** પ્રભુનું એક દહેરૂં બજારમાં છે.

૫. શ્રી **શાંતિનાથ** પ્રભુનું એક દહેરાસર આંબા બજારમાં છે.

૬. શ્રી **મહાવીરસ્વામિજી**નું ગૃહ દેરાસર છે,

આમાં બંદર કાંઠાના તથા બજારના પ્રતિમાજી ઘણા મનોહર છે. બજારના દેરાસરોમાં રંગનું તેમજ કલ્યાણકોના ચિત્રોની રચનાનું મનોહર કામ છે. આ દેરાસરો દરેક જૈન ભાઇઓએ એક વખત જોવા જોઇએ.

માંડવીનું સામૈયું ઘણાં ઠાઠથી નિકળ્યું હતું. અને લગભગ અડધો માઇલ લાંબુ હતું. માંડવીનું જમણ, પીરસણાની વ્યવસ્થા, તેમજ પ્રેમ અજબ હતો; માંડવીમાંથી શેઠશ્રીને એક માનપત્ર પણ મળ્યું હતું. અને આ પ્રસંગે સારા સારા વક્તાઓએ સંઘની ઉપયોગિતા સંબંધીના વ્યાખ્યાનો આપ્યા હતાં. અને શ્રીયુત દામજીભાઇ વછરાજભાઈએ હૃદયના ઉમળકાથી એક કાવ્ય મધુરા રાગમાં લલકાર્યું હતું. આ રહી તેની બે લીંટી:—

અહો ! આજ આનંદ અપાર,

ગરવી ગુજરાતથી કચ્છમાં પધારી, યાત્રા કરો છો સુખકાર
શ્રી સંઘપતિ નગીનદાસ શેઠનાં પૂન્યનો વધ્યો વિસ્તાર.

આવી રીતનો શ્રી સંઘે ત્રણ દિવસ પર્યંત અપૂર્વ આનંદ સ્વીકાર્યો.

**નવાવાસ.** માઘ વદી ૧૪ બુધવાર,

માંડવીથી નવાવાસ દોઢ ગાઉ થાય. આંહી ૨૫૦ દેરાવાસીભાઇઓનાં અને ૧૨ ઘર સ્થાનકવાસી બંધુઓનાં છે, શાન્તિનાથ પ્રભુનું દેરાસર છે. દેરાસર સારૂં છે. સંઘનું સન્માન સારૂં થયું હતું જેમાં શેઠ હીરજી ઘેલાભાઈ પુનશીએ આગેવાની ભર્યો ભાગ લીધો હતો.

**ગોડરા.** માઘ વદી ૦)) ગુરૂવાર.

નવાવાસથી ગોડરા ૩ ગાઉ થાય. વચ્ચે ‘ મેરાઉ ’

નામનું એક ગામ આવે છે આ ગામમાં ૨૫૮ ઘર દેરાવાસીનાં અને પંદર ઘર સ્થાનકવાસીના છે **વાસુપુજ્યસ્વામિનું** દહેરૂં છે.

ગોડરામાં જૈનોના ૨૮૩ ઘર છે. ગામ જુનું છે. ઋષભદેવ પ્રભુનું દેરાસર છે. ગોડરાવાસીઓનું સ્વાગત સારૂં ગણાય.

**લાયજા.** ફાગણ શુદી ૧ શુક્રવાર.

ગોડરાથી લાયજા ત્રણ ગાઉ થાય. આંહી ૨૫૦ ઘર જૈનોના છે **મહાવીરસ્વામિનું** દેરાસર છે. દેરાસર ખાસ જોવા જેવું છે. દેરાસરનો વિમાન આકાર છે. દેખાવમાં ભવ્ય છે. કારીગીરીમાં ઉત્તમ છે. ઉપર આરસનું સમોવસરણ છે. એકંદરે આ દેરાસર પણ કલાયુક્ત ઉત્તમ છે. આંહીના જૈનો પૈસાપાત્ર છે. શેઠશ્રી રવજી સોજપાળ તરફથી આ ગામમાં સખાવતના કામો સારાં થયેલા છે. આ ગામનો સંઘ પ્રત્યે આદર ઘણો હતો. અને સંઘનું સન્માન બહુ સારૂં થયું હતું.

ડુમરાથી લાયજા આવતી વખતે ઘણાં ભાઇઓ બાજુમાં રહી જતા, **નાના રાતડીયા, મોટા રાતડાયા, ડુમ** અને **રાજણા** નામનાં ગામડાઓમાં યાત્રા કરવાને ગયા હતા, આ ચારેય ગામોના દેરાસરો સારાં છે અને જૈનભાઇઓની વસ્તી પણ ઠીક છે.

**વીઢ.** ફાગણ શુદ ૨ શનિવાર,

લાયજાથી વીઢ સાત ગાઉ થાય. સંઘાળુઓ નીચેના ગામડાઓમાં ચૈત્યોનાં દરશન કરીને વીઢ આવ્યા હતા.

**ભાંસરા** જૈન ઘર ૮૦, દહેરૂં સારૂં. મૂલનાયક સુપાર્શ્વનાથ પ્રભુ. **બાડા** જૈન ઘર ૨૫૦ દહેરૂં સારૂં છે. આંહી સંઘને નાસ્તો આપ્યો હતો. **બાયઠ** ૭૦ ઘર જૈનોના, ગામ નાનું દેરાસર સાધારણ છે. મુળનાયક શ્રી આદિનાથ પ્રભુ છે આંહી પણ યાત્રાળુઓને ભાતુ આપ્યું હતું **માપર** ૨૦ ઘર જૈનોનાં, દહેરૂં નથી. **ચાંગડાઇ** ૨૦ ઘર જૈનોના, એક ગૃહ દેરાસર. **બાંભડાઈ**માં જૈન ઘર ૨૫, અને ગૃહ દેરાસર. છે.

વીઢમાં લગભગ ૮૦ જૈનોનાં ઘર છે અને દેરાસર સારૂં છે. મૂળ નાયક શ્રી **સુમતીનાથ** પ્રભુ છે. આંહીના લોકોએ સંઘનું સ્વાગત સારૂ કર્યું હતું જેમાં શેઠ લાલજી ભારમલ તથા તેમના ભાઇઓનો ઉત્સાહ અને ભકિત ઘણી પ્રેમભરી હતી.

ડુમરા ફાગણ શુદી. ૩ રવિવાર.

વીઢથી **ડુમરા** ચાર ગાઉ થાય વચ્ચે એક પણ ગામ નથી આવતું પરંતુ ઘણાં સંઘાળુ ભાઇઓ બાજુમાં રહી જતાં **લઠેડી** ગામમાં યાત્રાર્થે ગયા હતા આ ગામમાં જૈનોના વીશ ઘર છે અને **શાંતિનાથ** પ્રભુનું દેરાસર છે. અહીંના જૈન ભાઇઓએ સંઘાળુઓ માટે ચા પુરીની સગવડ પણ કરી હતી.

ડુમરા ગામ ઘણું જુનું છે. પ્રાચિન અવશેષો પુષ્કળ છે ડુમરાને પાદર લગભગ દોઢસો જેટલા તો કુવાઓ છે. આ ગામમાં બાળ બ્રહ્મચારિણી બાઈ **કુંવરબાઇ**ની કન્યાશાળા અને જ્ઞાનશાળા જોવાલાયક છે. એ ઉપરાંત જૈન બાળાશ્રમ,

દવાખાનું વિગેરે પણ જોવા લાયક છે. ડુમરામાં જૈનોના ૩૦૦ ઘર છે. ચંદ્રપ્રભુજીનું સુંદર દેરાસર છે, ડુમરાવાસીઓનો પ્રેમ ઘણો સારો હતો. જમવા માટે વિશાળ મંડપ બાંધ્યો હતો અને શેઠશ્રીને ડુમરામાંથી એક માનપત્ર મળ્યું હતું આ સિવાય સંઘનું સ્વાગત પણ સારૂં થયું હતું.

**સુથરી** ફાગણ. શુદી. ૪-૫-સો. મં.

ડુમરાથી સુથરી પાંચ ગાઉ થાય. વચ્ચે-**સાંધાણુ** નામનું એક ગામ આવે છે. આ ગામનું દેરાસર ઘણું મોટું છે. મૂળ નાયકજી શ્રી શાંતિનાથ પ્રભુજી છે. કુલ પાષાણુની પ્રતિમાજીઓ ૧૧૨ છે. જૈનોના ૪૦ ઘર છે. સંઘનું સન્માન આંહી સારૂં થયું હતું. અને દાળભાતનું જમણુ આપ્યું હતું ! આંહીના સામૈયામાં આંહીના દરબારશ્રીએ પણ ભાગ લીધો હતો.

કચ્છની પંચતીર્થી સુથરીથી ગણાય છે. આ ગામમાં જૈનોના ઘર ૧૭૫ છે સામૈયું ઘણા ઠાઠથી નિકળ્યું હતું. સુથરીના કચ્છી ભાઈઓએ સંઘના સન્માન માટે ઘણું કર્યું હતું. હજારો '**કોરી**' ખરચીને રસ્તાઓ સાફ કરાવ્યા હતા અને જમવા માટેની બેઠકનો વિશાળ મંડપ રચ્યો હતો ઉપરાંત આખા કચ્છમાં આ એકજ ઠેકાણેથી બાજરાના રોટલા છાશ-દુધ-ચા-ગાંઠીયા અથાણાં વિગેરેના સીરામણુથી આખા સંઘને ટીંબણુ કરાવ્યું હતું. આ ભાઈઓનો પ્રેમ પુષ્કળ

હતો. આહીંનું દેરાહર ઘણું ચમત્કારીક છે. એનો ઇતિહાસ નીચે પ્રમાણે.

આ ગામમાં **ઉદ્દેશી** નામનો એક અત્યંત ગરીબ શ્રાવક રહેતો હતો એક વખતે એક દેવે તેને સ્વપ્નામાં આવીને કહ્યું કેઃ—

" હે **ઉદ્દેશી** ! તું સવારે રોટલાનું પોટલું બાંધી ગામ બ્હાર જજે. અને ત્યાં તને એક માણુસ સામો મળશે, તેના માથાપર એક પોટલું હશે તું તારા રોટલાનું પોટલું તેને આપી તે પોટલું તું ખરીદી લેજે. અને પોટલામાંથી તને એક વસ્તુ મળશે જેનાથી તું સુખી થઇશ. "

સ્વપ્નું જોઇને ઉદ્દેશીશાહના આનંદનો પાર ન રહ્યો. તરતજ નવકાર મંત્રનું સ્મરણ કરવા લાગ્યા. અને સ્હવારે તે દેવના કહેવા પ્રમાણે ગામ બ્હાર ગયા. અને તે માણુસ પાસેથી પોટલું ખરીદયું. એ પોટલાને ઘેર લાવી છોડયું તો પાર્શ્વનાથ પ્રભુની દિવ્ય પ્રતિમાજી નિકળ્યાં. ઉદ્દેશીશાહે તે પ્રતિમાજીને રોટલાના ભંડારીયામાં બેસાડયા, તરતજ રોટલાનું ભંડારીયું આ મૂર્તિના પ્રભાવે અખુટ થઇ ગયું. આથી ઉદ્દેશીશાહ ઘણો આનંદિત થયો. અને આ વાત ધીમેધીમે ગામમાં ફેલાણી.

પછી સુથરીના એક યતિએ ઉદ્દેશીશાહને સમજાવી, ઉપાશ્રયમાં મૂર્તિ મંગાવી અને એક સારા સ્થાનમાં પધરાવી પરંતુ રાત્રી પડતાંજ તે મૂર્તિ ઉદ્દેશીશાહના ભંડારીયામાં પાછી જઈ પહોંચી. હવે યતિરાજે એક ન્હાનિ દેરી બંધાવી,

જેની પ્રતિષ્ઠા મહોત્સવમાં સંઘે સ્વામિવાત્સલ્ય કર્યું. પરંતુ તે વખતે એક ઘીના કુડલામાંથી એટલું બધું ઘી નીકળ્યું કે જે જોઈ સર્વ કોઇને આશ્ચર્ય થયું. અને કુડલામાં હાથ નાખી તપાસ કરી તો ઉદ્દેશીશાહવાળી જીન મૂર્તિ કુડલામાં દેખાવા લાગી. આથી લોકોએ તેને બ્હાર કાઢી અને તેનું **ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ** એ પ્રમાણે નામ રાખ્યું. પછી સંઘે ઉદ્દેશીશાહને રાજી કરી સંઘના દેરાસરમાં તે પ્રતિમાજી સ્થાપ્યા.[1] આજ આ પ્રતિમાજીનો પ્રભાવ સારાએ કચ્છમાં જાણીતો છે. અને આ સુથરીનું તીર્થ "ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ" ના નામથી જગજાહેર છે. આ દહેરાસરને અત્યારે ઘણું સુંદર બનાવવામાં આવ્યું છે.

**કોઠારા.** ફાગણ શુદી ૭-૮ બુ. ગુ.

સુથરીથી કોઠારા ચાર ગાઉ થાય વચ્ચે **સાયરા** નામનું ગામ આવે છે આ ગામમાં ૧૧૦ ઘર જૈનોનાં છે અને એક આદિનાથ પ્રભુનું સુંદર દહેરાસર છે. આંહીના લોકોએ સંઘનું સ્વાગત સારૂં કર્યું હતું.

કોઠારા, એ પણ પંચતીર્થીનું બીજુ તીર્થ છે. આ ગામમાં જૈનોના ૧૦૦ ઘર છે ગામ મ્હોટું છે આ ગામનું દેરાસર મોટા પર્વત જેવું વિશાળ છે બાર શિખર છે આવું દેરાસર **આખા કચ્છમાં એક પણ નથી.** આ દેરાસરનાં બંધાવનાર શત્રુંજયપર કેશવજી નાયકની જે ટુંક કહેવાય છે

૧ મૂનિશ્રી દર્શનવિજય મહારાજના એક લેખના આધારે.


તેઓશ્રી કેશવજી નાયક તથા તેમના ભાઇ છે. દહેરામાં પુષ્કળ પૈસો ખર્ચ કરવામાં આવ્યો હતો. અને મૂળનાયક શ્રી શાંતિનાથ પ્રભુનાં પ્રતિમાજી પણ હ્રદયમાં આરપાર ઉતરી જાય એવાં મનોહર છે. શેઠશ્રી કેશવજીભાઇએ ધર્મના આવાં ઘણાં કાર્યો કરી અમ્મર નામના મેળવી છે, આવા વીરલાઓ આ જમાનામાં દુર્લભ ગણાય.

આ ગામના સ્વાગતની શી વાત ? સંઘને આંહી એકજ દિવસ રોકાવું હતું પરંતુ, સંઘે જ્યારથી કચ્છમાં પ્રવેશ કર્યો ત્યારથી સંઘપર પ્રેમ અને ભક્તિ રાખનાર કેશવજી નાયકવાળા શેઠ જેઠાભાઇના અતિ આગ્રહને વશ થઇ સંઘને બે દિવસ રોકાવું પડયું. આ ભાઇએ શ્રી સંઘને વખતોવખત કીંમતી સલાહ આપી તેમજ દરેક કાર્યમાં સાંગોપાંગ મદદ આપી જે ભકિત કરી છે તે કદી ન વીસરાય તેવી છે. બીજે દવસે સંઘાળુઓ બાજુમાં **સાંઘણ** અને **વરાડીયા** નામના ગામડાઓમાં યાત્રાર્થે ગયા. સાંઘણમાં શાંતિનાથ પ્રભુનું દેરાસર છે. અને ૪૦ ઘર જૈનોનાં છે. વરાડીયામાં ૧૦૦ ઘર જૈનોનાં છે. અને પાર્શ્વનાથ પ્રભુનું સુંદર દહેરાસર છે: આ બંને ગામવાળાઓએ સંઘનો સત્કાર ઘણાં પ્રેમપૂર્વક કર્યો હતો.

**પરજાઉ.** ફાગણ શુ. ૮ શુક્રવાર.

કોઠારાથી પરજાઉ ૩ા ગાઉ થાય વચ્ચે 'વારાપધર' નામનું ગામ આવે છે. આહીં ૧૦૦ ઘર જૈનોનાં અને આદિનાથ પ્રભુનું મનોહર દેરાસર છે. સંઘનો સત્કાર સારો કર્યો હતો.

શ્રી કચ્છ-જખૌનું જિનમંદિર.



પ્રકાશક—જૈ. સ. વાં. માળા. Phot—C. J. Shah. ક. ગિ. મહાયાત્રા. પૃ. ૧૪૫.

*Aanand P. Prass—Bhavnagar.*

પરજાઉ એ વીરભૂમિ છે, આંહી ૪૦ ઘર જૈનોનાં અને ચંદ્રપ્રભુનું સુંદર દેરાસર છે. સંઘનો સત્કાર ગામ લોકોએ સારો કર્યો હતો. સામૈયા વખતે સંઘવીશ્રીને જૈનેતર વર્ગનાં બૈરાંઓ પણ ચોખાથી વધાવતા હતા.

**જખૌ.** ફાગણ શુ. ૯ શનિવાર

પરજાઉથી જખૌ ચાર ગાઉ થાય. વચ્ચે સંઘાળુઓ બાજુમાં રહી જતા **લાલા** ( લલિતપુર ) અને **રાણુપુર** ગામના દેરાસરોનાં દર્શન કરવા ગયા હતા. **લાલા**માં ચાલીશ ઘર જૈનોનાં છે અને **ચંદ્રપ્રભુનું** દેરાસર છે. **રાણુપુર**માં ૧૦ ઘર જૈનોનાં છે અને **મહાવીર** સ્વામિનું નાજુક દહેરૂં છે.

જખૌ બંદર છે. આ બંદરની પૂર્વે ઘણી જાહોજલાલી હતી; પરંતુ અત્યારે દહાડે દહાડે પડતી દશા છે. આ **જખૌ** કચ્છની પંચતીર્થીમાં ત્રીજું તીર્થ છે. આહીંના દહેરાઓ વિશાળ છે; કચ્છ ખાતેના દહેરાઓની વિશાળતામાં આનો ત્રીજો નંબર આવે. મૂળનાયક શ્રી **મહાવીર** સ્વામિ છે. આ વ ાય ન્હાના દહેરાઓ ઘણાંય છે, કુલ ૨૦ શિખર છે, ૧૩૬ પ્રતિમાજીઓ પાષાણુની છે અને ૧૨૫ ધાતુની છે. આ દહેરૂં ખાસ જોવા જેવું છે. આહીં જૈનોના ૨૦૦ ઘર છે. સંઘનું સ્વાગત ઘણું ઉમદા થયું હતું.

**નળીયા** ફાગણ શુ. ૧૦ રવિવાર.

જખૌથી નળીયા છ ગાઉ થાય. વચ્ચે શેઠ જેકુભાઈ

કેશવજી નાયકનું **જસાપર** ( યશપુર ) નામનું નાનું ગામ આવે છે. આંહી શ્રાવકના દશ ઘર છે. લગોલગ ચાર મનોહર દેરાસર છે. મુળનાયક શ્રી આદિનાથ પ્રભુની પ્રતિમાજી બિરાજમાન છે. આ ગામનું સ્વાગત સારૂં હતું. મૂળથી જ સંઘને ભક્તિથી પૂજનારા શેઠ જેઠુભાઇ આંહી પણ આવ્યા હતા.

નળીયા ( નલીનપુર ) ગામ ઘણું પ્રાચિન છે. પંચતીર્થીમાં આ ચોથું તીર્થ ગણાય છે. આંહીનું દેરાસર ખાસ જોવા લાયક છે. આ દહેરાસરને સોળ શિખર તથા ચૌદ રંગમંડપ છે. આ વિશાળ દહેરૂં **શેઠ શ્રી નરશી નાથાએ** સં. ૧૮૧૭ માં બંધાવેલું છે. મૂળનાયક શ્રી ચંદ્ર પ્રભુ બિરાજે છે. આ સ્થાન ખાસ યાત્રાને લાયક છે. આંહી શ્રાવકોનાં ૨૦૦ ઘર છે. ગામની સ્થિતિ સાધારણ છે સંઘનું સામૈયું તથા સ્વાગત ઘણા જ ઉત્સાહપૂર્વક કરવામાં આવેલ હતું.

તેરા. ફાગણ શુ. ૧૧-૧૨ સો. મં.

નળીયાથી તેરા સાડા ત્રણ ગાઉ થાય. આ ગામનો દુર્ગ ( તેરા દુર્ગ ) ઘણો મજબુત છે અને વખણાય છે, ભવ્ય ભૂતકાળનો અબોલ ઈતિહાસ કથતા અનેક વીર પુરૂષોના પાળીઆઓ તેરાને પાદર ખડા છે. તેરા નગરી પ્રાચીન છે, ઇતિહાસ રસિકોને આ ગામને પાદરથી પુષ્કળ ખોરાક મળે. આ ગામમાં ૧૦૦૦ ઘરની વસ્તી છે તેમાં સો ઘર જૈનોનાં છે. બે દહેરાઓ છે એકમાં મૂળનાયક શ્રીજીરાવાળા પાર્શ્વનાથ પ્રભુ છે. આ દહેરાને નવ શિખર છે અને બીજું શ્રીશામળા પાર્શ્વનાથનું દેરાસર છે.

અને દહેરાંઓ સારાં છે, કચ્છની પંચતિર્થીનું આ પાંચમું તીર્થ છે આંહી પંચતીર્થી સમાપ્ત થાય છે. મહાજનના અતિ આગ્રહને વશ થઇ આંહી સંઘને બીજો દિવસ પણ રોકાઇ જવું પડયું. ગામના દરબાર વિગેરે સંઘના દર્શનાર્થે આવ્યા હતા. આંહી રાત્રે રાસડાની જમાવટ ઘણી સરસ થઇ હતી. દરબારગઢમાંથી પણ સ્ત્રી વર્ગે, આ રાસડાઓનાં આનંદમાં ભાગ લીધો હતો.

વગ્મોટી ( નાની ) ફાગણ શુદી ૧૩ બુધવાર

તેરાથી વગ્મોટી સાડા પાંચ ગાઉ થાય. વચ્ચે **બિડડો** અને **બાલાપર** નામનાં ન્હાનાં ગામડાંઓ આવે છે; વગ્મોટીમાં ૫૦ ઘર ઇતર કોમના છે. દેરાસર નથી. આંહીનો રસ્તો ખરાબ છે, પુષ્કળ ગરમી પડતી હોવાથી સંઘાળુઓ અહીં કંટાળી ગયા હતા.

નખત્રાણા ફાગણ શુદી ૧૪ ગુરૂવાર

વગ્મોટીથી નખત્રાણા છ ગાઉ થાય. રસ્તો પહાડી છે, વચ્ચે **જડોધર** અને **કોટડા** નામનાં બે ગામડાંઓ આવે છે.

નખત્રાણા પહાડોની તળેટીમાં વસેલું છે. સૌન્દર્ય ઘણું રમણિય છે. આંહી સુપાર્શ્વનાથ પ્રભુનું સુંદર દહેરૂં છે. જૈનોના ૨૦ ઘર છે. લોકો સુખી છે, આંહી વાઘ-દીપડાની બીક હોવાથી રાત્રે સંઘના ચોકીદારોના પડકારા ખૂબ થતા હતા. ગામવાળાઓએ સત્કાર પણ સારો કર્યો હતો. શ્રી નખત્રાણાના ભાઇઓએ મંજલનો વિકટમાં વિકટ ગણાતો રસ્તો શ્રી સંઘને માટે અતિશય મહેનત લઇ સાફ કરાવી રાજમાર્ગ જેવો

બનાવ્યો હતો. તે સેવાપ્રેમ અને બંધુ-પ્રેમ કોણ ભૂલી શકે તેમ છે ?

**વિથોણ** ફાગણ શુદી ૧૫ શુક્રવાર.

નખત્રાણાથી વિથોણ ૩ ગાઉ થાય, વચ્ચે **નાગલપર** અને **મોટા અંગીયા** નામના બે ગામ આવે છે. અંગીયામાં ૨૦ ઘર જૈનોનાં છે અને શાન્તિનાથ પ્રભુનું ન્હાનું દેરાસર છે. વિથોણમાં ૧૭ ઘર જૈનોનાં અને એક શાન્તિનાથ પ્રભુનું દહેરાસર છે. આ ગામમાં કણબીની વસ્તી પુષ્કળ છે.

**મંજલ** ફાગણ વદી ૧ શનિવાર

વિથોણથી મંજલ સાડા ત્રણ ગાઉ થાય વચ્ચે **કુક્કડ ભટનું જખ** અને **પુંવરોગઢ** નામના બે સ્થાનો આવે છે. **પુંવરાગઢ**નાં ખંડેરો ઇતિહાસ રસિકોએ ખાસ જોવા જેવાં છે કરોડો રૂપિયાના નકશીદાર પત્થરો એ મેદાનમાં પડયા છે. આ ગઢનો ઇતિહાસ ઘણો જાણવા જેવો છે.

મંજલમાં જૈનોના ૨૫ ઘર છે. અને શ્રી શ્રેયાંસનાથ પ્રભુનું ન્હાનું દહેરાસર છે મંજલના સુડી ચપ્પુ વખણાય છે.

**માનકુવા** ફાગણ વદી ૨ રવીવાર

મંજલથી માનકુવા સાત ગાઉ થાય રસ્તો સારો છે. વચ્ચે **દેશળપર** અને **શામતરા** નામના બે ગામડાઓ આવે છે.

માનકુવામાં ૩૫ ઘર જૈનોના અને સુપાર્શ્વનાથ પ્રભુનું દહેરાસર છે. સંઘનું સ્વાગત ઘણું સારૂં થયું હતું.

માનકુવાથી ભૂજ ચાર ગાઉ થાય. ભૂજમાં સંઘ બેજ દિવસ રોકાવાનો હતો, પરંતુ ભૂજવાસી ભાઇઓનાં અને ક્ષાત્ર શિરોમણી **ના૦ મહારાવશ્રી**ના અથાગ પ્રેમના અંગે સંઘને ભૂજના ઉજ્વળ આંગણે પાંચ દહાડા પર્યંત મ્હેમાન થવું પડ્યું. ભૂજનું સ્વાગત અનેરૂં હતું. સંઘ પ્રત્યે ભુજનો પ્રેમ અજોડ ગણાય અને ભકિતનું તો માપજ નહીં.

**પડાવ સ્થળ**

શહેરથી અડધો માઇલ દૂર એક સુંદર કમ્પાઉન્ડમાં સંઘનું પડાવ સ્થળ નક્કી થયું હતું. સાધુ સાધ્વીનાં ગૃહસ્થોનાં સંઘવીશ્રીનાં વિગેરેના પાલો વ્યવસ્થિત થાય તે ખાતર જુદા જુદા ચોગાનો રચ્યા હતા અને પડાવની રચના ઘણી સુંદર કરી હતી. એક વિશાળ પ્રવેશદ્વાર રચ્યું હતું. તેમજ બીજા પણ બે પ્રવેશદ્વારો રચ્યા હતા પ્રવેશદ્વારો હરીયાળા રંગના- વનસ્પતી-પુષ્પો આદીથી શણગારેલા હતા. ઠેઠ પડાવસ્થળ પાસેથી ભૂજના દરવાજા સુધીનો રસ્તો અને ગામના બીજા મૂખ્ય માર્ગો ધ્વજાપતાકાથી શણગારવામાં આવ્યા હતા. સ્થળે સ્થળે સુંદર ફોટાઓ-ચિત્રો મુકવામાં આવ્યા હતા. અને સંઘના પડાવ પાસે વેપારીઓની વીશથી પચ્ચીસ દુકાનો શોભી રહી હતી.

માંડવીના સ્વયંસેવકોમાં જે ઉત્સાહ હતો તેવોજ ઉત્સાહ અને પ્રેમ ભૂજના સ્વયંસેવકોમાં પણ હતો. માંડવીના સ્વયં-

**સ્વયંસેવકો** સેવકોની વિશેષતા એજ કે-તેઓ યુવાન છતાં નમ્ર હતા. વ્યવસ્થા ઘણી કરતા આંહીના સ્વયંસેવકોની વ્યવસ્થાશકિત પીરસવામાં સારી હતી. પીરસવાની એટલી શાંત-ઝડપ હતી કે જમવા બેસનારને એકજ મિનીટે સઘળું પીરસાઇ જાય.

**ભૂજ** ભૂજ એ કચ્છનું પાટનગર છે; કળા અને કારીગીરીનું ઉત્તમ કેન્દ્રસ્થાન છે; આર્યત્વની ભાવનાને પોષનારા આર્યસંસ્કૃતિને જીવનમાં ઉતારનારા આર્યધર્મોપર સંપૂર્ણ માન રાખનારા એવા ધર્મપ્રેમી અને પ્રજાવત્સલ **ના૦ મહારાવ શ્રી ખેંગારજી બહાદુર**ના પુનિત તપોબળથી દીપી રહેલું **ભુજ** અનેક સૈકાઓના ઇતિહાસ અને આર્યોના જીવનમંત્રો આજ પણ સુણાવી રહ્યું છે.

ભુજમાં જોવા લાયક સ્થળો ઘણાં છે ભુજીયા ડુંગરપરનો **ભવ્ય દુર્ગ**, વિશાળ **શરદબાગ**, **રાજમહેલ**, **આયના મહેલ** જેમાં હીરા અને સુવર્ણનુંજ કામ છે. **સંગ્રહસ્થાન** ટંકશાળ હાથીખાનું આ સિવાય અન્ય મંદિરો કુંડો વિગેરે અનેક જુના સ્થાનો ખાસ જોવા જેવાં છે. ભૂજમાં મીના કામ દુનિયાભરને ટક્કર મારે તેવું કલાપૂર્ણ થાય છે. **ચાંદીનાં** વાસણો અને નકશી પણ વખણાય છે. ભૂજમાં હથીયારોપણ સારા બને છે. **પાશ્ચાત્ય સંસ્કૃતિના ઓછા પ્રવેશને અંગે આજ ભુજનો કારિગર ભુખ્યે નથી મરતો.** આ સિવાય

ભુજમાં પ્રાચિન ભાષાઓની એક બે શાળાઓ પણ છે. ધર્મ સ્થાનો તો પુષ્કળ છે. ભૂજની પ્રજા સુખી અને તંદુરસ્ત છે. આ દેશ ખેતીપ્રધાન હોવાથી જીવન પણ નિર્મળ છે.

ભૂજની વસ્તી ૩૧૦૦૦ માણુસની ગણાય, આંહી ૨૦૦ દહેરાવાસી ને ૨૦૦ સ્થાનક વાસીભાઈઓનાં ઘર છે. ત્રણ દહેરાઓ છે. એક **પાર્શ્વનાથ** પ્રભુનું, એક **શાંતિનાથ** પ્રભુનું અને એક **આદિનાથ** ભગવાનનું છે. ત્રણેય દહેરાઓ કલાપૂર્ણ છે. **આમાં એક દહેરૂં તો રાજ્ય તરફથી (પૂર્વે) બંધાવેલ છે અને સંઘને અર્પણ કરેલ છે.**

**ના. મહારાવશ્રી-નો પ્રેમ.**

ના. મહારાવશ્રીના ધર્મપ્રેમ માટે પ્રત્યેક જૈનોએ અભિમાન લેવું ઘટે છે. તેઓશ્રીએ સંઘની જકાત-દાણ માફ કર્યા હતા. એક પોલીસ ટુકડી આખા કચ્છના પ્રવાસમાં સાથે આપી હતી. જ્યાં જ્યાં સંઘ ફર્યો ત્યાં દરેક ગામના અમલદારો ઉપર પણ **સંઘને કોઇ જાતની અગવડ ન પડે અને તેની જરૂરીયાતો પુરી પાડવી** એ મતલબનો હુકમ કર્યો હતો. ભૂજ-માંડવી, અંજાર આદિ સ્થળોના જોવા લાયક સ્થાનો સંઘને માટે ખુલ્લા કરાવ્યા હતા, વેપારી વર્ગને પણ "સંઘના એક બાળક પાસેથી વધારે ભાવ ન લેવો" એવી સુચના કરી હતી. તેમજ ભુજમાં પાંચેય દિવસ રાજ્ય તરફથી મોટરો-ઘોડાગાડીઓ વિગેરે સંઘવીશ્રીની તહેનાતમાં મોકલવામાં આવી હતી.

ચોથે દહાડે સંઘવીજી ના૦ મહારાવશ્રીને મળવા ગયા અને ના૦ મહારાવશ્રીનો ઉપકાર માની વિદાય માગી. મહારાવશ્રીએ કહ્યું; "શેઠીયા ! એમ ન જવાય, કાલે રોકાવું પડશે. શેઠશ્રી તેમના પ્રેમનો અનાદર કરી શકયા નહીં. તેજ દીવસે સાંજે ના૦ મહારાવ સાહેબના પ્રાઇવેટ સેક્રેટરી રા. સૂર્યશંકરભાઇએ આવીને આખા સંઘને રાજ્ય તરફથી જમણનું નોતરૂં આપી દીધું. સંઘમાં ખબર પડતાંજ ખુશાલીનો પાર ન રહ્યો. **નામદાર મહારાવશ્રીના આ અપૂર્વ પ્રેમથી રાજ્યનું જમણ સ્વીકાર્યું.**

આ સિવાય બીજા અરસ પરસ ભેટણાંઓ પણ સારા થયેલાં અને " **આવા સંઘો કાઢી ધર્મને દિપાવો,** " એવી ના૦ મહારાવશ્રીની આશિષ પણ મેળવી.

ભૂજમાં સંઘને ઘણો આનંદ મળ્યો. ભૂજના શેઠીયાઓ તરફથી અને ભૂજના સંઘ તરફથી પણ સંઘનો સત્કાર ઘણો સારો થયો હતો. ભૂજનું સામૈયું ઘણું ભવ્ય હતું.

અત્રે એક પ્રસંગ વર્ણવવો અનુચિત નહીં ગણાય અને તે એ કે અત્રેના શેઠ ડોસાભાઈ વાલજીએ શ્રી સંઘ ભૂજમાં વધારે રોકાઇ તેમનું જમણ સ્વીકારી શકે તેમ ન હોવાથી સંઘમાં પ્રત્યેક માણસને જરમન સીલવરના પવાલાની લહાણી કરી હતી.

નગરશેઠ શ્રી સાકરચંદભાઇ પાનાચંદભાઇની સામ્ય મૂર્તિ સંઘાળુઓથી ભૂલાય તેમ નથી.

તેમજ ના૦ મહારાવ સાહેબના પ્રાઈવેટ ખાતાવાળા સંઘવી હીરાચંદ ટોકરશીએ શ્રી સંઘનો કચ્છમાં પ્રવેશ થયો ત્યારથીજ દરેક પ્રકારની સગવડ પોતાની જાત મહેનતથી કરી આપી દરેક કાર્યમાં અગ્રભાગ લીધો હતો. આવા સેવાપ્રેમી સજ્જનોનો શો આભાર માનવો ? તેમજ બીજા કચ્છી ભાઇઓનો પ્રેમ પણ ભુલી શકાય તેવો નથી. આ સ્થાને કચ્છી ભાઇઓના પ્રેમ માટેનું ( સંઘ સાથે યાત્રાર્થે આવેલ પાટણની **શ્રી જૈન વિદ્યાભુવન** નામની સંસ્થાના વિદ્યાર્થીઓની સભામાં ગવાએલું ) એક કાવ્ય યાદ આવી જાય છે તે અત્રે રજુ કરૂં છું:

" વ્હાલા! કચ્છી બંધુઓ ! ! તમારાં તો મીઠાં સન્માન. "
" તમારા પ્રેમની કિંમત તણાં તો નાં અમોને ભાન. "
" તમે રૂડા પ્રભુ ઘેલા, તમારા ભક્તિ ભીનાં ગામ. "
" તમે સત્કારમાં શાણા, અમુલાં સ્નેહનાં એ દાન. "
" અજાણ્યા માર્ગમાં જોઇ, કરો છો પ્રેમથી **પ્રણામ.** "
" હૃદયના વ્હાલથી ગણુતા, અમોને આપના મેમાન. "
" તમારા સ્નેહની તૃષા અમારા જીગરમાં જાગે. "
" તમારી ભકિત નીરખીને અમારા દિલ પણ લાજે. "
" વિનય-વિવેકમાં પૂરા મધુરાં વાકય પણ મીઠાં. "
" અમારી જીંદગાનીમાં, તમોને આજ તો દીઠાં. "
" તમારો પ્રેમ રસ કાયમ, રહો બસ એ અમારૂં ગાન. "
" તમારી સંસ્કૃતિ જીવો, કરો ખૂબ ધર્મનાં શુભ કામ. "

" અમારો ને તમારો આ, સંબંધજ કાળ જુનો છે."
" અમ તમમાં જુદાઇ ના, કરારજ સ્નેહનો એ છે."

કચ્છી ભાઈઓનો પ્રેમ સંઘમાં આવનાર પ્રત્યેક યાત્રાળુઓને સદા કાળ યાદ રહેશે.

' આ સિવાય ભુજનું સામૈયું ' પણ એવુંજ વિશાળ થયું હતું. ધ્રાંગધ્રા જેવુંજ વિશાળ અને એટલોજ માનવ સમૂહ હતો. રાજ્ય તરફથી બે હાથીઓ, ગાડીઓ–મોટરો બે બેન્ડ વાજાઓ, પોલીસ ટુકડી, સ્વારો. વિગેરે આવ્યું હતું. સામૈયાનો ઠાઠ ઘણો મનોહર હતો, અને પાંચેય દિવસ હજારો માણસોની મેદની પડાવ સ્થળમાં રહ્યા કરતી હતી.

**કુકમા** ફાગણ વદી ૮

ભુજથી કુકમા સાડાત્રણ ગાઉ થાય. વચ્ચે **માધવપર** નામનું ગામડું આવે છે. આંહી જૈન ઘર કે દેરાસર નથી. અત્રેના પાટીદાર વિગેરે ભાઈઓએ પણ મોટા પ્રમાણમાં સામૈયું કાઢી શ્રી સંઘનું પ્રેમ સ્વાગત કર્યું હતું.

**રતનાળ.** ફાગણ વદી ૯

કુકમાથી પાંચ ગાઉ છે, દેરાસર નથી. અહીંથી ફાગણ વદી ૧૦ ના રોજ સંઘ પાછો **અંજાર** આવ્યો. રતનાળથી અંજાર સાડાચાર ગાઉ થાય. ફાગણ વદી ૧૧ ના રોજ **ભીમાસર**. ફાગણ વદી ૧૨ ના રોજ **ચીરાઈ**. ફાગણ વદી ૧૩ ના રોજ **વેંધ** ફાગણ વદી ૧૪ ના રોજ **સામ-**

**બીચાલી** અને ફાગણ વદી ૦)) ના રોજ સંઘ પાછો **લાકડીયા** મુકામે આવ્યો. ( આંહીના દહેરાઓની તથા બીજી હકીકત આગળ આવી ગઇ છે ).

**થોરીયાળી.** ચૈત્ર શુ. ૨ રવિવાર

લાકડીયાથી થોરીયાળી ૬ ગાઉ થાય. વચ્ચે **ખોડાસર** અને **કુંભારીયા** નામના બે ગામડાઓ આવે છે. ખોડાસર-માં જૈનોનું એકજ ઘર છે.

થોરીયાવીમાં જૈનોનાં ૪૦ ઘર છે. ધર્મના સંસ્કાર નથી. પુરાં ચોવીસ જીનનાં નામ પણ ઘણાંને નથી આવડતા. એક ઉપાશ્રય છે. દહેરૂં નથી. આવા ગામોમાં મુનિવરોએ વિચરવું જોઇએ અને આ અજ્ઞાન જનોના હૃદયમાં ધર્મના સંસ્કાર પાડવા જોઈએ. અત્રે ઘણાં ઘર સ્થાનકવાસીનાં છે. અત્રે શ્રી સંઘવીજી તરફથી તેમના ચી. ભાઈ સેવંતીલાલને ત્યાં પુત્ર જન્મની ખુશાલીમાં કોરી ૧૦૦૧ આપી શ્રી જીનમંદીર બનાવવાનું નક્કી કર્યું હતું. અને તે કામ ઘણાં ટુંકા વખતમાં આશુ પણ થઇ જશે.

**ગોરાસર.** ચૈત્ર શુ. ૩ સોમવાર

થોરીયાળીથી ગોરાસર ૨ ગાઉ થાય. આંહીથી **ગાંગોદર** નામનું ગામ લગભગ ૦ાા ગાઉ છેટે છે. આ ગામમાં એક દહેરૂં છે. વાણીઆઓના પણ ઠીક ઘર છે. ગોરાસરથી રણમાં ઉતરવાનું હોવાથી, યાત્રાળુઓમાં પુષ્કળ

ધમાલ થઇ રહી હતી. આ વખતે માણુાળાના રણુમાં પાણી આવી ગયું હતું. એટલે ચાલી શકાય તેમ ન્હોતું. તેથી આ મોટા રણુનો માર્ગ સ્વીકારવો પડયો હતો. સંઘવીશ્રીએ રણુની કાંધીથી થોડે દૂર સાધુ સાધ્વીની સગવડ જાળવવા માટે પાલ–તંબુઓ ઠોકાવી દીધા હતા, અને ત્રીજના બપોરે ગાડાઓ ઉપડયા. **રણુની કાંધી** જે ગોરાસરથી ૩૫ ગાઉ છેટી થાય, ત્યાં સંઘવીશ્રીએ ગરમ ઉકાળેલા પાણીની સગવડ કરી હતી. ત્યાં યાત્રાળુઓએ વિશ્રામ લઇ રણુ તરફ ગાડા ચલાવ્યા. આ રણુ આઠ ગાઉ લાંબુ છે. વચ્ચે પાલો નાખ્યો હતા ત્યાં સાધુ સાધ્વીઓ રાત્રી રહ્યા હતા. બીજે દહાડે ચૈત્ર શુદી ૪ ના બપોરના બાર વાગ્યે સંઘ **વેણુાસર** સુખરૂપ પહોંચી ગયો અને સંઘવીશ્રીની મોટરલોરીઓ, તંબુ વિગેરે સામાન લઇને, સાંજના પોણાચારે આવી પહોંચી, ત્યાર બાદ તરતજ સવાચારે રણુમાં પાણી ભરાઈ ગયું આ **ચમત્કાર** જોઇ સંઘવી તેમજ સંઘાળુઓના હૃદય હરખાયાં હતાં. ઘણુાંખરા ભાઇઓને **"શાસન દેવી સ્હાય કરે છે"** એ કથન પર વિશ્વાસ ન્હોતો તેઓના હૃદયમાં ભકિતપ્રવેશી અને શાસનદેવી પ્રત્યે પ્રબળ વિશ્વાસ જાગ્યો.

---


## જૈન સસ્તી વાંચનમાળાનાં—

ઇતિહાસીક રસીક પુસ્તકો દર વરસે નીયમીતપણે વાંચવા માત્ર રૂા. ૩) નો ખર્ચ દરેક જૈન બંધુઓ જરૂર કરો અને ગ્રાહક તરીકે તરતજ નામ લખાવો.

# યાત્રા. (ચાલુ)

( ૭ )

## [ સૌરાષ્ટ્ર ]

**વેણાસર.** ચૈત્ર શુ. ૪ મંગળવાર.

ગોરાસરથી વેણાસર સુધીની સાડા અગીઆર ગાઉની લાંબી મજલના લીધે સંઘાળુઓની સ્હેજ વધારે કસોટી થઇ હતી. સંઘ પહેલા રાજકોટ થઇને જુનાગઢ જવાનો હતો, પરંતુ જામનગરવાળા ભાઇઓનાં અત્યાગ્રહના અંગે સંઘ જામનગર રસ્તે લઇ જવો એવું નક્કી થયેલું. આથી રાજકોટના શા સોભાગ્યચંદ હેમચંદ ( પાટણવાળા ) કાગદી માણેકચંદ પરશોતમ તેમજ બીજા પ્રતિષ્ઠિત ગૃહસ્થોનું મંડળ, વેણાસર મુકામે, સંઘવીજી પાસે, સંઘને રાજકોટને રસ્તે થઇને લઈ જવાની વિનંતી કરવા આવ્યું હતું, અને સંઘવીજીએ જામનગરથી એ તરફ આવવાનું વચન પણ આપ્યું હતું, આથી સંઘાળુઓમાં બહુ ખળભળાટ થયો; કારણ કે ગરમી પુષ્કળ પડતી હતી અને દિવસો ઘણા થયા હતા. આંહીથી લગભગ ૫૦થી૬૦ ગુજરાત તરફના ખાલી ગાડાઓ પણ પાછા ગયા હતા.

**ખાખરેચી.** ચૈત્ર શુ. ૫ બુધવાર.

વેણાસરથી ખાખરેચી અઢી ગાઉ થાય. આ ગામમાં જૈનોના દશ ઘર છે સુપાર્શ્વનાથ પ્રભુનું ન્હાનું દેરાસર પણ છે. આ ગામનું સ્વાગત્ સારૂં થયું હતું. આ ગામ માળીયા દરબારના તાબે છે. સંઘના દર્શન કરવાને શ્રી માળીયા નરેશ

તથા તેમના બંને કુંવર ખાખરેચી પધાર્યા હતા. સામૈયામાં દરબારશ્રી આવ્યા હતા અને સંઘવીજીને મોટરમાં માળીયા તેડી ગયા હતા. ત્યાંથી પાછા આવી, સંઘવીજી માળીયા નરેશને ભેટણું વિગેરે કરવા ગયા હતા, **માળીઆ નરેશ તરફથી સંઘવીજીને તેમજ તેમના પુત્રોને સારાં પોશાકો મળ્યા હતા, માળીઆ નરેશ ઘણાં ધર્મ-પ્રેમી અને વિદ્વાન છે. જૈનોના** દરેક ધાર્મિક પ્રસંગોમાં જાતે હાજરી આપી ધર્મપ્રેમ બતાવવા સાથે દરેક પ્રકારની સહાનુભૂતિ આપે છે.

ગાળા. ચૈત્ર શુ. ૬ ગુરુવાર.

ખાખરેચીથી ગાળા ચાર ગાઉ થાય. વચ્ચે **રાપર, પીલુડી** અને **વાઘપર** નામના ત્રણ ગામડાઓ આવે છે ગાળામાં દેરાવાસી ભાઇઓનાં આઠ ઘર છે. **વાસુપૂજ્ય** સ્વામિનું દેરાસર છે. ગાળાનાં લોકોનો પ્રેમ સારો હતો. આસપાસના ગામડાઓમાંથી સંઘના દર્શન કરવાને ઘણું માણસ આવ્યું હતું. સંઘનો સત્કાર સારો થયો હતો.

**બેલા.** **ચૈત્ર શુ. ૭ શુક્રવાર.**

ગાળાથી બેલા ચાર ગાઉ થાય. વચ્ચે 'રંગપર' નામનું ગામ આવે છે, આંહી વાણીયાનાં ત્રણ ચાર ઘર છે, બેલા ગામ સારૂં છે. વાણીયાના ૧૨ ઘર છે, અને **પદ્મ** પ્રભુનું દેરાસર છે. સંઘનો સત્કાર સારો થયો ગણાય.

**મોરબી.** **ચૈત્ર શુ. ૮-૯ શનિ, રવિ.**

બેલાથી મોરબી ચાર ગાઉ થાય. આંહી ૧૦૦ દેરાવા-

ધર્મપ્રેમી—ઠાકોર સાહેબ શ્રી રાયસિંહજી મોડજી.
માળીયા ( મચ્છુકાંઠા )



સામૈયામાં સાથે રહી સંઘવીજીનું સ્વાગત કરનાર પ્રજા પ્રેમી
ધર્મવત્સલ દરબારશ્રી-માલીયા

પ્રકાશક-જૈ. સ. વાં. માલા                    ક. ગિ. મહાયાત્રા પૃ, ૧૫૮

*Anand P. Press B. V. C.*

સીનાં અને લગભગ ૫૦૦ સ્થાનકવાસીના ઘર છે. એક દેરાસર છે. મુળ નાયક **પાર્શ્વનાથ** પ્રભુ છે. આ એક દેરાસરની અંદર બીજાં બેનો સમાવેશ થાય છે. કુલ ૪૮ પ્રતિમાજી પાષાણુના છે. મોરબીનું સામૈયું સારૂં થયું હતું. રેલ્વેનું સાધન હોવાથી બ્હારગામનું ઘણું માણુસ આવ્યું હતું. રાજ્ય તરફથી પણુ સારો સત્કાર થયો હતો, મોરબીના જોવા લાયક સ્થળો સંઘના માટે ખુલ્લા મુકવામાં આવ્યા હતા. સિવાય મોરબીના **પ્રજાપ્રેમી નરેશ** પણુ સંઘ જોવાને પધાર્યા હતા અને સંઘવીમંદિરમાં લગભગ અડધો કલાક બેઠા હતા. મોરબીવાસી ભાઇઓના હૃદયમાં સંઘપ્રત્યે સારી ભક્તિ હતી, આંહીથી ઘણાં ખરા સંઘાળુઓ રેલ્વેરસ્તે પાછા ગયા હતા.

**ટંકારા.** ચૈત્ર શુદી ૧૦ સોમવાર.

મોરબીથી ટંકારા ૭ ગાઉ થાય. વચ્ચે સવાળુ, વીરપર અને લજાય નામના ત્રણુ ગામડાઓ આવે છે. ટંકારામાં ઉત્સાહ ઘણો હતો. આસપાસના ગામડાઓના લોકો–ખેડુતો સંઘ જોવાને આવ્યા હતા અને સંઘના ચોગાનમાં રાસમંડળ ગાઇ અપૂર્વ ભક્તિ ભાવી રહ્યા હતા. કાઠીયાવાડના લોકજીવનની અપૂર્વતાની ઝાંખી આંહીથી થવા લાગી. ટંકારામાં કુલ ૫૦ ઘર જૈનોના છે અને પાર્શ્વનાથ પ્રભુનું નાજુક દેરાસર છે. આંહી સંઘનું સામૈયું સારૂં થયું હતું.

**લત્તીપર** **ચૈત્ર શુદી ૧૧ મંગળ.**

ટંકારાથી લત્તીપર ત્રણુ ગાઉ થાય. વચ્ચે ' મેઘપર '

અને ' ખંગાવડી ' નામનાં બે ગામડાઓ આવે છે. લત્તીપરમાં ત્રીશ ઘર શ્રાવકનાં છે અને એક આધુનિક રચનાનું પાર્શ્વનાથ પ્રભુનું દેરાસર છે. આંહી પણ ખેડૂતો વિગેરેએ સારો જલસો કર્યો હતો.

**પ્રોળ** ચૈત્ર શુ. ૧૨ બુધવાર

લત્તીપરથી પ્રોળ ૪ાા ગાઉ થાય. આ ગામમાં લગભગ ૨૫૦ ઘર જૈનોનાં છે. અને શ્રી શાન્તિનાથ પ્રભુનું એક દેરાસર છે. સંઘનો સત્કાર સારો થયો હતો.

**ફૂલા** ચૈત્ર શુ, ૧૩ ગુરૂ.

પ્રોળથી ફૂલા ૪ ગાઉ થાય. વચ્ચે ' સોયલ ' નામનું ગામડું આવે છે, ફૂલામાં વાણીઆના બે ઘર છે. દેરાસર નથી, પરંતુ ફૂલાના ખેડુતોએ રાસ અને ભજનો ખૂબ જમાવ્યા હતા.

**ધુંવાવ** ચૈત્ર શુ. ૧૩ શુક્ર

ફૂલાથી ધુંવાવ ૬ ગાઉ થાય. આ ગામમાં મુસલમાનોની વસ્તી પુષ્કળ છે. જૈન ઘર એક પણ નથી. પરંતુ સુપાર્શ્વનાથ પ્રભુનું એક દહેરાસર છે. પૂજા વિગેરે બ્રાહ્મણ કરે છે. સંઘના દર્શનાર્થે જામનગરથી લગભગ બે હજાર માણસ આવ્યું હતું, અને સંઘ પણ તેજ સાંજના ચાર વાગ્યે જામનગર તરફ ચાલ્યો હતો. ધુંવાવથી માત્ર દોઢજ ગાઉ થાય.

જામનગરમાં માનવ મેદિની અપાર હતી. અમદાવાદ, પાટણ, મુંબઇ, સુરત, મ્હેસાણા, કચ્છ-કાઠીયાવાડ વિગેરે સ્થળેથી ઘણા માણસો આવ્યા હતા. ઉપરાંત આ વરસે જામનગરમાં વર્ધમાન તપની આયંબિલની ઓળી હોવાથી આયંબીલના તપસ્વીઓ પણ પુષ્કળ પ્રમાણમાં આવ્યા હતા. એટલે જામનગર તો માનવ-સમૂહથી ઉભરાઇ રહ્યું હતું.

**પડાવસ્થળ.** જામનગરના ઉત્સાહી જૈનોએ સંઘનું પડાવસ્થળ ઘણું સ્વચ્છ તેમજ સુંદર બનાવ્યું હતું.

પ્રવેશદ્વાર ભવ્ય હતું તેમજ વાવટાઓથી રસ્તો શણગાર્યો હતો. આ ઉપરાંત પડાવમાં મોટો સમીયાનો અને બીજા ત્રણ ચાર તંબુઓ જામનગરના સ્વયંસેવક મંડળે નાખ્યા હતા. વ્યવસ્થા ઘણી મનોહર હતી. દેખાવ આકર્ષક હતો. ટુંકામાં સંઘનો રંગ અહીં દીપી નિકળ્યો હતો.


**સ્વયંસેવકો.** જામનગરના સ્વયંસેવકોની વ્યવસ્થા વખાણવા યોગ્ય હતી. પીરસવામાં તેમજ દેખરેખમાં સારી કુશળતા બતાવી હતી. સંઘના પાલે પાલે દુધ-દાતણ વિગેરે લઇને રોજ સ્હવારે આવતા અને યાત્રાળુઓને આપી જતા. આ સિવાય દહેરાસરોમાં ગીરદી ન થાય, ન્હાવા માટે યાત્રાળુઓને કપડા વિગેરે બરોબર મળે. એવાં પરચુરણ કાર્યોમાં પણ ઉત્સાહ સારો હતો.

જામનગરનું સ્વાગત અને સામૈયાનોય ઠાઠ અનુપમ હતો. પ્રથમ ઇંદ્રધ્વજ અને રાજ્ય

**સામૈયું.**

તથા સંઘના નિશાન ડંકા ત્યારપછી રાજ્યના ઘોડેસ્વારો; સ્ટેટનું સુંદર બેન્ડ; સ્ટેટની પોલીસપાર્ટી, એક હાથી, તેર ઘોડાગાડીઓ ( જેમાં સ્ટેટની પણ હતી. ) ત્યારપછી સ્ટેટની ચાંદીની તથા લીલા મખમલની સુસજ્જીત ગાડી, સ્ટેટનો ચાંદીનો સીગરામ મોટર, બે ચાંદીના મેના, એક જરીયન પાલખી. ત્યારપછી સંઘવીજીનો સીગરામ, બે સાંબેલા, એની પાછળ શેઠની ગાડી. ત્યારબાદ શેઠની પુત્રી કળાવતી બ્હેનનો સુવર્ણજડીત મનોહર મેનો, પાછળ સ્ટેટના અગીયાર આરબોની ટુકડી, પાછળ ધ્રાંગધ્રા સ્ટેટના સ્વારો અને તેની પાછળ સ્ટેટનું એક મોટું બેન્ડ. પાછળ મુનિ મહારાજાઓ અને ત્યારપછી સંઘવીજી તેમના ભાઇઓ અને જામનગરના અધિકારી વર્ગ, સ્થાનિક તેમજ બ્હારગામથી આવેલા શેઠીઆઓ અને હજારો માણસો પાછળ સંઘવીશ્રીનું બેન્ડ અને ત્યારપછી દહેરાસરનો રથ. જેમાં સંઘવીજીના બંને પુત્રો પ્રભુજીની પ્રતિમા લઇને બેઠા હતા. અને સૌની પાછળ શ્રી સંઘવીયણ અને લગભગ ચારસોની સંખ્યાનું સ્રીમંડળ. આવું ભવ્ય રસાલાયુક્ત સામૈયું નિકળ્યું હતું અને હજારો માણસો શેઠશ્રી તરફ આશિર્વાદ વર્ષાવી રહ્યા હતા. આ સામૈયું ઠેઠ સંઘના પડાવ-સ્થળેથી જામનગરના રાજ-માર્ગ પર થઇ દહેરાસર ગયું હતું.


જામનગરમાં સામૈયાનો દેખાવ.



Pho. C. J. Shah. દ. ગિ. મહાયાત્રા. પૃ. ૧૬૨.

આનંદ પ્રી. પ્રેસ-ભાવનગર. પ્રકાશક-જૈ. સ. વાં. માળા.

જામનગરનું જિનમંદિર.



Pho. C. J. Shah. દ. ગિ. મ. યાત્રા. પૃ. ૧૬૩.

આનંદ પ્રેસ-ભાવનગર.

**દહેરાસરો.** જામનગરના દહેરાઓ, ભવ્યતામાં અને કલા—કારીગીરીમાં જગવિખ્યાત છે. ગુજરાત કાઠીયાવાડમાં આવા દહેરાઓ અમૂક તિર્થો સિવાય ક્યાંય પણ નથી. આ કલાપૂર્ણ દહેરાસરોનો પરિચય પ્રત્યેક જૈનોએ કરવો જોઇએ અને પૂર્વના જૈનોના આવા મહાન્ કાર્યો પર મગરૂર થવું જોઈએ.

આ દહેરાઓનો સંપૂર્ણ ઈતિહાસ લખવા બેસીએ તો એક બીજો ગ્રંથ થાય, પરંતુ અત્રે આ દહેરાસરોનો માત્ર ટુંકો જ પરિચય આપીશ:—

૧ શેઠશ્રી ઝવેરચંદ લીલાધરની બે વિધવા બાઇઓએ સં. ૧૬૫૫ માં મુનિસુવ્રત સ્વામિનું દહેરાસર બંધાવ્યું તે દાદાસાહેબની વાડી પાસે છે, દહેરૂં શિખરબંધ છે.

૨ **શ્રી સંઘે** ૧૮૭૦ ની સાલમાં **શ્રી ચંદ્રપ્રભુજીનુ** દહેરાસર બંધાવ્યું તે બજાર વચ્ચે છે. આને **દેરાસરનો ચોક** કહે છે. દહેરૂં ઘણું સુંદર છે.

૩ શેઠ **આણંદજીભાઇ અબજીભાઇએ** સં. ૧૬૨૮ માં **શ્રી આદિશ્વર પ્રભુનું** દહેરૂં બંધાવ્યું તે ચોકમાં છે. દહેરૂં ભવ્ય અનેમનોહર છે; રંગમંડપ વિશાળ છે કોરણી સુંદર છે.

૪ **શ્રી સંઘે** ૧૮૭૦ ની સાલમાં શ્રી વાસુપૂજ્યસ્વામીનું દહેરાસર બંધાવ્યું તે ચોકમાં છે. આ દહેરૂં પણ મનોહર છે.

૫ **શેઠ શ્રી વર્ધમાન શાહે** ૧૬૦૦ ની સાલમાં શ્રી

શાન્તિનાથ પ્રભુનું દહેરૂં બંધાવ્યું. આ દહેરૂં ઘણું ભવ્ય છે. કળા અને કારીગીરીની તો અવધી છે, લાખો રૂપિયાનો ખર્ચ કર્યો છે. ખાસ જોવા લાયક છે. આ દહેરામાં પાષાણનાં પ્રતિમાજી ૨૧૭ છે. આ દહેરૂં પણ ચોકમાં છે.

૬ **શેઠ રાજશીશાહે** ૧૬૦૦ની સાલમાં શ્રી શાંતિનાથજીનું દહેરૂં બંધાવ્યું. આ દહેરૂં પણ ચોકમાં છે. દહેરૂં ઘણું વિશાળ છે. **નેમનાથ પ્રભુની ચોરીની** કોરણી ઘણી મનોહર છે. આ દહેરામાં પાષાણના કુલ ૨૪૫ પ્રતિમાજી છે. અને એક રત્નનાં પ્રતિમાજી છે.

૭ ડેલીફળીમાં એક **ગોડી પાર્શ્વ**નાથજીનું દેરાસર છે. જે શિખરબંધ નથી.

૮ ઓસવાળવાસમાં શ્રી**નેમી**નાથજીનું એક દહેરાસર છે.

૯ દફતરના ડેલા પાસે એક શ્રી **શાંતિનાથ** પ્રભુનું દહેરાસર છે, જે પ્રાચિન છે.

૧૦ જીવરાજ શેઠના વંડે એક **અજીતનાથજી** પ્રભુનું દહેરાસર છે.

૧૧ એક **આદિનાથ** પ્રભુનું દહેરાસર.

૧૨ જૈનવિદ્યાર્થી ભુવનમાં શ્રી**શાંતિનાથ** પ્રભુનું દહેરાસર.

આ સિવાય એક ચાંદીનું દહેરાસર તૈયાર થાય છે.

આ પ્રમાણે બારથી તેર દહેરાઓ જામનગરમાં છે.

## જામનગરનું જિનમંદિર.



Pho. C. J. Shah. ક. ગિ. મ. યાત્રા. પૃ. ૧૬૪.

આનંદ પ્રી. પ્રેસ-ભાવનગર.

એમાં ચોકવાળા દહેરાઓ તો ખાસ જોવા જેવાં છે. ભારતીય કળાને અને પૂર્વની જૈનસમૃદ્ધિનો પરિચય કરવો હોય તો અવશ્ય આ દહેરાઓ નિરખવાં.

**જામનગર.** જામનગર કાઠીયાવાડનું 'પારીસ' કહેવાય છે; આસપાસના ગામડાઓનાં વેપારનું મથક છે. જામનગરમાં સોનેરી કામ સારૂં થાય છે. બાંધણી તથા રંગાટનું કામ પણ વખણાય છે. મીઠાઇ પણ સારી બને છે. આ સિવાય હાલમાં જામનગરનું બંદર ખુલતાં પરદેશથી ખાંડ, કાપડ, કટલેરી વિગેરે કરોડો રૂપિયાનો માલ આવે છે અને આ ટ્રાનસીપના વેપારથી જામનગરની પ્રજાને તથા રાજ્યને સારી કમાણી થાય છે. જામનગરમાં લગભગ ૩૨૦૦૦ માણુસની વસ્તી ગણાય, લગભગ ૯૦૦ ઘર દહેરાવાસી જૈનોનાં અને ૩૦૦ ઘર સ્થાનકવાસી જૈનોના છે. જામનગરમાં લાખોટો, પ્રતાપ વિલાસ, કોઠો વિગેરે સ્થળો જોવાલાયક છે. સંઘને જોવા માટે રાજ્યે આ સ્થાનો ખુલ્લાં મુકયાં હતાં.

સંઘવીશ્રીને આંહી બે માનપત્રો મળ્યાં હતાં. તેમજ આયંબીલ તપની ઓળી આદિ કાર્યોમાં શેઠશ્રીએ સારો ભાગ લીધો હતો. પ્રભાવના, લ્હાણી આદિ પણ સારૂં કર્યું હતું.

**વણુથલી** ચૈત્ર વદી ૨ મંગળ.

જામનગરથી વણુથલી સાડા આઠ ગાઉ થાય. વચ્ચે 'ખીમરાણું' અને અલીયા ( બાડા ) નામના બે ગામડાઓ આવે છે, અલીયામાં સાત ઘર જૈનોનાં છે અને એક ઉપાશ્રય છે.

વણુથલી એ વાણીયાવાળી વણુથલીના નામે ઓળખાય છે. પૂર્વે વાણીઓનું જોર આંહી પુષ્કળ હતું અને વાણીઆઓના અદ્ભૂત પરાક્રમોના પ્રતાપેજ આ વાણીયાવાળી વણુથલી કહેવાય છે. આંહી જૈનોના ૫૦ ઘર છે એક શ્રી અનંતનાથ પ્રભુનું દહેરાસર છે. આંહી એક જુની વાવ છે તે જોવા જેવી છે.

**હડમતીયા** ચૈત્ર વદી. ૩ બુધવાર.

વણુથલીથી હડમતીયા ૪ ગાઉ થાય. વચ્ચે 'ભાસણ' 'જાળીયુ' અને 'સુમરા' નામના ત્રણ ગામડાઓ આવે છે; હડમતીયામાં બાર ઘર જૈનોના છે અને એ શ્રી મહાવીર સ્વામીનું દેરાસર છે. આસપાસના ગામડાઓમાંથી ખેડૂતવર્ગ સંઘના દર્શન કરવાને ઘણો ભેગો થયો હતો.

**રામપુર** ચૈત્ર વદી ૪ ગુરૂવાર

હડમતીયાથી રામપુર ૬ ગાઉ થાય. વચ્ચે 'પડધરી' નામનું એક ગામ આવે છે. આ ગામમાં જૈનોના ૪૦ ઘર છે અને એક દેરાસર છે. રામપુરમાં જૈન ઘર એક પણ નથી. આંહી રાજકોટથી ઘણાં ભાઈઓ આવ્યા હતા.

**રાજકોટ** ચૈત્ર વદી ૫-૬ શુ. શ.

રામપુરથી રાજકોટ સાડા છ ગાઉ થાય. વચ્ચે ઘંટેશ્વર નામનું એક ગામડું આવે છે. રાજકોટમાં જૈનોનાં ઘર સારા પ્રમાણમાં છે. એક સુંદર દહેરાસર છે. મૂળનાયકશ્રી સુપાર્શ્વનાથજીની દિવ્ય પ્રતિમાના દર્શન કરતાં અંતરમાં આનંદ

શ્રી દિક્ષા મહોત્સવના શુભ પ્રસંગનું દ્રશ્ય.



પ્રકાશક. જૈ. સ. વાં. માલા. ક. ગિ. મહાયાત્રા. પૃ. ૧૬૭

ઉપજે છે. રાજકોટ વાસી ભાઇઓએ સંઘનો સત્કાર સારો કર્યો હતો. સામૈયાનો ઠાઠ પણ અનહદ હતો. રાજ્ય તરફથી પોલીસ પાર્ટી તથા સ્વારો સારા પ્રમાણમાં મળ્યા હતા. ઉપરાંત ગાડીઓ—મોટરો અને પાટ ( જલસાની વિશાળગાડી ) વિગેરે પણ મળ્યા હતા. રાજકોટમાંથી સંઘવીજીને રાજકોટના ના૦ કુમારશ્રી પ્રદ્યુમ્નસિંહજીના શુભ હસ્તે દશાશ્રીમાળી જ્ઞાતિ તરફથી એક માનપત્ર મળ્યું હતું. માનપત્રનો મેળાવડો ઘણો ભવ્ય થયો હતો. આ સિવાય સંઘમાંથી એક ભાઇ બ્હેનના જોડલાએ **પં. ખાન્તિવિજયજી** મહારાજ પાસે દિક્ષા ગ્રહણ કરી હતી. અને દિક્ષા મહોત્સવનો પ્રસંગ ઘણુાજ આનંદથી ઉજવાયો હતો. હજારો માણસો ભેગું થયું હતું અને સંઘવીશ્રી તરફથી નાળીયેરની પ્રભાવના થઈ હતી.

રાજકોટના ગૃહસ્થોએ સંઘની સેવા સારી કરી કહેવાય. એમાંય રાજકોટમાં રહેતા ગુજરાતી ગૃહસ્થ શાહ સોભાગ્યચંદ હેમચંદને સંઘ કદી પણ નહીં ભૂલી શકે.

**રીબડા** ચૈત્ર વદી ૭ રવિ.

રાજકોટથી રીબડા છ ગાઉ થાય. વચ્ચે ‘ પાયડી ’ નામનું એક ગામડું આવે છે. રીબડામાં દેરાસર નથી પરંતુ ગામલોકોની માયા સારી હતી. આંહી રાજકોટના ગુજરાતીઓ તરફથી જમણ હતું. એટલે રાજકોટનું માણુસ સારા પ્રમાણમાં આવ્યું હતું.

ગોંડલ ચૈત્ર વદી ૯ સોમવાર.

રીબડાથી ગોંડલ ૬ ગાઉ થાય. ગોંડલમાં ૩૦ ઘર દેરાવાસીના અને ચંદ્રપ્રભુનું નાજુક દહેરાસર છે. ગોંડલ ગામ સારૂં છે. ગોંડલના જૈન ભાઇઓએ સંઘનું સન્માન સારૂં કર્યું હતું.

વીરપુર ચૈત્ર વદી ૧૦ મંગળવાર.

ગોંડલથી વીરપુર સાડાપાંચ ગાઉ થાય. આંહી દેરાસર નથી. સંઘના દર્શન કરવાને વીરપુર દરબાર પધાર્યા હતા. અને સંઘવી મંદિરમાં સંઘવીશ્રી સાથે અડધો કલાક વાતો કરી હતી. તેમજ સંઘવીજીના આ કાર્ય બદલ ધન્યવાદ આપ્યો હતો.

જેતપર. ચૈત્ર વદી ૧૧ બુધવાર.

વીરપુરથી જેતપર ૪ાા ગાઉ થાય. વચ્ચે પીઠડીયા કરીને એક ગામડું આવે છે. જેતપરમાં સંઘને સારૂં માન મળ્યું હતું. ત્યાંના દરબાર સંઘના દર્શન કરવાને પધાર્યા હતા. આંહી સ્થાનકવાસીના ૫૦ ઘર છે. આદિનાથ પ્રભુનું એક દહેરાસર છે.

વડાલ. ચૈત્ર વદી ૧૨ ગુરૂવાર

જેતપરથી વડાલ ૬ ગાઉ થાય. જુનાગઢથી ઘણાં ભાઇઓ આંહી આવ્યા હતા. વડાલમાં શ્રાવકના ૩૦ ઘર છે, એક સુંદર દહેરાસર છે.

નામદાર દરબારશ્રી ઠાકોરસાહેબશ્રી હમીરસિંહજી સાહેબ. વીરપુર.



સંઘવીશ્રીના સત્કાર માટે બે માઈલ સુધી સામે પધારી ઉત્કૃષ્ટ આતિથ્ય અને ધર્મ પ્રેમ બતાવનાર દરબારશ્રી.

પ્રકાશક. જૈ. સ. વાં. માલા. ક. ગિ. મહાયાત્રા. પૃષ્ટ ૧૬૮

## શ્રી સંઘનું સામૈયું.



પ્રકાશક. જૈ. સ. વાં. માલા. ક. ગિ. મહાયાત્રા. પૃષ્ટ. ૧૬૯

**જુનાગઢ.** ચૈત્ર વદી ૧૩ થી વૈશાખ શુ. ૩.

વડાલથી જુનાગઢ ૫ ગાઉ થાય. ( તળેટી ) વૈશાખ વદી ૧૩ ની પ્રભાતે સંઘ જુનાગઢના પાદર આવ્યો. રાજ્ય તરફથી તોપોના અવાજથી સન્માન કરવામાં આવ્યું. અને નગરવાસીઓએ પૂર ભભકાથી સામૈયું કર્યું. સામૈયામાં રાજ્યના રસાલાની પુરતી મદદ હતી. ઉપરાંત બ્હાર ગામથી સંઘનિમિત્તે લગભગ છ હજાર માણસ યાત્રાર્થે આવેલું હોઈ સામૈયામાં ગીરદી ચીકાર હતી. ટુંકામાં જુનાગઢનું સામૈયું ઘણું મનોહર અને ભવિષ્યની યાદી રૂપ ગણાય.

**પડાવસ્થળ.** શ્રી ગીરનારજીની તળેટી પાસે ભવેસર તળાવની બાજુના ચોકમાં પડાવસ્થળ નક્કી થયું હતું. વિશાળ પ્રવેશદ્વાર અને ધ્વજા-પતાકાથી પડાવ શોભી રહ્યો હતો. બાજુની બન્ને ધર્મશાળાઓ તથા દિગમ્બરની ધર્મશાળા પણ ચિકાર ભરાઇ ગઈ હતી. સંઘનું રસોડું એક મોટા ચોગાનમાં રાખ્યું હતું. આ સિવાય રાજ્યના સમીયાના તંબુ છુટા પાલો વિગેરે છુટે છુટે સ્થળે નંખાયા હતા.

રાજ્ય તરફથી પોલીસ પસાયતાની પુરી સગવડ કરવામાં આવી હતી. કોઇ પણ યાત્રાળુઓને કનડગત ન થાય તેવી ખાસ સૂચના થઇ હતી. આ સિવાય બીજી નાની મોટી સગવડો પણ રાજ્ય તરફથી મળી હતી.

સંઘની સેવા અર્થે અને સગવડતા જાળવવા વેરાવળથી

એક સ્વયંસેવક મંડળ આવ્યું હતું. એ ભાઇઓનો ઉત્સાહ સારો હતો. આ સિવાય સ્થાનિક જૈન બોર્ડિંગના વિદ્યાર્થીઓ વિગેરે પણ પીરસવાના કામમાં આવતા. તેરસના દહાડે સંઘમાંથી ઘણા ખરા યાત્રાળુઓ યાત્રા માટે ઉપર ચડ્યા હતા.

ચૌદશને દહાડે આખો **સંઘ** દાદાને ભેટવા ઉપર ગયો હતો. ઉત્સાહ માતો ન્હોતો. સ્હવારથી સાંજ સુધી ચડ ઉતરની કતાર દેખાતી હતી.

અમાવાસ્યાની પ્રભાતે ( વ્હેલાં ) સંઘવીશ્રી તરફથી **સ્પેશિયલ ટ્રેનમાં** સંઘ **વણથલી, વેરાવળ** અને **પ્રભાસ** ગયો હતો. આ ત્રણે ગામની અપૂર્વ મ્હેમાની સ્વીકારી યાત્રા કરી, સંઘ તેજ રાત્રીએ પાછો આવ્યો.

વેરાવળવાળા ભાઇઓનો ઉત્સાહ અજબ ગણાય. વ્યવસ્થા તેમણે પૂર્ણ જાળવી હતી.


વંથલીમાં બે દહેરાસરો છે. શેઠ દેવકરણ મુળજી તરફથી મોટા ખરચે બંધાવેલું એક જીનાલય ખાસ જોવા જેવું છે. તેમના તરફની એક બોર્ડીંગ પણ જુનાગઢમાં સારા પાયા ઉપર ચાલે છે. શેઠ દેવકરણ મુળજીભાઇએ અત્રે ટુંક વખતમાં શ્રી સંઘ માટે જમણની વ્યવસ્થા સારી કરી હતી.

વેરાવળમાં બે દહેરાસરો છે. એક શ્રી ચિંતામણી પાર્શ્વનાથનું અને બીજું શ્રી ગોડી પાર્શ્વનાથનું છે.

પ્રભાસમાં ચાર દહેરાઓ છે. ( કુલ નવ છે) તે રમણીય અને જોવાલાયક છે.


## શ્રી ગિરનારજી તિર્થં.

ભાવનગર શ્રી ગોડીજી મહારાજના દેરાસરજીમાં ચિત્રાવેલ પટ ઉપરથી



પ્રકાશક. જૈ. સ. વાં. માલા. ક. ગિ. મહાયાત્રા પૃષ્ટ. ૧૭૦

માનનીય દીવાન સાહેબશ્રી–**મહુમદભાઈ સાહેબ–જુનાગઢ.**



જેમના શુભ પ્રયાસથી રાજ્ય તરફથી પોલીસ પસાયતા વીગેરેની પુરી સગવડમળી હતી. જેમના શુભ હસ્તે જુનાગઢનું માનપત્ર સંઘવીજીને આપવામાં આવ્યું હતું.

પ્રકાશક જૈ. સ. વાંચનમાલા. ક. ગિ. મહાયાત્રા. પૃષ્ટ. ૧૭૧

વૈશાક શુદી ૧ ને દહાડે માનપત્રનો મેળાવડો હતો, જુનાગઢના **માનનીય દિવાન સાહેબશ્રી મહમદભાઈ** તથા બીજા રાજ–કર્મચારીઓ, યુરોપિયનો વિગેરે આ મેળાવડાના પ્રસંગે પધાર્યા હતા. અને શેઠશ્રીને શ્રી દિવાન સાહેબના શુભહસ્તે જુનાગઢ તરફનું માનપત્ર મળ્યું હતું. શેટશ્રીએ એક ખાણું પણ આપ્યું હતું.

વૈશાક શુદી ૨ ને દહાડે "સકળ સૌરાષ્ટ્ર" ના જૈનો તરફથી શેઠશ્રીને માનપત્ર મળ્યું. આ મેળાવડામાં સારા સારા વિદ્વાન વક્તાઓએ હાજરી આપી હતી.

વૈશાક શુદી ત્રીજનો દહાડો એ સુવર્ણ દિવસ હતો. આજે શેઠશ્રીને ખરૂં **માનપત્ર** શાસ્ત્રે યોજેલું **માનપત્ર** મળવાનું હતું.

યાત્રા માટે વ્હેલાં પ્રભાતેજ સંઘવીશ્રી, તેમનું કુટુંબ, સાધુ મુનિરાજાઓ, સાધ્વીજીઓ વિગેરે સકળ સંઘ ઉપર ગયો. શ્રી નેમનાથદાદાના દહેરાસરના ચોગાનમાં ગીરદી થવા લાગી. સાધુ મુનિરાજાઓ પધાર્યા અને **તીર્થમાળનું** કાર્ય શરૂ થયું. શાસ્ત્રોકત વિધી થઈ રહ્યા બાદ પ્રાતઃસ્મરણીય પરમ પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયનીતિસૂરશ્વરીજીના શુભ હસ્તે–સંઘવીશ્રીના કાર્યપર **સુવર્ણકળશ** મુક્તિ–તીર્થમાળ સંઘવીજીના કંઠમાં આરોપાઈ. સાચું માનપત્ર હજારો ભાઇઓના આશિર્વાદ વચ્ચે મળ્યું, આ દિવ્ય પ્રસંગે અનેક ભાઇઓનાં હૃદય દ્રવ્યાં અને આ ઉજવળ પ્રસંગની જીવનભર યાદી

રહે એ ખાતર અને આત્મકલ્યાણુ ખાતર અનેક ભાઇઓએ **વ્રત–તપ–નિયમો–બાધા–પ્રતિજ્ઞા**–આદિ લીધાં હતાં.

આજ સાંજે સંઘ ઉપડવાને। હતો એટલે પડાવ સ્થળમાં યાત્રાળુઓની સામાન–વિગેરેની ધમાલ થઇ રહી હતી. સૌ સૌના ગાડાઓમાં સૌ સામાન બરોબર ગોઠવી દેતા અને સાથે રખાય તેવો પાસે રાખતા.


શ્રી ગીરનારના દહેરાસરો માટે આપણા પૂર્વાચાર્યોએ ઇતિહાસ દ્વારા સારો પ્રકાશ પાડેલ છે એટલે અત્રે એ દહેરાઓનો સંપૂર્ણ ઇતિહાસ આપવાની જરૂર જેવું નથી.

જુનાગઢમાં બે દહેરાઓ છે અને ગીરનારજી ઉપર તળેટી સહીત કુલ એકવીશ જીનાલયો છે. એમાં **વસ્તુપાળ તેજપાળ, સંપ્રતિરાજા, મહારાજા કુમારપાળ** આદિ નરવીરોનાં બંધાવેલ પણ દહેરાઓ છે. આજસુધી આ દહેરાઓની ઘણી કફોડી સ્થિતિ હતી; પરંતુ પ્રાતઃસ્મરણીય પૂજ્ય આચાર્ય મહારાજ **શ્રી વિજયનીતિસૂરીશ્વરજીના શુભ** પ્રયાસથી આજે આ મહાન્ દેરાસરોના જીર્ણોદ્ધારનું કામ જોસભેર ચાલે છે. **ધન્ય હો આવા શાસનહિતચિંતક મુનિવરોને !**

છેવટે રાત્રીના ૧ વાગ્યે આખો સંઘ સ્ટેશનપર આવી ગયો. સંઘવીશ્રી તરફથી સ્પેશિયલ ટ્રેઇન તૈયાર કરવામાં આવી હતી. ધાર્યા કરતાં માણુસ વધી પડયું. ડબ્બાઓ ભરાઇ ગયા; પરંતુ શેઠ ડાહ્યાભાઇ હકમચંદના તનતોડ પ્રયાસના પરિણામે

પ્રાતઃસ્મરણીય જગત્પૂજ્ય વિશુદ્ધ ચારિત્ર ચુડામણી તિર્થોદ્ધારક
પૂજ્યપાદ આચાર્યશ્રી વિજયનીતિ સૂરિશ્વરજી મહારાજ

જેમના સદુપદેશથી શ્રી ગિરનારજી તિર્થના જીર્ણોદ્ધારનું કાર્ય ચાલી રહ્યું છે.



જેમના શુભ હસ્તે સંઘવીજી તિર્થમાળ પહેરી કૃતાર્થ થયા છે.

ધન્ય હો ! આવા શાસન હિતચિંતક મુનીવરને.

ક. ગિ. મ. યાત્રા. પૃષ્ઠ ૧૭૧.

કાંઇક શાંતિ થઇ. અને અમુક યાત્રાળુઓજ બાકી રહ્યા. અત્રે શેઠ ડાહ્યાભાઇ હુકમચંદે શ્રી જુનાગઢને લગતી શ્રી સંઘને દરેક જાતની સગવડ કરી આપવામાં ખડે પગે ઉભા રહીને અમુલ્ય મદદ આપી છે. તે અત્રે જણાવવું અસ્થાને નહી ગણાય. સંઘવીશ્રીએ ડબાની માંગણી કરી, પરંતુ ડબાઓ ન્હોતા એટલે એ યાત્રાળુઓને બીજી ટ્રેનમાં પહોંચાડવાનો નિશ્ચય થતાં સ્પેશિયલ ઉપડી.

રાજકોટ મુકામે રાતના બે વાગ્યે સ્પેશીયલ પહોંચી, ત્યાંના ગુજરાતી ભાઇઓ તથા આગેવાનો સામે આવ્યા હતા.

વઢવાણમાં બે કલાક સ્પેશિયલ રોકાવાની હતી. સ્હવારમાં આઠ વાગ્યે વઢવાણના જૈનો સ્ટેશન પર આવ્યા હતા. અને સામૈયું કરી આખા સંઘને ગામમાં દહેરાસરે લઇ ગયા અને સંઘને જમણ આપ્યું હતું. વઢવાણુવાસીઓનો સ્નેહ અનહદ ગણાય !

લખતર મુકામે ચા પાણી હતા. ત્યાં પણ દશમિનીટ સ્પેશીયલ રોકાઇ હતી. ત્યાંના દીવાન સાહેબ શેઠ નેણશીભાઈ તથા બીજા ભાઇઓ સ્ટેશને સંઘના સત્કાર માટે આવ્યા હતા.

વીરમગામમાં પુષ્કળ માણસો સંઘનું સ્વાગત કરવા આવ્યા હતા. અમદાવાદના શેઠીઆઓ પણ આવ્યા હતા અને સંઘને ચા–દૂધ પાયા હતા.

અત્રેથી રામપુરામાં શેઠ મણીલાલ મોતીલાલ મુળજીએ સ્પેશીયલને રોકી ચા–પાણીની તૈયારી કરી હતી અને શ્રી સંઘનો સત્કાર કર્યો હતા.

જોટાણા મુકામે સાકરના પાણી લઈને જોટાણાના જૈન-ભાઈઓ આવ્યા હતા અને સંઘવીજીને વધાવ્યા હતા.

મેસાણામાં સ્પેશીયલ રાત રોકાઈ. સાંજે ત્યાંના સંઘ તરફથી જમણુ હતું. અને સ્ટેશનપર સંઘના માનમાં બેન્ડ વગાડવામાં આવ્યું હતું. આંહીં રાત્રીની ટ્રેઈનમાં રહી ગએલા યાત્રાળુઓ ભેગા થઇ ગયા અને સંઘવીશ્રીએ ખાસ એટલા ખાતરજ સ્પેશીયલ રોકી હતી. સ્હવારે પાંચ વાગે પાટણ જવાને વ્હેલી ગાડી ઉપડી.

પાટણના સ્ટેશનપર તો માનવ–સમૂહનો પાર ન્હોતો. સારૂં એ પાટણ સંઘવીશ્રીને લેવા આવ્યું હતું.

સામૈયું ઘણું ભવ્ય હતું. ત્યાંની બજારોને મશરૂ, કીનખાબ અને જરીયાનનાં તોરણોથી શણગારી હતી. પ્રેમ અપાર હતો. સૌના હૈયે હરખ તો માતો ન્હોતો. ચાર ચાર મહિના થયા વિખુટા પડેલ પોતાના ભાઇઓ–પુત્રો–માતાઓ વિગેરેને મળવા પાટણની જૈન પ્રજાએ કેટલો આનંદ અનુભવ્યો હશે તે શબ્દોમાં કેમ કહી શકાય ?

સાંજે અને સ્હવારે સંઘવીશ્રીના વડીલ ભાઇ શેઠ સ્વરૂપચંદ કરમચંદ તરફથી નવકારશી હતી. **આ વૈશાખ શુદી પાંચમ પણ માગશર વદી ૧૩ ના જેવીજ જૈન ઇતિહાસમાં સદાને માટે સ્મરણીય બની રહેશે.**

શ્રી કચ્છ ગીરનારની

# મહાયાત્રા.

## ખંડ બીજો.

## કચ્છનો પરિચય.

૧

આર્ય સંસ્કૃતિનું જીવન્ત સ્વરૂપ કંઇક જોવું હોય તો કચ્છ—દેશનો પરિચય કરવો. કુદરતના ખોળામાં રમી રહેલો કચ્છ આજે હિંદુસ્તાનના તમામ દેશોથી તરી રહ્યો છે. કચ્છની પ્રજા ખેતી પ્રધાન હોઇ જાતમહેનતના તત્વે કરીને પોલાદ જેવી મજબૂત છે. કચ્છનો એ ખેડુત વર્ગ લક્ષ્મી મેળવવા માટે પોતાનું જીવન વેચી નાખવા તૈયાર નથી. એ તો જુવાર—બાજરીના રોટલામાં અને છાસમાં સ્વર્ગિય સુખ માણે છે અને એના જીવનને અનુકુળ વસ્તુ પણ એજ

છે. એનો પોશાક એની રીતભાત અને એનું ભોળપણુ નિરખી આજના ભણેલાઓ જરૂર હસી પડે; પરંતુ ભણેલાઓએ તો લોહી વેચીને, સંસ્કૃતિ વેચીને, ધર્મ વેચીને અને જીવનનાં ભોગ આપીને ગુલામી વ્હોરી છે, તન મન અને ધનને પરાશ્રીત બનાવ્યું છે.

કચ્છની પ્રજા જેટલી મજબુત અને ભોળી છે એટલીજ ધર્મ–પ્રત્યે શ્રદ્ધા રાખનારી છે, જો કે એનાં ભોળપણાનો લાભ લઇ, આજ ઘણાં કચ્છી ખેડુતોને હિંદુના બ્હાના તળે મુસલમાન બનાવી દીધા છે. આવા પંથો ધર્મપરના આવા હલકા હુમલાઓ વિગેરે થવાનું કારણ એ દેશમાં આર્યધર્મના ઉપદેશકોના આગમનની ખામી છે. આવા પ્રદેશોમાં વિહરીને આ ભોળી પણ શ્રદ્ધાળુ પ્રજાને ધર્મમાં સ્થિર કરવી જોઇએ છે.

આ રાજ્યમાં વિઘોટીનો જુલ્મ નથી, ગૌચર પુષ્કળ છે. બ્હારગામ અનાજ વિગેરે ન જઇ શકતું હોવાથી દેશને સસ્તું મળે છે. પરદેશી માલ પર પુરતી જકાત છે; એને લીધે જ એનો પ્રવેશ ઓછો છે. ના૦ મહારાવશ્રી ચોક્કસ સમજે છે કે આજકાલના કેળવણીના અખતરાએ દેશને અને દેશના રક્તને ચુસી લીધેલ છે, એટલા ખાતરજ પોતે કેળવણીના પુરતા હિમાયતી નથી અને કદાચ એ તરફ પગલું ભરવું પડે તો પણ ભણેલાઓની ખુમને લીધેજ. તેમજ કચ્છના ખેડુતને પણ ભણતરની જરૂર નથી. આ સિવાય કચ્છમાં જેટલા ધર્મસ્થાનોને પોષણ મળે છે એટલા ધર્મસ્થાનોને

બીજા કોઇપણ રાજ્યમાં પોષણ નહીં મળતું હોય! ધર્મના હરેક ઉત્સવોમાં કચ્છ નરેશ પ્રેમથી ભક્તિપૂર્વક ભાગ લે છે. વળી કચ્છ રાજ્યમાં રેલ્વેનો બહુ સ્પર્શ નથી, મહારાવશ્રી પણ એ રાક્ષસીને નોતરવા માગતા નથી. જો રેલ્વે સ્થાપે તો, જે હજારો માણસો એકા અને ગાડીઓ ચલાવીને જ ગુજરાન ચલાવી રહ્યા છે તેનું શું થાય? આવો વૃત્તિચ્છેદ કરવા તેઓ ઇચ્છતા નથી. ટુંકામાં કચ્છ દેશમાં કંઇક આર્યત્વ ઝળકી રહ્યું છે અને કચ્છ નરેશ એ ખરા આર્યરાજાની મૂર્તિ સમા છે.

* * *

કચ્છમાં જૈનોની પુષ્કળ વસ્તી છે, આપણાં દહેરાસરો પણ ઘણાં છે. હરેક જૈન ભાઇઓએ કચ્છના દહેરાઓનો તથા કચ્છમાં વસતા સ્વામી ભાઇઓનો એક વખત પરિચય કરવા જેવો છે.

કચ્છના જૈનો મુખ્યત્વે ખેતી પ્રધાન છે એ ભાઇઓમાં પ્રેમ અને ભક્તિ પુષ્કળ છે. આચાર પાલનની શિથિલતા ગણાય, અને તે માટે કચ્છના જૈનો પર કૃપા કરીને પણ સાધુ વર્ગે ત્યાં ચાતુર્માસ ગાળવાની જરૂર છે.

આ અજ્ઞાન પણ ધર્મશ્રદ્ધાળુ પ્રજાને પુરતું જ્ઞાન આપીને કેળવવાની ખાસ જરૂર છે. આ મહાન કાર્ય આપણો પરમ પૂજ્ય મુનિવર્ગ સાંગોપાંગ પાર ઉતારી શકે; પરંતુ

આ પ્રદેશમાં વિકટ રણુ ઉતરવાની મુશ્કેલી તેમને હતોત્સાહ કરી મુકે છે. અમારા મંતવ્ય મુજબ જો કચ્છનો કેળવાયેલ વર્ગ આ મુશ્કેલીને લક્ષમાં લઈ તે સંબંધી યોગ્ય ગોઠવણુ કરી આપણા પૂજ્ય મુનિવર્ગને નિમંત્રે તો જરૂર તે તરફ તેમનું ધ્યાન ખેંચાય અને આ ધર્મશ્રદ્ધાળુ પ્રજાને તરવાનો માર્ગ મળે.

---


# અમને યાદ રાખજો

કોઇ પણુ માંગલીક પ્રસંગે અમારૂં નામ યાદ કરશો. કારણુકે ધાર્મિક અને નૈતિક જીવન આપનારાં ઉત્તમ પુસ્તકો કે જે બાળકોને ચારિત્રવાન્ બનાવે છે તેવાં—

**દસ પંદર જાતનાં સસ્તાં અને સારાં પુસ્તકો અમારી પાસેથી મળી શકશે. બાકી તો**

વાંચનમાળાના વાર્ષિક ગ્રાહક થઈ દર વરસે રૂા. ૩) માં ૧૦૦૦) પાનાનાં ઇતિહાસિક નવીન પુસ્તકો નીચમીતપણે મળે છે. તે સૌ કોઇની જાણમાં છે.

☞ એટલે ગ્રાહક થવા માટે ☜

કોઇ પણુ જૈન બંધુએ વિલંબ ન જ કરવો.

**લખો:—જૈન સસ્તી વાંચનમાળા.**

રાધનપુરી બજાર—ભાવનગર.

# સંઘ અને સંઘપતિ.

૨

સંઘથી થતા ફાયદાઓ તો પહેલાજ કહેવાઇ ગયા; આ સ્થળે સંઘનો કાર્યક્રમ તેમજ સંઘવીનો દૈનિક કાર્યક્રમ જાણવાની જરૂર છે જે ઉપરથી સંઘ કાઢનાર ગૃહસ્થોને કંઇક જાણવાનું મળી શકશે.

આ સંઘમાં લગભગ ૪૮૦ ગાડાઓ હતા. એમાં ૧૫૦ ગાડાઓ સીધાં-સામાન તેમજ પરચુરણ માલ ઉપાડનારા હતા અને બાકીના ગાડાઓ યાત્રાળુઓના હતા.

માલના ગાડાઓમાંથી, સીધા-સામાનના ગાડાઓ અગાઉથી સામે ગામ જતાં અને રસોડા ખાતાના ગાડાઓ રાત્રે અગિઆર વાગ્યે ઉપડતા. આ ગાડાઓ અગાઉથી સામે ગામ જઇ, રસોડાના પાલ નાખી દેતાં અને સંઘવી તરફથી બે માણસો સરપણ વિગેરે માલની વ્યવસ્થા માટે અગાઉથી જતા એટલે તેઓ જોઇતી વસ્તુઓ ખરીદી લેતા, અને સંઘ ત્યાં આવે તે દરમ્યાન રસોઇની તૈયારી કરતા, આ સંઘમાં મારવાડ તરફના છ રસોયા રાખેલા હતા અને બીજા કણબીઓ હતા. આ છ રસોયા એટલા કુશળ હતા કે પંદર હજાર માણસની રસોઇ કરવી તે તો તેને મન રમતની વાત હતી.

રસોઇ માટે ઠામ, પતરા, ડોલ્લો, કડાઇઓ, મોટા ટોપ, કોઠીઓ, લોઢાના ચૂલા, દેગડાં, ત્રાંસ વિગેરે તમામ ન્હાના

મોટા વાસણો ખરીદી લીધા હતા, એટલે કોઈ પણ ઠેકાણે અગવડતા ન્હોતી પડતી.

રસોડાના ગાડાઓ સાથે ભાતાખાતું અને સાધુ–સાધ્વી તેમજ છહરી પાળનારને ઉકાળેલ પાણી પુરૂં પાડનાર ખાતું, જતું. એટલે તેઓ અગાઉથી નક્કી કરેલા સ્થાનપર પોતાના તંબુઓ નાખી દેતા અને સંઘ આવે તે પહેલાં તૈયાર થઈ જતા. આ સિવાય સંઘવી–મંદિરના તેમજ સાધુ–સાધ્વીઓના અમુક પાલ ડબલ રાખેલા હતા, એટલે તે પણ અગાઉથી મોકલવામાં આવતા. સાથે મજુરો પણ જતા; અને ત્યાં એ પાલો નાખી તૈયાર રહેતા.

સંઘવી તરફથી જે બે માણસો જતા તે ત્યાં દુધ–શાક વિગેરે તમામ પ્રકારની સગવડ કરી લેતા. મોટે ભાગે આ સગવડ ગામના લોકોજ કરી આપતા અને કચ્છમાં તો દુધ વિગેરે મફતજ મળતું.

સાધુ–સાધ્વીનું સરભરા ખાતું પણ અગાઉથી જતું, અને એકાસણાં, આયંબીલ વિગેરેનું રસોડા ખાતું તેમજ સંઘવીનું ખાનગી રસોડું પણ અગાઉથી રાત્રેજ ઉપડતું અને સંઘ ત્યાં પહોંચે ત્યારે ચા પાણી આદિની વ્યવસ્થા કરી લેતું. સંઘના દરરોજના મુકામોનું લીસ્ટ પંદરથી વીશ દિવસ સુધીનું દહેરાસર પરના નોટીસ બોર્ડમાં યાત્રાળુઓની સગવડ માટે સેક્રેટરી તરફથી મુકાતું હતું; અને તે લીસ્ટમાં વખતો વખત કરવામાં આવતા ફેરફારો પણ તરતજ ત્યાં જાહેર મુકવામાં આવતા હોવાથી કોઇ પણ માણસને સંઘના પંદર દીવસ સુધીના મુકામોનો તે જોવાથીજ ખ્યાલ આવી જતો.

સંઘ ઉપડવાનો ડંકો સાડા ચારે, પાંચે અને સવા પાંચે વાગતો. કોઇ મુકામ દૂર હોય તો વ્હેલો વાગતો, સાડા ચારે સંઘાળુઓ તૈયારી કરતા અને પાંચે સવા પાંચે ઉપડતા. સંઘવી તરફથી ત્રણ મોટર લોરીઓ મહીને આઠસો રૂપિયાના ભાડાથી રાખવામાં આવી હતી. આ મોટર લોરીનું કામ એ હતું કે સાધુ–સાધ્વીના ખાલી પડેલા પાલો, ત્યાં સામે મુકામ બે ત્રણ ફેરા કરીને વ્હેલા પહોંચાડી દેતા, એટલે ત્યાં સાધુ–સાધ્વી આવ્યા ન હોય એ દરમ્યાન પાલો નંખાઇ જાય અને વિહારથી થાકેલા સાધુ–સાધ્વીઓને તુરત સ્થાન મળે. આ પ્રમાણે સાધુ–સાધ્વીના પાલોની વ્યવસ્થા હતી. તેમજ સાધુ–સાધ્વીના સામાન માટેનું એક ખાતું હતું. આ સ્થળેથી દરેક પ્રકારની જોઇતી સામગ્રીઓ પુરી પાડવામાં આવતી. સવારના સંઘ ઉપડે ત્યારે ઘણા છહરી પાળનાર ભાઈ બ્હેનો સાધુ સાધ્વીની વૈયાવચ્ચનો લાભ લઈને પોતાના આત્માને નિર્મળ કરતા.

સંઘના ગાડાંઓ એક પછી એક અનુક્રમે ચાલતાં. આગલે દીવસેજ શ્રી સંઘવીજીના તંબુ ખાતા તરફથી યોગ્ય અને અનુકુળ જગ્યા નક્કી કરવામાં આવતી હતી. કેમ્પમાં વચ્ચે દેરાસરજીની સ્થાપના--છંટકાવ, લીંપણ, વિગેરેથી ભુમિ શુદ્ધ કરીને કરવામાં આવતી. તેની પાછળ સાધ્વીજીઓ માટે રાવટીઓ વીગેરે નંખાતી–દેરાસરની એક બાજુ શ્રી કચેરી–સંઘવીજીનો તંબુ. તથા બીજા ચાર પાંચ તંબુ

નંખાતા. અને સામેની બાજુએ પૂજ્ય મુનિવર્ગ માટેના તંબુ નંખાતા. આ પ્રમાણે વ્યવસ્થા દરેક સ્થળે થતી—આ વ્યવસ્થામાં કોઇ વખત જગ્યાના અભાવે તેમજ સમુદાયના અતિશયપણાથી ભંગાણ પડતું. પરંતુ આ વ્યવસ્થા જાળવવા માટે દરેક કોશીષ કરવામાં આવતી હતી. પૂજ્ય મુનિવર્ગ માટે જગ્યા નિર્જિવ પસંદ કરવા પુરતું લક્ષ અપાતું હતું.

ગાડાઓ લગભગ નવ દશ વાગે પડાવસ્થળે પહોંચી જતાં. પાદચારી યાત્રાળુઓ વ્હેલા પહોંચતા. અને દહેરાસર હોય તો ત્યાં જઈ પૂજા આદિથી પરવારી લેતા. અગિયાર વાગે સંઘના પાલો નંખાઇ જતા. કોઈ રડ્યા ખડ્યા ગાડાઓ કે જેને રસ્તામાં અકસ્માત થયો હોય એવા ગાડાઓ પાછળ રહી જતાં. આવી રીતે અકસ્માતથી રહેલાં ગાડાંઓ માટે સૌથી છેલ્લાં ગાડાંઓમાં સુથાર વિગેરે કારીગર સાથે રહેતા અને ઉતારૂઓને ગાડાની સગવડ કરી આપતા હતા.

આ પ્રમાણે સંઘ આવી ગયા પછી શ્રી સંઘવીજીના ખાનગી રસોડેથી ચા—દુધ બનતી સગવડતા મુજબ મળતાં. દૂધ વીગેરેની સગવડ આગળથીજ થતી હોવાથી ઘણે ભાગે દરેક જગ્યાએ સગવડતા મુજબ યાત્રાળુઓને દુધ વીગેરે મળી જતું.

સંઘવીના આમંત્રણથી આવેલા સંબંધીઓને ( લગભગ ઘણો ભાગ તેવો હતો ) સંઘવી તરફથી સ્હવારે ભાતું મળતું. અને દાળ—ભાત પણ મળતા. આ વ્યવસ્થા ઘણી

સારી હતી. જો ઘેર રસોઇ કરવી હોય તો પુરતું સીધું મળતું. ગાડાવાળાઓને પણ ભાતું જોઇએ તો ભાતું, અને સીધું જોઇએ તો સીધું મળતું.

આ પ્રમાણે સૌ પરવાર્યા બાદ સંઘનું સામૈયું ચડતું. અને તેમાં ઘણાખરા ભાઇઓ ભાગ લઇ દર્શને જતા. સામૈયાની રચના પરાપૂર્વથી ચાલી આવેલી છે. આ રચના ઘણી સુંદર છે. સામૈયાની ભવ્યતા અને ઠાઠ નિરખીને સામાન્ય જનતામાં સંઘ પ્રત્યે ભક્તિ જન્મે છે.

પછી યાત્રાળુઓ બીજા ગૃહકાર્યમાં સામાયિક આદિમાં પડી જતા. અને ગામ વિગેરે જોવા જેવું હોય તો તે જોવા જતા, પુજા ભણાતી હોય તો ત્યાં જતા અને સાંજના ચાર વાગ્યે જમણવારનું બ્યુંગલ વાગતું અને સૌ જમવા જતા. વ્હેલા જમી રહ્યા પછી દેવદર્શન; પ્રતિક્રમણ આદિ ધર્મ-કાર્યોમાં પડી જતા અને રાત્રી પડતા આરામ લેતા. રાત્રીના વખતે ચોકી પ્હેરાઓ મજબુત રહેતા અને ૩૦ ફીટસન લાઇટો સંઘવી તરફથી હતી, તે છુટી છુટી નંખાઇ જતી, એટલે રાત્રે બ્હાર આવવા જવાની જરા પણ તકલીફ ન્હોતી પડતી.

સંઘવી તરફથી દવાખાનાની સગવડ હતી. સુતાર, લુહાર, વાણંદ, દરજી, આદિ કારીગર લોકોને પણ સાથે રાખ્યા હતા, અને ભાંગ્યા તુટયા સામાનને તે તરત જ સમો કરી લેતા. આ ઉપરાંત એક સ્ટોર હતો. આ સ્ટોર ખાતામાં

ન્હાની મ્હોટી તમામ વસ્તુઓ મળતી, સ્ટોરની વ્યવસ્થા ઘણી સારી હતી.

સાંજે આઠ વાગ્યા પછી રોજ કચેરી ભરાતી. જોઇતી સગવડો માટે વિચાર તથા બીજી અનેક ફરીયાદો આવતી તેના નિકાલ થતા અને કોઇ યાચક કે કોઇ ટીપ વિગેરે લઇને આવ્યું હોય તેમાં દાન દેવાતું. આ પ્રમાણે કચેરી અગિયાર વાગ્યા સુધી ચાલતી. બ્હારના ભાગમાં ડહેરા પાસે દશ અગિઆર વાગ્યા સુધી ગીતો ગવાતા અને ત્યાર પછી સૌ આરામ લેતા.

આ કચેરીમાં થયેલા જરૂરી ઠરાવો તેમજ સુચનાઓ બીજે દીવસે જાહેર નોટીસ બોર્ડમાં મુકવામાં આવતા હતા. જેથી કોઇ પણ યાત્રાળુ ભાઇ આ ખબરથી અજાણ રહેવા ન પામે.

સંઘમાં નીચે પ્રમાણેનો સમુદાય ધ્રાંગધ્રા પછીથી રહ્યો હતો.

લગભગ ૩૨૫ સાધુ સાધ્વી, ૫૮૫ ગાડીવાળા, ૪૨૮ નોકર ચાકર, ૨૦ પખાલી તથા હજામ, ૮૦ ચોકીયાત, ૨૫૦ છહરી પાળતું માણસ, ૨૬૦૭ યાત્રાળુઓ, ૪૮૦ કુલ ગાડીઓ, ૫ સીગરામ, ૨ ઘોડાગાડી, ૧ ડોકીયાત, ૨ મોટર, ૨ મોટર-લોરી આ બધાનો સમાવેશ ૪૮૦ માં થાય છે. યાત્રાળુઓના પાલ ૨૧૭, સાધુ સાધ્વીના ૩૯, જેમાં ત્રણ મોટા તબેલા હતા કે જેની અંદર ૪૦-૪૦ ઠાણાઓનો સમાવેશ થઇ શકે.

૬ પાલ કચેરી સાથેના, ૧૨ રાવટી કંતાનની છહરી પાળનાર ભાઈઓને માટે, ૭ રાવટી કંતાનની રજસ્વલા બ્હેનો માટે. આ પ્રમાણે તંબુ-પાલો હતા. આ સિવાય સંઘવી-મંદિર તેમજ દહેરાસરની સામગ્રી પુષ્કળ હતી. ટુંકામાં તમામ પ્રકારની સગવડતા સાથે રાખી હતી.

આ સિવાય સંઘવીજી તરફથી આયંબિલ-એકાસણા આદિ કરનાર ભાઇઓ માટે પણ સારી વ્યવસ્થા હતી.

ટપાલની એક પેટી સંઘવી-મંદિરમાં રાખવામાં આવી હતી અને તે વ્યવસ્થા પણ સારી હતી. નાણાંખાતુ વ્યવસ્થિત હતું. યાત્રાળુઓનું જોખમ વિગેરે રીતસર જમા થતું અને જ્યારે જોઈએ ત્યારે મળતું. રોજ સાંજે સુચનાઓ માટે ટેલીઓ ફેરવવામાં આવતો. સાંજે સંઘના પડાવ ફરતી ધારા-વાડી દેવાતી અને ધૂપ થતો. મોટા મોટા ગામોમાં સાધુ-મુનિરાજાઓનાં વ્યાખ્યાનો થતાં. આઠમ, ચૌદશ તેમજ એવા મોટા દિવસોએ, એકાસણાં, આયંબીલ આદિની સગવડ પણ પુરી જળવાતી.

તે ઉપરાંત તીર્થસ્થળોમાં-તે તીર્થસ્થળોનો પ્રાચીન મહત્વ સાથેનો ઈતિહાસ અને મહાત્મ્ય નોટીસબોર્ડ પર સેક્રેટરી તરફથી મુકવામાં આવતાં હતાં જેથી તે પૂનિત તીર્થ-સ્થળોનાં પાવનકારી મહીમાથી કોઈ પણ યાત્રાળુ અજાણુ ન રહી શકે.

હવે સંઘવીજીનો કાર્યક્રમ તપાસીયે, તેઓ વ્હેલા

ઉઠતા અને સામાયક આદિથી પરવારી પ્રયાણના તૈયારી કરતા. લગભગ સંઘ નિકળી ગયો હોય ત્યારે પોતે સીગરામમાં અગર મોટરમાં નિકળતા. ( ઘણે ભાગે સીગરામમાં ) સામે ગામ પહોંચી, પડાવ વિગેરેના કાર્ય પર ધ્યાન આપતા અને આસપાસ માણસોનું ટોળું વળ્યું જ હોય ! ત્યારબાદ સામૈયામાં જતા. ત્યાંથી દર્શન પૂજા કરી સંઘના દહેરાસરમાં પૂજા કરતા અને લગભગ બે વાગ્યે જમવા પામતા. જમી રહ્યા બાદ માણસો મળવા આવ્યાં હોય, નોકરોની પુછપરછ હોય, અનેક પ્રકારના ખાતાઓને સુચનાઓ દેવી હોય તે બધું ચાલતું. સાંજે વ્હેલા જમ્યા પછી સામાયક પ્રતિક્રમણ કરતા અને તેમાંથી પરવાર્યા પછી કચેરી ચાલતી તેમજ બીજી મુલાકાતો ચાલતી. ટુંકામાં સંઘપતિને એક મિનિટની પણ ફુરસદ ન્હોતી મળતી. રાજ રજવાડાઓ અને શેઠીયાઓ આદિની મુલાકાતે જવું વિગેરે ઘણાં કામો કરવા છતાં તમામ ખાતા પર દેખરેખ રાખવી, એટલે સંઘપતિના માથે જે જવાબદારી હોય તે જવાબદારીને સંઘપતિએ પોતાની કુશળ બુદ્ધિથી સાંગોપાંગ પાર ઉતારી હતી અને વિનય, નમ્રતા, સહનશલીતા, ગંભીરતા, આદિ ગુણોએ કરીને જ દરેકના હૃદયમાં સંઘપતિએ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ ઉપરાંત સાધુ-મુનિવર્ગને ખોટું ન લાગવા દેવું, બારે તીથીઓ પાળવી, શ્રાવક તરિકેના નિયમોને બરાબર પાળવા, આવા વ્યવહારના કાર્યો પણ તેઓશ્રીએ બરાબર જાળવ્યાં હતા.

# કવિતામાં સ્થાન.

૩

સંઘપતિ માટે અને સંઘ પરત્વે જુદા જુદા ગામોમાં બોલાયેલા કાવ્યો-રાસો-દુહાઓ વિગેરે અત્રે આપવામાં આવે છે; આ સંગ્રહ જે પ્રમાણમાં મળ્યો છે તેટલો જ અત્રે આપું છું. આ સિવાય ઘણા ગામોમાં સંઘની ભવ્યતા દાખવનારા કાવ્યો બોલાયા હતા.

**ધ્રાંગધ્રા મુકામે બેહુતોએ ગાયેલો રાસઃ—**

પાટણ ગામેથી આવ્યો છે સંઘ,
હાલો જોવાને જઇએ;
રૂડો જામ્યો છે એનો રંગ,
સખી ! જોવાને જઇએ.

" હજારૂં માણસને હજારૂં ગાડીયું, ઠાઠ જ એનો અપાર "
" ઇ પાટણ શે ' રેથી ઉતર્યા, દળ-કટકરે નરનાર "
એવો આનંદનો આજદન;
સખી જોવાને જઇએ.

" ભેગાં સોના રૂપાના મંદિર, એમાં બેઠો જગનો નાથ "
" એની ભાવેથી ભક્તિ કરતાં, થાવો રે વૈકુંઠ વાસ. "
એવા દરશન કરવાનું મને મન,
સખી જોવાને જઇએ.

આ રાસ ઘણો લાંબો હતો. સાંભળતા જેટલો લખાયો તે આપ્યો છે.

આ સિવાય ' ચુલી ' ' સુરવદર ' ' ટંકારા ' તેમજ બીજા ઘણા ગામોમાં આવા ભાવના રાસડાઓ ગવાયા છે.

રામપુરમાં જ્યારે સંઘનો પડાવ હતો ત્યારે કોઈએક બારોટ સંઘવી મંદિરની બ્હાર ઉભો ઉભો દુહા–સોરઠા ફેંકી રહ્યો હતો. તેમાંથી જેટલા ઉતાર્યા હતા તે અત્રે આપ્યા છે—

" એ પાટણના શેઠીયા, પ્રગટયા પૂન્યના પુર; "
" નરવાં તારા નુર ! ઝળકે ઝાકમ ઝોળથી. "
" હજારૂં ગાડીયું લઇ ઉતર્યો, ભેગા ઘોડા ઉંટ અપાર; "
" ઈ માણુસ તો મપાય નહીં, શેઠીયા તારા સંઘના. "
" તું દુનિયાનો શેઠીયો, દુજો વડ સરકાર;—— "
" તેં બાંધ્યા પુન અપાર, અવની તારી ઉજળી. "
" હલકે હલકે મલક વાતું કરે, ને વખાણે શોભા સંઘની; "
" ઇ જોતાંજ અધધધધ કરે, શેઠીયા તારી સાયબી. "

" હૈયા મીઠા શેઠ ! તારૂં નરવું **નગીન** નામ "
" દેતો દિનને દાન ઇ હોંસે ખોબે ધોબલે "

આવા તો તેણે અનેક સોરઠા લલકાર્યા હતા. અત્રે આ દુહાઓ મુકવાનું કારણ માત્ર એટલુંજ કે સામાન્ય જનતામાં ધર્માધર્મના ભેદ નથી હોતા, એ તો દરેક ધર્મને પ્રેમથી નિહાળે. સૌમાં પ્રભુતા ભાળે.

## —ભદ્રેશ્વર મુકામે એક હિન્દી કવિએ ગાયેલું કાવ્યઃ—

૧

કીર્તિકામિની ભુવનવ્યાપિની સદા આપકી બની રહે,
પ્રેમ રહે અસ રાજ્ય રહે, નિત લક્ષ્મીદાસી બની રહે;
સાજ વસન્તી પ્રકૃતિ વધુકે અંગોમેં નિત ગાન કરે,
ચિરંજીવો મેરે નગીન પ્યારે કીર્તિ કરસે માલ ધરે.

૨

ઘર ઘરમેં નિત ગીત રમણીયાં ઉમંગ તુમ્હારા ગાતી હૈ,
ધામ ધુમસેં સ્વાગતાર્થેં તવ ધન્ય ધન્ય કર આતી હૈ;
સ્વર વીણાંમેં ગુંજરહા હૈ નવલ વિવિધ યશકા યહ રાગ,
ચિરંજીવો મેરે નગીન તુમ અન્ય ભાવ કે હે અનુરાગ.

૩

ધર્મ પન્થ કે પરમ પૂજારી પ્રિય નગીન તુમ ધન્ય રહો.
દિન ગરીબ કો દેનેવાલા દાની પ્યારે! ધન્ય રહો!
કમલા કે અનુપમ સુપાત્ર તુમ માનજહાં જાઓ–પાઓ
આઓ, આઓ સંઘપતિ મેરે હૃદય–મંદિર મેં આ જાઓ:

૪

ધન્ય હૈ પ્રિય! જનની તેરી પાયા જીસને તુમસા બાલ,
ધન્ય ભાગ્ય હૈ જનક તુમારા, જીસકે ઘર દિનકર તું લાલ.

× × × ×

× × × ×

૫

સંઘ સહિત શ્રી ભદ્રેશ્વરમેં આપ પધારે હૈં ધિમાન,
દેખો વહ ઋતુરાજ આપકી સ્વાગત કરતા હૈ શ્રીમાન

ત્રિવિધ સમીર લગી અબ વહને દેખો વસન્ત કા અનુરાગ,
ચિરંજીવો મેરે નગિન તુમે વસન્ત કા સુહાવન સાજ.

૬

ચમ્પક, કુમલ, નવલ +++ હોતા હૈ વહ ભૂચહું ઓર,
મધુપ્રેમી મદમત્ત મધુપકે રવસેં યહી મચાતા શોર;
રાજ્ય માન અનુપમ ઉદાર તુમ મેરે સદસ હો પ્યારે,
યશકી કલીંયા લગ્ન ખિલતે જગત મહીં પ્યારે !

૭

રસિક-સેવંતી-લાલ આપકા બાલ અનુપમ દેખો,
કુલ ઉઠા કલકંઠ ગાનસે અનુપમ અબ સૌરભ દેખો;
રાગમયી અબ સૃષ્ટિ હુઇ હૈ પ્રેમી પરમ નગિને સેં,
ભાગ્ય જગા હૈ આજ અચાનક સોયા હુઆ નગીને સે.

૮

કાર્ય તુમારા સદા સફળ હો નિષ્કણ્ટક મારગ હોવે,
શત્રુભમે કીર્તિજગે ઔર દીન દીન દુની લક્ષ્મી બઢે;
પુત્ર પૌત્ર ધન ધાન્ય અરૂ શ્રી વૃદ્ધિ અનુપમ સદા રહે,
દેશોન્નતિ કે હૃદય સરમેં નગિન નામ અમર રહે.

આ કાવ્ય એક હીંદી વિદ્વાને બનાવ્યું છે. ભદ્રેશ્વરમાં માનપત્રના પ્રસંગે ગવાયું હતું.

નીચેના કાવ્યો જુદા જુદા ગામોમાં, સંઘની ભાવના અને સંઘવીની ઉદારતા નિરખી રચાયા હતાં. કોઇ કોઇ છપાયાં પણ હતા તેમાંથી થોડાક અત્રે આપુ છું, સઘળા આપવાથી ગ્રંથ વિસ્તારનો ભય રહે છે.

( મન્દાક્રાંતા. )

સંસારાબ્ધૌ ભ્રમણ ભમતા શ્રેષ્ઠ નૃજન્મ લાધ્યો,
ઘટીકીઓ જીન ગુણ રસે પુન્ય અંકુર વાધ્યો;
વિજ્ઞાનીના વચન અમૃતે ધર્મ ઘોષા વજાવી,
શ્રી પ્રાપ્તિની વર સફળતા રિદ્ધિ સિદ્ધી ગજાવી.

( માલિની )

નર સુરવર લોકે, માનને યોગ્ય તે છે,
ગિરિ સમ દૃઢતાથી, નીતિમાં સ્થીર જે છે;
નગર જન સધર્મી, દાઝ હૈડે ધરે છે,
ભલી ભરત ભૂમિની ભક્તિ સેવા કરે છે.

( વસંતતિલકા. )

ઇચ્છે સદા કુશળ ક્ષેમ સુરાજ ચીત્તે,
દુર્ણે પડયા દુઃખ હરે દિન દુઃખીના તે;
રક્ષે ગ્રહી ગુણી તણા ગુણ પુષ્પ પ્રીતે,
મણ્ડે પ્રરોપી નીજ કંઠ ગુણજ્ઞ રીતે.

( શાર્દૂલવિક્રીડિત. )

ચંદ્રે પ્રીતિ ચકોરની જીમ બની મેઘે મયુરો તણી,
દૃષ્ટિ દાન દયા ક્ષમા ઉપકૃતિ સુશાસ્ત્ર વિદ્યા ભણી;
ચુકેના મતિમાન વિવેકી સજ્જન સાચા સંયોગો ખરા,
છન્દો આતમ રત્નની, સ્તુતિ કરે ધન્ય ઉદારા નરા.

( વીરશાસન અંક ૩૧ મો. )

તા. ૬–૫–૨૭.

( રાસની ઢાળ. )

ધર્મી નગીનદાસ શેઠ કરમચંદભાઇ કુળ અજવાળ્યા,
ધર્મી નગીનદાસ શેઠ.

અણુહિલપુર પાટણુથી પધાર્યા, સાથે સંઘજ મ્હોટો લાવ્યા,
જય ધ્વજ જગ ફરકાવ્યા. ધર્મી૦ (૧)

ભ્રાત સ્વરૂપચંદને મણીભાઈ, વળી તુજ દોઇ પુત્ર ભલાઇ;
સાથે શેઠાણી કેશરબાઇ. ધર્મી૦ (૨)

સાધુ સાધ્વી સદ્‍ગુણુ ખાણી, ચારસો અધીકી સંખ્યા જાણી
નરનારી ચાર હજારી. ધમર્ી (૩)

ધ્રાંગધ્રા સ્ટેટે બહુમાન આપ્યું. બારદીન અમારી પડહજ સ્થાપ્યું
દીન જનોનું દુઃખજ કાપ્યું. ધર્મી૦ (૪)

રણુ ઉતરી કચ્છમાંહી પધાર્યા, વાગડ અંજારથી ભદ્રાવતી આવ્યા
મંદિર જોઇ મલકાયા. ધર્મી૦ (૫)

ત્યાં તો ખૂબ પૂન્યજ બાંધ્યું, સંઘવી નામને સાર્થક કીધું;
કચ્છી જૈનોનું માનપત્રજ લીધું. ધર્મી૦ (૬)

ત્યાંથી માંડવી થઇ અબડાસે, સુથરીની યાત્રા કરી છે ઉલ્લાસે;
ભૂજવાસીની નજર સમાસે. ધર્મી૦ (૭)

એમ કચ્છની પ્રદક્ષણા દઇને; ભૂમી સઘળી પાવન કરીને,
શુભ અમર કીર્તિ વરીને. ધર્મી૦ (૮)

કચ્છીજનોનું સ્વાગત સ્વીકારી, શોભા કચ્છની અધિક વધારી,
પરોણાગત લાગી પ્યારી. ધર્મી૦ (૯)

ખોડ ખાંપણુ કંઈ અમમાં જોઇને, કરજો માફ આપ મોટા હોઇને
પ્રેમ હૃદયમાં લઇને. ધર્મી૦ (૧૦)

વારંવાર આપ સંઘપતિ થઇને, કચ્છ ધરાને માનજ દઇને,
પધારજો ગુણો ગણુ લઇને. ધર્મી૦ (૧૧)

સેવક જાદવજી અરજ કરે છે. ઇશ્વિર તમને બહુ સુખ અર્પે,
જૈન ધર્મની ચડતી કરજો. ધર્મી૦ (૧૨)

**પટેલ જાદવજી શ્યામજી.**
કચ્છ–તુંબડીવાળા.

---

વંદુ શ્રી ચોવીશ જિણંદજી–રાત્રિદિવસ ત્રિકાલ,
ચઉવીહ સંઘને ભાવથી વંદુ–થઇને અતિ ઉજમાલ;
વંદના કરૂં અતિ ઉલટ ધરી–ભવ સમુદ્રમાં જેમ નાવું ફરી–૧
આનંદઉત્સવ અતિ ઘણેરૂં–શ્રી કચ્છ દેશ મઝાર,
નગીનદાસ શેઠજી પધાર્યા–ચઉવીહ સંઘ લેઇ સાથ;

ટેક–પધારીયા ભલે સંઘપતિ તમે,
શ્રીકચ્છનિવાસી સહુ મલી વધાવીયે અમે. ૨

પંચમકાલે હાલ સમયમાં, આરજ દેશ મઝાર;
જૈન ધરમે પ્રભાવિક થઇને, વરતાવ્યો જયકાર. ૩

જૈન સંઘ પચ્ચીશમો જીનવર, કહ્યું સિદ્ધાંત મઝાર;
તનમન ધને તસ ભક્તિ કરીને, બાંધ્યું પુન્ય અપાર. પધા૦ ૪

તીર્થને નમસ્કાર કરી, સમવસરણુ મઝાર;
શ્રીજીનવરજી બેસી ત્રિગડે, દેશના આપે સાર. પધા૦ ૫
એવા શ્રીતીરથની આપે, ભક્તિ કરવા કાજ;
પાટણથી પરીયાણુ કરીને, લહીને બહુલો સાથ. પધા૦ ૬
શ્રીસંખેશ્વર ધ્રાંગદ્રાદિનાં ચૈત્યો, વધીને વાંધાં તેહ;
કચ્છદેશને પાવન કરવા, રણુ ઉતર્યા સસનેહ. પધા૦ ૭
અંજારાદિ વાગડનાં ચૈત્યો, વાંદીને શુભ ભાવ;
બાર કરી ભદ્રેશ્વર આવ્યા, મોટો કર્યો પડાવ. પધા૦ ૮
ત્યાંની વસહિનાં જીનચૈત્યો, પ્રાચીન કાલનાં જેહ;
નજરે નીરખી અતિહીજ હરખી, રોમાંચિત થયું દેહ. પધા૦ ૯
શ્રી વર્ધમાનાદિ જીનની પ્રતિમા, બાવન જીનાલયમાંય;
દ્રવ્યભાવથી વાંદી પૂજી, અતિહીજ હરખ ઉત્સાહ. પધા૦ ૧૦
પંચમી ગતી વરવાને કારણુ, પાંચ દિવસ રહેઠાણુ;
પરમેષ્ઠી આરાધન કરીને, ત્યાંથી કર્યું પરિયાણુ. પધા૦ ૧૧
મુદ્રા ભુજપુર બીદડાદિ મુકામે, માંડવી શહેર મઝાર;
અબડાસાનાં ચૈત્યો વાંદ્યાં, હર્ષ ધરીને અપાર. પધા૦ ૧૨
છેવટમાં ભુજ નગરે આવી; પ્રભુ ભક્તિ બહુ કીધ;
રાજ્યમાન મેલવી કરીને ત્યાંથી પ્રયાણુજ કીધ. પધા૦ ૧૩
હરેક શહેરને હરેક ગામમાં, શુભ કારજ બહુ કીધ;
હરેક સ્થલોનાં માનપત્રોને હર્ષે વધાવી લીધ. પધા૦ ૧૪
પૂજા પ્રભાવના સ્વામીવાત્સલ, ઠામોઠામ અપાર;
તિમહીજ દીન દુઃખી સંતોષ્યા, કહેતાં નાવે પાર. પધા૦ ૧૫

કચ્છ વાગડ પ્રદેશમાં થઇને, મોરબી કર્યું મુકામ;
ત્યાંના ચૈત્યો વાંદી પૂજી, જામનગર કર્યું ધામ. પધા૦ ૧૬
જામનગરનાં ભવ્ય જીનાલયો, તિમ જીન પ્રતિમા જેહ;
અંગ ઉલટ ધરી બહુ ભક્તિ કરી, પૂજી અરચી તેહ. પધા૦ ૧૭
ત્યાંથી રાજકોટાદિનાં ચૈત્યો, વાંદીને શુભ ભાવ;
મહાન તીરથ ગીરનારે જઇને, સફલ કર્યો અવતાર. પધા૦ ૧૮
બાવીશમા શ્રી નેમનાથ પ્રભુ, જગમગ જ્યોત અપાર;
દીક્ષા લહી કેવલ પામીને, વર્યા છે શીવનાર. પધા૦ ૧૯
બાલ બ્રહ્મચારી પ્રભુજીનાં ત્રણ કલ્યાણક જ્યાંહ;
બીજા પણ બહુ ઉત્તમ જીવો, મુગતે પહોંચ્યા ત્યાંય. પધા૦ ૨૦
તથી તે મહા ઉત્તમ તીરથ, શ્રીગીરનાર ગીરીરાજ;
દ્રવ્ય ભાવથી પૂજી વાંદી, સાર્યું આતમકાજ. પધા૦ ૨૧
વળી વિશેષે એ ગીરી ઉપર, સંઘવી તિલક થાનાર;
તિમહીજ સંઘપતિ માલારોપણ, શ્રી જૈન સંઘ કરનાર. પધા૦ ૨૨
એ શુભ કારજે એ ગીરી ઉપર, અતિહી આનંદ થાય;
જેહ સુણી સહુ આનંદ પામે, દિનદિન અધિક ઉત્સાહ. પધા૦ ૨૩
અઢલક લક્ષ્મી ખરચી આવે, જન્મ કૃતારથ કીધ;
તેણે માનું ઘણું કરીને, અલ્પ સંસારજ કીધ. પધા૦ ૨૪
શ્રીસંઘની રચના નીરખી, બહુ ભદ્રિકો જીવ;
અનુમોદન કરી બોધી પામ્યા, તે ફલ આપે લીધ. પધા૦ ૨૫
ધન્ય ધન્ય તુમ માત તાતને, ધન્ય છે તુમ અવતાર;
તીમહીજ સ્વજન કુટુંબને ધન્ય છે, જેણે સહાય કરીછે અપાર. પધા૦

ધન્ય ધન્ય શ્રી જૈન સંઘને, અન્ય વસ્તીને પણ તેમ;
સહર્ષે નીજ શકિત અનુસારે, તુમ ભકિત કીધી તેણ. પધા૦ ૨૭
કુશલે સંઘ લહી સાથે પોંચ્યો, શ્રીપાટણ પુર માંહે;
એ આશિર વચન છે સહુનું, હર્ષ ધરી ઉરમાંય. પધા૦ ૨૮
ધાર્મિક કામે વલી પધારી દરશન આપશો સ્વામ;
ચીરંજીવી શુભ કારજ કરીને, પામો સ્વપદ ધામ. પધા૦ ૨૯
શ્રી સંઘપતિના ગુણનું વર્ણન, વકતાથી નવ થાય;
બાલકની પેરે કાલાવાલા, ધરમરાગે કહેવાય. પધા૦ ૩૦
કચ્છદેશ કોડાય નિવાસી, જ્ઞાતે બ્રહ્મ કહેવાય;
ઘેલા જેઠા રચી અરપે છે, હરખ ધરી ઉરમાંય. પધા૦ ૩૧
ઉગણીશ ત્રાસી ચૈતર માસે કૃષ્ણ એકાદશી દીન;
સંગ સંગપતિનાં ગુણ ગાઇને શાંત કર્યું છે મન. પધા૦ ૩૨

---

( જુઠે જુઠું જીવીત ખરું જાણમાં રે. )

ચડતી થાજો હમેશાં નગીન ભાઇનીરે ( ૨ )
ભાઇનીરે—ગૃહસ્થાઇનીરે — ચડતી થાજો.
ભાઇ સ્વરૂપચંદ મણીલાલ જે ઉંચાગુણવાલા બહુ છે
વધી જગતમાં ખ્યાતિ શ્રીમંતાઇનીરે— ચડતી થાજો.
જશનાં બહુ વાજીંત્રો વાગ્યાં, આશીષ દેવા દીન જન લાગ્યાં
તમથી પીડા ગઇ છે ગરીબાઇનીરે— ચડતી થાજો.
જૈનોમાં તેજસ્વી દીવા, આધારે અગણિત જન જીવ્યાં,
વાત બધે ફેલાણી જૈન વડાઇનીરે— ચડતી થાજો.

બહુ જીવજો જગમાં જશવંતા લક્ષ્મીથી સુખ મળો અનંતા,
વૃદ્ધિ થાજો કીરતી અધીકાઇનીરે— ચડતી થાજો

ધનાશ્રી.

વધજો જગ મોઝાર–આબરૂ–વધજો જગમોઝાર.
શેઠ નગીનદાસ કરમચંદભાઈ, દીલના જેહ ઉદાર— આબરૂ.
ધર્મના કામે ખરચીને નાણું, થજો નોધારા આધાર—આબરૂ.
વીરશાસનની ઉન્નતિ કરીને, લેજો ભવનો લ્હાવ— આબરૂ,
પુન્ય અને પરમાર્થ કરીને, ઉતરજો ભવપાર— આબરૂ.
આશીષ એવી અમ બાલકોની, ખુશી થજો આવાર—આબરૂ.

## નીચેના બંને કાવ્યો વઢવાણમાં સ્વાગત નિમિત્તે ગવાયાં હતાં.

રાગ–ગઝલ–" પધારો સંઘવી શાણા. "

પધારો સંઘવી શાણા, દીલાવર દીલના દાના,
લીધા બહુ લ્હાવ મન માન્યા, પધારો સંઘવી શાણા.
ચલાવી સંઘ પાટણથી, ખરા તન–મન અને ધનથી,
આવી આજે સ્હેસાવનથી, પધારો સંઘવી શાણા.
ભદ્રેશ્વર તીર્થને ભેટી, ભરી સમકિતની પેટી,
કઠીણ કર્મો સકળ મેટી, પધારો સંઘવી શાણા.
રૈવતગીરી નેમી જીન રાયા, ભેટી મહા પુન્યને પાયા,
સફળ કરી ખાસ આ કાયા, પધારો સંઘવી શાણા.

ચલાવી સંઘ ઉછરંગે, કરી ભક્તિ રંગે સંગે,
લાખો ખર્ચીને ઉમંગે, પધારો સંઘવી શાણા.
વધારી શોભાને ભારી, બિરૂદ સંઘવી તણું ધારી,
પ્હેરી શુભ માળ મનોહારી, પધારો સંઘવી શાણા.
અમારા પુન્યના દળીયા, અહો ! ભેગા બધા મળીયા,
મનોવાંછિત સહુ ફળીયા, પધારો સંઘવી શાણા.
ઉગ્યો દિન આજ સોનાનો, સમય શુભ યાદ રહેવાનો,
પધારો સર્વ મ્હેમાનો પધારો સંઘવી શાણા.

---

રાગ—આશા ( ક્યાંથી આ સંભળાય મધુર સ્વર )

પધારો મોંઘેરા મ્હેમાન.... પધારો.
સ્વરૂપ—નગીન મણીભાઇ સુપુન્યે, આવ્યા ભલે આ સ્થાન,
સમય સોનેરી સ્હેજે સાંપડતાં, કરીયે કોટી સન્માન—પધારો.
ધર્માનુરાગી, શેઠ સુભાગી, કદરદાન ગુણવાન.
અમ આંગણીયે ભલે પધાર્યા, સૌજન્ય શીલ સુજાણ—પધારો.
સંઘ ચલાવી પ્રીતે સુ રીતે, દઇને અઢળક દાન,
જીન શાસનનો ડંકો દીધો, જગમાં સઘળે સ્થાન--પધારો.
લાખેણો લ્હાવો લઇ લીધો, ભજી ભાવે ભગવાન,
સમકિતનો રસ ચાખ્યો—ચખાડયો, સહુને ફરી તીર્થસ્થાન—પ૦
લક્ષ્મીનંદન સુજ્ઞ ત્રિપુટી, પામો જગ બહુમાન,
શ્રી, ધી, કીર્તિ, કાન્તિ પામો "સુખી રહો મહેરબાન"—પધારો

કેમ્પના સંઘની અર્જ સ્વીકારી, પધારીને આ સ્થાન,
દરિશન દીધાં અમને એથી, ઘર ઘર છે ગુલતાન—પધારો.
ધન્ય ધન્ય છે સંઘવીજી શાણા, કરી લક્ષ્મી કુરબાન,
વૈશાખ શુદની ચોથ ગુરૂએ, મનસુખ ગાવે ગાન—પધારો.

વઢવાણ કેમ્પ — લી૦
વૈ. શુ. ચોથ ગુરૂ — શેઠ આણંદજી કલ્યાણજી
સં. ૧૯૮૩ — સંઘ સમસ્તના જયજીનેંદ્ર વાંચજો.

---

## શ્રી કચ્છના સંઘનો ગરબો. ( ૧ )

શ્રી સંખેશ્વર પાર્શ્વ પૂજી કરી,
શ્રી સરસ્વતીનો માગું પસાય રે;
વિજયનેમિસૂરિના ચરણ કમળ નમી,
શ્રી સંઘના ગાઉં ગુણ સમુદાય રે.
સંઘના નાયક ભદ્રેશ્વર પધારીયા. ૧

જંબુ દ્વીપેરે દક્ષિણ ભરતમાં,
ગુર્જર દેશમાં તિલક સમાન રે;
અણહીલપુર પાટણ સોહામણું,
પંચાશ્વરા પ્રભુ પાર્શ્વનું ધામ રે. સંઘના૦ ૨
જૈન મંદિરની પંક્તિ શોભે ઘણી,
જેમ તે દીસે છે સ્વર્ગ વિમાન રે;
પુન્ય પ્રભાવક શ્રેષ્ઠી વસે ઘણા,
તેહમાં મુખ્ય કરમચંદ નામરે. સંઘના૦ ૩

તસધર્મ પત્નિ દીવાળીબાઇ નામથી,
તેહના પુત્ર ત્રણ રતન રે;
તેહમાં નગીનચંદ નગીના સમા થયા,
જેહના ગુણ ગણુનો નહી પાર રે. સંઘના૦ ૪

ધૈર્ય ગાંભીર્યને સૌમ્ય ગુણે ભર્યા,
દાનેશ્વરીને દયા પ્રધાન રે;
ધર્મ પ્રભાવકને તીર્થ રક્ષણ કરે,
જીન શાસનમાં દીપક સમાન રે. સંઘના૦ ૫

તેહના પત્નિ કેશરબાઇ જાણીએ,
દેવ ગુરૂ ભક્તિમાં છે લીન રે;
તેહના પુત્ર દોય વખાણીએ,
સેવંતીલાલ રસીક દોય વીર રે. સંઘના૦ ૬

ચંદ્રાવતી ને સુભદ્રા શીરોમણી,
દેરાણી જેઠાણી છે એનો સમાન રે;
સદ્‌ગુણ સંપન્ન પુત્રી કલાવતી,
એ સવી ધર્મ તણો પ્રભાવ રે. સંઘના૦ ૭

સંઘપતીએ રે લાભ ઘણા લીધા,
તીર્થ રચનાને ઉદ્યાપન રે;
કુમારપાળનારે ભવ દેખાડીયા,
તીર્થોના જીર્ણોદ્ધાર કરાવ્યા રે. સંઘના૦ ૮

ભરતાદીકેરે સંઘ ચલાવીયા,
વસ્તુપાલ તેજપાલે રાખ્યા નામરે;

તેહના નામ સ્મરણ કરતાં થકા,
આ કળીકાળે છે તેહ સમાન રે. સંઘના૦ ૯

તીર્થાધિરાજ રે શ્રી સિદ્ધક્ષેત્રનો,
વીરહથી તે વીષમ સમાન રે;
દુષમ કાળ તે સુષમ સમ થયો,
તે જીન શાસન ધર્મ પ્રભાવ રે. સંઘના૦ ૧૦

પન્યાસ ભક્તિ વિજય ઉપદેશથી,
વિજયનેમિસૂરીશ્વર ઉપદેશ રે;
કચ્છભદ્રાવતી સંઘ ચલાવીયો,
સંઘપતિ શ્રી નગીનચંદ શેઠ રે. સંઘના૦ ૧૧

સંવત ઓગણીશે ત્યાશી સાલમાં
માગશર વદી તેરશ શનિવાર રે,
ચઢતે પહોરે પ્રયાણ કર્યા તીહાં,
ડેરા તંબુ નાખ્યા છે અપારરે, સંઘના૦ ૧૨

સાથે જીન ઘર રજતનું શોભતું,
દીસે છે ચઉબારો મંડપ રે;
ધ્વજા કલશાને શીખર સોહામણા,
મોતીના તોરણ બાંધ્યા છે બહાર રે. સંઘના૦ ૧૩

ઝુમખડા તે ચારે દીસે ઝગમગે,
સમવસરણની શોભા વિશાલ રે;
મધ્યે ચિંતામણિ પાર્શ્વસોહામણાં,
પ્રતિમા ચૌમુખ દીપે ચાર રે. સંઘના૦ ૧૪

શાસન નાયક નેમિસૂરીશ્વરૂ,
જેહ છે જ્ઞાન પ્રતાપે દીણંદરે;
વાદીગજમાં સીંહ સમા થયા,
દર્શનસૂરિને ઉદયસૂરિ સંતરે, સંઘના૦ ૧૫

વિજયનીતિસૂરિ સાથે ચાલતા,
ભક્તિવિજયને ધર્મવિજય સાર રે;
સાથે પંન્યાસજી પંદર મહાલતા,
સો મુનિ વરતે ક્ષમા ભંડાર રે. સંઘના૦ ૧૬

સૌભાગ્યશ્રીજી આણંદશ્રી સાહુણી દીપંતા,
ત્રણુસો સાધ્વીજીનો પરીવાર રે;
શ્રાવક શ્રાવિકા શ્રેષ્ઠીવર્યો તે,
ચાર હજારનો સમુદાય રે. સંઘના૦ ૧૭

ત્રણુસો તપસ્વી રે છરી પાલંતા,
સંઘવીની સહાયથી યાત્રા કરંતરે,
અઠ્ઠાઇ નવ ને વર્ધમાન તપ કરી,
ભવોભવ સંચિત કર્મ હરંતરે. સંઘના૦ ૧૮

ઈંદ્ર સભાસમ કચેરી સોહામણી,
વોલીંટર પુરૂષોને વિદ્યાલય સાથે રે;
ડંકો નીશાનને નોબત ગડગડે,
જાણે તે ચાલ્યું ચક્રવર્તિ સૈન્ય રે. સંઘના૦ ૧૯

મેના પાલખીને રથ સોહામણા,
સીગ્રામ ગાડીને મોટરો સાથ રે;

ગાડાવેલોને કરભ શોભે ઘણા,
તંબુ રાવટીને ઘોડવેલ પાલરે. સંઘનો૦ ૨૦

પોષ શુદી બીજને બુધવાર ભલો,
પ્રયાણ કીધો છે શ્રી સંઘ સાથ રે;
તીર્થ સંખેશ્વર પ્રથમ તે આવીયા,
તીર્થમાળ પહેરી નેમિસૂરિ હાથરે. સંઘનો૦ ૨૧

ત્યાંથી માંડલ શહેર પધાર્યા,
સામૈયું તે થયું ભલીભાત રે;
દેવલવિમાન સમ ત્રણ શોભતા,
મુખ્યમાં ગાડરીયા પાર્શ્વનું ધામરે. સંઘના૦ ૨૨

ઉપરીયાળાને ધ્રાંગધ્રે ગયા,
ત્યાં દરબારનું ઘણું સન્માન રે;
સામૈયું તે કર્યું બહુ ઠાઠથી,
ઘોડા હાથીને પાયદલ સાથ રે. સંઘના૦ ૨૩

વિજયનેમિસૂરીશ્વર ઉપદેશથી,
દરબાર કેદીખાના છોડાવે રે;
દર વરસે તેર દીન અમારી પલાવતા,
મુખ્યમાં સંઘ આગમનનો દીનરે. સંઘના૦ ૨૪

રણ ઉતર્યા તે નંદનવન સમું
જાણે કે ઉતર્યા ભવ જળપાર રે;
તીર્થ કટારીયામાં વીર જીનેશ્વર;
શાસનપતિના પ્રણમું પાય રે. સંઘના૦ ૨૫

અંજાર શહેરમાં ત્રણ દેવળતણાં
દર્શન કરીને મન હરખાય રે;
અનુક્રમે તે ભદ્રાવતી આવીયા,
વીર પાર્શ્વના દેવળ સોહાય રે. સંઘના૦ ૨૬
ચતુર્વિધિ સંઘ તીર્થયાત્રા કરી,
સંઘ સંઘપતિને હર્ષ ન માય રે;
સામૈયું ત્યાં કર્યું બહુ માનથી,
મહાશુદ દશમને શુક્રવાર રે. સંઘના૦ ૨૭
શાસનપતિ શ્રી વીરજીણંદના,
દર્શન કરીને તર્યા ભવપાર રે;
વિજયનીતિસૂરીશ્વર હાથથી,
મણીલાલભાઇએ પહેરી શીવ માળ રે. સંઘના૦ ૨૮
શાસન દેવો સહાય કરો સદા,
જેમ સંઘ પામે ભવ જળ તાગ રે.
શ્રી દેવસૌભાગ્ય પદવી ચાહતા,
સંઘ માંહે હોજો મંગળ માળરે. સંઘના૦ ૨૯

( ગરબો, ૪. )

સરસ્વતી સ્વામીને વીનવું રે, જીનપદ લાગું જી પાયરે, દાદાજી
સદ્‌ગુરૂના ચરણકમલ નમીરે, ગુણ ગાયા મન ઉલ્લાસરે, દાદાજી
પુન્ય ઉદય ક્યારે જાગશેરે (આંકણી) થાશે સુખના આવાસરે
દાદાજી પુન્ય ઉદય ક્યારે જાગશેરે. ॥ ૧ ॥
ચઉદ ક્ષેત્રમાં શીરોમણીરે, ત્રણ ભુવનમાં સારરે, દાદાજી
તીર્થાધિરાજ સિદ્ધક્ષેત્રનારે વીરહથી થયા ઉદાસરે, દાદાજી પુન્ય૦ ૨

ગુર્જરદેશમાં તીલક સમુરે, પાટણ શહેરના મનોહારરે દાદાજી
શ્રી સંઘની શાંતિ કારણે રે, નગીનભાઇ થયા ઉજમાલરે
નગીનચંદ કચ્છ દેશ સંઘ ચલાવીયોરે, ॥ ૩ ॥
સંઘ ચલાવ્યો કચ્છદેશનોરે, આવ્યા સંખેશ્વર મોઝારરે દાદાજી
માંડલ ઉપરીયાળા થઇરે પહોંચ્યા ધ્રાંગધ્રા શહેરરે, ન. ક. ॥૪॥
સામૈયું કર્યું બહુ ઠાઠથીરે, દરબારે ઘણા માન દીધરે સંઘવીજી
એકસોએકાવન રૂપામહોરથીરે, દરબારે પ્રભુદર્શન કીધ સં. ક. ૫
નેમિસૂરિ ઉપદેશથીરે, પ્રતીબોધ પામ્યા રાજારે, સંઘવીજી
અમારી પળાવી તેર દીનનીરે, દરેક સાલમાં જાહેરરે સં. ક. ૬
પુન્યવંતા ઠાકોરસાહેબેરે, સંઘભક્તિ કરી લીધા લાભરે સંઘવીજી
કચ્છદેશમાં પહોંચાડીયારે, જાણે કે થયું રામરાજરે સં. ક. ૭
નીતિનિપુણ દરબારસાહેબનારે, શા શા કરૂં વખાણરે, સંઘવીજી
જીનશાસન અનુમોદનારે, રાજા પ્રજા કરે સાથરે, સં. ક. ૮
ધન ધન એવા ભૂપતિરે, સંઘની કરે સહાયરે, સંઘવીજી
ભારે કર્મી જીવડારે, દર્શનમાં કરે અંતરાયરે, સં. ક. ૯
સમકીત બીજ પામે નહિરે, મળે દુર્ગતીનું ઠામરે, સંઘવીજી
મુદ્રાને માંડવી શહેરમાંરે, રાજાઓ કરે બહુમાનરે, સં. ક. ૧૦
વસ્ત્ર આભૂષણ ભાવથીરે, દેવે પેરામણી સારરે, સંઘવીજી
કચ્છ અબડાસા પધારીયારે, દર્શન કરી લીધા લાભરે, સં. ક. ૧૧
સામૈયા કરે ત્રણ ટંકનારે, દરબાર દે આદર માનરે, સંઘવીજી
અનુક્રમે કચ્છભૂજ આવીયારે, રાવસાહેબ કરે સન્માનરે, સં. ક. ૧૨
ઘોડા હાથી પાયદળ ભલુંરે સામૈયું કર્યું ભલીભાતરે, સંઘવીજી
સ્વામીવાત્સલ્ય પ્રભાવનારે, જીવોને દે અભયદાનરે સં. ક. ૧૩

ગામગામના રાજેશ્વરૂરે, સંઘ દેખી મન હરખાયરે, સંઘવીજી
ભક્તિયુક્તિ કરે ભાવથીરે તન,મન, ધનથી કરે સહાયરે, સં. ક. ૧૪
જામનગર રાજકોટનાંરે, દરબારના ધન્ય ભાગરે સંઘવીજી
સંઘ ભક્તિ કરે ખંતથીરે, દીવાન દે બહુ ધ્યાનરે સં. ક. ૧૫
શ્રી ગીરનાર શીખર શેહરોરે, બ્રહ્મચારી ભગવાનરે, દાદાજી
ત્રણ કલ્યાણક તિહાં થયારે, દીક્ષા, કેવલ, નિરવાણરે, સં. ક. ૧૬
ભાવી ચોવીસી સિદ્ધશેરે, અજરામરનું છે ધામરે, દાદાજી
રૈવતગીરી મહિમા નીલોરે, પુરે મનોવાંછિત કામરે, સં. ગી. ૧૭
રક્ષક તીર્થાધિરાજનારે, તેહનાં પણ અહો ભાગ્યરે, સંઘવીજી
હીંદુને નવાબ સાહેબ મળીરે, ગુણ ગાયે દીનરાતરે, સં. ગી. ૧૮
સામૈયું કર્યું ઘણા ઠાઠથીરે, સંઘની ભક્તિ કરે રસાળરે
કારાગ્રહ છોડાવીયારે, કર વેરા કરે માફરે સં. ગી. ૧૯
અમારી પડહ વગડાવીયોરે, જીવોને દીધાં અભયદાનરે,
સ્વામીવાત્સલ્ય પ્રભાવનારે, રાજાને હર્ષ અપારરે, સં. ગી. ૨૦
ધન્ય જુનાગઢ રાજવીરે, ધન્ય તેહના પ્રધાનરે,
ધન્ય અધિકારી લોકનેરે, રાજ્યનું વધારે માન રે. સં. ગી. ૨૧

આ સિવાય સંઘ તેમજ સંઘવી માટેના ઘણાં કાવ્યો જોડાયા છે. આ ઉપરથી સમજવાનું એ છે કે, સંઘની રચના પ્રત્યે આવા જમાનામાં પણ માનવ-હૃદયની કેટલી ભક્તિ છે અને કેટલી લાગણી છે. અસ્તુ.

# માનપત્રો.

સંઘવીજીને મળેલાં માનપત્રો નીચે આપવામાં આવે છે. ધ્રાંગધ્રાનું માનપત્ર ધ્રાંગધ્રાના વર્ણનમાં આપેલું હોવાથી અત્રે તે આપવામાં આવ્યું નથી.

( ૧ )

ॐ श्री गौतमाय नमः

શ્રાદ્ધ કુલ દીપક જૈનધર્મ પ્રભાવક આર્હત ધર્માશાધક પરોપકાર પરાયણાદિ અનેક સદ્‌ગુણાલંકૃત શ્રીમાન્ ધર્મબાન્ધવો.

## શેઠ સ્વરૂપચંદભાઇ, શેઠ નગીનદાસભાઇ અને શેઠ મણીલાલભાઇ કરમચંદ ઉજમચંદની સેવામાં.

**મુ. શ્રી ભદ્રેશ્વર ( ભદ્રાપુરી ) કચ્છ.**

આપણા ( જૈન કોમના ) ઇતિહાસમાં સુવર્ણાક્ષરે કોતરાઇ રહે એવા મહાન શ્રી સંઘને સાથે લઇ શ્રી ભદ્રેશ્વર તીર્થની યાત્રાના શુભ સમયે તે સર્વ સાધર્મી બાન્ધવોની સેવા કરવાનો પુણ્ય પ્રસંગ પ્રાપ્ત કરાવવા માટે રત્નત્રય આપ ત્રણે ભાઇઓના અમો આભારી છીએ.

શ્રી ભદ્રેશ્વરજી તીર્થ પ્રભાવિક અને પ્રાચીન છે. વિજય શેઠ અને વિજયા શેઠાણીએ પણ એજ તીર્થની સેવા કરી છે અને જગડુશા શેઠનો કરાવેલ ઉદ્ધાર તો જાણે આજ કાલનીજ વાત હોય એવી સ્થિતિ ઇતિહાસે કરી છે; તેની સાથેજ આપનો ચારસો જેટલી મોટી સંખ્યામાં સાધુ સાધ્વીજીઓ અને ચાર હજાર જેટલા શ્રાવક–શ્રાવિકાઓને એ મહાન્ તીર્થની યાત્રા કરાવી મોક્ષમાર્ગગામી થવાનો પ્રયત્ન પણ ઇતિહાસમાં અચળ રહેશે.

આપ બાન્ધવોની ઉદારવૃત્તિ દરેક દિશાએ અનુકરણીય છે. તિર્થોદ્ધાર માટે દરેક તિર્થે આપે સારી રકમો આપી છે તપનો ઉદ્યાપન પ્રસંગ પણ આપે ધાર્મિક ખ્યાતિ વધે એવી રીતે ઉજવ્યો છે. શિક્ષણ સંસ્થાઓ નવિન સ્થાપન કરીને તથા ચાલુ હોય તેને મોટી રકમ અર્પણ કરી વિદ્યાદાન પ્રત્યેની ઉદારતા બતાવી છે. પાંજરાપોળો અને દુષ્કાળ પ્રસંગોએ પશુઓ અને મનુષ્યોને પણ જીવતદાન આપવાના અપ્રાપ્ય પ્રસંગ આપ જવા દેતા નથી. પાટણમાં ભોજનશાળાના નિભાવ ફંડને સારી રકમ અર્પી સ્વામિવાત્સલ્યનો પરમ લાભ લેતા રહો છો એ આદિ અનેક જાહેર સખાવતો હોઇ, ગુપ્ત સખાવતો તો એનાથી પણ બહોળી છે. આપની એ દાનવીરતા એટલા માટે અવશ્ય પ્રશંસાપાત્ર છે કે આપ તે કીર્તિદાનરૂપે બાહ્યાડંબર રૂપે નથી કરતા. પણ કર્તવ્ય સમજીનેજ કરો છો.

આપની ગુરૂભક્તિ અને સાધર્મિ સેવાવૃતિ અનુકરણીય છે. તેમની દરેક પ્રકારની સગવડો જાળવી શ્રી સંઘના રૂપે

તેમને તેડી તિર્થયાત્રાઓ કરાવવી એ આપના જેવા મોટી વ્યાપારી પ્રવૃત્તિવાળા માટે અશક્ય ગણાય; પરંતુ તે આપે શ્રીશંખેશ્વરજી તથા આ ભદ્રેશ્વરજીના સંઘો કહાડી આપની સંસારીક પ્રવૃત્તિઓ પરની નિસ્પૃહતા બતાવી આપી છે, જે હરેક ધર્મબન્ધુનં અનુકરણ કરવા લાયક છે.

શેઠ નગીનદાસભાઈ નાની ( યુવાન ) ઉમરના છતાં વ્યાપારી જીવનમાં આપણા દેશમાં વ્યાપાર કરવાનો એક હથુ કંટ્રાકટ ધરાવવાનો દાવો કરતા યુરોપીય વ્યાપારીઓની હરોળમાં રહી હીંદી તરીકે તેઓ તરફથી પૂર્ણ માન પામ્યા છે. જે માટે પણ જૈન કોમને અભિમાન લેવા જેવું છે.

ધાર્મિક કાર્યો કરવામાં આપ યોદ્ધા છો. જે આપની ધાર્મિક પ્રવૃત્તિઓએ બતાવી આપ્યું છે. તેથી તે સંબંધી ઉલ્લેખ કરવો એ સોના ઉપર ઢોળ ચડાવવા બરાબર છે; તો પણ જણાવ્યા વગર રહેવાતું નથી કે આપની ધાર્મિક શૂરવીરતાથીજ શ્રીમાન્ ધ્રાંગધ્રા નરેશે પોતાના રાજ્યમાં દરવર્ષે બાર દિવસ સુધી અમારી ( જીવ હીંસા ન થાય ) પડહ વગડાવ્યો છે. અને એવીજ રીતે અમારા રાજ્ય પિતાશ્રી પણ આપને જોઇતી સગવડો કરી આપવા ઉપરાંત દરેક તરેહની મદદ કરવા રાજ્ય કર્મચારીઓને આજ્ઞા કરી છે. કે જેથી હજારો ધર્મબન્ધુઓ નિર્વિઘ્ને તીર્થયાત્રાનો લાભ લઈ શકે છે.

આપની સખાવતો ફક્ત કોમીક નથી પણ તે ન્યાત

જાતના ભેદભાવ વિનાની છે; જેના દ્રષ્ટાંત તરીકે આપના પ્રાતઃ સ્મરણીય માતુશ્રી દીવાળીબાઇના નામે પચાશ હજારના ફંડે સ્થાપેલી શ્રી પાટણ ગામે સ્ત્રી શિક્ષણશાળા અને ઉદ્યોગશાળા છે; કે જેનો લાભ દરેક કોમની સ્ત્રીઓ લઇ શકે છે.

આપ ગર્ભ શ્રીમન્ત છતાં આપની સાદાઇ, સરળતા, વિનય અને નમ્રતા અનુકરણીય છે.

છેલ્લે અમો આશા રાખીએ છીએ કે ભવિષ્યમાં આપ દ્રવ્ય, જ્ઞાન, બુદ્ધિ, માન અને પ્રતિષ્ઠાના યોગે કોમ અને ધર્મની ઉન્નતિના દરેક કાર્યો કરો, યશ મેળવો અને દીર્ઘાયુ ભોગવી, શ્રી મહાવીર પ્રભુના સાચા વીર બાળ બનો: ૐ શાંતિ:

| | |
|---|---|
| શ્રી ભદ્રેશ્વર. ( કચ્છ )<br>સં. ૧૯૮૩ ના મહા શુદ ૧૩ સોમવાર<br>તા. ૧૪–૨–૨૭ | લી૰ અમો છીએ,<br>**સંઘના સેવકો.** |

શા જેઠાભાઇ નરશી કેશવજી—કોઠારા
ડાકટર પુનશી હીરજી મેશેરી—સાહેરાવાળા
શા માણેકચંદ લખમશી—કચ્છ મુદરાવાળા
શા શાકરચંદ પાનાચંદ નગરશેઠ—ભુજ

| | |
|---|---|
| શા ઠાકરશી મુળજી-ભુજપુર | શા નરસી તેજસી-ભુજપુર |
| શા દામજી નરશી-કોઠારાવાળા | શા ઠાકરશી ગેલા-બીદડા |
| શા શામજી ભવાનજી-તુમડીવાળા | શા હીરજી ભવાનજી-ગુંદાલા |
| શા રવજી શોજપાર-લાયજા. | શા દામજી મોણસી-માંડવી. |
| શા શામજી દેવસી કોટડી-મહાદેવપુરી. | શા તલકસી રવજી-વડ. |
| શા દેવજી માણેક-સાભરાઇ. | શા સોમચંદ ધારશી-અંજાર. |

( ૨ )

## ભુજપુરની જૈન પ્રજાનું માનપત્ર.

**ॐ નમઃ શ્રી પાર્શ્વનાથાય.**

यद्भक्तेः फलमर्हदादि पदवी मुख्यं कृशेःशस्यवत्
चक्रित्व त्रिदशेंद्रतादि तृणवत् प्रासंगिकं गीयते ॥
शक्ति यन्महिमस्तुतौ न दधते वाचोऽपि वाचस्पतेः
संघः सोघहरः पुनातु चरण—न्यासै सतांम् मंदिरम्.

સદ્‌ગુણગણાલંકૃત પરોપકાર પરાયણ સજ્જનાત્મા જૈનધર્મ પ્રભાવક પવિત્ર પુણ્યાત્મા શ્રીમાન્ સંઘપતિશ્રી સ્વરૂપચંદભાઈ, નગીનદાસભાઇ તથા સુજ્ઞ મણીલાલભાઇ.

માનનીય મહાનુભાવો ! કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય જંગમયુગપ્રધાન શ્રી જયસિંહસૂરિ અને પરમાર્હત શ્રી કુમારપાળ મહારાજાના પવિત્ર પાદાંબુજથી પુનિત થયેલ શ્રી અણુહિલપુર પાટણથી કચ્છદેશની યાત્રાર્થે ચતુર્વિધ શ્રી સંઘને લઈને પધારનાર આપ પુણ્યશાલી સંઘપતિ મહોદયને માન આપતાં આપનું **फलं पुष्पं तोयंवत्** યત્‌કિંચિત આદરાતિથ્ય કરતાં અમો ભુજપુરના જૈન સંઘને જે પારાવાર આનંદ થાય છે, હૃદયસરમાં જે આનંદ લ્હેરીઓ ઉછળી રહી છે, હૃદયના તાર જે હર્ષની લાગણીથી ઝણહણી રહ્યા છે તેનું સ્પષ્ટ આલેખન અથવા કથન પ્રાયઃ અશક્ય છે. આપ ભવ્યાત્માઓએ જે પવિત્ર પુણ્ય કાર્ય હાથ ધર્યું છે. ચાર હજાર જેના વિશાળ

માનવ સમુદાયને કચ્છ દેશની યાત્રા કરાવવાને અગાઢ પરિશ્રમ સેવ્યો છે તેની વિચારણા કરતાં અમારાં હૃદય પ્રેમની લાગણીઓથી ઉભરાઇ રહ્યાં છે અને એ લાગણી વશાત આ અભિનંદન પત્ર સ્વરૂપ પુષ્પમાળા આપ ઉદાર ચરિત પુરૂષપુંગવના કંઠે આરોપણ કરીએ છીએ તે સ્વીકારી અમને ઉપકૃત કરશોજી એવી આશા છે.

મહાનુભાવો ! આપ બંધુઓનાં જીવન બહુ પવિત્ર હોઇ શાસન પ્રત્યે અતિરાગના કારણે આવા દિવ્ય કાર્યો કરવા ઉજમાળ થયા છો. પૂર્વોકત કર્મના યોગે પ્રાપ્ત થયેલ પુણ્યાનુસારીણી લક્ષ્મીનો સદ્દવ્યય કરવા ઉદ્યુકત થયા છો. दान भोगो नाशाश्च. લક્ષ્મીની એ ત્રણે સ્થિતિ આપ યથાર્થ રીતે સમજ્યા છો.

મનુષ્યના હિત માટે આપે આપની જીંદગીમાં લાખો રૂપીયા ખરચ્યા છે. "સારૂં તે મારૂં" એ સિદ્ધાન્તાનુસાર આપ જુના તેમજ નવા વિચારવાળાની સારવસ્તુ ગ્રહણ કરો છો. ઉજમણા યાત્રાઓ વિગેરે પાછળ જેમ આપે લાખો રૂપીયા ખરચ્યા છે, તેમજ કેળવણી ઉદ્યોગના ક્ષેત્રમાં પણ આપનો શ્રેષ્ટ ફાળો છે. શ્રી મહાવીર જૈન વિદ્યાલયના આપશ્રી ખાસ સહાયક છો—પાટણમાં શ્રેષ્ટ પાયાપર સ્ત્રીઓ માટે ઉદ્યોગશાળા આપના તરફથી ચાલે છે અનેક વિદ્યાર્થીઓને આપના તરફથી શિષ્યવૃત્તિઓ મળે છે. દીન—દરિદ્ર મનુષ્ય તેમજ પશુઓ પ્રત્યે આપ સદા અનુકંપાશીલ છો. દુર્ભિક્ષ—અતિવૃષ્ટિ મરકી આદિ દુઃખદ

પ્રસંગોએ આપે ગંજાવર રકમો ખરચી છે. પાટણની પાંજરા-પોળમાં આપનો હિસો બહુ મોટો છે. તિર્થનો જીર્ણોદ્ધાર વિગેરેમાં પણ આપ બહુ આગેવાની ભર્યો ભાગ લ્યો છો. આવી રીતે આપ લક્ષ્મીનો ખરેખર લ્હાવો લઇ રહ્યા છો. આપના જેવા ધર્માત્માઓ માટે તો આ ભવ કે પરભવ સમૃદ્ધિમય જ હોય છે.

શ્રીમાન્ નગીનદાસભાઇ ! આપની જ્ઞાન અને જ્ઞાનીઓ તરફ બહુ ભક્તિ છે. આપને તે તરફ બહુ માન અને પ્રેમ છે. કેળવણીના ક્ષેત્ર પાછળ મોટી મોટી રકમો ખરચવાના આપના હૃદયના મોટા કોડ છે. આપની એવી શુભ ભાવનાઓથી આપના જ્ઞાતિધર્મ બંધુ તરીકે અમે સ્વાભાવિક ગર્વ લઇ શકીએ છીએ.

મહાશય, આપ સારી રીતે સમજી શકો છો કેઃ— **चला लक्ष्मी चला प्राणाः** અને તદનુસાર આપ આપની લક્ષ્મીનો ખૂબ સદ્વ્યય કરો છો. તે જોઇ, જાણી આપના તરફ અતિ માન બુદ્ધિ ઉત્પન્ન થાય છે.

સુજ્ઞ ! સેંકડો વર્ષના ઇતિહાસમાં આવા વિશાળ માનવ સમુદાયને યાત્રાનો પવિત્ર લાભ દેવડાવવાનો શુભ પ્રસંગ અમારા ખ્યાલ મુજબ આ પહેલોજ છે. આવા કાર્યોથી શ્રી તિર્થંકર નામ કર્મ ઉપાર્જન થાય છે. આપે આજે અપૂર્વ લ્હાવો લીધો છે. માતાની કુખ દીપાવી છે. અને પિતાના કુળને અજવાળ્યું છે.

માન્યવર નગીનદાસભાઇ ! જેવા આપ વિવેકી ગુણવાન

અને દયાના સાગર છો તેવાજ આપના ધર્મચારિણી ધર્મપત્નિ શ્રીમતિ કેશરબેન અનુકંપાશીલ, ઉદાર હૃદયા, પવિત્ર ગુણવતી છે; તેમજ આપના બીજા તમામ આપ્તજનો–કુટુંબીઓ બહુ માયાળુ, અતિ નમ્ર અને લાયક છે. અમોને આપના જેવા ઉત્તમ પુરૂષોના પવિત્ર સમાગમનો જે અત્યુત્તમ લાભ મળ્યો છે તેથી અમારા હૃદયો હર્ષથી પ્રફુલ્લ બની રહ્યાં છે.

પરમાત્મા આપની નંદનવનસમી કુટુંબ વાટિકા દીન-પ્રતિદિન વિશેષ સુગંધીત બનાવે એટલું ઇચ્છી આપના દીર્ઘાયુષની પ્રાર્થના કરી આપની યાત્રા સફળ ઇચ્છી વીર-મીયે છીએ.

शीवमस्तु सर्व जगतः परहितनिरताः भवंतु भुतगणाः
दोषाः प्रयान्तु नाशं सर्वत्र सुखी भवन्तु लोकाः ॥
ॐ शांतिः शांतिः शांतिः

ભુજપુર કચ્છ
માઘ કૃષ્ણ દ્વિતીયા,
શુક્રવાર સં. ૧૯૮૩

અમો છીએ.
આપના સ્નેહથી બદ્ધ થયેલા
શ્રી સંઘના સેવકો

શ્રી અચલગચ્છાધિપતિ શ્રી જીનેંદ્ર-
સાગરસૂરિ ચરણ સેવક

ક્ષમાનન્દ
શા. નરશી તેજશી
શા. ભવાનજી દેવશી
શા. ઓસરપદુ
શા. વેલજી હેમરાજ
શા. શ્રી પારદ નાણી
શા. ખેતુ વસાઇઆ

( ૩ )

## નાનીખાખરના ( કચ્છ ) શ્રી સંઘનું

## અભિનંદન પત્ર.

ॐ नमः

यः संसारनिरासलालसमतिर्मुक्त्यर्थमुत्तिष्ठते ।
यं तीर्थं कथयंति पावनतया, येनास्ति नान्यः समः ॥
तस्मै तीर्थपतिर्नमस्यति सतां, यस्माच्छुभं जायते
स्फूर्तिर्यस्य परावसंति च गुणा, यस्मिन्स संघोऽर्च्यताम् ॥

સકલ સદ્ગુણગરિષ્ઠ સૌજન્ય સુધાસિંધુ નીતિનિપુણ કર્તવ્ય પરાયણ શ્રાદ્ધગુણસંપન્ન માનનીય સંઘપતિ મહાશય શ્રી નગીનદાસભાઇ કરમચંદ

**શ્રીમાન્ સંઘપતિ શ્રી !**

ચતુર્વિધ શ્રી સંઘના વિશાળ સમુદાયને લઇને કચ્છ દેશની ભૂમિને પાવન કરતા કરતા આપશ્રી નાનીખાખર પધારતાં આપ મહાનુભાવને અંતરનો આવકાર આપતાં

પ્રેમની પુષ્પાંજલીઓ સમર્પતાં નાનીખાખરના શ્રી સંઘને પારાવાર હર્ષ અને આનંદ ઉપજે છે.

ધન્ય ભાગ્ય અમારાં કે અમારે આંગણે અમ રંકની પર્ણકુટીમાં આપ જેવા નરરત્વનાં પનોતાં પગલાં થયાં. આજે અમારે ત્યાં મોંમાગ્યા મેહ વૂઠ્યા છે. આજે અમારે આંગણે કલ્પતરૂ ફળ્યો છે. અમારાં હૃદય આજે હર્ષથી પ્રફુલ્લ બન્યાં છે. ચંદ્રદર્શનથી સાગર ઉછળે તેમ પચીશમા તીર્થંકરની ઉપમા અપાતા શ્રી સંઘના દર્શનથી અમારા હૃદયસાગરમાં આનંદના કલ્લોલો ઉછળી રહ્યા છે. તીર્થપ્રવર્તક મહાવીર દેવના શાસનનો ઉદ્યોત કરનારા શ્રમણ–શ્રમણી અને શ્રાવક–શ્રાવિકાની ચાર હજારની વિરાટ સંખ્યાને આપ જાતે અનેક તકલીફો સહીને અમારી કચ્છ ભૂમિને પાવન કરવા લઇ આવ્યા છો, અમારી ભૂમિમાં ધર્મની વિજયપતાકા ફરકાવી તેના માટે અમે આપની શી સ્તુતિ કરીએ ? હૃદયની હર્ષલ્હરીઓ કઇ રીતે પ્રગટ કરીએ ? અંતરની લાગણીઓ લેખીની દ્વારા કઇ રીતે મૂર્તિમંત કરી શકીએ ?

મહાનુભાવ ! આપના જીવનને આપે આ પુણ્યપવિત્ર કાર્યથી સફળ બનાવ્યું છે. માનવજીવનનો એક મહાન્ લાવો લીધો છે. પુણ્યાનુસારિણી લક્ષ્મી વિના આવા અત્યુત્તમ દિવ્ય કાર્યો ન થઇ શકે. આપનું જીવન અનેક શુભ કાર્યોથી પૂર્ણ છે.

હીન દરિદ્રો પરની આપના અંતરની અનુકંપા આપનાં જીવનને ઉજવળ બનાવે છે. સંકટ સમયે માનવસમાજને સહાય કરવામાં આપ સદા કટીબદ્ધ રહો છો. સમર્થ શ્રીમંત છતાં આપનું મીલનસારપણું નમ્રતા અને સૌજન્ય અનેક મદાંધ શ્રીમંતોને દષ્ટાંતરૂપ છે. આપની સજ્જનતા "ભર્યા સો છલકે નહિ છલકે સો આધા." એ વસ્તુને અક્ષરશઃ સિદ્ધ કરે છે. પરમાત્મા આપના જીવનને ઉત્તરોતર વિશેષ સમૃદ્ધ બનાવે.

શ્રીમાન્ નગીનદાસભાઈ ! આપના હાથે જે જે શુભ કાર્યો થયાં છે, તે સર્વે સવિસ્તર જણાવવા જઈએ તો પાનાં-ઓનાં પાનાં ભરાય. જીર્ણોદ્ધાર, યાત્રા, ઉદ્યાપન, સ્વામી-વાત્સલ્ય વીગેરે કાર્યોમાં આપે લાખો રૂપીયા ખરચ્યા છે. કેળ-વણી તરફ પણ આપની ખૂબ ચાહના છે. શ્રી મહાવીર જૈન વિદ્યાલયના આપ ખાસ સહાયક છો. પાટણમાં શ્રેષ્ટ પાયા પર ઉદ્યોગશાળા આપના તરફથી ચાલે છે. વિદ્યાના કાર્યમાં ખાનગી તેમજ જાહેરમાં આપે ખૂબ લક્ષ્મી ખરચી છે. આપને સદા ધન્યવાદ હો. શ્રી સંઘ અને આપના દર્શનથી અમે આજે પાવન થયા છીએ.

આજે અમારે ત્યાં સોનાનો સુરજ ઉગ્યો છે. આપે આજે કચ્છી જૈન પ્રજાને સુવર્ણ તકો આપી છે. તેનું કયા શબ્દોમાં વર્ણન કરવું અમોને સમજાતું નથી. આપશ્રી સદૈવ આવાં પુણ્ય કાર્ય કરતા રહો અને શાસનની શોભા વધારો

એટલું ઇચ્છી આપ તેમજ શ્રી સંઘનું આરોગ્ય ચાહી વીર-
મીએ છીએ. ॐ शान्तिः शुभम् भवतु सर्वेषाम्

| | |
|---|---|
| શ્રી કચ્છ નાની ખાખર<br>માઘ કૃષ્ણપંચમી<br>ચંદ્રવાસ. સ. ૧૯૮૩. | અમો છીએ.<br>શ્રી સંઘના ચરણ સેવકો |

શા લધાભાઇ ગુણપત દા. નાનજી લધા

શા રવજી ગાગા. દા. કાનજી રવજી

શા ગણપત પાસુ દા. પોતે શા લાલજી ગણપત. દા. પોતે

શા વેલજી ભીમશી શા ઠાકરશી ઉમરશી

શા લાલજી પાસુ શા ધારશી લાધા

શા દેવશી ઉકેડા શા લાલજી હરશી

શા ટોકરશી તેજશી શા પ્રેમજી શામજી.

---


## સ્ત્રીઓનું આભૂષણ.

૧ પ્રતિભાસુંદરી યાને પૂર્વકર્મનું પ્રાબલ્ય—ગમે તેવી સુસ્ત સ્ત્રી આ પુસ્તકના વાંચનથી એક આદર્શ ગૃહીણી થઇ શકે તેવું રસીક, બોધપ્રદ, શાન્તિ, ધીરજ અને સહનશીલતાનો પાઠ શીખવનારૂં આ પુસ્તક છે. કિં. રૂ ૧–૮–૦

૨ સદ્‌ગુણી સુશીલા—આ પુસ્તકના વાંચનથી સ્ત્રીઓ ગૃહ મંદિર દીપાવી પતિ ભકિત આદિ ઉચ્ચ ગુણો મેળવી જીવનને ઉચ્ચ બનાવી શકે છે. કિં. રૂા ૧–૦–૦ લખો—

**જૈન સસ્તી વાંચનમાળા**

રાધનપુરી બજાર-ભાવનગર.

( ૪ )

## શ્રી કચ્છ-તુમડીના શ્રી સંઘનું અભિનંદન પત્રઃ—

लक्ष्मीस्तं स्वयमभ्युपैति रभसा कीर्तिस्तमालिंगते,
प्रीतिस्तं भजते मतिः प्रयतते तं लब्धुमुत्कंठया ।
स्वश्रीस्तं परिरब्धुमिच्छतिमुहुर्मुक्तिस्तमालोकते,
यः संघं गुणराशि केलि सद्मं श्रेयो रुचिः सेवते ॥१॥

સકલગુણ નિધાન સજ્જન આત્મા શ્રાદ્ધ ગુણસંપન્ન માન્યવર સંઘપતિ મહોદય શ્રીમાન્ નગીનદાસભાઇ કરમચંદ શ્રીયુત્ સ્વરૂપચંદભાઈ અને મણીલાલભાઇ.

**માન્યવર સાહેબો,**

કચ્છભૂમિને પાવન કરતા આપ શ્રી સંઘ સહિત તુંબડી મુકામે પધારતાં આપ નામવરને અંતરના આવકાર આપતાં અમોને જે હર્ષ થાય છે તેનું સ્પષ્ટ શબ્દોમાં વર્ણન કરવા અમે સમર્થ નથી.

અમોને આજે પ્રેમનાં જે ઉમળકાઓ આવે છે. અંતર જે હર્ષથી દ્રવે છે, તે અમે કહી શકવા અસમર્થ છીએ અમે આપ જેવા મોંઘા મહેમાન-મનગમતા મહેમાનના શા સન્માન કરીયે-આપને સોના રૂપાના ફુલોથી વધાવીએ તો પણ સત્કારનીન્યૂનતા ગણાય.

ધન્યભાગ્ય-ધન્યઘડી કે આજે અમારે આંગણે પુનિત-

પાવન શ્રી સંઘની પધરામણી થઇ. અમારી જીંદગીના અખિલ જીવનમાં આવો અપૂર્વ-અદ્વિતીય લ્હાવો લેવાનો વખત આવ્યો નથી. કઇ રીતે આપ જેવા ઉત્તમ પવિત્ર નરપુંગવની સેવા કરીયે ?

ગુણુના સમૂહને રમવાની-ક્રીડા કરવાના સ્થાન-ગૃહ સમાન શ્રી સંઘની જે સેવાભક્તિ કરે છે તેને શ્રી લક્ષ્મી આપો આપ હર્ષ પ્રેમથી મળે છે. કીર્તિ રૂપી સ્રી તેને પ્રેમથી આલિંગન કરે છે. પ્રીતિ અને મતિ રૂપી સ્રીઓ તેને મેળવવા ઉત્સાહથી પ્રયત્ન કરે છે. તેને સેવવા-ભજવા પ્રયત્નશીલ રહે છે સ્વર્ગની લક્ષ્મી રૂપી સ્રી તેને વારંવાર આલિંગન દેવા ઇચ્છા કરે છે અને મુક્તિ રૂપી સ્રી તેના તરફ પ્રેમની ભાવનાથી જોઇ રહે છે. અર્થાત્ સાધુ-સાધ્વી શ્રાવક-શ્રાવિકા ચતુર્વિધ શ્રી સંઘની જે સેવા ભક્તિ કરે છે, તેને સ્વર્ગાપવર્ગની લક્ષ્મી સ્વયં મળે છે. આપ શ્રીમાને આવુંજ પુણ્ય પવિત્ર કાર્ય હાથ ધરી આપના જીવનને સફળ બનાવ્યું છે. આપના જેવા પુનિત પુરૂષોના અમે જેટલાં સન્માન કરીએ તે અલ્પજ ગણાય. અમારા અંતરના અનેક કોડ છે. આપના જેવા પવિત્ર પુરૂષોની સેવા મહાભાગ્ય યોગે પ્રાપ્ત થાય છે. દૈવ એવા પ્રસંગો સદૈવ અર્પે એ અભ્યર્થના છે. આપને મળેલ લક્ષ્મીનો આપ સદૈવ સદ્‌વ્યય કરતા રહો છો એ જાણી અમોને ખૂબ હર્ષ થાય છે. પરમાત્મા આપને દીર્ઘાયુષ અને લક્ષ્મી બક્ષે કે જેથી હંમેશાં ધર્મ ઉદ્યોતનાં આવાં પવિત્ર કાર્યો કરતા રહો.

આપશ્રીની નાનીખાખરથી બીદડા જવાની યોજના

હોવા છતાં આઠ માઇલના આડા રસ્તે તુંબડી પધારીને જે તકલીફ ઉઠાવી અમોને જે સંતોષ આપ્યો છે તેના માટે અમે તુંબડીનો શ્રી સંઘ આપના ખૂબ ઋણી છીએ.

પરમાત્મા આપની અને શ્રી સંઘની યાત્રા સફળ બનાવે એટલું જણાવી આપ શ્રીમાન્ અને શ્રી સંઘનું આરોગ્ય ઇચ્છી વીરમીએ છીએ. ॐ શુભં ભવતુ.

કચ્છ તુંબડી. ( રા,વાળી )<br>માઘ કૃષ્ણ ષષ્ઠી<br>ભૃગુ વાર સં. ૧૯૮૩

અમો છીએ,<br>શ્રી સંઘના ચરણ સેવકો,

શા. શામજી ભવાનજી.<br>શા. રવજી પાસુ.<br>શા. લાલજી ભારાણી.<br>શા. જેવંત ઠાકરશી.<br>શા. વેલજી ગોવરજી.

---


## બાળકોને ચારિત્રવાન બનાવવા—

દરેક પાઠશાળા, કન્યાશાળામાં નીચેનાં પુસ્તકની પ્રભાવના કરવા ચુકશો નહિ. ભાવ તદ્દન સસ્તા અને તે માત્ર લ્હાણી કરવા માટેજ—

તુરત લખો —

૧ મહાસતી ચંદનબાળા.
૨ ગજસુકુમાર ચરિત્ર.
૩ પ્રસન્નચંદ્ર રાજર્ષી
૪ કયવન્ના શેઠનું ચરિત્ર.
૫ શ્રાવકના બાર વ્રતની ટીપ.
૬ સ્નાત્ર પૂજા.

**જૈન સસ્તી વાંચનમાળા**

રાધનપુરી બજાર—ભાવનગર.

( ૫ )

## શ્રી કચ્છ–બીદડા ગામના શ્રી સંઘનું માનપત્ર.

ॐ तत्सत् ।

परोपकाराय सतां विभूतयः

શ્રી અણહિલપુર નિવાસી, પુણ્યશાલી શેઠ શ્રી કરમચંદ ઉજમચંદના સુપુત્રો, સૌજન્ય સુધાસાગર અનેક સદ્ગુણાલંકૃત, શ્રાદ્ધકુલ દિપક, પરોપકાર પરાયણ. સ્વધર્મ પ્રતિપાળ શ્રીમાન શેઠ સરૂપચંદભાઇ, નગીનદાસભાઈ તથા મણીલાલ ભાઇની ત્રિપુટી યોગ્ય.

અમો શ્રી કચ્છ બીદડાના વીશા ઓસવાળ વણિક જૈન સમુદાય આપ ભાઇઓને શ્રી ચતુર્વિધસંઘ સાથે શ્રી કચ્છના તિર્થોની યાત્રા કરવા, કરાવવાના શુભ પ્રસંગે અત્રે પધરામણી થતાં ઘણા માન અને વિનય પૂર્વક આવકાર આપીયે છીએ અને આપના અમુલ્ય દર્શન અને સેવાના અલભ્ય લાભથી અમો કૃતાર્થ થયા છીએ. એટલુંજ નહિ પણ આ ધન્ય અવસરે આપ ભાઇઓએ કરેલા અનેક ધર્મકાર્યો અને જૈન ભાઇઓ ઉપર કરેલા ઉપકારોની મિંમાસાથી પ્રેરાઇ અલ્પ અભિનન્દન પત્ર અર્પણ કરવાની ઇચ્છા પ્રદર્શીત કરીએ છીએ. તે સ્વીકારી આભારી કરશોજી.

આપના સદગત માતુશ્રી દીવાળીબાઇના નામથી આપે પાટણમાં એક ઉદ્યોગશાળા ખોલી તેમાં રૂા. ૫૦૦૦૦) જેટલી

મોટી રકમ આપી તેમાં જ્ઞાનાભ્યાસ ઉપરાંત ભરત સીવણ વિગેરે અનેક ઉદ્યોગોથી સ્ત્રી જાતી ઉપર એક મહાન્ ઉપકાર કર્યો છે. આ સંસ્થાને જૈન અને જૈનેતરના ભેદ વિનાની રાખી આપના વિશાળ હૃદયની ખાતરી કરી આપી છે તેમજ પાટણની પ્રસિદ્ધ પાંજરાપોળની અંદર હજારોની સંખ્યામાં અબોલા પશુઓનું રક્ષણ કરવામાં આવે છે તેમાં આપ ભાઈઓની મોટી રકમની સહાય આપવાથી સ્વામીવાત્સલ્યનો લાભ પણ આપને ઘેર બેઠાં મળ્યા કરે છે અને એથી પણ આપે આપના જન્મનું સાર્થક કર્યું છે.

ગઈ સાલનું આપનું શ્રી નવપદનું ઉદ્યાપન અને તે પ્રસંગની પ્રાતઃસ્મરણીય કલિકાળ સર્વજ્ઞ આચાર્ય શ્રી હેમચંદ્ર સૂરિ અને પરમાર્હત મહારાજા કુમારપાળના સમયની અપૂર્વ રચનાઓએ એટલો તો માનવસાગર ઉલટાવ્યો હતો કે જેનું વર્ણન કરવું મુશ્કેલ છે. જેના દર્શન કરવાથી અનેક ભવ્ય જનોને અનેક પ્રકારનો અનુભવ પ્રાપ્ત થયો હતો તે શુભ મહોત્સવમાં રૂા. ૧૦૦૦૦૦) એક લાખ જેટલી રકમ ખરચીને મેળવેલા દ્રવ્યનો આપે સદુપયોગ કરી બતાવ્યો હતો.

આપ ભાઈઓએ શ્રી ગિરનારજી અને તારંગજી તેમજ આરૂપ તિર્થના જિર્ણોદ્ધારમાં સારી સહાય આપી છે. અને શ્રી મહાવીર વિદ્યાલયના આપ સારા સાહયક છો. શીવાય પણ દુષ્કાળ આદિ પ્રસંગોમાં આપની કરૂણાયુક્ત વૃત્તિને લઈને

આપશ્રીએ ઘણી સારી રકમનો સદુપયોગ કરી દુષ્કાળ પીડિત જનોનાં અનેક આશિર્વાદ મેળવ્યા છે.

માનવંતા સાધર્મી બંધુઓ ! આપનું ગાંભીર્ય અને ઔદાર્ય, સાહસ અને ધીરજ સહિષ્ણુતા અને દાનશીલતા, દેવગુરૂની ભક્તિ અને શાસનપ્રેમ, ધર્મશ્રદ્ધા અને વિવેક વિગેરે અનેક ઉત્તમોત્તમ ગુણો અમોને આશ્ચર્યમુગ્ધ કરે છે. આ ચતુર્વિધસંઘ શ્રી સંખેશ્વરતિર્થની, શ્રી ભદ્રેશ્વર તિર્થની તેમજ કચ્છની પંચતિર્થી કરી શ્રી રેવતાચલ તિર્થની યાત્રા કરવા નિકળ્યો છે. તેનું મહા પુણ્યરાશીના ઉદયથી પ્રાપ્ત થઇ શકે તેવું સંઘવીપદ પ્રાપ્ત કરી આપે મનુષ્ય જીવનને અલભ્ય એવું પુણ્ય પ્રાપ્ત કરી જીંદગીનું સાર્થક કર્યું છે.

આ સ્થાને આપ ભાઈઓને અમારો આનંદ દર્શાવવો અસ્થાને નહિ ગણાય કે અમારા બંધુ શ્રીમાન શેઠ શ્રી શીવજીભાઇ રાજપાળ અને તેમના સુપુત્ર શેઠ ગાંગજીભાઈના ઉત્સાહથી આ સંઘને અત્રે પધારવાનું બન્યું છે. તેઓના ઉત્સાહ અને પ્રેમથી આપ ચતુર્વિધ સંઘનાં આદરાતિથ્યનો તેમજ યત્કિંચિત્ સેવા કરવાનો અમને અલભ્ય લાભ મળી ગયો છે. તે માટે તે બંધુઓના અમો આભારી છીએ.

અમારા અન્નદાતા કચ્છાધિપતિ મહારાવ શ્રી સાત ખેંગારજી બહાદુરે આપના આ ચતુર્વીધસંઘ પ્રત્યે જે સહાનુભૂતિ બતાવી છે તે માટે અમો એ નામદારનો અંતઃકરણ પૂર્વક આભાર માનીએ છીએ.

છેવટે પરમાત્માને અમારી પ્રાર્થના છે કે આપ ભાઈઓની ત્રિપુટી સંપ અને સુખમાં રહી દીર્ઘાયુષ ભોગવો અને ધર્મ તેમજ શાસનની પ્રભાવના કરી આત્મોન્નતિ કરી લક્ષ્મીનો સદુપયોગ કરો અને આત્માનું હિત સાધી ઉચ્ચ પ્રકારના ઐશ્વર્યને પ્રાપ્ત થાઓ અને ચતુર્વિધસંઘ સાથેની આપની યાત્રા સફળ થાઓ. અસ્તુ. સવંત. ૧૯૮૩ ના મહાવદી. ૭ ગુરૂવાર.

અમો છીએ સંઘના સેવકો.

શા. ઠાકરશી ઘેલા કચુ દઃ પોતાના

| | |
|---|---|
| શા. ઠાકરશી ઘેલા પેથાણી | શા. ઠાકરશી ઘેલા |
| શા. હીરજી રાજપાર | શા. જીવરાજ માદન |
| શા. કાનજી ખેતશી | શા. વીરજી લાખા |

---


# આટલું જરૂર કરો ! ! !

જીવનને નવું ચેતન આપનાર પૂર્વના મહાન્ પુરૂષોનો ઇતિહાસ જાણવા તમારા ચાલુ ખરચમાંથી કરકસર કરીને પણ વરસે રૂ. ૩) જરૂર ખરચો; કારણ કે દર વરસે ૧૦૦૦ પાનાનાં ૩-૪ પુસ્તકો નીયમીત મળે છે. સૂચીપત્ર મંગાવો.

લખોઃ—જૈન સસ્તી વાંચનમાળા,

રાધનપુરી બજાર—ભાવનગર.

( ૬ )

ॐ नमः परमात्मने

## શ્રી અણહિલપુર પત્તન–પાટણના કચ્છ દેશની યાત્રાર્થે નીકળેલ શ્રી સંઘના સંઘપતિ શ્રીમાન નગીનદાસ ભાઇ કરમચંદને શ્રી કચ્છી વીશા ઓશવાળ બાવન ગામ જૈન જ્ઞાતિ તરફથી.

## લાભ અભિવંદન પત્ર. શુભમ્

रत्नानामिव रोहणक्षितिधरः खंतारकाणामिव ।
स्वर्गः कल्पमहीरुहामिवसरः पंकेरुहाणामिव ॥
पाथोधिः पयसामिवेंदु महसां स्थानं गुणानामसा-
वित्यालोच्य विरच्यतां भगवतः संघस्य पूजा विधिः ॥ १ ॥

સમતા સાગર, દયાસાગર, નીતિનિપુણ, ધર્મ પરાયણ, ધર્મમૂર્તિ, દાનેશ્વરી નરરત્ન, નરપુંગવ, ભાગ્યશાળી, ભવ્યાત્મા, જૈનકુળભૂષણ, ધર્મપ્રભાવક, શાસન ઉદ્યોતકારક સકળ સદ્ગુણ વિભૂષિત, પુણ્યપવિત્ર, ધર્માત્મા શ્રીમાન શેઠજી સાહેબ શ્રીયુત નગીનદાસભાઈ કરમચંદ, શ્રીમાન્ સરૂપચંદભાઈ તથા મણીલાલભાઇ !

**માન્યવર સાહેબો,**

ભલે પધારો અમારા મોંઘેરા મહેમાન,
મોંઘેરા મહેમાન અમારા મનગમતા મહેમાન;

અમારા મનગમતા મહેમાન, કહોને તમારા શા કરીએ સન્માન
શા કરીયે સન્માન તમે તો અમારા દો દિનના મીજબાન.
પધારો સંઘપતિ કૃપાળ, પાટણ સંઘના ભુપાળ;
આપે જીવન કર્યું ઉજમાળ, વરો શ્રી મુક્તિ વધુ વરમાળ.

શ્રી કચ્છી વીશા ઓસવાળ બાવનગામ જૈન જ્ઞાતિ તરફથી આપ પુણ્યશાળી વિમલ–જીવન નરરત્નને અંતરના આવકાર આપતાં આપનું સ્વાગત કરતાં અમારા હૃદયો હર્ષથી ઉભરાઇ રહ્યાં છે. પ્રેમના ઉમળકાઓથી દ્રવી રહ્યાં છે ચતુર્વિધ શ્રી સંઘના દર્શને અમારાજીવનને કૃતકૃત્ય માનતા અમે અમારા આનંદનું દિગ્દર્શન કઇ રીતે કરાવીએ ? હૃદયમાં મચી રહેલ આનંદધુન અમે કઇ રીતે વ્યક્ત કરીએ તે અમોને નથી સમજાતું, નથી કળાતું, શબ્દો અમારી પાસે નથી, ભાષા પણ નથી–" મુંગે કો સ્વપ્ના ભયા સમજ સમજ પસ્તાય " મુક માણુસ પોતાનું સ્વપ્ન બીજાને કઇ રીતે સમજાવી શકે ? કઇ રીતે ચિતાર ખડો કરી શકે ? આપના પવિત્ર દર્શને અમારા હૃદય સાગરમાં આનંદ લ્હેરીઓ જે થનથનાટ મચાવી રહી છે–જે કલ્લોલ ઉછળી રહ્યા છે તે અમે વાણીદ્વારા કઇ રીતે મૂર્તીમંત કરી શકીએ ? લેખિનીદ્વારા કઇ રીતે આળેખી શકીએ.

ભલે પધાર્યા સંઘપતિ ચિરંજીવો સંઘપતિ. આપને અમારા અંતરના અભિવંદન છે.

યદુકુળવંશી વિદ્વદ્ શિરોમણી ક્ષત્રિકુળ ભૂષણ પ્રતાપી

મહારાજા શ્રી ખેંગારજી સવાઇ બહાદુરની શિતળ છાયા તળે રહેનાર શ્રી કચ્છી જૈન પ્રજા અનેક—ગામો અનેક વિભાગોમાં વહેંચાયેલ છે. વાગડ, અંજાર, ચોવીશી, કાંઠી, હાલાઇ, અબડાસા અને ચાર શહેરોમાં એ જૈન પ્રજાનો મુખ્યત્વે વસવાટ છે તેમાં કાંઠી વિભાગમાં શ્રી વીસાઓસવાળ જ્ઞાતીનાં બાવન ગામો છે. એ બાવનગામનું મહાજન આપની આ પવિત્ર પધરામણીને અંતરથી અભિવંદે છે.

વિજયશેઠ અને વિજયા શેઠાણીના પનોતાં પગલાંથી પુનીત થયેલ શ્રી ભદ્રાવતી ( ભદ્રેશ્વર) થી પશ્ચિમ વિભાગે એક કોશ ઉપર આવેલ શ્રીવડાલાથી માંડી બંદર માંડવીથી પશ્ચિમ વિભાગે સાત કોશ ઉપર આવેલ શ્રી બાડા ગામ સુધી આ જ્ઞાતિ મહાજનની વસ્તી છે. વડાલાથી બાડા ચોવીશ કોશના અંતરે છે. એ ચોવીશ કોશના વિસ્તારમાં અમારી જ્ઞાતિના બાવનગામો આવેલાં છે. તે બાવન ગામોની સંસ્થા મહાજન તરફથી આપનું સન્માન કરતાં આપને પ્રેમની પુષ્પાંજલીઓ સમર્પતાં અમારાં હ્રુદયો આજે આનંદમગ્ન બન્યાં છે.

ચાર હજાર જેવા વિશાળ જનસમૂહને લઇને, તેમને સમગ્ર કચ્છ અને શ્રી ગીરનારજી વીગેરે તિર્થોની પવિત્ર યાત્રા કરાવવાની જે દિવ્યવસ્તુ આપે હાથ ધરી છે—તેમને સુખરૂપ યાત્રાઓ કરાવવાનો જે પરિશ્રમ ઉઠાવ્યો છે તેના માટે અમે આપની શી શ્લાઘા કરીએ ! વસ્તુપાળ અને તેજપાળના સમય પશ્ચાત્ ધર્મ ઉદ્યોતનાં થયેલાં આવાં દિવ્ય કાર્યો પૈકી આપનું આ કાર્ય પણ ખાસ ધ્યાન ખેંચે છે.

આપશ્રીની યાત્રા, ધર્મ અને શાસનની ઉન્નતિ કરી રહી છે. ઝાલાકુળ શિરોમણી શ્રીમાન્ ધ્રાંગધ્રા નરેશે આપનું ધ્રાંગધ્રામાં પધારવું થતાં જે અત્યુત્તમ સન્માન કર્યું તેથી શાસનની બહુ શોભા વધી છે. ધર્મનો પ્રભાવ વધ્યો છે. આપનાં પનોતાં પગલાંએ ધ્રાંગધ્રા નરેશને બહુ પવિત્ર પુણ્ય કાર્ય કરવા પ્રેરેલ છે. પોતાના રાજ્યમાં યાવચ્ચંદ્ર દિવાકરૌ–દરવરસે બાર દિવસ અમારી જીવદયા પળાવવાનું તેઓશ્રીએ ફરમાન કર્યું. એ શાસનનોન્નતિ આપના આ પવિત્ર શ્રી સંઘને આભારી છે. સમગ્ર કચ્છમાં જૈન ધર્મની આજે આપના પગલાંથી બલિહારી ગવાઈ રહી છે. શાસનનો ઉદ્યોત થઇ રહ્યો છે. એવા પુણ્ય કાર્ય માટે આપનાં જેટલાં સન્માન કરીએ-જેટલી સેવાઓ કરીએ તે સર્વ અલ્પજ છે.

પૂજ્ય સંઘપતિજી ! આપે તો આજે માનવ જીવનનો એક અત્યુત્તમ મહાન્ લ્હાવો લીધો છે. આપના જીવનને ધન્ય છે. આપે તો માતાની કુક્ષીને શોભાવી છે. પિતાના કુળને અજવાળ્યું છે. આપનું અખીલ જીવન અનેક હિત કાર્યોથી પૂર્ણ છે, જનહિતાર્થે આપે અઢળક લક્ષ્મી ખરચી છે. શાસનની સેવામાં આપે લાખો રૂપીયા ખરચ્યા છે. આપને મળેલ સંપત્તિનો આપે ખૂબ સદ્વ્યય કરી પુણ્યની રાશીઓ બાંધી છે.

ગરીબ બંધુઓને સહાય આપવામાં પીડિત જનોનું કષ્ટ ટાળવામાં આપે આપની લક્ષ્મીનો ખુલ્લા દીલથી વ્યય

કર્યો છે. આપના હૃદયની વિશાળતા અને ઉદારતા જોઇ હરકોઇ માણસથી સ્હેજે ઉચ્ચારાઈ જાય કે વિભો ! લક્ષ્મી આપો તો આવા દાનેશ્વરી પુરૂષને આપજે. આપના જેવા પુનિત પુરૂષોના પગલાં અમારી ભૂમિમાં થાય એ અમારાં પણુ કેટલાં સદ્‌ભાગ્ય ! કહ્યું છે કે:—

જનની જણુ તો ભકત જન, કાં દાતા કાં શૂર;
નહિ તો રહેજે વાંઝણી, મત ગુમાવીશ નૂર.

એ કથન અનુસાર આપે તો આપની માતાના નામને પવિત્ર બનાવ્યું છે. જૈન ધર્મમાં આવા ઉત્તમ પુરૂષો વિદ્યમાન છે. આપની જેવા પુણ્યાત્મા પુરૂષોની અસ્તિ છે ત્યાં લગી જૈન શાસન જયવંતુ છે. આપને પરમાત્મા અખુટ ઋદ્ધિ સિદ્ધિ સમર્પે અને આપશ્રી શાસનની હજુપણુ દિનપ્રતિદિન સવિશેષ સેવા કરી શાસનનો સર્વત્ર જય ડંકો વગડાવો એટલું દેવાધિદેવ પાસે અનન્ય ભાવે યાચીએ છીએ.

અમારી જ્ઞાતિનો મુંબઇ, કલકત્તા, રંગુન, મદ્રાસ, કોલંબો, વગેરે પ્રદેશોમાં મુખ્યત્વે ચોખાનો વ્યાપાર હોઇને તે સ્થાને અમારા બંધુઓનો વસવાટ છે. તેમજ કૃષીપ્રધાન વર્ગનો કચ્છ દેશમાં વસવાટ છે. અમારા પૂર્વજો ઓશીયામાં વસતા હોઇ અમારી જ્ઞાતિ ઓશવાળના નામથી ઓળખાય છે. અમારા બાવન ગામની જનસંખ્યા પચાસ હજાર છે. શ્રી વડાલા, ભુજપુર, બીદડા અને કોડાય વગેરે ગામોમાં અમારી સંખ્યા વિશેષ પ્રમાણુમાં છે.

સર્વથી મોટી સંખ્યા બીદડા મુકામે હોઇ આ બીદડા ગામમાં બાવન જ્ઞાતિ તરફથી આપ ધર્મવીરને અભિનંદન આપતાં અમારા અંતઃકરણ પ્રેમની લાગણીઓથી ઉભરાઇ રહ્યાં છે. આપનો ધર્માનુરાગ, શ્રદ્ધા, વિવેક, વિનય, સૌજન્ય, હરકોઇને અભિનંદનીય છે; આપને ભક્તિભાવે અમારા હૃદય વંદન હો ! આપનો અને અમારો સ્નેહ સંબંધ સદા અવિચ્છિન્ન તથા કાયમ રહો એટલું ઇચ્છી, આપ આપના તમામ આપ્તજનો અને ચતુર્વિધ શ્રી સંઘનું આરોગ્ય કુશળ ચાહી, શ્રી સંઘની યાત્રા સફળ ઇચ્છી આપના જેવા પુનિત પુરૂષોનો સ્નેહ સંપર્ક પુનઃ પુનઃ થવાની ભાવના સહ વીરમીએ છીએ.

બીદડા, માઘ કૃષ્ણ અષ્ટમી
સં. ૧૯૮૩ તા. ૨૪-૨-૧૯૨૭
ગુરૂવાર

લી૦ અમો છીએ,
**સંઘના સેવકો,**

શા પોપટલાલ લાલજી કોડાયા
શા ઠાકરશી ઘેલા બીદડા
શા નરશી તેજશી ભુજપુર
શા શામજી ભવાન તુંબડી
શા હીરજી ભવાનજી
શા ટોકરશી કુંવરજી બારોઇ

---


## એકજ

**પ્રાચિન જૈન સ્તવન સંગ્રહ.** કિં. ૦-૮-૦

અનેક સ્તવનોની બુકો ફેરવવા કરતાં આ એકજ પુસ્તકમાંથી તમને બધી સામગ્રી મળશે. વળી કામ ઘણું સુંદર, પાકું રેશમી પુંઠું. પૃષ્ટ ૨૭૫.

લખો—**જૈન સસ્તી વાંચનમાળા.**
રાધનપુરી બજાર—ભાવનગર.

( ૭ )

## ૐ श्री वीतराग देवाय नमः

# શ્રી કચ્છ માંડવીના સંઘનું માનપત્ર.

### શ્રીમાન્ શ્રીયુત પાટણ સંઘપતિ શેઠ નગીનદાસભાઇ કરમચંદ પ્રત્યે આદરભાવ સહિત નમન.

કચ્છ માંડવી જૈન શ્વેતાંબર સમસ્ત સમુદાય તરફથી આપશ્રીનું દીર્ઘઆયુષ્ય ઇચ્છી અભિવંદન સાથે યતકિંચિત્ સત્કાર વચન આપ શ્રીમાન પ્રત્યે આ સમુદાયના ખરા ભાવ અને પ્રેમપૂર્વક ખરા અંતઃકરણની લાગણીથી રજુ કરવાની અનુજ્ઞા મેળવી અમો ભાગ્યશાળી બનીશું.

શ્રીમાન શેઠજી, આપ પૂર્વના પુણ્યાનુબંધી પુણ્યના પ્રભાવે અઢળક ધનના ધણી થયા છો. પુણ્ય સામગ્રી ઘણીજ એકઠી કરી છે. આપ આ પુન્યનો ઝરો સમકિત નિર્મળ કરવા અર્થે-પ્રભાવિક કાર્ય કરવા નિમિત વહેવરાવો છો એ જોઇ સર્વને આનંદ થાય છે. આપ મોટા આડંબરથી ઘણું ખરચે કચ્છ ભૂમિમાં પધાર્યા છો. અને અનેક જીનાલયોના પવિત્ર ધામનાં દર્શન કરવા નીકલ્યા છો. આ ભૂમિ આર્ય છે. જેમાં ભદ્રાનગરી. ( ભદ્રેશ્વર ) જેવું પુરાણું પવિત્ર જીનાલયોનું સ્થળ કેવળી મહાવીર પ્રભુએ ચાતુર્માસ રહી. પવિત્ર કર્યું છે. આ દેશ યદુવંશી-આર્યવંશી મહારાજાઓથી સુરક્ષિત છે. અને ઘણા ઘણા પવિત્ર ધામોનો તેમાં સમાવેશ છે. આપશ્રીએ કચ્છમાં પગલાં કરવા માટે ઘણું ઉચિત કાર્ય કર્યું છે. માંડવી શહેરમાં કચ્છાધિપતિ મહારાજા પહેલા ખેંગારજીએ

સંવત ૧૬૦૫માં વસાવ્યું અને લગભગ ચારસે વરસનું જુનું શહેર અને ધનાઢ્ય બંદર છે. વેપારનું સારૂં મથક છે. અહીં જૈનોમાં ઘણા ઘણા પુણ્યશાળી પુરૂષો થયા તેમાં શેઠ બલાલચંદ માનસંગ તથા શેઠ શામજી પદમશીએ કેસરીયાજીના સંઘ કાઢેલા. પુરાણા વખતમાં વસ્તુપાળ તેજપાળે સંઘજાત્રાઓ કરી નામ અમર કર્યાં છે. આ અર્વાચીન કાળમાં આપે અહીં પધારી કચ્છ ભુમિના પવિત્ર ધામોમાં ફરી સાથે સાથે અનેક સાધુજી તથા સાધવીજીઓને સહાયકારી થઈ શ્રાવકો શ્રાવિકાઓને પુન્ય કરણી કરાવતા આવો છો. એ તમોને ધન્ય છે. તમારા માતા પિતાને પણ ધન્ય છે.

શ્રીમાન્ શેઠજી ! ફરી તમારૂં દીર્ઘાયુષ્ય ઈચ્છી જે પુણ્ય કાર્ય કરવા નીકળ્યા છો તે સફળ કરી આપ મોક્ષને પંથે ચઢો એવું અમો નમન સાથે કહી આ સત્કાર પત્રિકા આપશ્રીના ચરણમાં એનાયત કરીયે છીયે.

સં. ૧૯૮૩ના માહ વદ ૧૩ ને વાર ભોમ.

| | |
|---|---|
| શા. ધરમચંદ સાકરચંદ | શા. દેવશી ધરમશી |
| મેતા પરશોતમ અમરશી | શા. અનોપચંદ શામજી |
| સંઘવી માણેકચંદ પાસવીર | શા, કેશવજી ડુંગરશી |
| શા. શામજી પદમશી | શા. પીતાંબર શાંતિદાસ |
| ગોપાળજી પરશોતમ | શા. દામજી વચ્છરાજ |
| હંસરાજ કુચરાભાઈ | શા. ખુશાલ મુળચંદ |
| શા. દામજી હરજી | શા કુચરા મોનજી |
| શા. વીકમશી રાઘવજી | મેતા પીતાંબર સેજપાલ |
| શા. વાઘજી દેવરાજ | ભંડારી જસરાજ રાજપાલ |
| શા વલભજી ભગવાનજી | શા. શીવરાજ ખેમચંદ |
| | શા. સાકરચંદ શવરાજ |

( ૮ )

# શ્રીમાન્ શેઠ ગોકળદાસ તેજપાળની હાઇસ્કુલનું માનપત્ર–માંડવી.

## શેઠજી સાહેબ શ્રીયુત શેઠ નગીનદાસ કરમચંદ અને અન્ય સંઘવીઓની સેવામાં.

અમો શ્રી કચ્છ-માંડવીની શ્રીમાન શેઠ ગોકળદાસ તેજપાળની હાઇસ્કુલના શિક્ષકો તથા વિદ્યાર્થીઓ આપ શેઠ સાહેબનું ખરા અંતઃકરણ પૂર્વક સન્માન કરીયે છીયે. આપની ઉદારતા જગજાહેર છે. આપની મહાન સખાવતોની કીર્ત્તી દશે દીશાઓમાં પ્રસરી રહી છે. આપ જેવા ઉદાર મહાન્ તેજસ્વી પ્રતિનીધી મેળવવામાં વણિક કોમ સદ્ભાગ્યશાળી થઇ છે, જગન્નિયંતાએ આપને લક્ષ્મી બક્ષી છે તે ચંચળ લક્ષ્મીનો સદ્વ્યય આવો મહાન્ સંઘ શહેનશાહ બાદશાહની છાવણી જેવો કાઢી તમોએ તમારા કુટુંબનું નામ યાવત્ચંદ્ર દિવાકરૌ અમર કર્યું છે આપે અનેક શ્રમો વેઠીને આવા સંઘમાં સ્વધર્મી ભાઇઓની સેવાર્થે નાણાનો વ્યય કરી શુભ પુણ્ય ઉપાર્જન કર્યું છે તે માટે અમો તમને અભિનંદન આપીયે છીયે તમોએ અનેક પ્રવૃત્તિમાંથી ખાસ અમારે માટે તસ્દી લઇ અમારી હાઇસ્કુલની મુલાકાત લઇ અમારી વિનંતિ માન્ય રાખી અમોને આભારી કર્યા છે. આપની કચ્છની મુસાફરી સુખરૂપ નીવડો એજ પ્રભુ પ્રત્યે પ્રાર્થના છે.

( ૯ )

# શ્રી કચ્છી વીશા ઓસવાળ જૈન બાળાશ્રમ કચ્છ ડુમરાનું માનપત્ર.

શ્રીમાન્ પરોપકારી સકલ સદ્ગુણગણાલંકૃત સુશ્રાવક શેઠ નગીનદાસભાઇ કરમચંદની પવિત્ર સેવામાં.

શ્રી કચ્છી વીશા ઓસવાળ જૈન બાળાશ્રમના કાર્યવાહકો તરફથી આપ મહાશય શ્રી કચ્છના તીર્થોમાં દર્શન કરવા શ્રી રાજશાહી સંઘ લઇ પધારતાં અમારા નાનકડા ડુમરા ગામને પાવન કરેલ છે, તે શુભ પ્રસંગની યાદી તરીકે આ નમ્ર માનપત્ર આપશ્રીને અર્પણ કરતાં અમોને અત્યંત આનંદ થાય છે.

શેઠજી, આપશ્રીએ આ દરેક પ્રકારની સગવડો તથા સાધનો સાથેનો જેવો વિશાળ સંઘ કાઢ્યો છે. એવો સંઘ અમારી કચ્છ ભૂમિમાં કદી પણ આવેલ નહિ હોય. આપે આ સંઘ કાઢી આપણા જૈન ધર્મનો પ્રભાવ બતાવ્યો છે. અને આપણે શ્રાવકો પોતાના ધર્મ માટે શું નથી કરી શકતા તે સકળ સૃષ્ટિને પ્રત્યક્ષ બતાવી આપ્યું છે. આપનો આવો ધર્મ પ્રત્યેનો પ્રેમ જોઈ અમો આપને અંતઃકરણ પૂર્વક ધન્યવાદ આપીયે છીયે.

આપશ્રી વિદ્યાવિલાસી છો. તેથી આપના તરફથી બાળાશ્રમ કન્યાશાળા તેમજ બીજી ઘણી સંસ્થાઓ ખોલવામાં

આવી છે. અને ઘણીને આપ ઉત્તેજન આપતા રહો છો. તેમજ અનેક વિદ્યાવિલાસીઓને વિદ્યાની વૃદ્ધિ માટે વિધવિધ રીતે ગુપ્ત તેમજ પ્રસિદ્ધપણે આશ્રય આપી તેમનું જીવન સાર્થક કરતા રહો છો. એવી એવી અનેક બાબતો માટે આપશ્રીની જેટલી પ્રશંસા કરીયે તેટલી થોડીજ છે.

આપશ્રીએ આપના સત્કાર્યથી આપની જ્ઞાતિને અને આપના દેશનેજ દીપાવેલ છે એમ નથી, પણ સમસ્ત જૈન કોમની કીર્ત્તિને ઉજ્વળ કરી છે. જે અખિલ ભારતવર્ષના જૈનો માટે અભિમાન લેવા જોગ છે.

આપ શ્રીમંત હોવા છતાં સાદા અને નમ્ર છો તે સોનામાં સુગંધ ભળવા જેવું છે. અને આપના જેવા અનેક નરરત્નો અમારી ભારત ભૂમિમાં અવતરો એવી અમારી પ્રાર્થના છે. અમો જ્યારે આપના દર્શન કરીયે છીયે અને આપના સત્કર્મો વિષે સાંભળીયે છીયે ત્યારે અમને અમારા દેશમાં થયેલ પ્રાતઃસ્મરણીય પરોપકારી શેઠ **જગડુશાના** દયાનાં સત્કાર્યો યાદ આવે છે. અને આપ બીજાજ **જગડુશા** હો એવો અમોને ભાસ થાય છે.

આપને આ શુભ પ્રવાસ માટે અભિનંદન આપીયે છીયે અને આ પ્રવાસ આપ સુખરૂપ અને નિર્વિઘ્ને પસાર કરો એવું ઇચ્છીયે છીયે.

છેવટે આપને પરમાત્મા દીર્ઘાયુ અર્પો અને આવાં દેશોદ્ધારક અનેક સત્કાર્યો કરવા વધારે ને વધારે શક્તિમાન

એવી અભિલાષા રાખી વિરમીયે છીયે.


| | | |
|---|---|---|
| શા. ખીમજી શામજી દેવરાજ. | પ્રમુખ. | ટ્રસ્ટીઓ. |
| શા. ઉમરસી કચરા<br>શા. લાલજી ભારમલ | ઉપપ્રમુખો. | |
| શા. રતનશી મુળજી | | |
| શા. પાસુભાઇ મણશી લખમસી<br>શા, વેલજી પાલણ | ઓ. સેક્રેટરીઓ. | |
| ગોવીંદજી ગો. સુંદરદાસ | સુપ્રીન્ટેન્ડન્ટ. | |
| કાનજી દેવજી ભગત | મેનેજર. | |
| શા. મુળજી હીરજી<br>શા વેલજી મુળજી<br>શા. વેલજી જેવત<br>શા લાલજી ડુંગરશી<br>શા હીરસી માલશી | શ્રી વ્યવસ્થાપક કમિટીના મેમ્બર્સ | |


---


## —: ખાસ શાળાઓ માટે :—

શાળાપયોગી સીરીઝ તૈયાર કરી છે. ભાવો સસ્તા, કામ સારૂં, અક્ષર મોટા અને શુદ્ધ.

| | | | |
|---|---|---|---|
| દેવસીરાઇ પ્રતિક્રમણ | ૦–૩–૦ | સોનકલના | ૧૫–૦–૦ |
| પંચપ્રતિક્રમણ પોકેટ | ૦–૮–૦ | ,, | ૪૫–૦–૦ |
| રત્નાકર પચ્ચીશી | ૦–૦–૯ | ,, | ૩–૦–૦ |

સીવાય બાળકોને વંચાવવા જેવાં ઉત્તમ ચરિત્રો ઘણી જાતનાં છે.

લખો:—જૈન સસ્તી વાંચનમાળા—ભાવનગર.

( ૧૦ )

## શ્રી કચ્છ–ભુજની દશાશ્રીમાળી જ્ઞાતિનું માનપત્ર.

**अर्हंतो भगवंत इंद्र महिता, सिद्धाश्च सिद्धिस्थिताः**
**आचार्या जिनशासनोन्नतिकराः पूज्या उपाध्यायकाः**
**श्री सिद्धान्त सुपाठका मुनिवरा रत्नत्रयाराधका,**
**पञ्चैते परमेष्ठिनं प्रतिदिनं कुर्वन्तु वो मङ्गलम् ॥ १ ॥**

કચ્છના પાયતખ્ત શ્રી ભુજનગરની શ્રી દશાશ્રીમાળી જ્ઞાતિ સમસ્ત તરફથી શ્રી દશાશ્રીમાળી વંશવિભૂષક શ્રીમાન દાનવીર શેઠ નગીનદાસભાઇ કરમચંદભાઇને આ પ્રસંગે માનપત્ર આપતાં આનંદ થાય છે. તેઓશ્રીએ ગુર્જર દેશના મૌલીમણિસમ શ્રી અણહિલ્લપુર પાટણથી શ્રી કચ્છદેશમાં તીર્થયાત્રા પ્રસંગે પધારી ગામોગામના સહધર્મી બંધુઓ તથા જ્ઞાતિ બંધુઓને જે અલક્ષ્ય લાભ આપ્યો છે તે આ જીંદગીમાં કદી ભુલાય તેવો નથી. તેઓશ્રીની ધર્મવૃત્તિ તથા પરમાર્થવૃત્તિનો ધડો કદાચ ભવિષ્યમાં અન્ય વ્યક્તિઓ લે, એ બનવા જોગ છે. પરંતુ તેનો પણ સુયશ તો માનવંતા શેઠ નગીનદાસભાઇને જ ઘટે છે. સેંકડો વર્ષોથી જે દ્રશ્ય આ દેશે નીહાળેલ કે સાંભળેલ નહિ; તેનો સાક્ષાત્કાર શેઠશ્રી નગીનદાસભાઇએ કરાવ્યો છે. તેથી એક સહધર્મીબંધુ તરીકે તથા જ્ઞાતિબંધુ તરીકે વિશેષ મગરૂરી લેવાનો સુયોગ પ્રાપ્ત થયેલ છે. જો કે આ પ્રસંગે આપની સેવાનો જેટલો લાભ લઇએ; તેટલો

ઓછોજ છે. પરંતુ અત્રેની આપણી જ્ઞાતિકોમ બહુ જ અલ્પ પ્રમાણમાં હોવાથી વિશેષ કાંઇ કરી શક્યા નથી; છતાં અમારી અલ્પ સેવાનો સ્વીકાર કરી જે અલભ્ય લાભ આપેલ છે તે માટે અમારે તમારો કયા શબ્દોમાં ઉપકાર માનવો તે વર્ણવી શકતા નથી.

આપ સદાને માટે આવાં શુભોદયી કાર્યો કરતા રહો. એવા કાર્યોમાં પ્રભુ આપને અખુટ બળ અને ધન અર્પે એજ પ્રભુ પ્રાર્થના.

છેવટમાં આપનું તથા આપના સમસ્ત કુટુંબનું શ્રેય ઇચ્છી વીરમીએ છીએ.

સં. ૧૯૮૩ ના ફાગણ વદ ૬ ગુરૂવાર તા. ૨૪–૩–૧૯૨૭.

લી૦ અમો છીએ.
તમારા જ્ઞાતિ બંધુઓ,

શા. આણંદજી પીતાંબર.
શા. ટોકરસી પીતાંબર.
વચ્છરાજ ભગવાનજી.
મોતીલાલ હીરાચંદ.
માધવજી તારાચંદ.
વીસનજી વીજપાલ.
હંસરાજ નાથાણી.
વચ્છરાજ વાઘજી.
પરશોતમ વાઘજી.

( ૧૧ )

## કચ્છ–સામખીઆરી જૈન શ્વેતામ્બર સંઘનું માનપત્ર.

શ્રી અણહીલપુર પતનના નિવાસી: પુણ્યશાળી શેઠ શ્રી કરમચંદ ઉજમચંદના સુપુત્રો સૌજન્ય સુધાસાગર અનેક સદ્‌ગુણાલંકૃત શ્રાદ્ધકુલદીપક પરોપકારપરાયણ સ્વધર્મપ્રતિપાલક શેઠજી સાહેબ શ્રીમાન્ સ્વરૂપચંદભાઇ, નગીનદાસભાઇ તથા મણીલાલભાઇની ત્રિપુટીયોગ. મુ૦ સામખીઆરી.

અમો શ્રી સામખીઆરીના શ્વેતાંબર જૈન સંઘ સમુદાય આપ ભાઈઓના શ્રી ચતુર્વિધ સંઘ સાથે કચ્છ ભદ્રેશ્વરાદિ તિર્થયાત્રા કરી પાછા વળતા અત્રે પડાવ નાખવાથી સામખીઆરીના શ્રી જૈન સંઘનો અત્યંત આનંદસાથે ઘણા માનથી અમે વિનય પૂર્વક આપને આવકાર આપીએ છીએ અને આપના તેમજ શ્રી સંઘના અમુલ્ય દર્શનના અને સેવાના અલભ્ય લાભથી અમો કૃતાર્થ થયા છીએ એટલુંજ નહિ પણ આવા શુભ પ્રસંગ ઉપરાંત આપ ભાઈઓએ અસંખ્ય ધર્મના કાર્યો કરી અને જૈન ભાઈઓની ઉપર કરેલા ઉપકારોથી પ્રેરાઇને આ બહુ અલ્પ અભિનંદન પત્ર આપીએ છીએ તે સ્વીકારી લઇને અમને કૃતાર્થ કરશો. આપ બંધુઓ પૈકી શેઠ નગીનદાસભાઇએ બહુ નાની વયમાં વિદ્યાભ્યાસ અને ધર્મ શાસ્ત્રોનો અનેક પ્રકારે અભ્યાસ કર્યો છે, વિશેષ વેપારની કેળવણીમાં મુંબઇ જેવા પ્રદેશમાં યુરોપીયન જેવા વ્યાપારી-

ઓની હરીફાઈમાં ઉતરી ઘણીજ કુશળતા બતાવી છે અને લક્ષ્મીદેવીની કૃપાથી ઉજમણા પાછળ તેમજ ઉદ્યોગ-શાળામાં વિગેરે તેમજ ગીરનારજી તેમજ તારંગાજીના જીર્ણો-દ્ધાર માટે તેમજ શ્રી ભદ્રેશ્વરાદી કચ્છતિર્થની યાત્રા કરી લાખો રૂપીઆ વાપરી ચતુર્વિધ સંઘ તેમજ સ્થાનીક સંઘની અસંખ્ય પ્રકારે ભકિત કરી છે તે માટે અમો આપનો આભાર માનીએ છીએ. આપ બંધુઓની ત્રીપુટી સંપ અને સુખમાં રહિ દીર્ઘાયુષ્ય ભોગવો અને તીર્થયાત્રા કરી ચતુર્વિધ શ્રી સંઘની સેવા કરી તમારા જીવનને ઉજવળ કરો એજ અંતરની પ્રાર્થના. સંવત ૧૯૮૩ ના ફાગણ વદી ૧૪.

એજ અમો છીએ.

**શ્રી સામખીઆરી સંઘના સેવકો.**

આગેવાનોની સહી.

---

## આવતી સાલમાં શું વાંચશો.

વાંચનમાળાના ગ્રાહકોને દર વરસે નવીન ઇતિહાસીક પુસ્તકો નીયમિત મળે છે, તે હવે કોઇની જાણ બહાર નથી, વગર વીલંબે ગ્રાહક થવા તુરત લખો.

| | |
|---|---|
| ૧ સ્થુલીભદ્રની નૌકા. | ૩ ચિત્રસેન પદ્માવતી |
| ૨ ચંપક શ્રેષ્ઠી કથા. | ૪ ,, ( હવે નકી થશે.) |

( ૧૨ )

**श्री परमात्माय नमः**

# શ્રી બેલા–રંગપર આહરણાના શ્રી સંઘનું માનપત્ર.

પરોપકારી દાનવીર ધર્મશ્રદ્ધાવંત દેવગુરૂ ભક્તિકારક
સુશ્રાવક શેઠજી સાહેબ નગીનદાસ કરમચંદભાઇની
પવિત્ર સેવામાં.

સૈકામાંયે નહિ સાંભળેલ–એવો પાટણ જેટલે દૂર પ્રદેશથી છરીપાળતો મહાન્ સંઘ કાઢી શ્રીસંખેશ્વરજી તથા શ્રી ભદ્રેશ્વરજી તથા સારા કચ્છની જાત્રા કરી શ્રી રેવતગિરિની જાત્રા કરવા આગળ વધતાં અહીં મુકામ કરી અમોને શ્રી સંઘના દર્શન તથા ભક્તિનો જે લાભ આપે આપ્યો છે તેથી અમો ઘણા હર્ષવંત થયા છીયે. અને એ હર્ષ આપશ્રીનેજ આભારી છે એમ પણ કહ્યા શીવાય રહી શકતા નથી.

પાટણ જેવી જૈનપુરીમાં જન્મ લઇ શ્રીમંતાઇમાં પણ ધર્મભાવનામાં જાગ્રત રહી લક્ષ્મીનો સદ્દવ્યય કરો છો એમ આપના અનેક સત્કાર્યોથી જોઈ શકયા છીયે તેથી આ કાર્ય જોઇને પણ અમારૂં અંતઃકરણ આપશ્રીને આ અભિનંદન પત્ર આપવા ઉલ્લસિત બન્યું છે.

આપની ધર્મ શ્રદ્ધામાં ઉદારવૃતિ, સાદાઇ, ઉપકાર બુદ્ધિ વિગેરે ગુણો આવી મળેલા જોઇ અમોને વિશેષ આનંદ થાય છે.

આ બેલા ગામની બહુ નજીકમાં રંગપર તથા આદર ણા ગામો આવેલા છે. આ ત્રણે ગામોનો શ્રાવક-સમુદાય ઘણોજ નાનો હોઇ જાણે એકજ ગામમાં રહેતો હોય એવી રીતે ધર્મકાર્યમાં જોડાઇ અમારી ફરજ બજાવીયે છીયે એ મુજબ ત્રણે ગામોવાળાની યથા શકિતની અમારી આ પ્રેમ ભકિતની સ્વીકાર કરશો.

આપસહકુટુંબ કુશળતા સાથે લાંબુ આયુષ્ય ભોગવો અને લક્ષ્મી મેળવી વિશેષ ધર્મ સાધના કરી વિશેષ શાસન-ગૌરવ વધારો અને તેમ થવામાં શાસનદેવ આપને સહાય્ય કરો એવી અમારી અંતઃકરણની ભાવના વ્યકત કરી આ માનપત્ર આપને સહર્ષ અર્પણ કરીયે છીયે. તે સ્વીકારી અમોને આભારી કરશો. લી૦

બેલા ( મોરબી )<br>તા. ૮-૪-૨૭<br>ચૈત્ર શુ. ૭ શુક્રવાર.

**બેલાના-રંગપર-આદરણા.**

**શ્રી સંઘ.**

---


ચાલુ સાલમાં ગ્રાહકોને મળેલાં પુસ્તકો.

૧ મગધરાજ શ્રેણીક પૃષ્ટ ૩૫૦ ૩ પેથડકુમાર ચરિત્ર પૃષ્ટ ૨૫૦
૨ શ્રી સ્થંભનપાર્શ્વનાથચરિત્ર ૩૫૦ ૪ માનતુંગ માનવતી ,, ૧૦૦

ચારે પુસ્તક ૧૦૫૦ પૃષ્ટનાં કિંમત રૂા ૪-૧૦-૦ થાય છે તે ગ્રાહકને લવાજમના રૂા ૩) અને પોસ્ટ ખર્ચ ૦-૧૦-૦ મળી રૂા ૩-૧૦-૦ માં મળે છે. લખો:—

જૈન સસ્તી વાંચનમાળા,
ભાવનગર.

( ૧૩ )

## શ્રી મોરબી જૈન સંઘનું માનપત્ર.

શ્રી અણુહીલપુર પાટણનિવાસી પુણ્ય પ્રભાવિક ધર્મ-નિષ્ટ પરોપકારી જ્ઞાતિબંધુ શેઠ કરમચંદ ઉજમચંદના સુપુત્રો શેઠજી સાહેબ શ્રી સ્વરૂપચંદભાઈ, નગીનદાસભાઈ તથા મણીલાલભાઇ જોગ. મુ૦ મોરબી.

સુજ્ઞ મહાશય.

ચતુર્વિધ સંઘ સાથે કચ્છ તથા જુનાગઢની યાત્રા કરવા તથા કરાવવા શુભ પ્રસંગાનુસાર આપ ત્રણે ધર્મ-પરાયણ બંધુઓનું આગમન અમારા શ્વેતાંબર દહેરાવાસી ભાઇઓના આમંત્રણથી અત્રે થતાં અમો શ્રી મોરબી દશા શ્રીમાળી વણિક જ્ઞાતિ ઘણા માન અને સવિનય અને ખરા જીગ-રથી આપનું સન્માન કરીયે છીયે અને દર્શનના અમુલ્ય લાભથી કૃતાર્થ થયા છીયે.

આપના સૌજન્ય પરોપકાર પરાયણતા, ધર્મનિષ્ઠતા તથા શુભ દાનના જ્વલંત દૃષ્ટાંતો શોભી રહ્યા છે. વિશેષ આપ બંધુઓ પૈકી શેઠ નગીનદાસભાઇયે પોતાની નાની વયમાં ધાર્મિક અને વ્યવહારિક જ્ઞાન મેળવી સંયમ અને મનોનિગ્રહથી ધર્મપરાયણ વૃત્તિ પ્રાપ્ત કરી છે. "દયા ધર્મકા મૂલ હે" એ કહેવત આપ ભાઇઓએ લાખો રૂપીયાના

સખાવતથી સિદ્ધ કરી બતાવી છે. દયા દાન ઉદારતા પરોપકારવૃત્તિ સમાનભાવના એ ગુણો આપના—જન્મસિદ્ધ હક્ક છે. આપ ત્રિપુટી અમારા જ્ઞાતિ બંધુઓને ઉપર્યુક્ત ગુણાલંકૃત જોઈને હર્ષાવેશથી ઉભરાઇ જતી હૃદયના ઉર્મીઓ પ્રદર્શીત કરતાં આ અભિનંદન પત્ર અર્પણ કરીયે છીયે તે સ્વીકારી આભારી કરશો.

આપના સદ્દગત માતુશ્રી દીવાળીબાઇના સ્મરણાર્થે પચાસ હજાર જેવી નાદર રકમના ખર્ચે ઉદ્યોગશાળા, તથા પાંજરાપોળ ભોજનશાળા આદિ અનેક સંસ્થાઓને સારી રકમની મદદ આપી સંગીન પાયા પર લાવી મુકેલ છે તથા કેટલાક તીર્થક્ષેત્રોના આપ સહાયક છે તે આપ બંધુઓની ઉદારતા અને દયાની સાબીતી આપે છે.

આપ સર્વના દર્શનના લાભ ઉપરાંત પંચમહાવ્રતધારી ચારસો સાધુ સાધવીજીના અપૂર્વ દર્શનનો લાભ અમને થતાં અમારા અહોભાગ્ય સમજીયે છીયે. તે માટે અહીંની શ્રી દશા શ્રીમાળી વણીક સમસ્ત જ્ઞાતિ આપનો અંતઃકરણ પૂર્વક આભાર માને છે. અને ઇચ્છે છે કે આપના હસ્તે આવાં ઉત્તમ ધર્મના કાર્યો થતાં રહો.

આ સ્થાને અમોને જણાવતાં અત્યાનંદ થાય છે કે અમારા દયાળુ પ્રજાવત્સલ મહારાજા સાહેબના રામરાજ્યમાં અમો સર્વ ધાર્મીક કાર્યોમાં સંપૂર્ણ રીતે સુખી છીયે. જે

સમયમાં કોમી ઝગડા તથા ધાર્મિક ઝગડાથી આપણા આર્યાવર્તનું વાતાવરણ ઝેરી બન્યું છે તેવા સમયમાં પણ તેની ઝેરી હવા અમારા મહારાજા સાહેબના પુન્યપ્રતાપે અત્રે પેસવા પામી નથી એ અમારૂં સદ્ભાગ્ય સમજીયે છીયે.

છેવટમાં પરમકૃપાળુ પરમાત્માને અમારી પ્રાર્થના છે કે આપ ભાઇઓની ત્રીપુટી સહકુટુંબ સુખ સંપત્તિ અને આરોગ્યમાં રહી દીર્ઘાયુષ્ય ભોગવો. અનેક પ્રકારના પારમાર્થીક કાર્યોમાં આપની લક્ષ્મીનો સદ્વ્યય થાઓ અને દીનપ્રતિદીન ઉચ્ચ અને ઉચ્ચ શ્રેણી પ્રાપ્ત કરી આત્મહીતસાધક બનો અને આ ચતુર્વિધ સંઘ સાથેની આપની યાત્રા નિર્વિઘ્ને સફળ થાઓ.

| | |
|---|---|
| મોરબી<br>સં. ૧૯૮૩ ના ચૈત્ર શુ. ૯<br>રવીવાર<br>તા. ૧૦-૪-૨૭ | **વીકમચંદ અમૃતલાલ નગરશેઠ**<br>શ્રી મોરબી દશાશ્રીમાળી જ્ઞાતિ<br>સમસ્તની વતી. |


## —: બ્હેનો માટે. :—

દરેક બ્હેનોને આ પુસ્તક વાંચવાની ખાસ જરૂર છે.

૧ **પ્રતિભાસુંદરી યાને પૂર્વકર્મનું પ્રાબલ્ય.**—કિં રૂા. ૧-૮-૦ ગમે તેવી સુસ્ત સ્ત્રીઓપણ આ પુસ્તકના વાંચનથી એક આદર્શ ગૃહીણી થઇ શકે છે.

૨ **સદ્ગુણી સુશીલા**—કિં. રૂા. ૧-૦-૦. આ પુસ્તકના વાંચનથી સ્ત્રીઓ પતિભકિતપરાયણ બની ગૃહમંદીર દીપાવવા સાથ વ્યવહારીક નૈતિક અને ધાર્મીક જીવન બનાવે છે.

**આજેજ લખો—જૈન સસ્તી વાંચનમાળા,**
**રાધનપુરી બજાર—ભાવનગર.**

( ૧૪ )

## ॐ श्री वीतराग देवाय नमः

## શ્રી ટંકારા ગામના જૈન સંઘનું માનપત્ર.

અણહીલપુર પાટણ નીવાસી પુણ્ય પ્રભાવિક ધર્મનિષ્ટ પરોપકારી ભક્તિકારક સુશ્રાવક ધર્મબંધુ શેઠ શ્રી કરમચંદ ઉજમશીભાઇના સુપુત્રો શેઠજી સ્વરૂપચંદભાઇ, નગીનદાસ ભાઈ તથા મણીલાલભાઇની સેવામાં.

સુજ્ઞ મહાશય,

ચતુર્વિધ સંઘ સાથે આપે પાટણ જેટલા દૂર પ્રદેશથી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના હુકમને માન દઇ શ્રી પાલીતાણાની યાત્રા કરવાનું રગે રગે માન હોવા છતાં પણ તેનો ત્યાગ કરી કચ્છ–કાઠીયાવાડમાં આપણા પવિત્ર તીર્થોની યાત્રા કરવાનો જે પરીશ્રમ ઉઠાવેલો છે, તેથી અમો અત્યંત હર્ષવંત થઇએ છીએ અને આપને ખરા અંતઃકરણપૂર્વક ધન્યવાદ આપીએ છીએ.

આવો મોટો સંઘ યાત્રાએ નીકળેલ અમોએ જોએલ નથી; તેમજ છેલ્લા ૧૦૦–૨૦૦ વર્ષોમાં નીકળ્યો હોય તેવું સાંભળેલ પણ નથી. આ ચતુર્વિધ સંઘનું સન્માન ટંકારા જેવા ગામડામાં વસ્તા અમો પામર પ્રાણી શું કરી શકીએ?

આપની સગવડ અમો કંઇ પણ સાચવી શકયા નથી તેમજ આપને યોગ્ય સન્માન પણ કાંઇ આપી શકયા નથી; જેના માટે અમો આપની ક્ષમા ચાહીએ છીએ.

આપે ધર્મ કાર્યો તેમજ બીજા કાર્યોમાં હજારોની સખાવત ગુપ્ત તેમજ જાહેર રીતે આપેલ છે. આપના જેવા તન, મન અને ધનનો ભોગ આપનાર વીરલા કોઇક જ હશે, આપની સખાવત ભાવના તેમજ ધર્મપરાયણુતા જોઇને અમો સર્વ જૈન પ્રજા અત્યંત આનંદ પામીએ છીએ અને શાસન-દેવ પાસે ખરા અંતઃકરણથી પ્રાર્થના કરીએ છીએ કે આપ સહકુટુંબ પરીવાર ક્ષેમ કુશળ સાથે ઘણું લાંબુ આયુષ્ય ભોગવો અને વધુ લક્ષ્મી મેળવી વિશેષ ધર્મ કાર્યો કરો.

ચારસો જેટલા સાધુ-સાધ્વીજીઓનાં દર્શનનો મહાન્ અમૂલ્ય લાભ અમોને આપશ્રીને લઇને મળ્યો છે. જેથી આપનો ઉપકાર માનીએ છીએ. આ સ્થળે અમોને જણાવતા અત્યાનંદ થાય છે કે અમારા દયાળુ પ્રજાવત્સલ મહારાજા સાહેબના રાજ્યમાં અમો સર્વ ધાર્મિક કાર્યોમાં સંપૂર્ણ રીતે સુખી છીએ; અને તે અમારૂં અહોભાગ્ય માનીએ છીએ.

અંતઃકરણની લાગણી સાથે અમારૂં આ "માનપત્ર" અમો આપશ્રીને સહર્ષ અર્પણ કરીએ છીએ તે સ્વીકારી લઇ અમોને આભારી કરશો એવી આશા રાખીએ છીએ.

સંવત ૧૯૮૩ ના ચઇતર શુદ ૧૦ સોમવાર. ટંકારા. તા. ૧૧મી.

લી૦ શ્રી જૈન ટંકારા સંઘ,

**પુજા મનજીની સહી દાઃ લીલાધર દેવચંદ.**

( ૧૫ )

# શ્રી જામનગર જૈન સંઘનું માનપત્ર.

શ્રી અણહિલપુર પાટણ નિવાસી પુણ્યપ્રભાવિક:ધર્મનિષ્ઠ શેઠ કરમચંદ ઉજમચંદભાઇના સુપુત્રો શેઠજી સાહેબ શ્રી સ્વરૂપચંદભાઇ, નગીનદાસભાઇ તથા મણીલાલભાઇ જોગ.

સુજ્ઞ મહાશય,

ચતુર્વિધ સંઘ સાથે ભદ્રેશ્વર તથા ગીરનારની યાત્રા કરવા તથા કરાવવા શુભ પ્રસંગાનુસાર આપ ત્રણે ધર્મ-પરાયણ બંધુઓનું આગમન અમારા શ્વેતાંબર સંઘના આ-મંત્રણથી અત્રે થતાં અમો શ્રી જામનગરનો જૈન શ્વેતામ્બર સંઘ ઘણા માન અને સવિનય ખરા જીગરથી આપનું સન્માન કરીએ છીએ અને આપના દર્શનના અમુલ્ય લાભથી કૃતાર્થ થયા છીએ.

આપના સૌજન્ય, પરોપકાર પરાયણતા, ધર્મનિષ્ટતા તથા ગુપ્ત દાનના જ્વલંત દૃષ્ટાંતો શોભી રહ્યાં છે. આપ બંધુઓ પૈકી શેઠ નગીનદાસભાઇએ પોતાની નાની વયમાં ધાર્મિક અને વ્યવહારીક જ્ઞાન મેળવી સંયમ અને મનોનિગ્રહથી ધર્મપરાયણવૃત્તિ પ્રાપ્ત કરી છે.

આપના સદ્દગત માતુશ્રી દીવાળીબાઇના નામની પાટ-ણમાં એક ઉદ્યોગશાળા ખોલી તેમાં રૂપીઆ પચાસ હજાર જેવી મોટી રકમ આપી તેમાં જ્ઞાનાભ્યાસ ઉપરાંત ભરત

શીવણ વિગેરે અનેક ઉદ્યોગથી સ્ત્રી જાતિપર એક મહાન્ ઉપકાર કર્યો છે. આ સંસ્થાને જૈન અને જૈનેતરના ભેદ વિનાની રાખી **વસુધૈવ કુટુમ્બકમ્** નો ભાવ આપે સિદ્ધ કરી બતાવ્યો છે. શ્રી ગીરનારજી તથા તારંગાજી તથા ચારૂપના તીર્થના જીર્ણોદ્ધારમાં તથા પાટણની પાંજરાપોળમાં .તથા હિંદુસ્તાનમાં વસતી અખીલ શ્વેતાંબર મૂર્તિપૂજકની મહાન્ કેળવણીની સંસ્થા **શ્રી મહાવીર વિદ્યાલય**માં તથા બીજા પરોપકારી ખાતામાં મોટી રકમની સહાય આપી આપની જીંદગીને કૃતાર્થ કરી છે.

આપ સર્વના દર્શનના લાભ ઉપરાંત પંચમહાવ્રતધારી ત્રણસો સાધુ સાધ્વીજીના અપૂર્વ દર્શનનો લાભ અમોને થતાં અમારા અહોભાગ્ય સમજીએ છીએ, તે માટે આપનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ અને ઇચ્છીએ છીએ કે આપના હસ્તે આવા ઉત્તમ કાર્યો થતા રહો.

આ સ્થાને અમોને જણાવતાં અતિ હર્ષ થાય છે કે અમારા પ્રતાપી–તેજસ્વી–પ્રજાવત્સલ મહારાજા જામશ્રી રણજીતસિંહજી સાહેબ બહાદુરના રામ–રાજ્યમાં અમો સર્વ ધાર્મિક કાર્યોમાં સંપૂર્ણરીતે સુખી છીએ જે સમયમાં કોમી ઝગડાથી આપણા આર્યાવર્તનું વાતાવરણ ઝેરી બન્યું છે. તેવા સમયમાં પણ તેની ઝેરી હવા અમારા મહારાજા સાહેબના પુન્યપ્રતાપથી અત્રે પેસવા પામી નથી એ અમારૂં સદ્‌ભાગ્ય સમજીયે છીએ.

જામનગર,<br>સં. ૧૯૮૩ના ચૈત્ર વદ ૧<br>સોમવાર.

**શ્રી જામનગર જૈન સંઘ.**

( ૧૬ )

## परोपकाराय सतां विभूतयः

## જામનગર શ્રી જૈન વિદ્યાર્થીભુવનનું માનપત્ર.

ઇતિહાસ મશહૂર શ્રી અણહીલપુર પત્તનના નિવાસી, શ્રીમાન્ પુણ્યશાલી શેઠ શ્રી કરમચંદ ઉજમચંદના સુપુત્ર દાનવીર સખાવતે બહાદૂર, અનેક સદ્‌ગુણગણ વિભૂષિત, શ્રાદ્ધ-કુલોદ્દીપક કર્તવ્ય નિષ્ઠ, પરોપકાર પરાયણ, ધર્મ ધુરંધર શ્રેષ્ઠી-વર્ય શ્રીમાન્ નગીનદાસભાઇ યોગ્ય. મુ. જામનગર.

અમો શ્રી જામનગર જૈન વિદ્યાર્થી ભૂવનના કાર્યવાહકો અને શુભેચ્છકો આપશ્રી શ્રી ચતુર્વિધ સંઘ સાથે કચ્છના પવિત્ર તીર્થોની યાત્રાએ જતા આપશ્રીનો અત્રે પડાવ થતાં શ્રી જૈન વિદ્યાર્થી ભુવનની મુલાકાતે પધારતાં આપને ઘણાજ માન અને વિનયપૂર્વક આવકાર આપીયે છીયે. અને આપના અમુલ્ય દર્શનથી અમો પોતાને ધન્ય સમજીમે છીયે એટ-લુંજ નહિ પરંતુ આપના સ્વહસ્તે થયેલાં અનેક ધર્મનાં અને પરોપકારનાં કાર્યો તેમજ જૈન બંધુઓ ઉપર કરેલા અનેકવિધ ઉપકારોની પરંપરાથી પ્રેરાઇને આ સ્વલ્પ અભિ-નંદન પત્ર આપશ્રીને સન્માન પૂર્વક આપવાની અમારી અભિલાષા પ્રદર્શિત કરીયે છીયે જેનો સ્વીકાર કરી અમોને આભારી કરવા નમ્ર વિનંતિ છે.

ખરેખર આજનો દિવસ અમારે માટે ધન્ય અને મંગ-

સમય દિવસ છે. આજે અમારા આલ્હાદનો અવધિ નથી. અમારા આનંદની સીમા નથી, આજે અમારા હૃદયાકાશમાં તદન નવીનજ ચૈતન્યની કોઇ અનેરા આનંદ ઉત્સાહ અને પ્રેમની મધુરી મધુરી છોળો ઉછાળા મારી રહી છે. શબ્દોમાં તાકાત નથી કે તેને યથાર્થ પણ વ્યક્ત કરી શકે તોપણ અમો એટલું તો બેશક સમજી અને અનુભવી શકીએ છીયે કે અમારા આંગણે આજે કોઈ એક અસાધારણ પ્રભાવશાળી શ્રી શાસનોદ્યોતકર વ્યક્તિના પૂનિત પગલાં થઇ રહ્યાં છે. આજે અમોને હર્ષનો પૂર્ણ ઉત્કર્ષ થાય એ તદન સ્વાભાવિક છે. અમારી છાતી આજે સવા ગજ કેમ ન ઉછળે ? અમો પોતાના આજે ખરા ધન્યભાગ્ય સમજીયે છીયે અમારા હૃદયના પૂર્ણ ઉમળકાથી આજે અમો પૂજ્ય અને પવિત્ર વ્યક્તિને સુસન્માનિત કરવા અભિલાષા ધરી રહ્યા છીયે. કે જેમના શુભ કામોની નામના સમસ્ત જૈન અને જૈનેતર કોમને આજે વિસ્મય પમાડી રહ્યા છે. લક્ષ્મીનો શું સદ્વ્યય થઇ શકે, ભવ્યજીવોને ધર્મ પ્રત્યે અભિરૂચી કેમ વિશેષ પ્રગટે, જીવન સાફલ્યનો રાજમાર્ગ શો હોઇ શકે, વિગેરેનું જીવતુંજ સુંદર દૃષ્ટાંત પુરૂં પાડનાર જેનાં નામ અને કામોનું સ્મરણ કરતાં પાતિકો પલાયનજ થઇ જાય એવા ધર્મધુરંધર, શાસનોદ્યોતકર, પુણ્ય પ્રભાવક, સુશ્રાવક શ્રેષ્ઠીવર્ય શ્રીમાન્ શેઠ નગીનદાસભાઇ કરમચંદભાઇને અમારા હૃદયના સંપૂર્ણ સન્માનથી વધાવીને અમો અમોને પોતાનેજ ધન્યભાગ્ય માની કૃતાર્થ થઇયે છીયે.

અમારા ભુવન પ્રત્યે આપશ્રીની માયાળુ લાગણી પ્રથમથી જ ચાલુ છે અને અમોને ખાત્રી છે કે સદાને માટે ચાલુ રહેવાનીજ છે તેવી માયાળુ લાગણી માટે અમો આપશ્રીનો જેટલો આભાર માનીયે તેટલો ન્યુનજ ગણાય.

છેવટે પરમ કૃપાલુ પરમાત્મા પ્રત્યે અમારી નમ્ર ભાવે વિનંતિ છે કે સર્વદા આપના શરીરે સંપૂર્ણ આરોગ્ય, બુદ્ધિનું બાહુલ્ય, ધર્મભાવનાની પરાકાષ્ઠા અને અઢળક ધનસંપતિ સાથે દીર્ઘાયુષ્ય બક્ષો અને શ્રી ચતુર્વિધ સંઘ સાથે આપની સર્વ ધર્મ યાત્રાઓ અને મનોકામનાઓ ફલિત થાઓ અને પરિણામે કૈવલ્યશ્રીને પણ વરવાને મહા ભાગ્યશાલી થાઓ એમ અમો અમારા અંતઃકરણથી ઇચ્છીયે છીયે.

ૐ શાંતિ શાંતિ શાંતિ.

જામનગર
સં. ૧૯૮૩ ના ચૈત્ર વદ ૧
સોમવાર.

વોરા પોપટલાલ ધારશીભાઈ,
વ્યવસ્થાપક.
શ્રી જૈન વિદ્યાર્થીભુવન, જામનગર.

---


# જરૂર કરવા જેવું

આ પુસ્તકના સારરૂપ. શ્રી કચ્છ–ગિરનારની મહાયાત્રાનો રાસ. એક નાનકડા પુસ્તકમાં ખાસ છપાવ્યો છે. રાસ અને કાવ્યના રસીકોને તેમજ બ્હેનોને તે ખાસ વાંચવા જેવો હોવાથી શ્રીમંત ગ્રહસ્થોએ પ્રભાવના કરવા જેવું આ પુસ્તક છે. કિં. ૦–૧–૦ સો નકલના રૂા. ૫–૦–૦

લખો—**જૈન સસ્તી વાંચનમાળા.**
રાધનપુરી બજાર—ભાવનગર.

( ૧૭ )

## ૧૭. શ્રી નવપદજી ( સિદ્ધચક્રજી ) આરાધક સમાજ

## જામનગર તરફથી માનપત્ર.

શાસન પ્રભાવક, ધર્મધુરંધર, ધર્માનુરાગી, દાનવીર, શ્રીમાન
પાટણ નિવાસી શેઠજી સાહેબ શેઠ નગીનદાસભાઈ
કરમચંદ સંઘવી–જામનગર.

વિઘ્ન ક્રોડ દૂરે કરી, કઠીન કર્મ કરે નાશ;
તે શ્રીનવપદ આપની, પુરે સઘળી આશ.

અમો શ્રી નવપદજી મહારાજના આરાધન માટે મળેલ આપના સ્વધર્મ બંધુઓ આપના અદ્યાપિ પર્યંતના શાસનોન્નતિનાં કાર્યોથી પ્રમોદિત થઈ આપને આ માનપત્ર આપીએ છીએ.

**આદ્ધવર્ય બન્ધુ!** પાટણ નિવાસી શેઠ કરમચંદ ઉજમચંદના સુપુત્ર આજે ભારતવર્ષના અનેક સ્થળોએ જૈન તેમજ જૈનેતર પ્રજામાં જે શાસન પ્રભાવના ધર્મના અનેક કાર્યો કરી; પ્રશંસા પામી રહેલ છો, એટલુંજ નહિ પરંતુ શ્રી કચ્છ દેશમાં આવેલ શ્રી ભદ્રેશ્વરજી અને પરમ પવિત્ર શ્રી રૈવતગીરીજીનો અવર્ણનીય છહરી પાળતો સંઘ કહાઢી અનેક જીવોને ધર્મમાં જોડી રાજા મહારાજાઓથી સન્માન પામતા આજે આપને જોઇ અમો સર્વ આનંદ પામીએ છીએ.

**દાનેશ્વરી બંધુ !** આજે આપ અને આપના વડીલબંધુ શેઠ સ્વરૂપચંદભાઇ અને લઘુબંધુ શેઠ મણીલાલભાઇ આજે ધર્મ માર્ગે જે દ્રવ્ય વ્યય કરી ધર્મના અનેક કાર્યો પુર ઉત્સાહથી કર્યા જાવ છો, એ જાણી અમોને આપના પ્રત્યે અપૂર્વ માન પ્રગટ થાય છે.

**પુન્યશાળી શેઠજી !** આજે આપની પુન્યાનુબંધી પુન્યની લક્ષ્મી જે કાંઈ ધાર્મિક કાર્યમાં વપરાઇ ગુજરાતના ખુણે ખાંચરે આપની જે કાંઇ યશકીર્તિ ગવરાવી રહી છે તે અને તે ઉપરાંત આપના પુન્ય ઉદયે આજે આપના આજ્ઞાપાલક પુત્રો ને આપનો કુટુંબ પરિવાર અને આપની સાથે આપની ઇચ્છાનુસાર જે ધાર્મિક કાર્યોમાં સહમત થઇ રહેલ છે તે ઉપરાંત આપને તેવાજ ઉત્તમ પ્રકારનો સ્નેહી-મિત્રવર્ગ મળી રહેલ છે. એ જોઈ આપની પુન્યાઈનો ખ્યાલ આવે છે.

**વીરધર્મ ઉપાસક !** આજે આપની ધર્મ પ્રત્યેની જવલંત ભાવના, ધર્મ અને ધર્મીઓને જોઇ આપનું ઢળી પડતું હૃદય પોતાના માટે જ્ઞાનદર્શન ચારિત્ર ( રત્નત્રયી ) ની આરાધના કરે છે એટલુંજ નહી પણ આજે હજારો અને લાખો માણસોના મુખે પ્રશંસા કરાતા અને પ્રાચીન કાળના વસ્તુપાલાદિ મહાન્ પુરૂષોના સંઘની વાનકી રૂપે કહેવાઈ રહેલ આપનો જળહળતો પુન્યવંત સંઘને અને આપના કાર્યને જોઇ અનેક જૈન તેમજ જૈનેતર વર્ગે આપના કાર્યની અનુમોદનાદિ કરી કેટલાક જીવો માર્ગગામી બન્યા કેટલા પરીમિત સંસારી

બન્યા અને કેટલાક બોધીબીજ સન્મુખ થયા અને પામ્યા. આ આપનું ઉત્તમોત્તમ કાર્ય જગતનાં જીવોને ધર્મપંથે વાળી રહેલ છે તે અને આજે ઠામઠામ ગરીબ, અપંગો અને અનાથો આપના હાથે પોષાઇ રહેલ છે તે જાણીને તેમજ પ્રભુશાસનમાં જણાવવામાં આવેલ શ્રી સાતક્ષેત્રને આપ તન, મન, ધનથી પોષણ આપી રહ્યા છો, ઉપરાંત પ્રભુ વીરનું શાસન એ મારૂં પોતાનુંજ છે એમ માની આપ આપનું સર્વસ્વ અર્પણ કરી લાગણીપૂર્વક હૃદય ઠલવી રહ્યા છો, એ અમો વિચારપૂર્વક જ્યારે જ્યારે અવલોકીએ છીએ; ત્યારે ત્યારે આપનાં ઉચ્ચ હૃદય અને વર્તન માટે આપના તરફ વધુને વધુ સન્માન ઉત્પન્ન કરે છે.

**વિતરાગ માર્ગ રસીક !** આજે આપની ધર્મભાવના પ્રભુમાર્ગ તરફનો પ્રેમ, ચતુર્વીધ સંઘની બજાવવામાં આવતી સેવા અને વ્રતમાં આગળ અને આગળ રહેવાની આપની જીજ્ઞાસા જ્ઞાન દર્શન ચારિત્રના આરાધન માટે બતાવવામાં આવતો સદ્દભાવ આજે અવલોકી હમો આપને કોટીશઃ ધન્યવાદ આપીએ છીએ; આ અને આ ઉપરાંત આપ અને આપનું કુટુંબ અનેક સત્કાર્યો કરી રહેલ છો. અને હજુ આથી પણ વધુને વધુ કર્યા જાવ એમ ઇચ્છી આપના હાથે અનેક શાસન સેવા અને પ્રભુમાર્ગનું આરાધન થતાં પ્રાંતે સુખના ભોક્તા બનો. એમ શ્રીનવપદજી મહારાજની સમક્ષ હૃદયપૂર્વક પ્રાર્થના કરીએ છીએ. શાસનદેવ આપના શુભ મનોરથો પૂર્ણ કરો,

એવી શુભાશિષપૂર્વક વીરમીએ છીએ. એજ વીર સં. ૨૪૫૩ વિ. સંવત ૧૯૮૩ ચૈત્ર વદ ૧ સોમવાર.

હમો આપના સ્વધર્મ બંધુઓ;

શા ચીમનલાલ જેશંગભાઇ પટવા મુંબઇ
શા ઝવેરચંદ પન્નાજી બુહારી
શા સવચંદભાઈ કચરાભાઈ માંગરોળ
શા રાયચંદભાઇ ઉગરચંદ ધસઇ
શા મોહનલાલ લલુભાઈ ઇલોલ ( ઈડર મુંબઇ )
શા પોપટલાલ રૂપચંદ મુરબાડ
શા દલસુખ જાદવજી રાધનપુર
શા નરશીદાસ મુળજી ભાવનગર
શા નગીનદાસ ગડબડદાસ છાણી

લી૦ શ્રી નવપદજી આરાધક સમાજના
સભ્યોના પ્રણામ.

---

**રૂા. ૩) નો ખર્ચ દરેક જૈનબંધુને કરવા જેવો છે.**

કારણ કે જૈનોનો જ્વલંત ઇતિહાસ જાણવાનું રસભરી શૈલીથી ૧૦૦૦ પાનાનાં ત્રણ ચાર પુસ્તકોથી મળેલી છે. ગ્રાહક થવા તુરત લખો સુચીપત્ર મંગાવો— જૈન સસ્તીવાંચનમાળા.
ભાવનગર.

( ૧૮ )

## શ્રી જામ-કંડોરણા જૈન સંઘનું માનપત્ર.

પાટણ નિવાસી શ્રીયુત, શ્રીમાન શેઠશ્રી શા. કરમચંદ ઉજમ-
ચંદના સુપુત્રો શેઠ સ્વરૂપચંદભાઇ શેઠ નગીનદાસભાઇ
તથા મણીલાલભાઈની પવિત્ર સેવામાં.

**માન્યવર શ્રેષ્ઠીવર્ય,**

અમો શ્રી નવાનગર સ્ટેટ તાબે શ્રી કંડોરણાના શ્રી જૈન સંઘ તરફથી કંડોરણાથી શ્રી આદેશ્વર પ્રભુજીના દર્શન કરવા આમંત્રણ કરતા તે તકનો લાભ લઇ નીચે પ્રમાણે સાદર અમારા હર્ષોદ્‌ગાર જણાવવા રજા લઈએ છીએ. આપશ્રી સીધપુર–પાટણથી ચતુર્વિધ સંઘને સાથે લઇ ગીરનારજીની જાત્રા કરવાને વાસ્તે નીકળતા કંડોરણાના જૈન સંઘના આમંત્રણને માન આપી કંડોરણા પધારવા કૃપા કરેલ છે તે માટે આપશ્રીનો અંતઃકરણ પૂર્વક ઉપકાર માનીએ છીએ.

યોગ્યને યોગ્યતા મુજબ સન્માન આપવું જોઈએ તે સુત્ર અનુસાર અમો કંડોરણાના શ્રી જૈન સંઘ તરફથી આ કિંચિત માનપત્ર આપવા રજા લઇએ છીએ તે સ્વીકારવા કૃપા કરશો.

કંડોરણા જવાનો રસ્તો બરાબર ન હોવા છતાં તથા ગરમીનો વખત હોવા છતાં આપશ્રીએ કુટુંબ સહિત કંડો-

રણા પધારવા કૃપા કરી છે તે ખાતે આપશ્રીનો જેટલો ઉપકાર માનીએ તેટલો ઓછો છે.

છેવટમાં અમો શ્રી પરમાત્મા પાસે પ્રાર્થના કરીએ છીએ કે શ્રી પરમાત્મા આપશ્રીને આવા અનેક ઉપયોગી કાર્યો કરવામાં સહાયતા કરે તથા જૈનશાસનની ઉનત્તિ કરવાના કાર્યોમાં પણ સહાયતા કરતા રહે. આપશ્રીની સહકુટુંબ દીર્ઘાયુષ તથા આબાદી વધતી રહે એમ અમો શ્રી પરમાત્મા પાસે પ્રાર્થના કરીએ છીએ. તા. ૨૬ એપ્રીલ ૧૯૨૭ સંવત્ ૧૯૮૩ ના ચૈત્ર વદ ૧૦ ને મંગળવાર.

અમો છીએ, આપના નમ્ર સેવક

**શ્રી કંડોરણા જૈન સંઘ.**

| | |
|---|---|
| શા. કાનજી અમરશી | વીરપાલ દેવશી |
| માઉ પ્રમાણંદ કાનજી | ગોરધન રાઘવજી |
| દેશાઇ મુળજી રૂગનાથ | ચત્રભુજ જીણા |
| મેતા મોતીચંદ હરગોવન | વકીલ ચુનીલાલ ચત્રભુજ |

હું. મુ. ભાઈ ( હમારા બંધુ. ) કંડોરણા મામલતદાર.

---

## પ્રતિભાસુંદરી યાને પૂર્વકર્મનું પ્રાબલ્ય.

દરેક બહેનોને આ પુસ્તક વાંચવાની ખાસ ભલામણ છે જેનાં વાંચનથી જીવનમાં નવું ચૈતન્ય આવે છે. નકલ થોડી છે માટે તુરત મંગાવી લેશો. કિંમત રૂા. ૧–૮–૦

જૈન સસ્તી વાંચનમાળા—ભાવનગર.

( ૧૯ )

## રાજકોટના શ્રીસંઘ તરફથી માનપત્ર.

**પરમસૌજન્યશીલ ધર્માનુરાગી, ઉદારચિત્ત શ્રી દસાશ્રીમાળી જ્ઞાતિ વિભૂષણ શેઠ શ્રી સ્વરૂપચંદ કરમચંદ, નગીનદાસ કરમચંદ તથા મણિલાલ કરમચંદ-શ્રી પાટણ નિવાસી.**

**મહોદય જ્ઞાતિવત્સલ બન્ધુઓ;**

શ્રી ધર્મતીર્થોની યાત્રા નિમિત્તે મ્હોટો સંઘ કાઢી અનેક સહધર્મી બંધુઓને ધર્મયાત્રાની મનોકામના પૂર્ણ કરવાનો યોગ અને અવકાશ આપી તથા અનેક તપોધન સાધુ સાધ્વીઓનો સત્સંગ સેવી પરમાર્થ ભાવનાનો વિકાસ કરવા ઉત્તમ તક આપી આપે અનુપમ પુણ્યોપાર્જન કર્યું છે, અને તે યાત્રાગમન દર્મ્યાન અહિંના અમારા શ્વેતાંબર દેરાવાસી જૈન બંધુઓના આગ્રહને માન આપી શ્રી સંઘ સહિત આપે અહિં મુકામ કરી આપ જેવા મહાનુભાવ જ્ઞાતિરત્નને મળવાની તક અમોને આપી છે; તેથી અમો રાજકોટ નિવાસી આપના જ્ઞાતિ જનો અમારૂં ધન્ય ભાગ્ય માનીએ છીએ, અને અહિં આપના આગમન પ્રસંગે અંતઃકરણ પૂર્વક આપ બંધુઓને સ્વાગત અર્પીએ છીએ.

પરમાત્માની કૃપાથી પ્રાપ્ત થએલ ધન વિભુતિનો આપ—અમારા સુજ્ઞ જ્ઞાતિ બંધુઓ—આવા ધર્મકાર્યમાં સદ્‌વ્યય કરતા આવ્યા છો. જ્ઞાતિ બંધુઓ અને ઇતર જન

સમાજ પ્રત્યે હમદર્દી દાખવી તેઓના કલ્યાણ અર્થે અનેક પ્રસંગોએ મુક્ત હૃદયથી આપે દ્રવ્યોત્સર્ગ કર્યો છે, અને કર્યે જાઓ છો; તેમજ અન્ય પ્રાણીઓ પ્રતિ પણ અનુકમ્પા ભાવ રાખી તેમના હિતાર્થે પણ વારંવાર નાદર રકમો આપી આપની વિશ્વબંધુત્વની સહજ ભાવના આપ દર્શાવતા રહો છો, તેથી આપનો આ ઉદાર ચરિત અને પરમાર્થ બુદ્ધિ વાસ્તે અમો આપના જ્ઞાતિ બંધુઓને વાસ્તવિક ગર્વ થાય એ કુદરતીજ છે, અને આપ જેવા પરમ વિવેકશીલ, ધર્મ-કાર્યાભિલક્ષ બંધુઓના આગમન પ્રસંગે આપને અમારાં હૃદયનું અર્ધ્ય અર્પવા અમે અતિ ઉત્સુક થઇએ એ સ્વાભાવિકજ છે. સુહૃદય બંધુઓ! **परोपकराय सतां विभूतयः** એ આપણો સજન જુનો આદર્શ છે. દ્રવ્ય પરત્વે નિર્મમતા એ આપણા સર્વ આર્ય ધર્મોનો સનાતન આદેશ છે; પ્રાણિ માત્ર પરત્વે સમભાવ અને જગત્‌ના વ્યવહારમાં સર્વાંગ અહિંસા એ પણ સર્વ આર્યધર્મોનું દોહન છે. આ સર્વ વ્યવહાર તેમજ પરમાર્થ દૃષ્ટિએ પરમહિતકર નીતિસૂત્રોનું આપના જીવનમાં સવિશેષ સંગઠન થાઓ, અને હરહમેશ જગતની કલ્યાણ વાંછના આપના હૃદયમાં જાગૃત રહી આપ બંધુઓની અજોડ જોડી બહુ લાંબા કાળ સુધી પરમ પુરૂષાર્થ સેવી આપની તમામ પ્રકારની વિભૂતિનો ઉપયોગ જગત્‌ના ધર્મ કાર્યમાં કરતા રહો અને આવી રીતે પ્રાપ્ત કરેલ પુણ્યનું ફલ આપને અવિરત મળ્યા કરે એવી અમારી હૃદયની અભિલાષા છે.

આપણા આધુનિક સમાજની ઉન્નતિને અર્થે હાલના સમયને ઉચિત અને કાર્યસાધક અનેક યોજનાઓ યોજી આપણા જ્ઞાતિ બંધુઓ, ધર્મ બંધુઓ, અને દેશ બંધુઓના ઉત્કર્ષ વાસ્તે આપ સદા સર્વદા કટીબદ્ધ રહો અને તેમનાં કલ્યાણ સાધવાની ભાવના આપના દરેક શ્વાસોચ્છવાસમાં વ્યાપ્ત રહે એવી અમારી આગ્રહ પૂર્વક વિનંતી છે.

આપના આગમન પ્રસંગે અમે સર્વ શ્રી જગન્નિયંતા પ્રત્યે પ્રાર્થના કરીએ છીએ કે આપ જેવા જ્ઞાતિ હિતચિંતક, ધર્માનુરાગી જ્ઞાતરત્નો નિરામય દીર્ઘાયુષ્ય ભોગવી ઐહિક તેમજ આમુષ્મિક સુખ સંપત્તિ મેળવી તે સત્સંપત્તિનો લાંબો કાળ સુધી સત્કાર્યમાં વિવેક પુરઃસર સદ્વ્યય કરતા રહો અને આપની સર્વ શુભ મનોકામનાઓ સિદ્ધ કરો—इतिशम्

| | |
|---|---|
| શ્રી રાજકોટ.<br>સં. ૧૯૮૩ ના ચૈત્ર<br>વદી ૫ ને વાર શુક્ર.<br>તા. ૨૨–૪–૨૭. | લી. આપના ગુણાનુરાગી<br>દશાશ્રીમાળી સમસ્ત<br>મહાજન જ્ઞાતિ બંધુઓ તરફથી. |

પારેખ પીતાંબર દેવરાજની સહી દઃ ગુલાબચંદ પોપટભાઇ
પારેખ જાદવજી મેઘરાજની સહી દઃ મનસુખ બેચર
મોદી કમા વશરામની સહી દઃ મગનલાલ ગુલાબચંદ
દોશી રતનશી ગોકળની સહી દઃ લીલાધર લખમીચંદ
ડોળીયા જેરામ રવજીની સહી દઃ કાળીદાસ પીતાંબર

( ૨૦ )

## શ્રી જેતપુરના શ્રી સંઘનું માનપત્ર,

પરમ સૌજન્યશીલ ધર્માનુરાગી શાસનોદ્યોતકારક દાનવીર શેઠ શ્રી સ્વરૂપચંદભાઇ, નગીનદાસભાઈ તથા મણીલાલભાઈ શ્રી ગુજરાત પાટણ નીવાસી.

**મહોદય સ્વામી બંધુઓ,**

શ્રી ધર્મતીર્થોની યાત્રા નિમિત્તે મોટો સંઘ કાઢી અનેક સહધર્મી બંધુઓને ધર્મયાત્રાની મનોકામના પુર્ણ કરવાનો યોગ અને અવકાશ આપી તથા અનેક તપોધન સાધુ સાધ્વીઓના સત્સંગ સેવી પરમાર્થ ભાવનાનો વિકાસ કરવા ઉત્તમ તક આપી આપે અનુપમ પુણ્યોપાર્જન કર્યું છે અને તે યાત્રાગમન દરમિયાન અહીંના અમારાં જૈન બંધુઓના આગ્રહને માન આપી શ્રી સંઘ તરફથી આપે અહીં મુકામ કરી આપ જેવા મહાનુભાવે શ્રી ચતુર્વિધ સંઘના દર્શન કરવાની તક અમોને આપી છે, તેથી અમો જેતપુર નિવાસી સ્વધર્મી આપના જૈન બંધુઓ અમારૂં ધન્ય ભાગ્ય માનીયે છીયે અને અહીં આપના આગમન પ્રસંગે આપનું અંતઃકરણ પુર્વક સ્વાગત્ કરીયે છીયે.

પરમાત્માની કૃપાથી પ્રાપ્ત થયેલ ધનવિભૂતિનો આપ–અમારા સુજ્ઞ બંધુઓ આવા ધર્મ કાર્યમાં સદ્વ્યય કરતા આવ્યા છો. તેમજ કલ્યાણ અર્થે અનેક પ્રસંગોએ છુટે હાથે

આપે દ્રવ્યોત્સર્ગ કર્યો છે. અને કર્યે જાઓ છો. તેમજ અન્યપ્રાણીઓ પ્રતિ પણ અનુકમ્પાભાવ રાખી તેમના હિતાર્થે પણ વારંવાર નાદર રકમો આપી આપની વિશ્વબંધુત્વની ભાવના આપ દર્શાવતા રહો છો. તેથી આપની આ ઉદારચરિત અને પરમાર્થ બુદ્ધિ વાસ્તે અમો—આપના જૈન બંધુઓને આનંદ થાય છે. અને આપ જેવા પરમ વિવેકશીલ ધર્મ-કાર્યાભિલક્ષ બંધુઓના આગમન પ્રસંગે આપને અમારા હૃદયનું અર્ધ્ય અર્પવા ઉત્સુક થઈએ એ સ્વાભાવિકજ છે. સહૃદય બંધુઓ! **परोपकाराय सतां विभूतयः** એ આપણો સૃજન જુનો આદર્શ છે. દ્રવ્યપરત્વે નિર્મમતા એ આપણા સર્વ આર્ય ધર્મોનો આદેશ છે. પ્રાણીમાત્ર પરત્વે સમ-ભાવ અને જગતના વ્યવહારમાં સર્વાંગ અહિંસા એ આપણું સર્વ આર્યધર્મોનો આદેશ છે. આ સર્વ વ્યવહાર તેમજ પર-માર્થ દૃષ્ટિએ પરમ હિતકર નીતિસૂત્રોનું આપના જીવનમાં સવિશેષ સંગઠન થાઓ. અને હર હમેશ જગતની કલ્યાણ વાંછના આપનાં હૃદયમાં જાગ્રત રહી આપ બંધુઓની અજોડ જોડી બહુ લાંબા કાળ સુધી પરમ પુરૂષાર્થ સેવી આપની તમામ પ્રકારની વિભૂતિનો ઉપયોગ જગતમાંના ધર્મ-કાર્યમાં કરતા રહો અને આવી રીતે પ્રાપ્ત કરેલ પુણ્યનું ફળ આપને અવિરત મળ્યા કરે એવી અમારી હૃદયની અભિલાષા છે.

આપણા આધુનિક સમાજની ઉન્નતિને અર્થે હાલના સમયને ઉચિત અને કાર્યસાધક યોજનાઓ યોજી આ-

પના ધર્મબંધુઓ અને દેશના બંધુઓની ઉન્નતિ વાસ્તે આપ સર્વથા કટિબદ્ધ રહો અને તેમનું કલ્યાણ સાધવાની ભાવના આપના દરેક શ્વાસોશ્વાસમાં વ્યાપ્ત રહે એવી અમારી આગ્રહપૂર્વક વિનતિ છે.

આપના આગમન પ્રસંગે અમે સર્વ શ્રી પરમાત્માપ્રત્યે પ્રાર્થના કરીએ છીએ કે આપ જેવા ધર્માનુરાગી બંધુ દીર્ઘાયુષ્ય ભોગવી ઐહિક આમુષ્મિક સંપત્તિ મેળવી તે સંપત્તિનો લાંબા કાળ સુધી સત્કાર્યમાં વિવેક પુરઃસર સદ્વ્યય કરતા રહો અને આપની સર્વ મનોકામના સિદ્ધ પામો.

ઇતિશમ્

શ્રી જેતપુર કાઠીનું
સં. ૧૯૮૩ ના ચૈ.
વદ ૧૧ ને બુધવાર.
તા. ૨૭–૪–૨૭

લી૦ આપનો ગુણાનુરાગી;

જૈન સંઘ.

---


# અમને યાદ રાખજો.

ઉદ્યાપન કે તેવાજ ધાર્મિક માંગલીક પ્રસંગોમાં અમારૂં નામ જરૂર યાદ લાવશો. કારણકે તેવા પ્રસંગોમાં વહેંચવા માટે અમારાં પુસ્તકો ઘણી ઓછી કિંમતે આપવામાં આવે છે. એક વખત મંગાવી ખાત્રી કરવા વિનંતિ છે.

લખોઃ—જૈન સસ્તી વાંચનમાળા.
ભાવનગર.

( २१ )

## श्री परमात्मने नमः

## શ્રી જુનાગઢ જૈન સંઘનું માનપત્ર.

**શ્રી દેવગુરૂ ભકિતકારક પુણ્યપ્રભાવક સુશ્રાવક શેઠ સાહેબ સરૂપચંદભાઈ નગીનદાસભાઈ તથા મણીલાલભાઇ કરમચંદ**

**માનનીય મહોદય બંધુઓ,**

આપ પુન્યશાળી ભાઇઓની ત્રિપુટીયે આપના સ્વધર્મી સાધુ સાધ્વીઓ તથા શ્રાવક શ્રાવિકાઓનો ચતુર્વિધ મોટો સંઘ કાઢી કચ્છ કાઠીયાવાડના પ્રવાસે પગે ચાલી અનેક સ્વધર્મી બંધુઓને તીર્થ યાત્રાની મનોકામના પુર્ણ કરવાનો અવકાશ આપી આપે અનુપમ પુણ્ય ઉપાર્જન કર્યું છે. અને તે તીર્થયાત્રા નિર્વિઘ્ને સુખ શાંતિથી પુર્ણ કરી શ્રી ગીરનાર તીર્થક્ષેત્રમાં આપશ્રી તથા સકળ સંઘના દર્શન કરવાની અમોને જે તક મળી છે તેથી અમો શહેર જીર્ણદુર્ગ ઉર્ફે જુનાગઢના મહાજન સમસ્તનું અહોભાગ્ય માનીયે છીયે, અને અહીં આપના આગમન પ્રસંગે ખરા અંતઃકરણ પૂર્વક આપ બંધુઓને સ્વાગત અર્પીયે છીયે.

આપ બંધુઓમાં શ્રીયુત શેઠશ્રી નગીનદાસ ભાઇએ ન્હાની ઉમરમાંજ ધંધામાં જોડાઈ અલ્પ સમયમાંજ આત્મબળથી આગળ વધી અને ધર્મ પરાયણ બની વ્યવહારમાં

કુશળતા મેળવી જે દ્રવ્ય સંપત્તિ સંપાદન કરી છે એ આપ બંધુઓની પ્રમાણિકતા અને સત્યનિષ્ટાનું પરિણામ છે.

આપ બંધુઓએ નીતિ અને પ્રમાણિકપણે મેળવેલ દ્રવ્ય સંપત્તિનો સદુપયોગ અનેક ધર્મકાર્યોમાં કર્યો છે. અને શ્રી ધર્મ તિર્થયાત્રાનો મ્હોટો સંઘ કાઢી જીંદગીનો અમુલ્ય લ્હાવો લીધેલ છે, તે જોઇ અમોને ઘણી ખુશાલી થાય છે. અને તે માટે અમો માનપૂર્વક આપ બંધુઓને મુબારકબાદી આપીયે છીયે.

શ્રી પરમાત્માની કૃપાથી પ્રાપ્ત થયેલ ધનનો સદ્ વ્યય થવો એ પણ એક અહો ભાગ્યનું ચિન્હ છે. આવા ધર્મ કાર્યોમાં સદ્વ્યય આપે કર્યો છે: તે ઉપરાંત જ્ઞાતિ બંધુઓ અને ઇતર જનસમાજ પ્રત્યે હમદર્દી દાખવી તેઓના કલ્યાણ અર્થે અનેક પ્રસંગે દ્રવ્યનો સદુપયોગ કર્યો છે. અને કર્યે જાવ છો તેમજ અન્ય પ્રાણીઓ પ્રત્યે પણ દયાભાવ રાખી મોટી રકમોની સખાવત કરી વિશ્વ બંધુ તરીકેની ભાવના બતાવી વિશાળ હૃદયની આપ બંધુઓએ પ્રત્યક્ષ સાબીતી આપી છે અને તેથી આપ જેવા પુણ્યશાલી અને પરોપકારી બંધુઓના આગમન પ્રસંગે અમારા અંતઃકરણની ઉછળતી ઉર્મીઓ બતાવવાની અમારી ફરજ સમજીયે છીયે.

" આત્મવત્ સર્વ ભૂતેષુ " એ સર્વ ધર્મના મૂળ સિદ્ધાંતને આપ બંધુઓએ આપનો જીવનમંત્ર માન્યો છે. અને તેજ જીવનમંત્ર લક્ષમાં રાખી હર હમેશ જગતની

કલ્યાણ વાંછના આપના હૃદયમાં જાગ્રત રહી. આપ બંધુઓની અજોડ જોડી બહુ લાંબા કાળ સુધી મહાન્ પુરૂષાર્થ સેવી આપ બંધુઓની તમામ પ્રકારની વિભૂતીનો ઉપયોગ જગતના ધર્મકાર્યમાં કરતા રહો અને આ પ્રમાણે પ્રાપ્ત કરેલ પુણ્યનું ફળ આપને મળે એજ અમારી અભિલાષા છે.

હાલના પ્રગતીના જમાનામાં સમાજની ઉન્નતિને અર્થે સમયોચિત અને કાર્યસાધક રીતે જુદી જુદી યોજનાઓ યોજી દેશ બંધુઓના ઉત્કર્ષ વાસ્તે આપ સદા સર્વદા કટીબદ્ધ રહો અને તેમનાં કલ્યાણ માટેની ભાવના આપના અંતઃકરણમાં કાયમ રાખવા વિનંતિ કરીયે છીયે.

આપ બંધુઓએ લાંબો પ્રવાસ કરી હજારો યાત્રિકોની યાત્રાની મનોકામના પૂર્ણ કરાવી છેવટે ગીરનારજીના મહાન તીર્થમાં પધારી સુખશાંતિથી યાત્રા કરી સંઘવીનું બીરૂદ યથાર્થ ધારણ કરેલ છે. તેને માટે આપ બંધુઓને અમો ધન્યવાદ આપીયે છીયે.

છેવટ આપ બંધુઓ, ધર્માનુરાગી નરરત્નો, દીર્ઘાયુષ્ય ભોગવી આવા અનેક પરોપકારી કાર્ય કરતા રહો અને આપના સર્વ શુભ મનોરથ સિદ્ધ થાઓ એવી અમારી પરમાત્મા પાસે પ્રાર્થના છે.

| | |
|---|---|
| જુનાગઢ | લી० અમો છીયે આપના ગુણાનુરાગી— |
| તા. ૨–૫–૨૭ | શ્રી જુનાગઢ સમસ્ત મહાજન બંધુઓ તરફથી. |

શેઠ માધવજી કહાનજી      શેઠ નથુભાઈ કૃપારામ

શેઠ કપુરચંદ નાથાભાઈ
શેઠ પરભુદાસ હરગોવીંદ
શેઠ પરમાણંદ ડોસા
શેઠ રણછોડ સામજી
વકીલ મનસુખલાલ વરમસી
શેઠ જગજીવન હેમરાજ
શેઠ નથુ લખમીચંદ
શેઠ પરભુદાસ ત્રીભોવનદાસ
શેઠ ગોવીંદજી ગીરધર
શેઠ પરભુદાસ કરસનદાસ
શેઠ અજપ્રસાદ મણીપ્રાસાદ
વકીલ જેઠાલાલ પ્રાગજી
સોની મુરારજી વલભજી
શેઠ હરખચંદ જેચંદ
શેઠ રૂગનાથ ગીરધર
શેઠ દામોદર રૂગનાથ

---

હરેક જાતનાં જૈનધર્મનાં પુસ્તકો મળવાનું
વિશ્વાસપાત્ર ઠેકાણું—

**જૈન સસ્તી વાંચનમાળા.**
રાધનપુરી બજાર—**ભાવનગર.**

( ૨૨ )

## શ્રી જુનાગઢમાં તીર્થમાળ પહેરાવવાના પ્રસંગે સકલ સૌરાષ્ટ્ર-સંઘ તરફથી અપાયેલું માનપત્ર.

પરમ સૌજન્યશીલ ધર્માનુરાગી-ઉદારચિત સ્વધર્મી બંધુઓ
શ્રાદ્ધરત્નો શ્રીયુત સ્વરૂપચંદ કરમચંદ, નગીનદાસ
કરમચંદ તથા મણીલાલ કરમચંદ.

**માન્યવર મહાશય !**

આપશ્રી કચ્છ ગિરનારનો સંઘ કાઢી જીવનનો અપૂર્વ લ્હાવો લઈ આપના મહાન કાર્યપર શિખર ચઢાવવા શ્રી રૈવતાચળની યાત્રાએ અનેક મુનિ મહાશયો, સાધ્વીઓ, શ્રાવક રત્નો અને શ્રાવિકા બ્હેનો સાથે પધાર્યા તે તકનો લાભ લઇ અમે સૌરાષ્ટ્ર સકળના આપના સ્વધર્મી બંધુઓ આપના કાર્યનો સુયશ ગાવા અને આપનું યોગ્ય આતિથ્ય કરવા ઉજમાળ થઇ રહ્યા છીએ અને આપને આ સ્થાને તીર્થમાળ પહેરવાને પ્રસંગે યોગ્ય અભિનંદન આપીએ છીએ. અમારા આ હૃદયના ઉદ્ગારો આપ સ્વીકારી અમારા આનંદમાં વૃદ્ધિ કરશો.

અત્યારસુધીમાં કચ્છ દેશના ધવળઆકાશચુંબી શિખરવાળા ભવ્ય જૈનમંદિરોનો અને ખાસ કરીને શ્રી ભદ્રેશ્વરજી તીર્થનો સંઘ કાઢવાનો પ્રસંગ હાલમાં બન્યો અમારી યાદમાં નથી. આપશ્રીએ મહા પ્રયાસ કરી, અનેક યોજનાઓ કરી, સગવડનો યોગ્ય પ્રબંધ કરી અતુલ ધર્માનુરાગ બતાવ્યો છે.

આવડી મોટી સંખ્યામાં સાધુ સાધ્વીઓની યોગ્ય વૈયાવચ્ચ કરી આપે કર્મની નિર્જરા કરી છે અને શ્રાવક શ્રાવિકાની વિશાળ સંખ્યાના સુખ સગવડ અને શાંતિ માટે આપે અથાગ પરિશ્રમ સેવી મહા પુણ્ય ઉપાર્જન કર્યું છે.

આપશ્રીએ લગભગ ચાર માસ સુધી જે ચીવટ બતાવી છે તેનું વર્ણન થાય તેમ નથી. ધનસંપત્તિના વ્યયમાં આપે પાછું વાળીને જોયું નથી અને વચ્ચે આવતાં નાનાં મ્હોટાં દરેક ગામને અનેક રીતે નવાજી આપનું સુવિખ્યાત ઔદાર્ય દાખવી આપ્યું છે. આપે સંખેશ્વર, ભદ્રેશ્વર આદિ મોટાં તીર્થસ્થાનો અને નાનાં મોટાં ચૈત્યોની યાત્રા અને પરિપાટિ કરી જીવનને સાર્થક કર્યું છે અને આખા સંઘ સમુદાયને એ બાબતમાં સવિશેષ પ્રવૃત્તિ કરવાનો પ્રસંગ ઉપસ્થિત કરી આનંદ ઉપજાવ્યો છે તે માટે આપને સવિશેષ ધન્યવાદ ઘટે છે.

આપનું ઔદાર્ય, શાંતવૃત્તિ, નિખાલસ હૃદય, ધર્મપ્રેમ અને ગૃહસ્થને છાજતા અનેક સદ્‌ગુણોનો અમે તોલ કરીએ છીએ ત્યારે આપને માટે હૃદય એકજ પરિણામ રજુ કરે છે અને તે એ કે આપ જેવા શ્રાદ્ધરત્નો ધર્મના આભુષણો છે, ધર્મના આજ્ઞાધારક છે, ધર્મની પુષ્ટિ કરનાર છે, અને "શ્રાવક" નામને સક્રિય દશાએ બતાવનાર છે. આપે થોડા વખત પહેલાં મોટા પાયા ઉપર ઉદ્યાપન મહોત્સવની રચના કરી અઢળક દ્રવ્ય શ્રી પાટણ શહેરમાં વાપર્યા પછી તુરતમાં જ આવા મહાન્ કાર્યમાં ગામેગામ ધન વાપરી મહાન્ કાર્ય ઉપાડશો એવી કોઇ કલ્પના પણ ન કરી શકે અને આપે તો એ કલ્પનાને

પાર ઉતારી દીધી છે અને અહીં શ્રી ગીરનારના શિખર ઉપર આપના કાર્યની ધ્વજા ચઢશે એ વિચારથી અમારૂં હૃદય અતિ પ્રફુલ્લિત થાય છે.

સંઘ નીકળ્યો ત્યારથી આપે કેટલી ચિંતા કરી છે, કેટલી સગવડો કરી છે, કેટલો ધનવ્યય કર્યો છે, કેટલી ગૃહસ્થાઈ દાખવી છે અને કેટલાં કાર્યો કર્યા છે એનો તો મોટો ઇતિહાસ લખાય. અમે તો આ ટુંકા અભિનંદન પત્રમાં આપને અમારા પ્રેમની લાગણી બતાવવા જેટલું સામાન્ય કાર્ય કરી શકયા છીએ.

આપની શ્રી પાટણ પાંજરાપોળ માટેની સતત ચિંતા અને વિચારણા, આપનો મુંબઇ શહેરના જાહેર પ્રસંગોમાં લેવાતો વખત અને આપની શાંતવૃત્તિ અમને આપના તરફ વધારે આકર્ષે છે. વ્યાપારના મોટા વ્યવસાયમાં આપ ધર્મને ભુલી ગયા તો નથીજ પણ નીતિ નિયમ સદાચાર અને ગૃહસ્થાઇ આપનાં ખાસ વ્યસનો છે એ વિચારથી આપને જેટલું માન આપીએ તેટલું ઓછું છે. આપ નાની વયમાં એટલા કાર્યો બજાવી શકયા છો કે એનું વર્ણન કરવું મુશ્કેલ છે અને એ સર્વ સાથે આપની નિરભિમાન વૃત્તિ અને જીવનની સાદાઇ જોઇએ છીએ ત્યારે લક્ષ્મી કોઈવાર યોગ્ય ઘેર પણ વાસો કરે છે એમ અમને જરૂર લાગે છે.

આપ દીર્ઘાયુષ્ય ભોગવી જૈન કોમના ' નગીના ' થાઓ, નગીનાઓમાં પણ ચંદ્ર થાઓ અને પુરૂષાર્થ સાથે કર્મનો યોગ્ય સ્થાન આપનાર જૈન તત્વજ્ઞાનના કર્મના સિદ્ધાંતને બરાબર સમજી સમજાવી એમાંથી ત્યાજ્ય કર્મો તજી શ્લાઘ્ય

કર્મચંદ્રના સુપુત્ર છો અને થાઓ એટલે આપનુ સંઘવી, સંઘપતિ, સંઘરક્ષક અને સાર્થવાહનું બિરૂદ યોગ્ય છે, એ રીતે આપના નામને સાર્થક કરનાર આપ આપની સંપત્તિનો ધર્મમાર્ગે વ્યય કરી સુયશ વરો અને ધર્મનો ઉદ્યોત કરી જીવનપંથ સફળ કરો એટલું જણાવવા સાથે આપના અનુકુળ પરિવારને, આપના પુત્રો અને પત્નીને તથા આપના સહૃબાંધવોને પણ અમે ધન્યવાદ આપીએ છીએ.

છેવટે ધર્મધ્વજ પર કળશ ચઢાવવાને આ પવિત્ર સ્થાને આપના મંગળયશની પરિસમાપ્તિ થાય છે એમ ન સમજશો. આજની આપની પુર્ણાહુતિથી આપ અનેક સુકૃત્યો કરી, ધર્મનો ડંકો વગાડો એવી અંતર્ભાવનારૂપ આશિષ સાથે આપને ફરીવાર અભિનંદન આપીએ છીએ. આપના યશકૃત્યની અનુમોદના કરીએ છીએ અને આવી કૃતાર્થ લક્ષ્મીના આપ પતિ થયા તે માટે અમારો અંતર પ્રમોદ દર્શાવીએ છીએ.

જુનાગઢ તા. ૩ મે. સને ૧૯૨૭

**લી૦ અમો છીએ;**
**આપના સ્વધર્મી બંધુઓ તરફથી.**

**શાહ પ્રભુદાસ ત્રિભોવનદાસ જુનાગઢ.**

**શેઠ આણંદજી પરશોત્તમ ભાવનગર.**

**શેઠ દેવકરણ મુળજી વંથલી.**

**શાહ. મેઘજી ચાંપશી. પોરબંદર**

**શાહ ખુશાલ કરમચંદ વેરાવળ.**

**શાહ પ્રેમજી નાગરદાસ માંગરોળ.**

**શાહ પાનાચંદ માવજી જેતપુર.**

( ૨૩ )

॥ नमो तित्थस्स ॥

## શ્રી વંથલી ( સોરઠ ) જૈનસંઘનું માનપત્ર.

**ધર્મપ્રેમી શાસનદિપક પુણ્યાત્મા શ્રીમાન શેઠશ્રી સરૂપચંદ કરમચંદ તથા શેઠશ્રી નગીનદાસ કરમચંદ તથા શેઠ શ્રી મણીલાલ કરમચંદ.**

અમો વંથળી જૈન તપગચ્છસંઘ આજના શુભ પ્રભાતે આપ શ્રીમાનો પ્રત્યે અમારી માન તથા ભક્તિની લાગણી દર્શાવવા આ સ્થળે ઉપસ્થિત થયા છીયે.

ઇતિહાસ પ્રસિદ્ધ અતિ પુરાતન વંથળી શહેરની જે ભૂમિ ઉપર આજના આ મંગળમય પ્રભાતે આપ પુણ્યાત્મા એ આપ શ્રીમાનનાં પનોતાં પગલાં કરી, તેને ભાગ્યશાળી બનાવી છે તે ભૂમિના અમો વીરપુત્રો આ મહાન સદ્ભાગ્યનો આનંદ દર્શાવીયે છીયે.

તિર્થયાત્રા રૂપ મહા તપશ્ચર્યાના અનેક કઠિન તપ દીર્ઘકાળથી આચરતાં છતાં આપ શ્રીમાનો એ અમુલ્ય સમયની સાથે તન-મન અને ધનના ભોગે અમારો આ ફુલની પાંખડી જેટલો અલ્પ પરંતુ અંતઃકરણની ઉર્મી પૂર્વકનો સપ્રેમ સત્કાર સ્વીકારવા કૃપા દર્શાવી છે. તેથી અમો સદા માટે આભારી છીયે.

આશરે ચારપાંચ સૈકા થયાં સંઘ સહિત આવી મહાન્ તીર્થયાત્રા કોઇએ કરેલી જાણવામાં આવી નથી. તે આપે આવા આધુનિક સમયના પ્રવાસનાં સર્વ પ્રકારનાં સાધનોની સગવડ-છતાં પગે ચાલી છ'રી પાળતાં પાળતાં ચતુર્વિધ સંઘ સહિત તીર્થયાત્રા કરી તે આપ શ્રીમાનોનું અપ્રતિમ કાર્ય જૈન ઈતિહાસમાં સુવર્ણાક્ષરે સદાને માટે અંકિત રહેશે.

આપ શ્રીમાનો સહકુટુંબ પરિવાર દિનપ્રતિદિન સમૃદ્ધિ-વાન અને પુણ્યશાળી બનો અને આપના કુટુંબીઓ પણ આપના પગલે ચાલી ભવિષ્યમાં આવા ધર્મોદ્યોતનાં કાર્યમાં પોતાની સમૃદ્ધિનો સદુપયોગ કરો એમ ઈચ્છીયે છીયે.

અંતમાં શ્રી વીર પ્રભુના ચરણકમળમાં પડી અમો તેમનાં બાળકો પ્રાર્થના કરીયે છીયે કે આવા શુભ કાર્યોમાં તેઓ આપને પ્રેરણા કરે અને આપને દીર્ઘાયુષ અર્પે.

| | |
|---|---|
| **વંથલી સોરઠ** | **આપના સહધર્મી બંધુઓ.** |
| સં. ૧૯૮૩ ના ચૈત્ર વદી ૦)) | શ્રી વંથળી સોરઠ જૈન તપગચ્છ |
| રવિવાર. | સંઘના સપ્રેમ જયજીનેંદ્ર. |

---


## પૂર્વાચાર્ય કૃત શ્રી પ્રાચીન જૈન સ્તવન સંગ્રહ.

ચૈત્યવંદનો, સ્તવનો, સ્તુતિઓ, થોયો, સ્મરણો, છંદો, રાસ વૈરાગ્ય પદો વિગેરેનો એવો સુંદર સંગ્રહ કરવામાં આવ્યો છે કે આ એકજ પુસ્તકમાં બધી સામગ્રી મળી શકશે.

લખો:—**જૈન સસ્તી વાંચનમાળા.**
**રાધનપુરી બજાર–ભાવનગર.**

( ૨૪ )

## શ્રી માંગરોળના સંઘ તરફથી માનપત્ર.

**મનુષ્ય કોટીના દેવાંશી શ્રેષ્ટિન્ શ્રીયુત નગીનદાસ કરમચંદ !**

જે પવિત્ર ભૂમિના રજકણોવડે આપ શ્રીમાનના મહાન્ આત્માએ દેહસ્વરૂપ સુજી ધન્યાત્મા શેઠ કરમચંદ ઉજમચંદના કુલોદ્ધારક, વંશોદ્ધારક, જ્ઞાતિ ઉદ્ધારક, ગ્રામોદ્ધારક, શાસન પ્રભાવક, શાસન આદિ અનેક ઉચ્ચ કોટિના બીરૂદધારી ગુણોથી વિભૂષિત નગીનદાસ નામથી જન્મ લીધો. તે પાટણપુરથી ભદ્રેશ્વરાદિ તીર્થસ્થાનોની ફરસના કરતાં કરતાં શ્રી ઉજજયંતગિરી પર્યંત આધુનિક કાળમાં પ્રાચીન પુણ્યાત્માઓ સમાન કુમારપાળ વસ્તુપાળાદિના નામોને, કાર્યોને સ્મરણમાં વારંવાર ઉભરા કરાવતો નેત્રો સમક્ષ તાજેતરનો ખ્યાલ આપતો, અનેક જીવોને મોક્ષ સોપાનની પગથીઓ પર મુકતો, જેમાં ધર્મ–કલ્પવૃક્ષનાં બીજારોપણની ક્રીયા માટેજ જાણે એક હજાર વૃષભો પૃથ્વીતલને ખેડતા ચાલતા આવતા હોય, જેમાં જૈન ધર્મના જયઘોષને દશે દીશાઓમાં રેલાવવા માટેજ મોખરે દેવી ડંકા વાગતા હોય એવો રાજા મહારાજાઓથી સન્માનાતો શ્રી સંઘ કાઢી ભારત વર્ષના સમગ્ર જૈન બંધુઓના હૃદયનું આપ પ્રત્યે ખેંચાણ કર્યું છે.

આપની ધર્મ પ્રત્યેની ઉત્કૃષ્ટ ભાવના અને ધર્મમાર્ગ, અને ધર્મભાઇઓને નીહાળી તે પ્રત્યે આપનું ઢળી પડતું

હૃદય, આપના અનુપમ કાર્યમાં આપના વડીલ બંધુ શેઠ સ્વરૂપચંદભાઈ અને લઘુબંધુ શેઠ મણીલાલભાઇની પોતાના તન–મન અને ધનવડે સામેલગીરીની, આપની પુણ્યરાશીના યોગેજ પુત્રધર્મના સર્વ ગુણોથી વિભૂષિત સુંદર સુત્રોનાં આપ પ્રત્યેનાં વર્તનની તથા આપના સ્નેહી વર્ગના આપના પ્રત્યેના ઉદાર ભાવોની આપશ્રી ચતુર્વિધ સંઘ લઇ જે જે સ્થળોમાં વિચર્યા છો, તે તે સ્થળે તો હોયજ. પરંતુ ઉક્ત પ્રકારની આમ્રમંજરીની વાસના ચોતરફ રેલી રહી જૈન અને જૈનેતર સમાજમાં કોઇ અનેરૂં ઉત્તમ કાર્ય કરી રહી છે.

મહાશય ! મર્યાદિત સ્થીતિવાળા અક્ષરશ્રુતના સાધન-વડે આપના વિશાળ જીવનની રૂપરેખા આળેખવી તે અશક્ય છે. છતાં તે ચારિત્ર્યના મૂકભાવોથી અમારા હૃદયના ઉંડાણમાં ઉત્તમોત્તમ લાગણીના તારોની ઝણેણાટી ઘણા દીવસોથી સતત ઝણઝણી રહી હતી. તે આજે અનુકુળ પ્રસંગે યતકિંચિત્ રૂપમાં અમો શ્રી માંગરોળનીવાસી સર્વે આપના સ્વધર્મી બંધુઓ આ માનપત્ર દ્વારા આપની સમક્ષ મૂકીયે છીયે.

આપના આગમન પ્રસંગે અમારી ઉગ્ર ભાવના છે કે આપ ઐહિક તેમજ આમુષ્મિક સંપત્તિ મેળવી આપના માતૃનિષ્ઠ પુણ્ય બાંધવો તથા આજ્ઞાંકિત પુત્ર પરીવારાદિ સહીત નિરામય દીર્ઘાયુષ્ય પ્રાપ્ત કરો.

માંગરોલ.<br>
વિક્રમાબ્દ સં. ૧૯૮૩ ના<br>
વૈશાખ શુક્લ દ્વતીયા<br>
મંગળવાર.

શ્રી માંગરોળ તપગચ્છ સંઘ.

( ૨૫ )

॥ ॐ परमात्मने नमः ॥

# શ્રી માંગરોળના જૈન મંડળનું માનપત્ર.

**શ્રીયુત નગીનદાસ કરમચંદ સંઘવી.**

ધર્મચક્રવર્તિ બાવીશમા તીર્થંકર બાળબ્રહ્મચારી નેમિકુમારના દિક્ષા, કેવળ અને નિર્વાણ કલ્યાણકના સમયે, પોતાના અંગે પ્રાપ્ત થયેલ અલભ્ય લાભની પવિત્ર રજવડે રોમાંચિત થયેલા શ્રી રૈવતાચલની યાત્રાર્થે ગરવી ગુજરાતના તિલકરૂપ પાટણપુરથી આપે ચતુર્વિધ સંઘ લઇ ગુજરાત–કચ્છ તેમજ સૌરાષ્ટ્રના અનેક સ્થળોએ જૈન ધર્મના ઉચ્ચતમ તત્વ રેલાવી, રોળી અમારા મંગળપુર ગ્રામે પણ માયાભર્યાં પગલાં કરી અમારા હૃદયમાં અનેરો આનંદ ઉપજાવ્યો છે.

શ્રીમાન્ સાહેબ ! આપે આધુનિક કાળે પ્રાચીન કાળના શ્રી સંઘોના યાત્રાર્થ સ્મરણો જે પુસ્તકરૂપેજ જળવાઇ રહ્યા હતા, તે કાર્ય સ્થિતિમાં દ્રશ્યમાન રૂપે મૂકી જૈનધર્મનો જરૂરી ઉદ્યોત કર્યો છે. એમ અમારૂં સચોટ માનવું છે અને જેથી પ્રેરાઇને આપના સત્કાર્યના અનુમોદનમાં અમારૂં શ્રી માંગ-રોળ જૈન મંડળ આપને હૃદયના ઉંડા, અણમોલ ધર્મપ્રેમથી સન્માની ભાગ્યશાળી થાય છે.

માન્યવર બંધુ ! અમોને વધારે આનંદ તો એથી થાય છે કે આપના વડિલ બંધુ શેઠ સ્વરૂપચંદભાઇ તથા આપના લઘુ બાંધવ શેઠ મણીલાલભાઇ તથા આપનાજ ગુણોની પ્રતિ કૃતિ આપના આજ્ઞાંકિત સુપુત્રો ભાઇ સેવંતીલાલ તથા ભાઇ રસીકલાલ તથા આપના પુણ્યવંતા ધર્મપત્નિ શ્રીમતી કેશરબાઇ–આ સર્વ પરિવાર પણ આપના મહદ્ કાર્યમાં સંપૂર્ણ રીતે સંમત રહી આપને અનુકુળ વર્તે છે. એ કાંઇ થોડા ભાગ્યોદયની વાત નથી.

અમારા સ્વધર્મી રત્ન ! આપની સર્વેની દીન પ્રતિદીન ઐહિક તથા આમુષ્મિક સંપત્તિમાં ચઢતી થાય એવી અમારા હૃદયની શુભેચ્છાઓ, શુભ ભાવનાઓ પૂર્વક અમો આ માનપત્ર આપને સમર્પી કૃતાર્થ થઇએ છીયે.

લી. અમો છીયે આપના ગુણાનુરાગી,

કેશવલાલ લીલાધર — માધવલાલ સાકરલાલ મહેતા

રામદાસ નાનજી — મકનજી કાનજી

સવચંદ કુચરાભાઇ

માંગરોલ
વિક્રમાબ્દ સં. ૧૯૮૩ ના
વૈશાખ શુકલ દ્વિતીયા
મંગળવાર તા. ૩–૫–૨૭

શ્રી માંગરોળ જૈન મંડળ.

( ૨૬ )

॥ ॐ श्री अर्हम् ॥

# શ્રી પાટણની જૈન દશા વણિકની ત્રણ જ્ઞાતિઓ તરફથી અભિનન્દનપત્ર.

શ્રીમાન્ શેઠ સંઘવી નગીનદાસ કરમચંદ પાટણ.

**नमो तित्थस्स** એ પ્રમાણે કહી તીર્થને નમસ્કાર કરી, શ્રી જિનેશ્વરો પોતાની દેશનાનો પ્રારંભ કરતા, એવા તીર્થ-સંઘના અભ્યુદયાર્થે આપ અનેકવિધ મનોરથો ધરાવો છો, અને આપણી જ્ઞાતિના ઉત્કર્ષ માટે સારી કાળજી રાખો છો, એ કારણે અમોને આપને માટે અતિ ઉચ્ચ આશાઓ રહે છે.

ગિરિરાજની યાત્રા હાલ દુર્ભાગ્યે બંધ થઈ છે તે વખતે આપે આપના બંધુઓ સહિત કચ્છના પવિત્ર ભદ્રાવતીક્ષેત્રની યાત્રા અર્થે એક મહાસંઘ કાઢી નિર્વિઘ્ને પુણ્ય બળથી સુખરૂપ યાત્રા હજારો જૈનોને કરાવી પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કર્યું છે અને સંઘભક્ત કચ્છી બાંધવોની સાથે પ્રેમ સહકાર સાધ્યા છે, એ એક આપના જીવનમાં એક અતિ સ્મરણીય પ્રસંગ રહેશે.

આ દેહ નશ્વર છે, અને કીર્તિ નશ્વર છે એ ખાસ દરેક સુજ્ઞ નરે ચિંતવવા યોગ્ય છે, ધર્મ એજ સત્ય છે અને આપે ન્હાની વયથી ધર્મનું જ્ઞાન મેળવી તેનું રહસ્ય બને

તેટલું અંતરના ઉંડાણમાં ઉતાર્યું છે અને તે ધાર્મિક સંસ્કારોથી પ્રેરાઇ આપ આપનું જીવન વહન કરતા આવ્યા છો એ જાણી અમો જ્ઞાતિ ભાઇઓને ઘણો હર્ષ થાય છે.

દાન એ ધર્મના ચાર પાયામાંનો પ્રથમ પાયો છે. એ સૂત્રને સ્વીકારી આપ કમાઇથી પુષ્કળ દ્રવ્ય મેળવી તેનો સદુપયોગ જનસમુદાયના લાભાર્થે ખરચવામાં કર્યો છે. એક બાજુ સાર્વજનિક સંસ્થાઓને સ્થાપવામાં–પોષવામાં અને તેટલું દ્રવ્ય ખર્ચ્યું છે–દાખલા તરીકે આપના પૂજ્ય માતુશ્રી દીવાળીબાઈના નામથી શ્રાવિકા ઉદ્યોગશાળા સ્થાપી છે, શ્રાવકોની ભોજનશાળા, બોર્ડીંગ, બાલાશ્રમને પોષી છે; બીજી બાજુ ઉદ્યાપન નિમિત્તે, ગિરનારપરના પ્રસિદ્ધ વસ્તુપાળ તેજપાળના દેરાસરના ઉદ્ધારાર્થે, કુલ્પાકજી કેશરીઆજી આદિ પવિત્ર તીર્થોની યાત્રા અર્થે, પાંજરાપોળના નિભાવ વિગેરેમાં અને સૌથી કલશરૂપે હમણાં ઉપરોકત કચ્છ ભદ્રાવતીના તીર્થનો સંઘ કાઢવામાં પુષ્કળ ધન ખર્ચ્યું છે. આ સર્વે જાહેર થયેલ સખાવતનો સરવાળો સાત લાખ ઉપર જાય છે. આ ઉપરાંત ગુપ્તદાન પણ બીજું ઘણુંયે હશે. આ રીતે સખાવતે બહાદુર આપ નીવડ્યા છો, એથી આપના પ્રત્યે સદ્ભાવ અને આદરમાનની અમારી લાગણી અતિશય ઉછળે છે.

સદાકાળ જીવન પર્યંત આપ સખાવતનો પ્રવાહ અખંડ ચાલુ રાખશો એવી આગાહી આપના ચારિત્રથી આપે આપી દીધી છે. જ્ઞાન એ એક ઉત્કૃષ્ટ દાન છે. જ્ઞાનભંડારોના

ઉદ્ધાર: અર્થે એક સુન્દર મકાન—જ્ઞાનાલય બાંધવા માટે જમીન લઇ રાખી છે તે બંધાવી આપશો, સાતે ક્ષેત્રને મુખ્યત: પોષનાર એવા શ્રાવકને અને જ્ઞાતિજનને સુશિક્ષિત સંસ્કારી અને સુખી બનાવવા પુરૂષાર્થી થશો, અને અનેકના શુભાશીર્વાદ લેશો, એવી અમારી આપ પાસેથી ખાત્રીભરી આશા છે. 'જય થાઓ આપની' એમ પુકારી અમો સર્વે પરમાત્મા પ્રત્યે પ્રાર્થના કરીએ છીએ કે આપના શુભ હસ્તે અનેક પરોપકારી અને સત્યહિતકારક કાર્યો થાય, તે માટે આપને સુખ સંપત્તિ આબાદી અને ચીરાયુ પ્રાપ્ત થાઓ.

અમો છીએ આપના અભ્યુદયેચ્છુ જ્ઞાતિજનો,

| | |
|---|---|
| શેઠ મોહનલાલ પીતાંબરદાસ. | મણીલાલ વાડીલાલ ચોકસી |
| શેઠ રણછોડદાસ કેવળચંદ | સંઘવી બાપુલાલ લલ્લુભાઇ |
| દા. શા. જીવાચંદ નગીનદાસ | મણીલાલ છોટાલાલ મણીઆર |
| શેઠ લહેરૂચંદ ઉત્તમચંદ | લહેરૂચંદ ચુનીલાલ કોટવાળ |
| મોહનલાલ મોકમચંદ | શા. ડાહ્યાભાઇ દોલતચંદ |
| ચુડગર વાડીલાલ લલ્લુભાઈ | જગજીવન ઉત્તમચંદ |
| મણીલાલ રતનચંદ મણીઆર | |

---

કોઇપણ જાતનું ઐતિહાસીક પુસ્તક પ્રગટ કરાવવાની ઇચ્છા થાય ત્યારે અમને લખજો.

જૈન સસ્તી વાંચનમાળા.

રાધનપુરી બજાર—ભાવનગર.

( ૨૭ )

## શ્રી પાટણ સીડ્ઝ એન્ડ ગ્રેન મર્ચન્ટ એસોસીએશન તરફથી માનપત્ર.

દાનવીર શેઠ નગીનદાસ કરમચંદભાઇ—પાટણ.

**મહેરબાન શેઠ સાહેબ,**

આપે આપની નાની ઉમરથી વિદ્યાભ્યાસ કરી આપના પુજ્યપિતાશ્રીની તાલીમ નીચે વ્યાપારમાં પડી ધન્ય ગૃહસ્થાશ્રમ શરૂ કર્યો અને કાર્યદક્ષતા તેમજ ધાર્મિક સંસ્કારથી તેને સફલ કર્યો એ જાણી અમોને પ્રમોદ ઉપજે છે.

'વાણિજ્યમાં લક્ષ્મી વસે છે' એ કહેવત અનુસાર આપના પુરૂષાર્થ અને પ્રારબ્ધના બળે અતિશય ધનની પ્રાપ્તિ કરી વેપારી મહાજનને આપે એક ઉંચું દ્રષ્ટાંત પુરૂં પાડયું છે, કારણકે સ્વપરાક્રમથી શું શું સાધ્ય થતું નથી? સર્વ થઇ શકે.

દ્રવ્યની પ્રાપ્તિ કરવી એ એક વાત છે; અને તેનો સદુપયોગ પરોપકારી અને પુણ્ય ખાતાઓમાં કરવો એ બીજી છતાં વિરલ વાત છે. દ્રવ્યની ગતિ સામાન્ય રીતે દાન, ભોગ, અને નાશ એવા ત્રણ પ્રકારે થાય છે. આપે તે ત્રણ પ્રકારમાં સૌથી ઉંચા એવા દાનના પ્રકારમાં લક્ષ્મીનો ઉપયોગ કર્યો છે અને એક 'દાનવીર' તરીકે પ્રસિદ્ધિ મેળવી છે એ કોઇ વિરલાનેજ સાંપડે છે. આપ દાતા હોવા ઉપરાંત પ્રભુભક્ત અને સાહસિક વ્યાપારી હોવાથી આપને માટે યથાર્થપણે કહી શકાય તેમ છે કે 'જનની જણ તો ભકતજન કાં દાતા કાં શૂર' એ રીતે આપે આપનો જન્મ સાર્થક કર્યો છે.

આપે કરેલી સખાવતો પ્રસિદ્ધ છે જેમ લક્ષ્મી પ્રાપ્ત થતી ગઇ, તેમ તેમ મનમાં ઉલ્લાસ સારાં ધર્મનાં કાર્યો કરવા પ્રત્યે વધતા ગયા, અને તદનુસાર લોકોપયોગી ખાતાંઓમાં જેવાં કે જીવદયા, જ્ઞાનોદ્ધાર, તીર્થયાત્રા, તપનું ઉદ્યાપન, કેળવણી વગેરે અનેક ક્ષેત્રોમાં છૂટે હાથે દ્રવ્ય ખર્ચે ગયા છો અને હજુ પણ વિશેષ અતિ ઉમદા અને જનહિતકારક માર્ગે દ્રવ્યનું દાન કરવાના ભવ્ય મનોરથ ધરાવો છો એ અમો વેપારી લોકોને આપના જીવનમાંથી ખાસ ધડો લેવા જેવી બીના છે.

તાજેતરમાં આપે પાંચ હજાર માનવીઓનો સંઘ પગ રસ્તે ઠેઠ કચ્છના ભદ્રેશ્વર તીર્થમાં લઇ જઇ સંઘની ભકિતમાં પુષ્કળ દ્રવ્યનો વ્યય કરી 'સંઘપતિ' તરીકેનું પવિત્ર પદ મેળવ્યું છે.

ઉપરના આપના સદ્ગુણોથી પ્રેરાઇ અનેક સ્થળોના સંઘોએ અને મંડળીઓએ માનપત્ર આપેલ છે અને અમો પણ આ માનપત્ર આપવા પ્રેરાયા છીએ. એ માનપત્ર આપને આપવા સાથે અમો પરમાત્મા પ્રત્યે પ્રાર્થના કરીએ છીએ કે આપ સદાકાળ શ્રીમંત સખી વેપારી તરીકે લાંબુ આયુષ્ય ભોગવી અનેક પુણ્યવંતા સત્કાર્યો કરો તથાસ્તુ.

પાટણ તા. ૨૦-૫-૨૭.

અમો છીએ. આપના ગુણાનુરાગી
શ્રી પાટણ સીડઝ ગ્રેન એસોસીએશન તરફથી.

ભાગ્યશાલી મણીલાલ જેઠુચંદ
સેક્રેટરી.

સંઘવી લહેરૂચંદ સ્વરૂપચંદ
પ્રમુખ.

( ૨૮ )

## સીડ્ઝ મરચંટસ, કોટન સીડ્ઝ, અને કોમર્શીયલ એસોસીએશન તરફથી અપાયેલ માનપત્ર

## શેઠશ્રી નગીનદાસ કરમચંદ.

મહાશય,

ભદ્રેશ્વર વિગેરે કચ્છના વિકટ રસ્તાને વીંધી આપે અનગળ ધન ખરચી સંઘ કાઢ્યો અને એ વેરાન જેવા જણાતા કચ્છના રણમાં જંગલમાં મંગલ કરી ચારેક માસના પર્યટનને અંતે આપ સુખરૂપ પાછા ફર્યા તેના શુભ સંસ્મરણ નિમિત્તે નીચેની ત્રણે એસોસીએશન તરફથી આપને આવકાર તથા અભિનંદન આપતાં અમને આનંદ થાય છે.

અમો માનીએ છીએ કે ભદ્રેશ્વરના સંઘદ્વારા જૈન જનતાના ભદ્ર એટલે કલ્યાણ પંથમાં પુણ્યના પુષ્પોની આપે ફુલવાડી ખીલવી છે. અને આપની સમસ્ત શ્વેતાંબરી કોમમાં ચંદ્રિકા જેવી શ્વેત કીર્ત્તિને સંપાદન કરી છે.

આપણા પુરાણપવિત્ર ભારતવર્ષનો અડોલ આધારસ્થંભ ધર્મ છે અને ધર્મના એ વિશિષ્ટતત્વોથી આપનું જ્વલંત જીવન ઓતપ્રોત છે. સંઘના આપ સંઘવી થયા. તે ઉપરાંત પ્રસંગોપાત આપના તરફથી થયેલાં ઉજમણાં અને સાર્વજનિક તેમજ ધર્માદા સંસ્થાઓને સખાવતો રૂપે

દીધેલું પાંચેક લાખ રૂપીઆ જેટલું પ્રશસ્ત પોષણ આપની દીલાવર ધર્મવૃત્તિના ઉજવળ ઉદાહરણ રૂપ છે. એ રીતે લક્ષ્મી સંપાદન કરી આવા સુંદર કાર્યમાં તેનો સદુપયોગ કરનાર સજ્જનો વિરલ હોય છે.

પાટણ આપનું વતન છતાં ધંધાને અંગે મુંબઈબંદરને નિવાસસ્થાન બનાવી મુંબઇ અને અન્ય સ્થળોની વેપારી આલમની બહોળી વસ્તીમાં આપે જે ચાહ અને ચિત્ત જીતી લીધાં છે. તે આપના માયાળુ મીલનસાર સ્વભાવની સુંદર પ્રતીતિ કરાવે છે.

આપ " અમદાવાદ સીડઝમર્ચંટ એસોસીએશન " ના એક શોભાસ્પદ સભ્ય અને મતદાર હોઇ સદરહુ સંસ્થા આપને માટે ગૌરવશીલ છે.

ધાર્મિક ધગશ, નિર્મળ ન્યાયવૃત્તિ, અને પવિત્ર નીતિ-પરાયણતા આદિ આપના અનેક ગુણોથી આકર્ષાઇ ઉપર દર્શાવેલા માંગલીક પ્રસંગના એક શુભ સ્મરણ તરીકે આપને સ્નેહપૂર્વક માનપત્ર સમર્પણ કરીયે છીયે અને આપનું દીર્ઘાયુ ઇચ્છીએ છીએ.

અમો છીએ,

| | |
|---|---|
| અમદાવાદ.<br>તા. ૧૨-૫-૨૭ | સીડઝ મરચંટસ એસોસીએશન.<br>કોટન સીડઝ એસોસીએશન.<br>કોમરશીયલ એસોસીએશનના સભ્યો. |

( ૨૯ )

॥ ૐ શ્રી પરમાત્મને નમઃ ॥

# શ્રી મુંબઈના જૈન સંઘનું માનપત્ર.

સદ્‌ગુણાલંકૃત શ્રીમાન્,

## શેઠ નગીનદાસ કરમચંદ.

આ કલીકાલમાં અશકય મનાય એવો અને ભૂતકાલના ઇતિહાસની જાણે સાક્ષી પુરતો હોય એવો ધર્મધુરંધર વસ્તુપાળ તેજપાળના સંઘોને યાદ દેવરાવે તેવો મહાન સંઘ કાઢી શ્રી કચ્છ દેશમાં આવેલ ભદ્રેશ્વરજી આદિ અનેક પ્રાચીન તીર્થસ્થાનોનો લાભ લઈ હાલમાં આપ પાછા ફર્યા છો તે શુભ નિમિત્તે આપને અભિનંદન આપતાં અમો ધી ગુજરાતી વેપારીઓની મંડળીના સભાસદો તથા દલાલોને અત્યંત આનંદ થાય છે.

આપણા પરમપૂનિત ભારતવર્ષની સંસ્કૃતિ અતિ પ્રાચીન હોઇ તેનો આધારસ્થંભ ધર્મ છે. દેશકાલાનુસાર ધર્મનાં આ વિશિષ્ટ તત્ત્વો જ્યારે ભુલાતાં જાય છે તેવા સમયમાં વેપારની મોટી પ્રવૃત્તિમાં પડેલા ગૃહસ્થને માટે અશકય ગણાય તેવી રીતે ચારસો જેટલી મોટી સંખ્યાના સાધુ સાધ્વીઓ અને ચાર હજાર જેટલા શ્રાવક શ્રાવિકાઓને પુરતા બંદોબસ્ત સાથે કચ્છ દેશ જેવા કઠણ પ્રદેશમાં દરેક પ્રકારની સગવડ સાથે ચાર ચાર માસ સુધી યાત્રા કરાવી અલભ્ય

લાભ આપી આપના જીવનમાં વ્યવહાર અને ધર્મ ઓતપ્રોત રહેલાં છે તે બતાવી આપ્યું છે. જૈન કોમને જ નહિ પરંતુ દરેક હીંદીને અનુકરણ કરવા લાયક બીના છે. તેનો અમે અભિમાન અને ગૌરવ સાથે સ્વીકાર કરીએ છીએ.

સત્યયુગને શોભાવે તેવા જૈન પ્રજાના ભદ્ર એટલે કલ્યાણના પુણ્યપંથને ખીલવે એવા આ સંઘ નિમિત્તે આપે અનર્ગળ દ્રવ્ય ખરચ્યું; તે ઉપરાંત પ્રસંગોપાત આપના તરફથી થયેલાં ઉજમણામાં અને પાંજરાપોળ, પાઠશાળા અને એવી બીજી સાર્વજનીક સંસ્થાઓને આપે પાંચેક લાખ જેટલી ભારે સખાવતો કરી છે. આ કળીયુગમાં લક્ષ્મી સંપાદન કરનાર ઘણા હોય છે પરંતુ સદ્વ્યય કરનાર વીરલ વ્યકિતઓ જવલ્લેજ મળી આવે છે, આપે તો આપણી દેશી કહેવત પ્રમાણે "જેવું કમાવી જાણ્યું તેવું જ વાપરી જાણ્યું છે." આપની આ શુભ વૃત્તિઓ ખરેખર આદરણીય છે.

શ્રી ગુજરાતી વેપારીઓની આ મંડળીના આપ એક શોભાસ્પદ સભ્ય હોઇ સંસ્થા આપના માટે મગરૂબ છે. ઘણા વર્ષો સુધી આપે સંસ્થાના ઓનરરી સેક્રેટરી તરીકે કીમતી સેવા કરી છે અને આજ પર્યન્તની સંસ્થાના પ્રેસીડેન્ટ તરીકેની નિસ્વાર્થ સેવા અમો સર્વે વેપારીઓને જાણીતી છે. એસોસીએશનમાં પ્રસંગોપાત ઘણાએ મુશ્કેલ પ્રસંગો ઉભા થયા હશે પરંતુ આપની કુનેહ અને વિચારશીલ બુદ્ધિથી તેવી મુશ્કેલીઓને હઠાવી એસોસીએશનના મોભાને સાચવ્યો

છે. આ ઉપરાંત આપે આપના શાંત, માયાળુ અને મિલનસાર સ્વભાવથી આ સંસ્થા અને બહારની વેપારી આલમની પ્રીતિ અને માન સંપાદન કર્યાં છે. આપના જેવી પ્રભાવશાળી વ્યક્તિથી સંસ્થા ગૌરવ ધરાવે છે.

આવી ધાર્મિક પ્રવૃત્તિઓ, સંસ્થાની કરેલી સેવાઓ અને આપના બીજા અનેક ગુણોથી આકર્ષાઇ આરંભે દર્શાવેલા માંગલીક પ્રસંગના એક શુભસ્મરણ તરીકે આપને સ્નેહપૂર્વક માનપત્ર સમર્પણ કરીએ છીએ કે ભવિષ્યમાં આપ દ્રવ્ય, જ્ઞાન, બુદ્ધિ, અને પ્રતિષ્ઠાના યોગે દેશ અને ધર્મની ઉન્નતિનાં આવાં ઘણાં કાર્યો કરો.

મુંબઇ.
તા. ૫ મી જુન ૧૯૨૭

અમો છીએ, મુંબઇના ગુજરાતી
**વેપારીઓની મંડળીના**
સભાસદો અને દલાલો.

આ સિવાય બેરાવળ, ધોરાજી વિગેરે ગામોનાં માનપત્રો પણ મળ્યાં હતાં પરંતુ સ્થળ સંક્ષેપને લીધે તે નથી આપી શક્યા.

## શ્રી કચ્છ વરાડીયા ગામના એક જૈનબંધુના હૃદયોદ્‌ગાર.

છંદ રાગ–મેરાના દાણ ( એ ઢબમાં )

**ગુજરાત દેશ રળીયામણોરે લોલ, સિદ્ધપુર પાટણ ગામરે,**

પાટણ ગામેથી સંઘ લાવીઆરે લોલ—એ ટેક.

કરમચંદ કુળ અજવાળીયું રે લોલ,
સુત નગીનદાસ શેઠરે; પાટણ.

કચ્છની તે જાત્રા નિર્ણય કરી રે લોલ,
સંઘ થયો તૈયાર રે; પાટણ.

સગા સંબંધી સાથે મળ્યાંરે લોલ,
જાત્રાળુ પાંચ હજાર રે; પાટણ.

સોના ચાંદીનું દેરૂં સાથમાંરે લોલ,
ચોમુખે પ્રતિમા ચારરે; પાટણ.

નેજાં નગારાં ઘોડા ઉપરે રે લાલ,
હારમોની તબલા સારંગી સાથરે; પાટણ.

ત્રણસોને પાંચ તંબુ તાણીઆરે લોલ,
પડઘમ વાજાનો ઝણકારરે; પાટણ.

મેલાણની શોભા અતિ ઘણીરે લોલ,
ફરતાજી ફરે ચોકીદાર રે; પાટણ.

ત્રણસો સીતેર સાથે સાધ્વીરે લોલ,
એંસીને પાંચ મુનિરાજરે, પાટણ.

છસો બળદીઆના ગાડાં આશરેરે લોલ,
બાકી બીજા પાયદળ અસ્વારરે; પાટણ.
બે બે સગરામ ગાડી સંઘમાં રે લોલ,
સંઘપતિ બેસે મોટરમાંહે રે; પાટણ.
ત્રણ ત્રણ બળદીઆના ગાડાં સંઘમાંરે લોલ,
માલ પોંચાડે મોટર કારરે; પાટણ.
લુહાર સુતાર દરજી સાથમાંરે લોલ,
ખામી નહિ કોઇ જાતનીરે; પાટણ.
ડૉકટર વૉલંટીઅર સંઘમાંરે લોલ;
નેકી પોકારે છડીદાર રે; પાટણ.
ઉંટ ઘોડા ને બીજી પાલખીરે લોલ;
તાલુકાનો ફોજદાર સાથરે; પાટણ.
સો સો રસોઇઆ લીધા સંઘમાંરે લોલ;
પાણી પોંચાડે પખાલી રે; પાટણ.
ચાય બીડી પાનની દુકાન છેરે લોલ;
વિજળી જેવી રોશનાઇ રે; પાટણ.
ખારા તે નીર ઓળંગી કરીરે લોલ,
આવ્યા ભદ્રાપુરી ધામરે; પાટણ.
કચ્છ મહારાવશ્રી ખેંગારજીરે લોલ,
ગોબ્રાહ્મણ પ્રતિપાલ રે; પાટણ.
રાઓશ્રીએ સંઘને માન આપીયુંરે લોલ,
સાથે આપ્યા અસ્વારરે; પાટણ.

નાકા લીલા પીળા વાવટારે લોલ,
શણગાર્યા દેરાસર ચોકરે; પાટણ.
જે જે ગામે સંઘ સંચરેરે લોલ,
સામઇએ શ્રાવક દીએ ઘણા માનરે; પાટણ.
અગ્રેસર દશાઓસવાળનારે લોલ,
જેઠાભાઇ નરસીંહ શેઠરે; પાટણ.
પાટણ સંઘને કરી વિનંતિરે લોલ,
અબડાસામાં મોટા મોટા ધામરે; પાટણ.
સુથરી થઇ કોઠારે આવીઆરે લોલ,
પવિત્ર કીધું વરાડીયા ગામરે; પાટણ.
નરસી ચત્રભોજની નોકારશીરે લોલ,
સ્વીકારી સંરવે સંઘરે; પાટણ.
વરાડીઓ દીપક ગામડુંરે લોલ,
આગેવાન રામયો પટેલરે; પાટણ.
શું રે શોભા કહું સંઘતણીરે લોલ,
સાથે છે વરણ અઢારરે; પાટણ.
સંવત ઓગણીશે વ્યાશીએરે લોલ,
ફાગણ સુદ ૭ સાતમ ગુરૂવારરે; પાટણ.
અલ્પ બુદ્ધિથી ઓચરેરે લોલ,
નેણસી સુત ઘેલાભાઇરે; પાટણ.

**શા. ઘેલા નેણસી. જી. એન. વી—કચ્છ વરાડીઆ.**

# માનપત્રોના જવાબો.

[ માનપત્રો લેતી વખતે સંઘવીજીએ જે જે જવાબો આપેલા તેમાંથી થોડાક મનનીય જવાબો અત્રે આપવામાં આવે છે. જે વાંચવાથી સંઘવીજીના હૃદયની લાગણીઓ માપી શકાશે. ]

( ૧ )

પ્રમુખ મહાશય ! કચ્છ નાનીખાખરનો પૂજ્ય સમસ્ત સંઘ ! અન્ય સજ્જનો ! અને શ્રાવિકા બ્હેનો !

આ અભિનંદન પત્રમાં જે જે ગુણોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેવા ગુણો મારા જેવી એક સામાન્ય વ્યકિતમાં શી રીતે સંભવી શકે ? છતાં આપ તે જોઇ રહ્યા છો તેમાં મને આપ સર્વનીજ ઉત્તમતા ભાસે છે. સજ્જન પુરૂષોનો સ્વભાવજ એવો છે કે બીજાના ન્હાના ગુણોને પણ મોટા સ્વરૂપમાં જુએ.

ભગવાન મહાવીર પ્રભુનું શાસન પ્રત્યક્ષ કલ્પવૃક્ષ છે, એવું જે આપણે શાસ્ત્રોમાંથી વ્યાખ્યાનદ્વારા સાંભળીએ છીએ તે ખરેખર પ્રત્યક્ષ થાય છે, કારણકે જ્યારે મારા જેવો માણસ પોતાના આત્મકલ્યાણનો સ્વાર્થ સમજી થોડું પણ ધાર્મિક કૃત્ય કરે છે. તેની આટલી બધી અનુમોદના કરવામાં આવે છે. તો પછી પૂર્વના મહાન પ્રભાવક પુરૂષો, જે શાસન પ્રભાવના અને ધર્મારાધન કરતા હતા અને જો તેના થોડા

નમુનારૂપે પણ અત્યારે આચારમાં કંઇક આવે તો એના કેવા કેવા શુભ ફળો જોઇ શકાય ! અને એ આરાધનથી સ્વર્ગનાં સુખો મળે એમાં શી નવાઇ ?

આપણે દરેક સાધર્મિક ભાઇઓ એકબીજાના સંબંધમાં આવીએ, એક બીજાના સત્સંગનો લાભ મેળવીએ અને ઉત્તરોત્તર ભગવાનના શાસનની પ્રભાવના સૌ સાથે મળીને કરતા થઇએ અને એક બીજાને ઓળખીએ એવો અપૂર્વ સાધર્મિકનો સંબંધ બંધાય એવી શુભ ભાવના સાથે આ માનને માટે આપ સર્વનો ઉપકાર માનું છું.

( ૨ )

શ્રીયુત પ્રમુખ મહાશય, બિદડાનો શ્રી સંઘ, અત્રે પધારેલા સદ્ગૃહસ્થ અને બ્હેનો !

અમે શ્રી સંઘ સાથે જેમ જેમ કચ્છના પ્રદેશમાં પ્રવેશ કરતા જઇએ છીએ તેમ તેમ કચ્છી ભાઇઓનો વિશેષ ને વિશેષ પ્રેમ અનુભવતા જઇએ છીએ. એક કચ્છ–વાસી શ્રાવક બંધુના દિલમાં ધર્મ પ્રત્યે અને સાધર્મિક ભાઇઓ પ્રત્યે કેવી ઉંડી લાગણીઓ અને સાચી તથા ખરા અંતઃકરણની કેટલી ભક્તિ છે. તેનો પરિચય કરીને ખરેખર તેની જેટલી અનુમોદના કરીએ તેટલી ઓછી છે.

મારે માટે જે શબ્દો વાપરવામાં આવે છે તેમાં તો

ખરેખર તમારાજ અંતઃકરણની મોટાઇ છે. હું જેમ જેમ મારી ફરજોનો વિચાર કરૂં છું તેમ તેમ મને તો એમજ લાગે છે કે એવો શુભ દિવસ કયારે આવે કે જેથી કરી મારી પુરેપુરી ફરજો બજાવીને કૃતકૃત્ય થાઉં ? પરંતુ એ ભાગ્ય કયાંથી ? કયાં પૂર્વના મહાનુભાવ શાસન ધુરંધરો ને કયાં હું ? જે યત્કિંચિત્ યથાશકિત હું ધર્મારાધન કરૂં છું, તેને આપ મોટા સ્વરૂપમાં જોઇને મને માનના ભાર નીચે દબાવો છો તેથી ખરેખર મારૂં અંતઃકરણ ભરાઇ આવે છે. તમારી આ પ્રેમભીની ભકિતની કયા શબ્દોમાં હું સ્તુતિ કરૂં ?

હું ફરીથી કહું છું કે, મારા કૃત્યોમાં કશી વિશેષતા નથી. છતાં તમો જે કંઈ જોઇ શકતા હો; તે માત્ર સાથે પધારેલા લાયક અને ધર્મિષ્ઠ સદ્ગૃહસ્થોને આભારી છે. તેઓ મારી ત્રુટીઓ ગળી જતા ન હોય—મને મુશ્કેલીને પ્રસંગે સહાયતા ન કરતા હોય તો હું એકલો શું કરી શકું ? તેથી ખરૂં માન તો તેઓ ભાઇઓનેજ ઘટે છે.

હું અહીં એક બાબત તરફ અત્રેના જૈન બંધુઓ તેમજ કચ્છ સમસ્તના જૈન બંધુઓનું લક્ષ્ય ખેંચવાની રજા લઉં છું. તે એ કે કોઇપણ પ્રકારે આપણે સંબંધમાં આવ્યા છીએ. અલબત્ત જ્યારથી આપણે ભગવાન મહાવીર પ્રભુના શાસનમાં છીએ ત્યારથી સાધર્મિક તરીકેના સંબંધમાં છીએ જ અને કેટલાક ભાઇઓ સાથે મુંબઇ વિગેરે સ્થળોમાં વ્યાપાર વિગેરેનો સંબંધ પણ છે. છતાં આ ધાર્મિક સંબંધ અત્યારને

વખતે નવોજ ગણાય તેથી કહું છું કે આપણે જે આ નવા સંબંધથી જોડાયા છીએ તે સંબંધ આપણો ભાવિકાળે કાયમ રહે અને શ્રી જૈન શાસનના સવાલો જેવા કે શ્રી શત્રુંજય ગિરિનો પ્રશ્ન શ્રી સંઘનું યથાર્થ સંગઠન અને શાસનની પ્રભાવનાના બીજા અનેક કૃત્યોમાં આપણા પૂર્વજો જેવી રીતે ઐકયતાથી બીજાની આમન્યા જાળવીને કરતા આવ્યા છે, તેવીજ રીતે **પ્રભુ મહાવીરના શાસનની શોભામાં વૃદ્ધિ કરીએ** તોજ આપણા સંબંધની ખરી કસોટી છે. આટલી જ મુદ્દાની વાત ઉપર આપ સર્વનું ધ્યાન ખેંચી મારા ઉપર જે પ્રેમનો વર્ષાદ વરસાવવામાં આવે છે તે બાબત ફરી આભાર માનું છુ.

मंगलं भगवान् वीरो मंगलं गौत्तमः प्रभुः
मंगलं स्थूलीभद्राद्या जैनो धर्मोऽस्तु मंगलम्.

( ૩ )

**શ્રીમાન્ પ્રમુખ મહાશય!** શ્રી કચ્છ માંડવીનો પૂજ્ય સકળ સંઘ તથા અત્રે પધારેલા સુજ્ઞ ભાઇઓ અને બ્હેનો!

આપ સર્વે જે પ્રેમ ભાવથી અત્રે એકત્ર થયા છો તે જોઇ મારા હર્ષનો પાર રહેતો નથી. ખરેખર, દિવસે દિવસે જેમ જેમ અમે કચ્છ દેશમાં પ્રવેશ કરતા જઇએ છીએ તેમ તેમ કચ્છી ભાઇઓનો પ્રેમસાગર ઉછળી રહેલો જોઇએ છીએ. કચ્છી ભાઇઓના પ્રેમસાગરમાં તો ભરતીને

**બમણીજ** આવતી જાય છે. શું આ એક આશ્ચર્યકારક બીના નથી. ? ખરેખર અમારા આશ્ચર્ય અને આનંદનો પાર નથી. કચ્છી ભાઈઓનો પ્રેમસાગર કેટલો ઉંડો છે ? કેટલો અગાધ અને ગંભીર છે ? તેની અમે કલ્પનાજ કરી શકતા નથી. ખરેખર કોઈ ખાસ અનુભવ વિના, આ અજાણ્યા પ્રદેશમાં આવા સંઘ સમુદાય સાથે યાત્રા કરવાને અમે ઝંપલાવ્યું જ હતું. કેવા કેવા વિકટ કે અનુકુળ પ્રસંગો આવશે, એની કલ્પના પણ કરી નહોતી; પરંતુ જેમ અગાધ અને ગંભીર જળ સાગરમાં ગમે તેવી મોટી સ્ટીમર સ્હેલાઇથી સડસડાટ પસાર થાય છે તેમ અમે કોઇપણ જાતની મુશ્કેલી વિના પ્રયાણ કરીયે છીએ તેમાં ખાસ કારણ તો ખરેખર કચ્છી ભાઇઓના ઉંડા અને ગંભીર પ્રેમનાં આંદોલનોજ છે.

**આ જડવાદના જમાનામાં** પણ વારસામાં મળેલો પ્રેમ અને ખાસ કરીને ધર્મપ્રેમ–સાધર્મિકપ્રેમ, કચ્છી પ્રજા જાળવી રહી છે તે જોઇને મોટું આશ્ચર્ય થાય છે. મને અત્રે કહેવા દો કે તેનું માત્ર એકજ કારણ હું સમજી શકયો છું. અને તે એ છે કે **આ પ્રદેશના વર્તમાન રાજ્યકર્તા મહારાઓ શ્રી ખેંગારજી બહાદૂરની દીર્ઘદ્દષ્ટીવાળી આર્યરાજ નીતિજ છે.** પ્રજા પાસે પૈસા કેટલા છે ? તે ઉપરથી પ્રજાના સુખ દુઃખનો આંક નથી નિકળતો; **પરંતુ પ્રજામાં સંગઠન, શરીરનું આરોગ્ય, ઘી, દુધ, છાશ, પ્રેમ, ધર્મભાવના, શરીરબળ, જાત મહેનત કરવાની તાકાત વિગેરે ગુપ્ત સંપત્તિ કેટલા પ્રમાણમાં વધારે છે તે**

**ઉપરથીજ તેના સુખ દુઃખપણાનો આંક કાઢવો વધારે વ્યાજબી છે.** અને તેવી ગુપ્ત સંપત્તિઓએ બીજા કેટલાક દેશોની અપેક્ષાએ કચ્છ–દેશને ટકાવી રાખ્યો છે. જ્યાં જ્યાં સુધારાઓનો પ્રવેશ જોઈએ છીએ ત્યાં ત્યાં બાહ્ય સંપત્તિ ગમે તેટલી વધુ છતાં ગુપ્ત સંપત્તિઓનો તો ઘટાડો જ જોઇએ છીએ. ત્યાંનો મહેનતુ વર્ગ ભલે વધારે કમાતો દેખાય, પરંતુ તેમનું આરોગ્ય અને નીતિ ઉતરતાં જાય જ્યારે અહીંનો મહેનતુ વર્ગ ભલે રોટલો અને મીઠાના કાંકરાથી ચલાવતો હોય છતાં તેનાં આરોગ્ય અને નીતિ એટલાં ઉતરતા નથી.

હું આ સ્થળે રાજનીતિ અને રાજદ્વારી ઘટનામાં ઉતરવા નથી માગતો. મારૂં એ કામ નથી–મારો એ ઉદ્દેશ નથી. અને તેમાંયે આ સંઘ જેવા પવિત્ર ધાર્મિક કૃત્ય કરતી વખતે તો તેની કલ્પના પણ મારે માટે અસ્થાને છે. છતાં આ ધાર્મિક કૃત્યમાં કચ્છી ભાઇઓનો જે પ્રેમ ઝળકી રહ્યો છે. તેના કારણની તપાસ કરતાં મારે આ ધાર્મિક પ્રસંગે પણ આ વાતનો ઉલ્લેખ કર્યા વિના ચાલતુંજ નથી. અસ્તુ.

હું ફરીને કહું છું કે—મારે માટે જે શબ્દો વાપરવામાં આવે છે, તેમાં પણ તમારા અંતઃકરણનીજ મોટાઇ છે. હું જેમ જેમ એક જૈન બાળક તરિકે એક જૈન શાસનના સેવક તરીકે મારી ફરજનો વિચાર કરૂં છું, તેમ તેમ મને મારી ત્રુટીઓનું ભાન થાય છે. પોતાના આત્મકલ્યાણ સાથે ભગવાનના શાસનની પ્રભાવના કરનારા પૂર્વના મહાનુભાવ શાસનધુરંધર પુરૂષો ક્યાં ! ને ક્યાં હું ? ક્યાં મેરૂ ને ક્યાં સરસવ?

પરંતુ મેં જે કંઇ ધર્મકૃત્ય કર્યું છે, ને કરૂં છું તેમાં સૌ ભાઇઓની પણ પુણ્યાઇ છે. આજે વર્તમાન કાળે પણ ભગવાનના શાસનમાં એવા વંદનીય માનનીય ધર્મિષ્ઠ પુરૂષો છે કે જેની ગણત્રીમાં મારો શો હિસાબ છે ? છતાં આપની સજ્જનતાજ એવી છે કે મારા અલ્પ ગુણોને મોટા સ્વરૂપમાં જુઓ છો અને એજ આપની સજ્જનતા કેટલી છે તેનો પુરાવો છે. ખરેખર આપે મને માનના ભાર નીચે દબાવ્યો છે. અને મારૂં અંતઃકરણ ભરાઇ આવે છે. ભાઇઓ ! તમારી પ્રેમભીની ભકિતને કયા શબ્દોમાં વર્ણવું ?

વળી ફરીથી કહુ છું કે મારામાં કંઇ વિશેષતા નથી. છતાં જે કંઇ તમે જોઈ શકતા હો, ને ખરેખર કંઇ હોય, તેમાં પણ મારી વિશેષતા નથી. કારણ કે અત્રે અમારી સાથે સંઘમાં પધારેલા લાયક અને ધર્મિષ્ઠ સદ્ગૃહસ્થો મારી ત્રુટીઓને મોટું મન રાખી ગળી ન જતા હોય–મને મુશ્કેલીને પ્રસંગે અવસરોચિત મદદ ન કરતા હોય ? તો શું મારી મગદૂર છે કે આટલું પણ સાહસ હું ઉઠાવી શકું ? હું એકલો બે હાથે શું કરૂં ? તેથી તે શોભા તેઓનેજ આભારી છે. અને આ બધું માન તો તેઓ ભાઇઓનેજ ઘટે છે, હું તો માત્ર તેઓએ સ્થાપેલ પ્રતિનિધિ તરીકે આપનો આભાર માનું તેજ ઉચિત છે.

આતો આપણા સંબંધની વાત થઇ. આપણો સંબંધ જો કે જ્યારથી આપણે ભગવાનના શાસનમાં છીએ ત્યારથી સાધર્મિક તરિકેનો તો સંબંધ છેજ. વળી કેટલાક ગુજરાત

કાઠીયાવાડના ભાઇઓનો દેશાવરીના વ્યાપાર સંબંધથી પણ કચ્છી ભાઈઓ સાથે સંબંધ છે. છતાં સાધર્મિક તરીકે આપણો સંબંધ ફરીથી તાજો થયો છે. અને આપણે એક બીજા ફરીથી ઓળખતા થયા છીએ, સંઘમાં પધારેલા ભાઇઓ કચ્છના ગામો ગામના ભાઇઓ સાથે પરિચયમાં આવીને અનુભવ મેળવે છે. અને સંબંધ વધારે છે. આવો સંબંધ કંઇ નિષ્ફળ નજ હોય, અને તે કંઇ એક બે માણસોનો સંબંધ નથી, એક બે માણસોનોજ તેમાં અભિપ્રાય નથી; તેથી આ સંબંધ ભાવિકાળે કોઇ મહાન સુફળો ઉત્પન્ન કરે તેવી રીતે તેનો પ્રવાહ વાળવો જોઇએ એમ આપ સર્વ ભાઇઓનું નમ્રતા પૂર્વક આ બાબત તરફ ધ્યાન ખેંચું છું.

બીજું કચ્છના જૈનભાઈઓમાં–ધર્મના સંસ્કાર વધારે દૃઢ થાય, તેમ કરવામાં અમારાથી બનતી સહાય આપવાને અમે તૈયાર છીએ. ભલે તેઓ પુસ્તક વાંચનારા ન થાય, ભલે તેઓ લાંબા લાંબા ભાષણો ન કરે, ભલે તેમને એક કાગળ વાંચતા પણ ન આવડે પણ ધર્મપ્રત્યેનો જે ગૂઢ પ્રેમ છે તેમાં જરાપણ ઓછાશ ન થાય, ભાવિકાળે પણ એ પ્રેમ ટકી રહે તેવી કાળજીથી સંભાળથી એ પ્રેમના પાયા ઉપર સંસ્કારિતાની ઇમારત રચવાની જરૂર હોય તો તેમાં અમે જરૂર સહાય આપીએ. પરંતુ સંસ્કારિતા લાવવા જતાં પ્રેમની મૂડી ખોઇ ન બેસાય તેની આ જડવાદના–જમાનામાં ખાસ ખ્યાલ રાખવાની જરૂર છે.

ભગવાન મહાવીરનો જીવદયાનો સિદ્ધાંત જગતમાં

અને આપણા ભાઇઓમાં ફરી પુનરૂદ્ધાર પામીને વ્યાપ્ત થાય તેમ કરવાની ખાસ જરૂર છે.

બીજું ભગવાનનું શાસન આ અગાધ સંસારરૂપી ખારા સમુદ્રમાં મીઠી વીરડી સમાન છે, દુનિયાની દોઢ અબજ માનવ વસ્તીમાં ૧૦-૧૫ લાખ જેટલી નાની સંખ્યામાં રહીને પણ જયવંતુ વર્તે છે. તેને જરાપણ આંચ ન લાગે, તેવા સ્થાયિ કામોમાં આપણે ખાસ એકસંપીથી ધ્યાન દેવાની જરૂર છે. તેના મૂળ પાયાભુત-દહેરાં અને ઉપાશ્રય-એ બે સ્થાનોને તેજસ્વી રાખવાની આપણી પુરતી ફરજ છે. અને દર્શન-શુદ્ધજ્ઞાન-સંયમમય ચારિત્રનું સાચું બળ ટકી રહે તેવા તેના પાયા મજબુત કરવાની અત્યંત આવશ્યકતા છે. આપણો ભાવિ ઉછેર કંઇક શિથિલ થતો જણાય છે. પરંતુ તેઓને એવો વારસો આપવો જોઇએ કે જેથી તે કાયમ રહે. આવા અને બીજા એવા શાસનના સુસંગઠન કાર્યોમાં એક થઇને એ સંબંધને સફળ બનાવીએ એ પરમ ભાવના સાથે આપ સર્વનો આ પ્રેમ માટે આભાર માની છેવટે નીચેની ભાવના સાથે વિરમું છું:—

૧

शिवमस्तु सर्व जगतः
परहित निरता भवन्तु भूतगणाः
दोषाः प्रयांतु नाशं
सर्वत्र सुखी भवंतु लोकाः

२

सर्व मंगल मांगल्यं, सर्व कल्याण कारणं;
प्रधानं सर्व धर्माणां, जैनं जयतु शासनम्.

३

जैनधर्म विनिर्मुक्तो,
माभवं चक्रवर्त्यपि;
शान्तचित्तो दरिद्रोऽपि
जैनधर्मानुवासितः

( ૪ )

**માન્યવર અધ્યક્ષ મહાશય ! શ્રીમાન્ કુમાર સાહેબ !** રાજકોટ અને તેની આજુબાજુ વસતા અત્રે પધારેલા બંધુઓ ! અને બ્હેનો ! તથા જૈન ભાઇઓ અને અન્ય માનનીય સજ્જન સદ્‌ગૃહસ્થો !

આપ સર્વે અમારા પ્રત્યે ઉત્સાહ છાંટી જે અપૂર્વ હર્ષની લાગણીથી અત્રે એકત્ર થયા છો, તેની માત્ર કલ્પના અમારા મનમાં આવે છે. કારણકે અમે એવા વિદ્વાનો નથી કે જેથી અમારૂં શબ્દ ભંડોળ અપરિમીત હોય, છતાં આપની અપૂર્વ હર્ષભરી લાગણીએ અમારા દિલમાં જાગૃત કરેલી લાગણી કોઇને કોઇ રીતે પોતાનો માર્ગ મેળવ્યા વિના કેમ રહે? છેવટે હર્ષના અશ્રુબિંદુ દ્વારાજ તે પોતાનો માર્ગ શોધી લે છે.

વ્હાલા જ્ઞાતિ બંધુઓ !

ભારતવર્ષના વિશાળ પટપર જુદે જુદે પથરાએલી આપણી જ્ઞાતિને અમે પૂજ્ય માનીએ છીએ, તેના સંગઠિત સંયમ ધર્મ અને વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને દીર્ઘદૃષ્ટિથી કરેલા પૂર્વાપરના બંધારણને વફાદારપણે જ્યાં સુધી આધીન રહેવામાં આવશે ત્યાં સુધી જ સર્વ જ્ઞાતીજનોનું, તેની ભાવી સંતતીનું, અમારૂં અને અમારા ભાવી સંતાનોનું હિત થયાજ કરશે, અને છેવટે અહિતમાંથી તો તેનો બચાવ રહ્યાજ કરશે એવી અમારી અડગ શ્રદ્ધા આ પ્રસંગે જાહેર કરીયે છીએ. તેમાં આપ સર્વ અંતઃકરણથી સમ્મત થશોજી એવી પ્રબળ આશા રાખીએ છીએ.

આવી પવિત્ર જ્ઞાતિનું માન લાયક અને ધન્ય પુરૂષો માટેજ હોઇ શકે ! આપણી જ્ઞાતિમાં એવા કેટલાએ ધન્ય પુરૂષરત્નો બીરાજતા હશે કે જેને આવું માન શોભી શકે. છતાં આપ સર્વની ઉદારતા અને સજ્જનતાજ અમને આટલી હદ સુધી આભારના ભાર તળે દબાવે છે. કોઇને કોઇ રીતે ખોળી કાઢેલા અમારા કોઇક અલ્પ ગુણને વિશાલ સ્વરૂપે જોવામાં તમારી ગુણપ્રિયતા અને સજ્જનતાજ પુરવાર થાય છે અથવા આ બધો ધર્મનોજ પ્રભાવ છે. એમ કહેવામાં અતિશયોક્તિ નથી.

ખરેખર ધર્મ અચિન્ત્ય ચિંતામણી છે. અમે માત્ર અમારા આત્માના પારલૌકિક હિતને ઉદ્દેશીને જ યત્કિંચિત

ધર્મકૃત્ય કરીએ છીએ તે અમારા પોતાના માટે છે. છતાં પણુ તેને બદલે આટ આટલું માન, અને આવો ભવ્ય સમારંભ ! ! એ જોઇને ધાર્મિક હૃદયોને જરૂર ખાત્રી થયા વિના નહિજ રહે કે ધર્મ એ કલ્પવૃક્ષ છે—અચિંત્ય ચિંતામણી રત્ન છે. જો તેનું બરાબર સેવન કરવામાં આવે તો તે કેટલો પ્રભાવ બતાવી શકે ! અને છેવટે સ્વર્ગ તથા અપવર્ગ (મોક્ષ) સુધી આત્માને પહોંચાડવાની ધર્મમાં અને ખાસ કરીને ભગવાન વિતરાગના ધર્મમાં એ તાકાત છે એ શાસ્ત્રવચનો સર્વથા સત્ય અને પ્રમાણુભૂત છે. એમ સાબિત કરવાની જરૂર રહે છે ?

અમે ખાત્રીપૂર્વક, અને ભાર દઈને સવિનય જણાવીએ છીએ કે આ પવિત્ર આર્યભૂમીમાં જ્યાંસુધી ન્યાય, જ્ઞાતી, શિક્ષણ, રાજ્ય અને એવી બીજી સર્વ દુનીયાદારીની સંસ્થાઓ કરતાં ધર્મ સંસ્થાઓ પૂજ્યપદે, અગ્રપદે પ્રતિષ્ઠિત અને સ્વતંત્ર રહેશે ત્યાં સુધી તો જરૂર તેનો જ્વલંત પ્રભાવ આપણું કલ્યાણ કર્યા વિના રહેશેજ નહિ. માટે ધર્મ અને તેની સંસ્થાઓની પૂજ્યતા અને સર્વોચ્ચ પ્રતિષ્ઠા તથા સ્વતંત્રતા જાળવવા માટે પ્રત્યેક વ્યક્તિએ તન મન અને ધન અર્પીને જાગૃત પ્રયત્ન કરવાની જરૂર છે. એ માત્ર અમારો ઉપદેશ નથી. ઉપદેશ કરનારા અમે કોણુ ? પણ એ આપણા પવિત્ર શાસ્ત્રનો ધ્વની છે. સનાતન સત્ય છે. આજ સુધી આપણા પૂર્વ પુરૂષોએ સર્વસ્વને ભોગે એ સત્યની રક્ષા કરી છે. અમે તો માત્ર આપ સર્વ સ્વહીત સમજીને સહર્ષ વધાવી

લેશે। એવી આશા સાથે, એવી અનન્ય પ્રાર્થના સાથે આપ સર્વના સમક્ષ એ સત્ય સવિનય પણે રજુ કરીએ છીએ.

જો આપણે ધર્મની અગ્રપ્રતિષ્ઠાને જરા પણ આંચ લાવવા દેઇશું તો ખાસ માનવું કે— આપણી કલ્યાણ પરંપરામાં પણ આંચ આવશે.

સાંભળો શાસ્ત્ર શું કહે છેઃ—

## धम्मो मंगल मुक्किठं.

કલ્યાણકર સર્વ સંસ્થાએ। મંગળ છે. પણ ધર્મ ઉત્કૃષ્ટ મંગળ છે.

ધર્મની ઉત્કૃષ્ટતામાં ખામી આવવા દઇએ તો જરૂર મંગળ અટકે એમાં શે। સંશય છે. ? પણ અમારા જગતના સર્વ સત્ય તત્વો પ્રત્યે મંગળ પ્રાર્થના છે કે—એવી અપમંગળ ભાવનાને પણ જગતમાંથી હાંકી કાઢે !

વ્હાલા બંધુએ। !

આ સ્થળે એક શુભ સમાચાર, એક શુભ સંદેશો આપવાને અમારૂં મન લલચાય છે, અને તે અમારી આ તીર્થયાત્રાના પ્રસંગમાં અમે જોઇ રહ્યા છીએ કે, આ જડવાદના જમાનામાં પણ હજુ કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુર્જર પ્રદેશોમાં આપણા જૈન તેમજ જૈનેતર ભાઇઓમાં ઉંડે ઉંડે ધર્મના

અનન્ય પ્રેમસાગર ટકી રહેલો છે તેની એકાએક ભરતીની અનન્ય છોળોએ અમને અને અમારી સાથેના પૂજ્ય સંઘને ન્હવરાવી નાખેલ છે. ગમે તેવી લાગણીની વ્યક્તિઓએ પણ ધર્મકાર્યમાં અનુકુળ કેમ રહેવાય તેની પુરતી કાળજી રાખી છે, જે અમે જોઇ શકયા છીએ. અમારી કલ્પનામાં પણ નહોતું કે આવી ધર્મભાવના હજુ આપણામાં વાસ કરીને રહેલ છે. આ મંગળ સમાચાર છે? તે આપને નિવેદન કરીયે છીએ, પરંતુ આ પ્રસંગે શ્રી ગિરિરાજને કેમ ભુલાય! આજે અમારો સંઘ યદ્યપિ એ ગિરિરાજની યાત્રા વિના પાછો ફરશે તેના દર્શન વિના તલસતો વિદાય થશે. તે જે રીતે ધાર્મિક હૃદયો વલોવાશે, તેનો ઉલ્લેખ શી રીતે કરવો? પણ ફીકર નહી એ ક્ષણિક વિઘ્નો છે. દરેક શુભમાં વિઘ્ન હોયજ અને તોજ તેની કિંમત, ભલે આજે એમ હોય; પણ એ સનાતન ગિરિરાજ સાથે આપણો સનાતન સંબંધ છે. તે અન્યથા કરનાર જગમાં કોઇ પણ તત્ત્વ વિદ્યમાન હોય એમ કબુલ કરવાને આપણું અંતઃકરણ સર્વથા ના પાડે છે. એ આશાના આશ્વાસન સાથે અત્યારે અમે અમારૂં મન મનાવી શકીએ છીએ.

છેવટેઃ—ગમે તે જમાનો હોય–ભુતકાલીન–આધુનીક કે ભાવી જમાનો હોય પણ તે દરેકમાં પ્રજાનું અને એકંદર પ્રાણી સમસ્તનું સમાન રૂપે કલ્યાણ કરી શકે તેવા આર્ય શાસ્ત્રોએ પ્રતિપાદિત સનાતન સત્ય તત્વોને ક્ષતિ પહોંચવા દીધા વિના શ્રી વીતરાગ ધર્મના ઉપદેશને સામે આદર્શ

તરીકે રાખીને, ઉચિત અને કાર્યસાધક યોજનાઓ દ્વારા જ્ઞાતિ, ધર્મ અને પવિત્ર ભારત વર્ષમાં આર્ય પ્રજાના ઉત્કર્ષ માટે પ્રયત્ન કરવાની આપની સુચનાને તે હૃદયમાં કોરી રાખી તે પ્રમાણે યથાશકિત પ્રયત્ન કરવાની શકતી અમારામાં જાગૃત રહે, એવી પ્રાર્થના સાથે આપ સર્વનો આભાર માની વિરમીએ છીએ.

**નામદાર મુખ્ય દીવાનજી સાહેબ, બાનુઓ, ઓફીસર સાહેબો તથા સદ્ગૃહસ્થોઃ—જુનાગઢ.**

અત્રે નામદાર મુખ્ય દીવાનજી સાહેબે પધારી તથા આપ સર્વે સાહેબોએ પધારી અમો સંઘ પ્રત્યે જે ઉપકાર કર્યો છે તે પ્રસંગે આપ સર્વનો નમ્ર સત્કાર કરતાં મને ઘણો હર્ષ થાય છે.

આ રાજ્યમાં હિંસા નહિ થવા તથા દારૂના અટકાયત કરવા સંબંધી જે જે હુકમો આ રાજ્ય તરફથી થવાનું અહીં આવતાં અમારા સાંભળમાં આવેલ છે તે માટે ખુદાવીંદ નેક નામદાર નવાબ સાહેબ તેમજ આપ નામદાર દિવાન સાહેબના અમો પુરતા આભારી થયા છીએ. આપ નામદારદીવાનસાહેબે વેરાવળ મુકામે આપ નામદાર સાહેબને મળવા મને જે ઉત્તમ તક આપી છે તે માટે તેમજ અહિ અમારા મુકામ વખતે સ્ટેટ તરફથી આપ નામદાર સાહેબે જે જે સગવડો અમો સંઘને આપી અમારા માટે લાગણી બતાવી છે તે માટે આપ નામદાર સાહેબનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે.

આવી સખત ગરમીના વખતમાં આપ નામદાર સાહેબ રાજ્ય કારભારમાં બહુ વ્યવસાયી છતાં અમો સંઘ ઉપર ઉપ-કાર કરી અત્રે પધારવા તસ્દી લઇ જે કૃપા કરી છે તે માટે આપ નામદાર સાહેબનો તથા મી. સીમ્સ સાહેબનો તથા મી. ટીનલી સાહેબનો વગેરે સહુ સાહેબોનો તથા બાનુઓનો હું અંતઃકરણ પૂર્વક આભાર માની તસ્તી માટે માફી ચાહું છું.

નામદાર મુખ્ય દીવાનજી સાહેબ,

આપ નામદાર સાહેબે રાજ્ય તરફથી આ પોષાક આપી મારા ઉપર વિશેષ ઉપકાર કર્યો છે. તે માટે ખુદાવિંદ નેકનામદાર નવાબ સાહેબ તથા આપ નામદારના હું તથા મારૂં કુટુંબ પુરતા રૂણી થયાં છીએ. આપ નામદાર સાહેબની તે કદર અને માયાળુ લાગણી માટે મારા ખરા અંતઃકરણ પુર્વક માનની લાગણી સાથેનો ઉપકારનો સંદેશો ખુદાવિંદ નેકનામદાર નવાબ સાહેબ હજુર આપ નામદાર રજુ કરી અમોને આભારી કરશોજી.

આપ નામદારની શુભ ચાહના માટે આપ નામદાર સાહેબનો ફરી ઉપકાર માની લીધેલી તસ્દી માટે માફી ચાહું છું.

## આ મહાન સંઘની ખુશાલીમાં સંઘવીશ્રીને રાજા–મહારાજાઓ તરફથી, સ્વાગત નિમિત્તે આવેલા

# તારો.

1

*Dhrangadhra* *6 th April 27.*

**Sanghvi Nagindas Karamchand Patanwala**
**Maliya.**

Both his highness and myself are glad to learn that you had safe pilgrimage to Cutch and wish you happy journey to Junagadh.

*Mansinh.*

2

*Bhuj* *6 th April 27.*

**Sheth Nagindas Karmchand.**
**Maliya.**

Thanks for wire and sentiments expressed there in I shall forward your message to highness. your tour in Cutch has left many pleasent memories behind, which will be associated with your good name for many a year.

*Maharaj Kumar-Cutch.*

3

*Veraval* *30 Apail 27.*

**Sheth Nagindas Karmchand.**
**Junagadh.**

Please accept my best thanks and also on behalves of junagadh state for your kind telegram.

*Dewan Junagadh.*

4

*Dhrangadra* *30 th April 27.*

**Seth Nagindas Karamchand**
**Junagadh.**

Very pleased to hear that you all arrived safty. wish you very pleasent return home

*Mansinh.*

5

*Maliya* *29 April 27.*

**Nagindas Karamchand.**
**Junagadh.**

Heartly congratulation for successful arrival there wish you all happiness. Pranams to Acharya maharaj Nitivijayji.

*Thakor saheb maliya.*

6

*Maliya* *4 may 27*

**Nagindas Karamchand.**
**Junagadh**

Maliya thakor saheb and Jain community heartly congratulate you for being recognised shanghvi Vandna to Acharya Nitivijayji maharaj.

*Dalichand & Sangh.*

7

*Bomby* *7 may 27*

**Nagindas Karamchand**
**Patan.**

Tender hearty sincere congratulations successful termination, most magnificent unique magnaminously managed sangh.

*Khimji Kayani.*

## સંઘમાં જે જે ગૃહસ્થો તરફથી જમણ અપાયેલાં તેની નોંધ.

| મીતી | | ગામ | જમાડનારનું નામ | જમણ |
|---|---|---|---|---|
| પોષ શુ. | ૨ | કુણઘેર | શેઠ પુનમચંદ કરમચંદ કોટાવાળા | મોતીચુરનું. |
| ,, | ૩ | જમણપુર | શેઠ દલસુખ હીરાચંદ ખંભાત. | શીરો. |
| ,, | ૪ | હારીજ | શ્રીહારીજ જૈનસંઘ | બરફીચુરમું. |
| ,, | ૫ | મુંજપર | સંઘવી નગિનદાસ કરમચંદ | શીરો. |
| ,, | ૬ | શંખેશ્વર | શા. ગોપાળદાસ છગનલાલ | શીરો. |
| ,, | ૭ | ,, | શેઠ સરૂપચંદ કરમચંદ | તળ્યું ચુરમુ. |
| ,, | ૮ | ,, | સંઘવી નગિનદાસ કરમચંદ | શીરો. |
| ,, | ૧૦ | પંચાસર | શા. મગનલાલ કેવળદાસ કડી | મોતીચુરમું. |
| ,, | ૧૧ | દસાડા | શા. ત્રીકમલાલ ન્હાલચંદ પાટણ | બરફીચુરમું. |
| ,, | ૧૨ | માંડલ | શા. લાડકચંદ જેચંદભાઇ માંડલ | મોહનથાળ. |
| ,, | ૧૩ | ,, | સંઘવી નગિનદાસ કરમચંદ | બરફીચુરમું. |
| ,, | ૧૪ | ઉપરીયાળા | બાઇ મોતી તે શા. વેલચંદ હઠીસીંગનાં પત્નિ વીરમગામ. | મોતીચુરમુ. |
| ,, | ૧૫ | ,, | શ્રી વીરમગામ મહાજન | શીરો. |
| પોષવદી | ૧ | અજાણા | સંઘવી નગિનદાસ કરમચંદ | શીરો. |

| | | | | |
|---|---|---|---|---|
| ,, | ૨ | અચ્યાશ્રા | શા. ચુનીલાલ મ્હાનચંદ પાટણ | બાટ. |
| ,, | ૩ | મેથાણ | સંઘવી નગિનદાસ કરમચંદ | કળીના લાડુ. |
| ,, | ૩ | રાજગઢ | શા. ચુનીલાલ મગનલાલ પાટણ | બરફીચુરમું. |
| ,, | ૪ | ધ્રાંગધ્રા | શ્રી ધ્રાંગધ્રા મહાજન | પકવાન ઘેવર. |
| ,, | ૫ | ,, | સંઘવી નગિનદાસ કરમચંદ | ચુરમાના લાડુ. |
| ,, | ૬ | ,, | શા. પોપટલાલ ધારસીભાઇ | તળચુચુરમુ. |
| ,, | ૭ | મુળી | શા. ડાહ્યાભાઇ ઘેલાભાઇ મેસાણા | શીરો. |
| ,, | ૮ | હળવદ | શ્રી હળવદ જૈનસંઘ | શીરો. |
| ,, | ૯ | ,, | શા. કમળશીભાઇ લવજીભાઇ | મોહનથાળ. |
| ,, | ૧૦ | વાટાવદર | શા. ચુનીલાલ ખુબચંદ પાટણ | મોહનથાળ. |
| ,, | ૧૧ | સુરવદર | શેઠ સુરજમલ ખુબચંદ ત્થા શા. ડાહ્યાભાઇ હીરાચંદ પાટણ. | મોહનથાળ. |
| ,, | ૧૨ | વેણાંસર | શા. ડોસાભાઇ નાગરદાસ પાટણ | બરફીચુરમું. |
| ,, | ૧૩ | માણાબો | શા. ચંદુલાલ કેશરીચંદ રાધનપુર | શીરો. |
| ,, | ૧૪ | કટારીયા | શા. પરશોતમ ઝવેરચંદ | શીરો. |
| ,, | ૦)) | ,, | શા. જમનાદાસ હઠીસંગ અમદાવાદ. | મગજ. |
| મહા શુ. | ૧ | લાકડીયા | શ્રી લાકડીયા જૈન મહાજન | શીરો. |
| ,, | ૨ | સામખીયાળી | શા. હીરાચંદ ઘેલચંદ પાટણ | શીરો. |

| | | | | |
|---|---|---|---|---|
| ,, | ૪ | ભચાઉ | શા. મણીલાલ રતનચંદ પાટણ | શીરો. |
| ,, | ૫ | ચીરાઈ | શા. ચુનીલાલ ગોળકળદાસ અમદાવાદ, | શીરો. |
| ,, | ૬ | ભીમાસર | શા. ભુલાખીદાસ પુજીરામ મેસાણા. | શીરોપુરી. |
| ,, | ૭ | અંજાર | શ્રી અંજાર જૈનસંઘ | લાડુ ગાંઠીયા. |
| ,, | ૮ | ,, | સંઘવી નગિનદાસ કરમચંદ | મગજ. |
| ,, | ૯ | ભુવડ | મણીઆર છોટાલાલ પાનાચંદ મણીલાલ રતનચંદ. | લાડુ. |
| ,, | ૧૦ | ભદ્રેશ્વર | શ્રી કચ્છનો સંઘ | શીરો. |
| ,, | ૧૧ | ,, | શેઠ મનસુખભાઇ ભગુભાઇ અમદાવાદ | શીરો. |
| ,, | ૧૨ | ,, | શેઠ જેઠાભાઇ નરસી તથા શેઠ લધાભાઇ માવજી<br>શેઠ હરસીભાઇ લાડણ તથા શેઠ નથુભાઇ ગોસર | શીરો તથા દાળભાત. |
| ,, | ૧૩ | ,, | સંઘવી કરમચંદ ઉજમચંદ હાઃ મણીલાલ કરમચંદ | સ્હવારે દાળભાત સાંજે ચુરમાના લાડુ. |
| ,, | ૧૪ | ,, | શા. ઉમરશી કુંવરજી ગોધરા | બરફી લાડુ. |
| ,, | ૧૫ | ગોરસમા | શા. રણસી ભારમલ તથા ઠાકરશી હીરજી | શીરો. |
| મહા વદ | ૧ | મુદ્રા | શ્રી મુદ્રાનો જૈનસંઘ | કળીના લાડુ. |
| ,, | ૨ | ભુજપુર | શેઠ ગોરસ પદુ | મોહનથાળ. |
| ,, | ૩ | ડાંગરા | શા. વેલજી ગાંગજી | શીરો. |

| | | | | |
|---|---|---|---|---|
| ,, | ૪ | નાનીખાખર | નાનીખાખર જૈનસંઘ | બુંદીનાલાડુ. |
| ,, | ૫ | ,, | સંઘવી નગિનદાસ કરમચંદ | શીરો. |
| ,, | ૬ | તુંબરી | શેઠ ઠાકરશીભાઇ તથા તુમરીવાળા | શીરો. |
| ,, | ૭ | બીદડા | શ્રી બીદડા જૈનસંઘ | શીરો. |
| ,, | ૭ | ,, | રાજપાળ હુરસીભાઈ | બુંદી મોહનથાળ. |
| ,, | ૮ | ,, | શા કરમચંદ ઉજમચંદ | મોહનથાળ. |
| ,, | ૯ | કોડાય | શ્રી કોડાય મહાજન | લાડુ દાળભાત. |
| ,, | ૯ | રાયણુ | શ્રી રાયણુ મહાજન | મોહનથાળ. |
| ,, | ૧૦ | માંડવી | શ્રી માડવીના સંઘ તરફથી | લાડુ ને મેસુબ. |
| ,, | ૧૧ | ,, | સંઘવી નગીનદાસ કરમચંદ | લાડુ. |
| ,, | ૧૨–૧૩ | ,, | શા સાકરચંદ માણેકચંદ | મોહનથાળ લાડુ. |
| ,, | ૧૪ | નવાવાસ | શા ઘેલાભાઇ ગણેશભાઈ તથા<br>શા પુનશીભાઇ પાસુ દેવજીભાઈ ધારસી | કળીનાલાડુ. |
| ,, | ૦)) | મેરાઉ | શ્રી મેરાઉ સંઘ | |
| ,, | ૦)) | ગોદરા | શ્રી ગોદરા જૈન સંઘ | બાંટ. |
| ફાગણુ શુ. | ૧ | લાયજા | શ્રી લાયજાનો જૈન સંઘ | બાંટ. |

| | | | | |
|---|---|---|---|---|
| ,, | ૨ | બાયઠ | શ્રી બાયઠનો જૈન સંઘ | ચાપાણી. |
| ,, | ૨ | બાડા | શ્રી બાડાનો જૈન સંઘ | નાસ્તો. |
| ,, | ૨ | વેંધ | શા લાલજીભાઇ ભારમલ | શીરો. |
| ,, | ૩ | ડુમરા | શા રતનજી મુળજી તથા રતનશી પરબત | કળીનાલાડુ. |
| ,, | ૪ | સાંધણુ | શા શીવજી મેઘણુ તથા વસનજી દામજી | દાળભાત. |
| ,, | ૪ | સુથરી | શા ડોસાભાઇ ખીયસી તથા કાનજી રતનશી | શીરો. |
| ,, | ૫ | ,, | | મગજ. |
| ,, | ૬ | સાયરા | શ્રી સાયરાનો જૈન સંઘ | સવારે લાડુ. |
| ,, | ૬ | કોઠારા | શ્રી કોઠારા જૈન સંઘ | લાડુ. |
| ,, | ૭ | ,, | શેઠ આણુંદજી હીરજી વેલજી | શીરો. |
| | ૭ | વરાડીઆ | શેઠ નરશી ચત્રભુજ સવારમાં | મોતીઆલાડુ. |
| ,, | ૮ | વાર્ણપદર | શેઠ કુંવરજી કેશવજી | લાડુ ગાંઠીયા. |
| ,, | ૮ | પરજાઉ | શેઠ પદમશી કાનજી રાજપાળ | શીરો. |
| ,, | ૯ | જખૌ | શ્રી જખૌ જૈન સંઘ | લાડુ. |
| ,, | ૧૦ | નલીયા | શ્રી જૈનસંઘ નલીયા | મેસુબ. |
| ,, | ૧૧ | તેરા | શેઠ અરજણુ ખીમજી | શીરો. |
| ,, | ૧૨ | ,, | શેઠ કરમચંદ ઉજમચંદ | લાડુ. |

| | | | | |
|---|---|---|---|---|
| ,, | ૧૩ | નાનીવમોટી | ઝવેરી કેસરીચંદ એમચંદ સુરત | ભુંદી ને સેવ. |
| ,, | ૧૪ | નખત્રાણા | શ્રી નખત્રાણા જૈન મહાજન | લાડુ. |
| ,, | ૧૫ | ,, | શા જેશીંગભાઈ ઝવેરચંદ ગુલાબચંદ સવારસાંજ | શીરો. |
| ફાગણ વદ | ૧ | અંગીયા | શ્રી અંગીયા જૈન સંઘ | ભાતુ |
| ,, | ૧ | વીથીંણુ | શ્રી ભદલીનો જૈન સંઘ | શીરો |
| ,, | ૨ | મંજલ | શા પ્રેમચંદ મગનલાલ તથા છોટાલાલ લહેરચંદ | શીરો |
| ,, | ૩ | માનકુવા | શ્રી માનકુવા જૈન સંઘ | મોહનથાળ લાડુ |
| ,, | ૪ | ભુજ | શ્રી ભુજનો જૈન સંઘ | બરફીચુરના લાડુ |
| ,, | ૫ | | સ્થાનકવાસી જૈન સંઘ તરફથી સવારે | દાળભાત |
| ,, | ,, | | શા મુળજી કુસળચંદ સાંજે | લાડુ |
| ,, | ૬ | ,, | સંઘવી કરમચંદ ઉજમચંદ | મોહનથાળ |
| ,, | ૭ | ,, | શ્રી મહારાજા ધીરાજ મીરઝાં બહાદુર **મહારાવશ્રી ખેંગારજી** સાહેબ | લાડુ |
| ,, | ૮ | કુકમા | દોલતરામ નથીનદાસ તથા વેલચંદ રગીલદાસ | મોહનથાળ લાડુ |
| ,, | ૯ | રતનાલ | ઝવેરી બાપુલાલ લલ્લુભાઇ તથા લલ્લુભાઇ હીરાચંદ | બરફી ચુરમુ |

| | | | | |
|---|---|---|---|---|
| ” | ૧૦ | અંજાર | શેઠ સોમચંદ ધારસી વિગેરે ગૃહસ્થો. | મેસુબ લાડુ |
| ” | ૧૧ | ભીમાસર | સંઘવી કરમચંદ ઉજમચંદ | ખાંટ |
| ” | ૧૨ | ચીરાઇ | જેસીંગલાલ સાકળચંદ તથા છોટાલાલ અમૃતલાલ | બુંદી |
| ” | ૧૩ | વીંધ | અમદાવાદવાળી બાઇઓ | શીરો |
| ” | ૧૪ | સામખીયાળી | શા લલ્લુચંદ ઉજમચંદ | બુંદી |
| ” | ૦)) | લાકડીયા | શેઠ હીરાલાલ ખકોરદાસ રાધનપુર | શીરો |
| ચૈત્ર શુ. | ૨ | થોરીઆળી | સંઘવી કરમચંદ ઉજમચંદ | બુંદી |
| ” | ૩ | ગોરાસર | સંઘવી કરમચંદ ઉજમચંદ | શીરો |
| ” | ૪ | વેણુાંસર | સંઘવી કરમચંદ ઉજમચંદ | શીરો |
| ” | ૫ | ખાખરેચી | શ્રીમાળીયા તથા ખાખરેચીના મહાજન તરફથી | શીરો |
| ” | ૬ | ગાળા | શા ગુલાબચંદ ગોમાજી તથા કસ્તુરચંદ ધનાજી તથા પનાજી મોટાજી | બુંદી |
| ” | ૭ | બેલા | બેલા રંગપર, આદરાણા મહાજન તરફથી | શીરો |
| ” | ૮ | મોરબી | સંઘવી ફીરચંદ સુંદરજી | અડદીયા લાડુ |
| ” | ૯ | ” | શ્રી મોરબી જૈન સંઘ | લાડુ |
| ” | ૧૦ | ” | સંઘવી કરમચંદ ઉજમચંદે મોરબીના સંઘને જમાડયો | આખી બુંદી |

| | | | | |
|---|---|---|---|---|
| ,, | ૧૧ | ટંકારા | શા માણેકચંદ ખીમચંદ વેરાવળ | બુંદી |
| ,, | ૧૧ | લતીપર | શેઠ જીવતલાલ પરતાપશી | બરફીચુરમુ |
| ,, | ૧૨ | ધ્રોળ | શ્રી ધ્રોળનો જૈન સંઘ | શીરો |
| ,, | ૧૩ | ફુલી | શા શાંતિદાસ ખેતશી તથા ગાંધી મનસુખલાલ પ્રેમચંદ | શીરો |
| ,, | ૧૩ | ધુઆળ | શ્રી જામનગર વીશા શ્રીમાળી સંઘ તરફથી | લાડુ |
| ,, | ૧૪ | જામનગર | શ્રી જામનગર ઓસવાળ સંઘ | બુંદીના લાડુ |
| ,, | ૧૫ | જામનગર | શેઠ નથુભાઇ ખીમજી (બેટંક) | શીરો |
| ચૈત્ર વદી | ૧ | ,, | સંઘવી કુરમચંદ ઉજમચંદ | લાડુ |
| ,, | ૨ | વણુથલી | બાઇ પારવતી તે દોશી નથુ ચાંપશીની વિધવા | લાડુ |
| ,, | ૩ | હડમતીઆ | શા. મુળચંદ હીરાચંદ | શીરો |
| ,, | ૪ | રામપુરા | શેઠ મોતીલાલ મુળજીભાઇ | મેસુબ |
| ,, | ૫ | રાજકોટ | રાજકોટ જૈનસંઘ | લાડુ |
| ,, | ૬ | ,, | સંઘવી કુરમચંદ ઉજમચંદ | લાડુ |
| ,, | ૭ | રીબડા | શ્રી રાજકોટમાં વસતા પટ્ટણીભાઈઓ | બુંદી |
| ,, | ૮ | ગોંડળ | શ્રી ગોંડળ જૈનસંઘ તરફથી | બરફીચુરમું |
| ,, | ૯ | વીરપુર | શેઠ મનસુખલાલ હુકમચંદ, કમળશીભાઇ બુલાખીદાસ | શીરો |

| | | | | |
|---|---|---|---|---|
| ,, | ૧૧ | જેતપુર | શેઠ શાંતિલાલ કપુરચંદ હેમચંદ | શીરો |
| ,, | ૧૨ | વડાલ | શેઠ પાનાચંદ જીવાભાઇ ત્થા લખમીચંદ સોમચંદ. | લાડુ |
| ,, | ૧૩ | જુનાગઢ | ઝવેરી મથુભાઇ જીવણભાઇ | શીરો |
| ,, | ૧૪ | ,, | વોરા કીશોરદાસ હાથીભાઇ ત્થા પરચુરણ બાઇઓ | બુંદી |
| ,, | ૦)) | ,, | શા. ચુનીલાલ નહાલચંદ અમલનેરવાળા | શીરો |
| વૈ. શુ. | ૧ | ,, | પ્રેમજી નાગરદાસ માંગરોળ | શીરો |
| ,, | ૨ | ,, | શા રસિકલાલ નગિનદાસ તથા લાલજી હીરજી | લાડુ |
| ,, | ૩ | ,, | સંઘવી કરમચંદ ઉજમચંદ | લાડુ |

આ સિવાય * વેરાવળ વંથળી વઢવાણ આદિ સ્થળોએ પણ જમણવાર કરવામાં આવ્યા હતા. આ અરસામાં સંઘ રેલ રસ્તે ગયો હતો.

ઉપરાંત દરેક ગામે જુદા જુદા ગૃહસ્થો તરફથી સંઘમાં આવેલ ગાડાના બેલો માટે ગોળ કપાશીયા ઘી. આદિણી લ્હાણી પણ થતી હતી. સ્થળ સંકોચને-લીધે એ નામો આપવામાં નથી આવ્યા.

---

* વેરાવળ—શ્રી વેરાવળ સંઘ. વંથલી—શેઠ દેવકરણ મુળજી.
વઢવાણ—શેઠ રસીકલાલ નગીનદાસ લખંતર તથા વઢવાણ સંઘ.

# શ્રી નગિનદાસ કરમચંદે કાઢેલ સંઘયાત્રાનો

# —※ રાસ ※—

---

## મંગલાચરણ.

[ દોહા ]

પ્રણમું પ્રેમે જીનપતી, મોક્ષ માર્ગ દાતાર;
ભવ–સર–તરન તારન વિભુ, વંદુ વારહજાર.

કરૂણાળુ તું પ્રેમમય, અંખડ સમકિત સાર;
રાગ ન દ્વેષ કોનાં પરે, વિશ્વ–પ્રેમ વિહાર.

તુજ જીવન રસ ઝીલતા ફળતા આતમકામ;
પામતાં મથ તાહરો 'જલ્પંતા તુજ નામ'.

સમરૂં દેવી શારદા વાણી વિમળ રસાળ;
તુજ પસાયે રાસ આ રચે જ્ઞાનહિનબાળ.

સ્હાય થજે સ્નેહે કરી કરૂં કાવ્ય કલ્લોલ;
વાણી સુરસ વર્ષાવજે મધુરો નિકળે બોલ.

આગે કવિઓ બહુ થયા સેવી તારા પાય;
કીર્તિ તુજ ઉજ્જવળ કરી ધનધન શારદ માય.

તે સહુગુણી જનને નમું યાચું વચન વિલાસ;
પદ પંકજ પ્રેમે પુજું હૈયે રાખી હુલ્લાસ.

## પાટણ

૧

[ દોહા ]

ભરતખંડ રળીયામણો ઉજ્જવળ જેની ભાત.
એનાં ઉપર ઝુલતી હરીઆળી ગુજરાત
ગુર્જરદેશ મધ્યે રૂડું મનહર પટ્ટન ગામ
શહેર શોભિતું ને વળી ધર્મ ક્ષેત્રનું ધામ.

[ ઢાળ-" દરીશન કરીયે દેવના " ]

પાટણ ગામ રળીયામણું શોભા જેની અપાર
આગે નર વીર બહુ થયા કહેતા ના'વે પાર
સલુણાં સુણજો.
કુમારપાળને વળી, હેમાચાર્ય મહાન
ઉદ્દયન બાહડ વીરલા એ તો ગુણ કેરી ખાણ સ૦
સિદ્ધરાજ નર શોભતો વસ્તુ તેજ વિશાળ
વિમળશા નર નાથ હો જેની કીર્તિ રસાળ સ૦
શોભન સ્વરૂપ, શામળો રૂપચંદ ને મોતિ
સુરનર વીર શ્રાવકો પ્રગટે નિર્મળ જ્યોતિ સ૦
આવા શ્રાવક બહુ થયા રિદ્ધી સિદ્ધિના સ્વામિ,
છપ્પન ભુંગળ ગાજતાં જગમાં જોડ ન જાણી. સ૦
મોટા પર્વત જેવડા પ્રાસાદો ય અપાર,
ચૌટા ચોરાશી ચોકલાં બાવન શોભે બજાર. સ૦

ઘરઘર જીન મંદિર શોભતાં ગણુતાં નાવે રે પાર,
જ્ઞાનમંદિરો પણુ અતિ પૌષધશાળા અપાર. ૨૯
પ્રભુ–ભકિતને દાનનો મહિમાં માને મહાન,
શિયળને તપ સેવતાં પાળે જીનવર આણુ ૩૦
પૂર્વે પાટણુ આ હતું જૈનો જગ વિખ્યાત,
પ્રતાપ એનો આજપણુ પાડે ઉજળી ભાત. ૩૦

૨

## સંઘપતિનો પરિચય અને યાત્રાની ઇચ્છા.

( દોહરો )

પૂનિત પટ્ટન આંગણે પ્રગટયો **નગિન** સુજાન,
માનવ ગગન મંડળ મહીં ઉગ્યો બીજો ભાણુ.

( ચોપાઇ )

દશા**શ્રી**માળી રૂડી નાત ઉચ્ચ કુળને અનુપમ જાત
ઉજમચંદ નામે ગુણુવાન કર્મચંદ તે ઘર સુજાન
**કર્મ** સુત નરનાથ **નગિન** માત દિવાળી ધર્મ પ્રવીન.
બંધુ બે એક જયેષ્ઠ અનુજ હરિયાળી કૌટુમ્બીક કુંજ
સુર્ય ચંદ્ર સમ સુત બે ઘેર **રસિક–સેવંતિ** સુપેર
**કલાવતી** શ્રી પુત્રી સુજાન પત્નિ **કેસર** બહુ ગુણુવાન.

[ દોહા ]

ઉજજવળ કુટુંબથી દિપતો નરવર નગિનદાસ
ધર્મપ્રેમને ભકિતના હૈયે હોડઉલ્લાસ

અંતરથી જપતો સદા ધીર વીર જીનરાજ
બાર વૃતોને ઉચ્ચરી કરતો અનુપમ કાજ
સખાવતો શુભ તે કરે દાન જગે વિખ્યાત
સર્વ કાર્યમાં શ્રી ધરે એવા ઉર અભિલાષ
ઉદ્યાપન રૂડું કર્યું નગદ ખર્ચી એક લાખ
લ્હાવો લાખેણો લીધો કીર્તિ રળે અમાપ

[ ઢાળ પૂજાનો ]

એકદિન ઉરમાં અરે ભાવ જાગ્યા મહાન
સંઘ કાઢું સોહામણો આપુ અનુપમ દાન
મોહનજી મેરા
ભકિતવિજય પન્યાસજી અર્પે ભાવ વિકાસ
નગિનદાસ ત્યાં તો ગયા, કીધો હૈયે હુલ્લાસ મો૦
આશા અંતરની ફળી મુનિ માર્ગ બતાવે
ભદ્રેશ્વરના તિર્થનું હૈયે ભાન કરાવે. મો૦
આશિષ લઇ સહુ ઉઠીયા, ઉરમાં હોંસ અપાર
ભદ્રેશ્વર તિર્થનો સંઘ કાઢું વિસ્તાર મો૦
મળીયા **વિજયનેમીસૂરિ** શાસન કેરા સરદાર
પાયવંદી સુચના ગ્રહી નગિનદાસે અપાર મો૦
અંતરમાં રૂચી વાતએ કરૂં કચ્છ ગિરનાર
વિરહ સિદ્ધગીરીતણો એથી રેવત સાર મો૦
યાત્રા ઉર નક્કી કરી સલાહ લીધી સો વેર
તરત જ તૈયારી કરી આમંત્રણ્યા ચોમેર. મો૦

૩

## સંઘનો પડાવ.

( દોહા )

આમંત્રણ ફરતાં બધે 'જૈન-હૃદય' હરખાય,
હોંસે હોંસે **સંઘનો લાભ** જ લેવા જાય,
માગસર વદ તેરસ દિનનું અનુપમ મુરત સાર;
વિક્રમ સંવત ઓગણીશ તે પર ત્રાશી તાર,(૧૯૮૩)
શુભ શુકન લઈ સાબદો થયો સંઘ પરિવાર;
પાટણના પાદર મહીં ઉતારો નિરધાર.

( ઢાળ " આજ આનંદ આંગણે, મુનિ દર્શન દેતા. " )

ઠઠ જામી અપાર રે સંઘ જોવાને જઈએ.
તંબુ પાલ તણાય રે સંઘ જોવાને જઈએ.
સાધુ સાધ્વી છે ઘણાં " "
આનંદ કેરી નથી મણાં " "
યાત્રાળુ બહુ આવીયા " "
**સાથે** તૈયારી લાવીયા " "
ગાડા કેરા ન પાર રે " "
તંબુ ઉભા અપાર રે " "
સંઘમંદિર શોભતું રે " "
સોના રૂપાએ ઓપતું " "
બીરાજે પ્રભુ **પાસજી** " "
પુરે મનવાંછિત આશજી " "

દર્શન કરવા દેશ દેશથી ” ”
આવ્યા શ્રાવકો સ્નેહથી ” ”
માનવ ટોળે ટોળાં મળી ” ”
સૌનાં નાચે હૈયાં વળી ” ”
જોવા રૌપ્ય જીનાલયે ” ”
હોંસે હરખી સૌકો નમે ” ”
પૂજા આંગી રચાય જો ” ”
અંતર સૌના હરખાય ” ”
શોભે કચેરી સંઘની ” ”
સભા વચ્ચે છે સંઘવી ” ”
વદને આનંદ માયના ” ”
શોભા એ તો ગવાયના ” ”
ગાય ગવૈયા ગાન સુ ” ”
દેતા સંઘવી દાન બહુ ” ”
વળી વધાવા આવતા ” ”
સંઘ કાર્ય વધાવતા ” ”
આવી રીતે સંઘનો થયો ઠાઠ અપાર
શકે ન ભારતી વર્ણવી સંઘ જ કેરો ભાર

૪

## પ્રયાણ.

( દોહા. )

પોષ શુદી દ્વિતીયા રૂડી, વાર ભલેરો બુધ;
યાત્રા માટે સંચર્યો, સંઘ નગીનનો શુભ.

ગાડાં ગાડી ઘોડલાં, મોટર ઉંટ અપાર;
નોકર ચાકર સૌ મળી, માણુસ પાંચ હજાર.
ચોકી માટે રજપુતો, રણશુરા પણ સાથ;
સૈનિકો પણ સાથમાં, ભ્રાંગધ્રા શુભ રાજ.
સેવક મંડળ સાથમાં, પાટણ જૈન સમાજ;
સેવા કરવા સંઘની, આવ્યા યુવક પચાસ.
સઈ મોચી સુતારને વાણુંદ લીધા સાથ;
ખરચો આપે સંઘવી, કરવા સંઘનું કાજ.
પાણી કાજ પખાલીયો, દવાશાળા શુભ પેર;
મશાલ બત્તીઓ વિજળી, સાથે છે લીધેલ.
મોદીખાનું સાથમાં, એક [1]સકળ–ભંડાર;
વ્યવસ્થા બહુ જાળવી, રચના રૂડી વિશાળ.
સાધુ સાધ્વી સાથમાં, લગભગ ત્રણસો સાર;
સાથે શાળા જ્ઞાનની, વિદ્યાભુવન વિચાર.
છહરી તપ કરતાં ઘણાં, યાત્રાળુ વળી સાથ;
વ્યવસ્થા સૌ વર્ગની, જાળવતો સંઘ–દાસ.
શ્રીમંત કુટુંબ સાથમાં વિચરે પાદ–વિહાર;
દ્રશ્ય ભલેરૂ દિપતું, શોભા અપરંપાર.

## યાત્રા.

[અહીંયા માત્ર ગામ અને જે જગ્યામાં દેરાસરો આવેલાં તેમના મુળનાયકજીનાજ નામો આપવામાં આવ્યા છે. સંપૂર્ણ વિસ્તાર પૂર્વક વર્ણન આગળ ગદ્યમાં આવી ગયું છે. તેમજ એ સઘળું ફરીથી આપવા જતાં ગ્રંથ વિસ્તાર પામે એટલે ટુંકામાં હકિકત આપી છે. ]

---

૧ સકળ ભંડાર–સ્ટોર.

( ઢાળઃ—" વાસુપુજ્ય હો વાલમા." )

પોષ શુદી દ્વિતિયા દિને, સંઘ **કુણઘેર** આવ્યો;
રૂડાં **શાંતિ–પ્રભુ** તણાં, દરીશન લાભ લેવાયો.
સંઘ યાત્રા અનેરી.

સામૈયું કરે સંઘનું, ઉલટ ઉર અપારા;
જૈન જૈનેતરો સહી, લુંટે આનંદ ધારા.
મજા આવે મધુરી.

ત્રીજે **જમલાપુર** ગયો દરશ્યા **ચંદ્ર** પ્રભુજી
ચોથે **હારિજ** શહેરમાં **શાંતિનાથ** વિભુજી
સંઘયાત્રા અનેરી.

પંચમી **મુજપુર** ઉજવી. દહેરા બે છે વિશાળા
**શાંતિનાથને** **પાસજી** સોહે છે રઢીયાળા
મજા આવે મધુરી.

છઠે તિર્થ **શંખેશ્વરે** સંઘ આવ્યો ઉલસતો
પ્રગટ પ્રભાવીશ્રી **પાર્શ્વનાથ** પ્રભુ હો
સંઘયાત્રા અનેરી.

સાતમ આઠમ સંઘ તો રોકાયો અહીં પ્રિતે
દશમીબુદ્ધ **પંચાસરે** દરશન **મહાવીર** દેવે
મજા આવે મધુરી

**દશાડે** ગુરૂવારતો દરીશન શાંતિપ્રભુનાં
દ્વાદશ **માંડલમાં** થઇ, દહેરાં ચાર ભલેરાં
સંઘયાત્રા અનેરી

**આદિનાથને પાસજી વાસુપુજ્ય** મીઠેરા
**શાંતિનાથ** પ્રભુ રૂડા; દરીશન શુભ કીધેરા.
મજા આવે મધુરી

ચૌદશ પુનમ પ્રેમથી કીધી **ઉપરીયાળા**
તિર્થ **આદિ** પ્રભુ તણું વરસે આનંદ ધારા
સંઘયાત્રા અનેરી

**બજાણે** વહી એકમે દરશ્યા શાંતિદયાળા
અખીયાણાં નેમનાથથી રાજગઢે ઉતારા
મજા આવે મધુરી

ત્યાંથી **ધ્રાંગધ્રે** આવીયા ચોથને શનિવારા
સંઘ સામૈયું તો રૂડું આનંદ આવે અપારા
સંઘયાત્રા અનેરી.

હાથી ઘોડાને ગાડીઓ માનવ જંગ વિશાળા
**રાજસન્માનો** શોભતાં લીધા લાવ લાખેણાં
મજા આવે મીઠેરી

**શોભતાં** શણગારથી ઉત્તમ એવાં બે દહેરાં
**વાસુપુજ્ય** સ્વામિ અને **અજીત**નાથ અનેરા
સંઘયાત્રા અનેરી

**ચુલી** થઇ **હળવદ** આવીઆ આઠમને બુધવાર
**વાસુપુજ્ય** પ્રભુ દીપે ઉમંગ ઓર અપારા
મજા આવે મધુરી

**વાંટાવદર** દશમે ગયા શોભે ચંદ્ર પ્રભુજી
ગુરવાર એકાદશે દ્વાદશ વેણાંસરેજી
સંઘ યાત્રા અનેરી

આઠ ગાઉનું આવીયું ' રણુ ' **માણાબા** કેરૂં
તેરસનાં રણુ ઉતર્યા પ્રગટી આનંદ સેરૂં
મજા આવે મધુરી

ગુજરાત અને હાલારથી, આવ્યા વાગડ દેશ
પ્રજા નિરખી કુચ્છીની ઉત્તમ-સાદો વેષ
માણાબાથી ઉપડી સંઘ **કટારીયા** જાય
દરિશન કરી **મહાવીરનાં** પતિત પાવન થાય,

( ઢાળ, રાસડાની ઢબ )

માઘ શુદી એકમને દીને લાકડીયે મુકામ છે રે
રૂડા **શાંતિ** પ્રભુનાં દરસનની કંઇ લ્હાણુ છે રે
માઘ શુદી બીજને દીને **સામખીયાળી** જાય
વાસુપુજ્યને વિનવી અંતર તો હરખાય
આવ્યા ચોથને દહાડે ભચાઉ ગામે મહાલતા રે
દાદા અજીત કેરાં દર્શન દુર્લભ-પામતા રે
પંચમીએ **ચીરાઇ**માં પ્રભુજી **પારસનાથ**
**ભીમાસર** ત્યાંથી ગયો હરખે છે સંઘ સાથ
સાતમ મંગળવારે **અંજાર** આવ્યા સહુ રે
રૂડા દેહરા ત્રણુ છે વાત વખાણી શી કહું રે

ધ્વજા પતાકા ઠાઠથી શોભા કરી અપાર
સામૈયું મનહર કરી, સેવા જીલી સાર.
**વાસુપુજ્ય** સ્વામિનું દહેરૂં શોભે સુંદર તો અતિ રે
**શાંતિ** પ્રભુ **સુપાર્શ્વ** દાદા કેરી દીપતી ત્યાં રતી રે
અંજારેથી ઉપડયા આવ્યા **ભુવડ** ગામ
દહેરૂં **મહાવીર દેવનું** ઉલસે આતમરામ
માઘ શુદી દશમી દીને સહુ **ભદ્રેશ્વરજી** જાય છે રે
દરીશન '**મહાવીર**' દાદા કેરાં કરતાં કર્મ કપાય છે રે
હૃદયંગમ પ્રતિમા રૂડી સુંદર મધુર રસાળ
ભેટંતા એ વીરને ઉપજે સુખ અપાર

( દુહા )

પાંચ દિન રોકાઇને ગયા **ગોરસમા** ગામ
શુદી પુનમને બુધ દીને ધર્યું **ચંદ્રપ્રભુ** ધ્યાન
માઘ વદી એકમ દીને ઉત્તણુ શુભ ગુરૂવાર
**સુદ્રા** ગામે આવીઓ સકલ-સંઘ પરિવાર
ઊત્તમ દહેરાં ચાર છે. અવની માંહી અજોડ
ગગન ચુંબીત શિખરો સ્વર્ગ સદન સમ ટોડ
**પાર્શ્વનાથ આદિશ્વરા મહાવીર** દેવ મહાન્
ચિંતામણી **પારસ**પ્રભુ શોભે છે ગુણખાણુ

[ ઢાળ " વાસુપુજ્ય હો વાલમા० ]

માઘ વદી બીજનાં દીને સંઘ **ભુજપુર** આવે
દરીશન પાર્શ્વ પ્રભુ તણાં કરતાં કષાયો જાવે

ત્રીજ દીને **કાંડાગરા** પ્યારા, **શાંતિ** પ્રભુજી
**નાનીખાખર** ચોથનાં દરશ્યાં **પાર્શ્વપ્રભુજી**
મજા આવે મધુરી

છઠે મંગલ **તુંબડી નેમનાથ** છે ન્યારા
બીજી છઠે તો **બિદડા આદિનાથ** રૂપાળા
સંઘ યાત્રા અનેરી

તીન દીન રોકાઇને નવમેં **રાયણ** આવે
દરીશન ચંદ્રપ્રભુ તણાં કરતાં પાતક જાવે
મજા આવે મધુરી

દશમે **માંડવી** શહેરમાં સંઘ ઠાઠ જમાવે
જામી માનવ મેદની ટોળાં જોવાને આવે
સંઘ યાત્રા અનેરી

રૂડી રોશની તો કરી ધ્વજા પતાકા શોભે
છોળો માનવ-પ્રેમની આવી આવી ને ઉડે
મજા આવે મધુરી

દહેરાં સુંદર છ અહીં કળા સુંદર સારી
રચનાં કારીગરી અતિ નયને આનંદ કારી
સંઘ યાત્રા અનેરી

**પાર્શ્વ-શાંતિ** પ્રભુ અને **શિતલજીન** અને સોહાયે
**ધર્મનાથ અજીતને** પ્રભુ **વીર** બિરાજે
મજા આવે મધુરી

**નવાવાસ** ત્યાંથી ગયા બુધ ચૌદશ સારી
**શાંતિનાથ** બિરાજતા શોભા આનંદ કારી
સંઘ યાત્રા અનેરી

ગુરૂવારે તો **ગોધરા ઋષભદેવ** બિરાજે
ફાગણુ શુદી એકમે સંઘ **લાયજા** આવે
મજા આવે મધુરી

મંદિર મહાવીર દેવનું શોભા આપે અપાર
રચના–શિલ્પ સોહે અતિ વળી ભવ્ય વિશાળા
સંઘ યાત્રા અનેરી

**વીઢ** ગામમાં બીજના **સુમતીનાથ** સલુણાં
ત્રીજે ડુમરા મુકામ છે **ચંદ્ર** પ્રભુ અમુલા
મજા આવે મધુરી.

સોમે **સુથરી** આવીયા સ્વાગત સંઘનું સારૂં
**ધૃત કલ્લોલા પાર્શ્વજી** દહેરૂં ઉત્તમ ન્યારૂં
સંઘયાત્રા અનેરી.

ત્યાંથી **કોઠારા** આવીયા છઠ્ઠને બુધવારા
દહેરૂં દિવ્ય દેખ્યું ત્હાં જાણ્યે ઉભેલ પહાડા
મજા આવે મધુરી.

બહુ ભવ્ય વિશાલને વળી કોરણી સારી
**શાંતિનાથ** પ્રભુતણી પ્રતિમા પણુ પ્યારી
સંઘયાત્રા અનેરી.

શુક્રવાર ને અષ્ટમી સંઘ **પરજાઉ** ગામે
રૂડા **ચંદ્ર** પ્રભુ ત્યહાં દેખી દુઃખડા વામે
મજા આવે મધુરી.

શની **જખૌ** બંદરે પ્રભુ **મહાવીર** રાજે
દશમી **નળીયા** આવીયા પ્રભુ **ચંદ્ર** બિરાજે
સંઘયાત્રા અનેરી.

એકાદશી **તેરાદુર્ગ**માં પ્રભુ **પાર્શ્વજી** ભાવ્યા
મંગલ દ્વાદશા ત્યહાં રહી **નાનીવરમોટી** આવ્યા
મજા આવે મધુરી.

**નખત્રાણા** ચતુર્દશી શ્રી **સુપાર્શ્વ** વિરાજે
પુર્ણિમા તો **વિથોણામાં ઋષભદેવજી** વિરાજે
સંઘયાત્રા અનેરી.

**મંજલ**માં વદી એકમે શ્રી **શ્રેયાંસજી** ન્યારા
બીજે માનકુવા ગયા શ્રી સુપાર્શ્વજી પ્યારા
મજા આવે મધુરી.

( દોહા )

ફાગણ વદી ત્રીજ દીને, રૂડી સોમ પ્રભાત;
સકળ સંઘ તો આવીયો, **ભુજનગર** વિખ્યાત.
પાંચ દિન સંઘ અહીં રહ્યો, આનંદ લુટયો અપાર;
સ્નેહ-સ્વાગતો ઝીલતાં, જલ્પે **જીનજયકાર**.
**મહારાવ ખેંગારજી**, ઉત્તમ ક્ષત્રિય વંશ;
ધર્મપ્રેમને ધન્ય છે, માનવ-કુલમાં હંસ.

સંઘભક્તિ સ્નેહે કરી, સગવડ કરી અપાર;
ધન્ય રાજવી રીતને, અનુપમ નીજ વ્હેવાર.
ત્રણ દહેરાં સોહે અતિ, કલાપૂર્ણ નિરધાર;
**શાંતિનાથ આદિ** પ્રભુ, ત્રીજા **પાર્શ્વ**કુમાર
**દુકમાં ને રતનાળ** થઇ, આવ્યા ફરો **અંજાર.**
**ભીમાસર, ચીરાઇ** થઇ, **વંદે સંભવ** સાર;
**સામખીયાળી** આવીયા, **લાકડીયા** મોઝાર.
થઇ **થોરીયાળી** થકા, **ગોરાસર** નિરધાર.
ચૈત્ર શુદી ચોથનાં, ફરી **વંણાસર** ગામ;
કચ્છ યાત્રા પુરી કરી, આવ્યા સૌ સુખ–ધામ.

( ઢાળ " વાસુપુજ્ય હો વાલમા " )

**ખાખરેચી**માં આવીયો સંઘપંચમી સારા
**શ્રી સુપાર્શ્વ** પ્રભુ તણાં દરિશન લાભ અપારા
સંઘયાત્રા અનેરી

છઠ્ઠે **ગાલા** ગામમાં **વાસુપુજ્ય** કૃપાળા
સપ્તમીયે **બેલા** ગયા **પદ્મપ્રભુ** દયાળા
મજા આવે મધુરી

આઠમ નોમના **મોરબી** પ્રભુ **પાર્શ્વ** જીણંદા
દશમેં **ટંકારા** ગામમાં પ્રભુ **પાર્શ્વ** મુણીંદા
સંઘ યાત્રા અનેરી

**લતીપર** અગીયારસે પ્રભુ **પાર્શ્વ** બિરાજે
દ્વાદશે **ધ્રોળ** આવીયા **શાંતિનાથજી** રાજે
મજા આવે મધુરી

ફેલા થઈને ઘુંવાવમાં શ્રી સુપાર્શ્વજી પ્યારા
જામનગરે ચતુર્દશી અતિ આનંદ કારા
સંઘ યાત્રા અનેરી
દહેરાં બાર છે શોભતાં કળાવાન અપારા
વડા પર્વત જેવડાં વળી કોરણી ક્યારા
મજા આવે મધુરી

( દોહા )

ક્રોડો કેરા ખર્ચથી સ્થાપ્યા એ જીન ધામ
એથી અવની ઉજળી જલ્પે ભારત ગાન
આર્ય કળાને શક્તિનાં ગાતાં સહુ ગુલતાન
પૂર્વજને પુરૂષાર્થથી ભુલતા આપણુ ભાન
શોભે શુભ જનાલયો આવાં જગે અનેક
એથી અવિચળ આજ છે જૈન ધર્મની ટેક
સોહે દહેરાં બાર એ રચના અમિત અપાર
દેવો પણ ગાતા ફરે જીનવરના જયકાર
વળી બીજે **વંથલી** **અનંત**નાથ મહારાજ
ત્રીજે હડમતીયા ગયા વંધ્યા વિભુ **વિરરાજ**
રાણપુર થઇ **રાજકોટ** પ્રક્ષાલ્યા દેવ **સુપાર્શ્વ**
**રીબડા**થી **ગોંડળ** ગયા **ચંદ્રપ્રભુ** મુનિરાજ
**વીરપુરે** થી **જેતપુર** દર્શ્યા ઋષભજીણંદ
**વડાલ**માં વદી બારસે આવે અતિ આનંદ
તેરસને દિન ચાલીયા તીર્થ મહા ગિરનાર
પડાવ નાખ્યો સંઘનો ઉત્તમ ઠાઠ અપાર

યાત્રા ઉલટથી કરી ભેટયા નેમી જીણંદ
હૈયું ઉછળે હેતથી હલકે ઉર આનંદ
ચાર માસના સંકટો સહ્યાં **જીવન** ને કાજ
દર્શન દાદાના કર્યાં ઉતર્યો અંતર-થાક
સામૈયા ને સ્વાગતો, તિર્થમાળ પ્રસંગ
ઉજ્જવલ વર્ણથી ઉજવ્યો ધન્ય **નગીન**નો સંઘ
વળી અગ્નિરથ ઉપરે ગયા વેરાવળ ગામ
વંથલીને પ્રભાસમાં ઝીલ્યા શુભ સન્માન
છ દહાડા ગિરનારની, યાત્રા કરી અપાર;
દાન-દીધાં અતિ ધર્મમાં ધન્ય **નગિન** અવતાર.

( વિદાય. )

વૈશાખ શુદી ત્રીજ દીને, સકળ સંઘ સમુદાય;
'અગ્ની-રથ[1]' કરી 'આવગો[2]' પાછા પટ્ટન જાય.
વચ્ચે વળી **વઢવાણ**ના, ઝીલ્યાં શુભ-સન્માન;
**મેસાણા**માં રાત રહી, પહોંચ્યા **પાટણગામ**.

( ઢાળઃ—હરખે અંતર દેખી પ્રભુને. )

" આવ્યો આવ્યો આવ્યો સંઘ આજે "
લોકો આમ વદી ઉર નાચે
હૈયાં હરખી આનંદે ડોલે
જીન શાસનની જય બોલે

૧ અગ્નીરથ-ટ્રેઇન, રેલ્વે. ૨ આવગો-સ્પેશીયલ.

ઉલટભેર સામું ગામ[૧] આવે
વાજાં ઢોલ ત્રાંસા તો બજાવે
રચી સામૈયું સંઘનું સ્નેહે
સ્પર્શ્યા **પાસ પંચાસરા** નેહે
ચઉટાં ચોક બજારને ઘર ઘર તોરણુ તાર
સંઘ વધાવ્યો સ્નેહથી વદે નગિન જયકાર
ગુણીજન તો ગુણને નમે નગિન એમ ગામ
હોંસે સઉકો બોલતા ધન્ય નગિનનું કામ.

( છેવટ )

કાવ્ય છંદ જાણું નહી, નહીં ભાષાનું જ્ઞાન;
ઉલટ ધરીને રાસ આ, રચ્યો પ્રેમ-નિદાન.
'અજ્ઞાની' **મુજદેહ** છે; 'દોષો' રહ્યા **અનેક**;
**ક્ષમા** ચાહું છું સ્નેહથી, ધરી ભાવ વિવેક.
કારતીક શુદી દશમીયે, સારો શુકરવાર;
વિક્રમ સંવત ઓગણી, ચોર્યાશી શુભસાર.
**ચોટીલા** શુભ ગામમાં, **ભગતવીરજી ધામ**;
રાસ રચી પુરો કર્યો, **મોહન** જયજીનનામ.
એકવખત સઉ પ્રેમથી, બોલો જય-જીનરાજ;
કૃપા ચાહો ગુરૂદેવની, સીધે સઘળાં કાજ.

---

૧ ગામ-પાટણના નાગરીકો.

શ્રી કુમારપાળ નરેશ ઉદ્ધરિત. શ્રી તારંગાજી તિર્થ.



પ્રકાશક. જૈ. સ. વાં. માલા. ક. ગિ. મહાયાત્રા.

# પાટણમાં અદ્વિતીય ઉદ્યાપન મહોત્સવ.

શેઠ નગીનદાસભાઇ તથા તેમના ધર્મપત્નિ બેન કેસરબેને પરમ શુદ્ધ દેવગુરૂ ધર્મસ્વરૂપ શ્રી નવપદજી મહારાજ ( શ્રી સિદ્ધચક્ર ) ની આરાધનારૂપ આયંબીલ ઓળી તપ તથા મતિ આદિ પંચ જ્ઞાન આરાધનારૂપ ઉજવલ પંચમી તપ પરિપૂર્ણ કરેલ તે તપના ઉદ્યાપન નિમિતે શ્રીપાટણ મધ્યે સંવત ૧૯૮૨ ના ફાગણ વદ ૩ થી ઉજમણાના કાર્યની શરૂઆત કરવામાં આવી હતી. ઉજમણાની અંદર મહા મૂલ્યવાન વીવીધ પ્રકારના ચોવીશ છોડ ઘણા ઉંચા પ્રકારના ભરાવેલા હતા. જ્ઞાન, દર્શન, ચારિત્રના ઉપગરણો ઘણા સુંદર મુકેલા હતા, દેરાસરમાં વપરાતી ચીજો થાળ–કળશો અને બીજી વસ્તુઓ ચાંદીની કરાવેલી બહુ સુંદર મુકી હતી. જ્ઞાનના ઉપગરણ તરીકે પ્રતો અને પુસ્તકોની સંખ્યા ગણાતી નહોતી. દરરોજ જુદી જુદી પૂજાઓ ઘણા ઠાઠમાઠથી ભણાવવામાં આવતી હતી. ઉદ્યાપન–મંડપના ઉપરના ભાગમાં જ્ઞાન દર્શન ચારિત્રની આરાધનારૂપ મહોત્સવના શુભ પ્રસંગે શ્રી તારંગાજી મહાતીર્થની રચના અને મહારાજાધિરાજ ગુર્જર નરેશ પરમાર્હત શ્રી કુમારપાળનાં પૂર્વભવના દૃશ્યો આત્મજાગ્રતિ અર્થે–બહુજ સુંદર રીતે ગોઠવવામાં આવ્યા હતા. જે દૃશ્યોની રચનાએ પાટણ અને તેની આસપાસના ગામોની સમસ્ત જનતાને ગાંડી કરી હતી. લોકોનાં ટોળેટોળાં એ રચનાઓ જોવાને ઉલટી રહેલાં હતાં અને રાત્રિના તો માનવ સમૂહની મેદની ક્યાંઇ માતી નહોતી. અંતે એ રચના બીજા પંદર

દીવસ સુધી રાખવી પડી હતી. આ દ્રશ્યોની હકીકત પૃષ્ટ ૩૪૧ થી ચિત્ર સાથે આપવામાં આવેલ છે. આ દેખાવો શેઠ કમળસી ગુલાબચંદ રાધનપુર નિવાસીએ બહુ બુદ્ધિ-પૂર્વક કરાવ્યા હતા. અન્ય સ્થળે પણ તેમણે આવા ધાર્મિક કાર્યોમાં જાત મહેનત અને બુદ્ધિનો સારો ઉપયોગ કર્યો છે. ફાગણ વદી ૧૦ મે જળયાત્રાનો વરઘોડો ચઢાવવામાં આવ્યો હતો. જેની શોભા અવર્ણનીય હતી. રાજ્ય તરફથી નગારૂં, નિશાન, હાથી-અંબાડી વગેરે ઘણી સામગ્રી મળી હતી. બે બેન્ડ ચાંદીની પાલખી ઉપરાંત ચાંદીના રથોથી આ વરઘોડાની શોભા અવર્ણનીય બની હતી સંગીત મંડળીએ પણ સારો આનંદ આપ્યો હતો. બધી વ્યવસ્થા જાળવવામાં સ્વયંસેવકો પુરતો પ્રયાસ લેતા હતા.

અને છેલ્લા ચાર દીવસો વદ ૯-૧૦-૧૧-૧૨ માટે શેઠ નગીનદાસ કરમચંદે ખાસ આમંત્રણ પત્રિકાઓ કાઢી ગામો-ગામ મોકલાવી હતી અને દર્શનાર્થે આવનાર તમામ ભાઇ-ઓની દરેક પ્રકારની સગવડ કરી હતી. એ ચાર દીવસે તો સારૂં પાટણ લોકસમૂહથી ઉભરાઇ ગયું હતું. અને એ ઉદ્યા-પન મહોત્સવ-એ અનુપમ દ્રશ્યો-એ પાટણના પુરાતન ચૈત્યો ઇત્યાદિનાં દર્શન કરી પોતાના આત્માને કૃતાર્થ માનતાં હતાં-સમ્યકત્વ બીજની પ્રાપ્તિ કરતાં હતાં.

વિવિધ સામગ્રીઓથી પોતાના સાધર્મી બંધુઓની સગવડતા જાળવવા વડે, તેમજ જૈન જૈનેતરોને સમ્યકત્વની પ્રાપ્તિ કરાવનારાં દ્રશ્યોવડે આ ઉદ્યાપન મહોત્સવ ખરેજ અદ્વિતીય હતો.

સત્યધર્મ કયો ! યશોમતિનું દ્રષ્ટાંત.




પ્રકાશક. જૈ. સ. વાં. માલા. ક. ગિ. મહાયાત્રા.

# ઉદ્યાપન મહોત્સવમાં મુકાયેલ છ દૃશ્યોની હકીકત.

## ૧—સત્ય ધર્મ કયો ?

એક વખત સિદ્ધરાજ ભૂપાળે કલિકાળ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજીને પૂછયું કે—સર્વ ધર્મના લોકો પોત-પોતાના ધર્મની પ્રશંસા કરે છે. તો સત્ય ધર્મ કયો ? સૂરિ મહારાજે કહ્યું કે—પુરાણોમાં એક શંખ નામના પુરૂષનું કથાનક છે તે તમે સાંભળો—


પૂર્વકાળમાં શંખપુર નગરમાં "શંખ" નામનો એક શાહુકાર રહેતો હતો. તેને યશોમતિ નામની સ્ત્રી હતી. કેટલાક વખત પછી યશોમતિ ઉપરથી તેનો સ્નેહ ઉતરી ગયો તેથી તે બીજી સ્ત્રીને પરણ્યો અને તેના સ્નેહમાં ગુલતાન થઇ ગયો. તેથી યશોમતિને સ્ત્રીઓના સ્વભાવજન્ય શોકયની ઇર્ષ્યા થવા લાગી. યશોમતિએ કોઇક સીદ્ધ પુરૂષની સેવા કરીને તેની પાસેથી માણસને પશુ બનાવવાનો મંત્ર પ્રાપ્ત કર્યો અને પોતાના પતિને તે મંત્રના પ્રભાવથી બળદ બનાવી દીધો. આથી લોકોમાં તેની બહુ જ નીંદા થવા લાગી પરંતુ હવે કોઈ ઉપાય નહિ હોવાથી પશ્ચાતાપ થવા લાગ્યો. એક દીવસ તે પોતાના પતિ—બળદને લઇને જંગલમાં ચરાવવા ગઇ. અને ત્યાં પોતે પોતાના દુષ્કર્મને યાદ કરીને રોવા લાગી. હવે તે સમયે આકાશમાં શીવ અને પાર્વતિ વિમાનમાં બેસીને જતાં હતાં. તેમણે યશોમતિનું રૂદન સાંભળ્યું તેથી

પાર્વતિએ શીવને યશોમતિના રૂદનનું કારણ પૂછયું—શીવજીએ યશોમતિનો સર્વ વૃતાંત કહ્યો. જેથી પાર્વતિએ કહ્યું કે—મહારાજ હવે આ બળદને પુરૂષ બનાવવાનો શું ઉપાય છે તે મને કહો. આ સાંભળીને શીવજી બોલ્યા કે—હે પ્રિયે આ નીચે રહેલા વૃક્ષના મૂળમાં એક એવી ઔષધી છે કે જેનું ભક્ષણ કરવાથી આ બળદ ફરીને મનુષ્ય થઇ શકે.

ઉપરનો વાર્તાલાપ સદ્ભાગ્યે યશોમતિના સાંભળવામાં આવ્યો. પણ તે વૃક્ષના મૂળમાં રહેલી અનેક પ્રકારની ઔષધિઓમાંથી કઇ ઔષધિ પ્રભાવશાળી છે તેની તેને ખબર ન હતી. તેથી કરીને તેણે વૃક્ષના મૂળમાં રહેલી બધી ઔષધિયો ભેગી કરીને તેના પતિને ખવરાવી. જેના યોગે કરીને તેનો પતિ પાછો મનુષ્ય થયો. યશોમતિની આ કાર્યથી લોકોમાં પણ પ્રશંસા થઇ.

હે રાજેંદ્ર ! જેવી રીતે તે પ્રભાવશાળી ઔષધિ બીજી ઔષધિઓમાં છુપાયેલ હોઇને પોતાનો પ્રભાવ પ્રગટ કરી શકતી ન હતી તેવીજ રીતે સત્ય ધર્મ પણ બીજા ધર્મોની સાથે મળી જવાથી પોતાનો પ્રભાવ દેખાડી શકતો નથી; પરંતુ કોઇ ધર્મનો અનુભવી–જ્ઞાની–સત્યભાષી–પ્રજ્ઞ પુરૂષ તેના પ્રભાવને જાણે છે. અને તેના ઉપદેશથી બીજા જીજ્ઞાસુઓ પણ જાણી શકે છે. માટે બધા ધર્મોનો પરિચય કરી તેમાંથી સત્ય ધર્મનું ગ્રહણ કરવું જોઇયે.

ધર્મવીર કુમારપાળને કંટકેશ્વરી દેવીનો ઉપસર્ગ.



પ્રકાશક જૈ. સ. વાં. માલા

ક. ગિ. મહાયાત્રા

## દશ્ય ૨ જું.

**અહિંસાવ્રતના પાલનમાં રાજર્ષિ કુમારપાળનું અદ્ભુત ધૈર્ય–કંટકેશ્વરી દેવીના ઉપસર્ગ–ગુરૂમહારાજના પ્રતાપે તેનું નિવારણ—**

એકદા નવરાત્રિના દિવસોમાં દેવીયોના પુજારીએ આવીને કહ્યું કે–હે મહારાજ પરાપૂર્વથી "કંટકેશ્વરી" વિગેરે દેવીઓના મંદિરમાં બકરાંનાં બલિદાન આપવાનો કુળરિવાજ છે. અને તે મુજબ આપે પણ આપવું જોઇયે. મહારાજા કુમારપાળ રાત્રિના ગુરૂમહારાજ પાસે આવ્યા અને આ બધી હકીકત તેમને નિવેદન કરી. ગુરૂમહારાજે કહ્યું કે—દેવતાઓ કદાપિ માંસભક્ષણ કરતા નથી. પરંતુ આ પુજારીઓ પોતાની જીહ્વાની લોલુપતા માટે આ નિર્દોષ પશુઓનો વધ કરાવે છે. માટે જો આપને દેવીઓની પશુઓથીજ પૂજા કરવી હોય તો તે પશુઓને દેવીના મંદીરમાં જીવતાં બાંધી દ્યો અને કપુર –કસ્તુરી નાલીયેર વીગેરેથી દેવીઓનું પુજન કરો, રાજાએ પણ તેમજ કર્યું. અને સવારના જોયું તો બધાં જ પશુઓ જીવતાં નીકળ્યાં–રાજાએ પુજારીની બહુ નિર્ભર્ત્સના કરી.

હવે રાત્રિને સમયે જ્યારે રાજા પોતાના એકાંતવાસમાં બેઠો હતો. તે વખતે રોષથી રકત નેત્રોવાળી કંટકેશ્વરી દેવી હાથમાં ત્રિશૂળ લઇને આવી અને કહ્યું "હે રાજન ! હું તારી કુળદેવી છું તારા પૂર્વજો મને બલિદાન આપતા આવ્યા છે. અને હવે તું કેમ નિષેધ કરે છે ?" રાજાએ કહ્યું "હે દેવી !

સત્ય દયામય ધર્મનો મર્મ હવે મારા જાણુવામાં આવ્યો છે અને તેથી કરીને અજ્ઞાન અવસ્થામાં તો ગમે તેવાં પાપકૃત્યો કર્યાં પરંતુ હવે ધર્મનું તત્વ જાણ્યા પછી હું અધર્મના ખાડામાં કેમ પડું ? " આ સાંભળીને દેવીએ એકદમ ગુસ્સે થઈ રાજાને ત્રિશૂળનો ઘા કર્યો–તેથી રાજાનું આખું શરીર કુષ્ટીમય થઇ ગયું. શરીરની આ હાલત જોઇને રાજાના મનને વૈરાગ્ય ઉત્પન્ન થયો. પરંતુ જીનેશ્વર ભગવાનના ધર્મપરથી લેશપણુ મન ચલિત ન થયું. પછી તેમણે ઉદયન મંત્રિને બોલાવીને સર્વ હકિકત નિવેદન કરી. અને કહ્યું કે " મંત્રિશ્વર ! મને મારા શરીરની તો કાંઇ ચિંતા નથી; પરંતુ મારી આ હાલત જોઇને લોકો ધર્મની નિંદા કરશે એ વાતની મને બહુ ચિંતા થાય છે માટે મારા શરીરની આ હકીકત કોઇને કહેશો નહિ. અને હું આજે રાત્રિના જ અગ્નિવડે પ્રાણત્યાગ કરીશ. " રાજાના આવાં વચન સાંભળી મંત્રીશ્વર બોલ્યા "હે પૃથ્વીનાથ ! શરીરની રક્ષા જેવી રીતે થાય તેવી રીતે કાર્ય કરવું એ ઠીક છે " આ સાંભળીને રાજાએ કહ્યું કે " હે નિઃસત્વ વાણીયા ! તું આવાં નિર્માલ્ય વચનો કેમ બોલે છે. ધર્મની રક્ષા કરતાં શરીરનો નાશ થાય તેથી વધારે રૂડું બીજું શું છે ? માટે તું શીઘ્ર મારે માટે ચીતા તૈયાર કરાવ " મંત્રીયે કહ્યું કે " હે કૃપાનિધાન ! હું પ્રથમ ગુરૂ મહારાજ પાસે જઇને સર્વ હકીકત નિવેદન કરૂં છું પછી તેમની આજ્ઞા મુજબ કરીશ. "

તેમ કહી મંત્રીશ્વર ત્યાંથી ગુરૂ મહારાજ પાસે આવ્યા અને સર્વ હકીત નિવેદન કરી. તે સાંભળી સૂરીશ્વરે કહ્યું કે

બીન વારસી ધનને ધૂળ સમાન લેખી શ્રાવકના ઉત્તમ વ્રતોને પાલનાર

**મહારાજા કુમારપાળ.**




પ્રકાશક. જૈ. સ. વાં. માલા.

ક. ગિ. મહાયાત્રા.

"હે મંત્રી! તમે જરાપણ ચિંતા કરશો નહિ. હું તમને મંત્રિતજલ આપું છું. તે લઈને રાજાના સર્વ શરીરે છંટકાવ કરો." મંત્રીશ્વરે તેમજ કર્યું અને નિમિષ માત્રમાંજ રાજાનું શરીર સુવર્ણ સમાન કાંતિવાળું થઇ ગયું. રાજા અને મંત્રીશ્વર ગુરૂ મહારાજનો પ્રભાવ દેખી અત્યંત આનંદિત થયા. અને ધર્મ-વિષેની તેમની શ્રદ્ધા વિશેષ દૃઢ થઇ.

પ્રાણાંતે પણ પોતાના અહિંસાધર્મનો ત્યાગ જેમણે નથી કર્યો. અને અઢાર દેશોમાં **અમારી** પ્રવર્તાવી જેણે **પરમાર્હત**નું બીરૂદ પ્રાપ્ત કર્યું હતું. એવા એ નરવીર ભૂપતિ કુમારપાળનું ચરિત્ર ખરેખર અનુકરણીય છે. આપણે પણ તેવીજ રીતે ગમેતેવાં કષ્ટ આવે, ગમે તેટલી કસોટીમાંથી પસાર થવું પડે તો પણ આપણા ધર્મ-નિયમનો ત્યાગ ન કરવો.

---

## દૃશ્ય ૩ જું.

રાજર્ષિ કુમારપાળનું ત્રીજું અદત્તાદાનવ્રત. અપુત્રિય ધનસંપત્તિના ત્યાગ વિષે શ્રેષ્ઠી કુબેરદત્તનો પ્રસંગ—

એક સમયે સભામાં મહારાજા શ્રી કુમારપાળ બેઠા હતા. ત્યારે નગરના શાહુકારોએ આવીને વિનંતી કરી કે "હે પૃથ્વીપતિ! આપણા નગરના અલંકાર સમાન કોટિધ્વજ કુબેરદત્ત શેઠનું અકસ્માત પરદેશમાં મૃત્યુ થયું સાંભળ્યું છે. અને તે અપુત્ર છે તો આપ ત્યાં પધારી તેના ધનનું ગ્રહણ

કરો." ત્યારે રાજાએ કહ્યું કે મેં તો ગુરૂ મહારાજ પાસે વ્રત લેતી વખતે અપુત્રીયાના ધનનો ત્યાગ કર્યો છે. એટલે મારે તે ધનનું પ્રયોજન નથી. છતાં પણ તેના ઘરની હાલત જોવા માટે હું તેને ત્યાં આવું છું—એમ કહીને રાજા-શાહુકારો સાથે તેને ઘેર ગયો. કુબેરદત્તની કુબેર સમાન અપૂર્વ સંપત્તિ જોઇને રાજા આશ્ચર્યચકિત થયો. ત્યાં તેના ઘરમાં ગૃહચૈત્યમાં જીનેશ્વર ભગવાનનાં દર્શન કર્યાં. ત્યાંથી બહાર આવતાં કુબેરદત્ત શાહુકારની બારવ્રતની ટીપ નજરે પડી—તેમાંથી કુબેરદત્ત શ્રેષ્ઠિના પરિમાણુવ્રતની હકીકત વાંચીને રાજાએ તેની ઘણી જ પ્રશંસા કરી. તેટલામાં ત્યાં રૂદન કરતી એવી ગુણુશ્રી અને તેની પત્ની કમળશ્રી કુબેરદત્તની માતાને રાજાએ જોઇ. તેમને દિલાસો આપીને રાજાએ પૂછયું કે—બ્હેન ! આ સમાચાર તમને કોની પાસેથી મળ્યા. તે સાંભળીને ગુણુશ્રીયે કહ્યું. હે મહારાજ ! તેમના મિત્ર વામદેવ પાસેથી સમાચાર મળ્યા છે, રાજાએ તેને બોલાવીને બધી હકીકત પૂછી. તેણે કહ્યું કે—" હે મહારાજ ! અમે કુબેરદત્તની સાથે ૫૦૦ વહાણો લઇને દેશાંતર ગયા હતા. ત્યાં વ્યાપારમાં અનગળ ધનની પ્રાપ્તિ થઇ, પાછા ફરતી વખતે અમારાં વહાણો વમળમાં સપડાઇ ગયાં અને તેમાંથી નીકળવાનો કાંઇ પણ ઉપાય નહી મળવાથી નીરાશ થઇને અમો બધા બેસી રહ્યા. તેવામાં એક નૈમિત્તિકે અમને કહ્યું કે આ આફતમાંથી બચવાનો માર્ગ એક જ છે અને તે એ કે જો અત્રેથી કોઇ સાહસિક પુરૂષ સામે દેખાતા પંચશ્રૃંગ દ્વીપમાં જઇને ત્યાં રહેલાં જીનમંદિર-

માંના ઘંટને વગાડે તો તેના અવાજથી ભારંડ પક્ષીઓ ઉડે અને તેમના ઉડવા વડે કરીને ઉત્પન્ન થયેલા પવનથી આ બધાં વહાણો વમળમાંથી છુટાં થાય." હે કૃપાનિધાન ! આવા પ્રકારનું નિમિત્તિયાનું કથન સાંભળી કુબેરદત્ત પોતે જ તે દ્વીપમાં ગયો અને તેમ કર્યું. તેમ કરવાથી વહાણો તો ચાલ્યાં પરંતુ કુબેરદત્ત પાછો આવી શકયો નહી. પણ એવા અગાધ સમુદ્રમાંથી તે સાધન વિના શી રીતે આવી શકે ? આ ઉપરથી તેનું મૃત્યું થયું હોય એમ અનુમાન થાય છે. આ સાંભળી રાજા સ્ત્રીઓને દીલાસો આપી જેવામાં વિદાય થતો હતો. તેટલામાં તેમણે નવીન સુંદર સ્ત્રી સાથે વિમાનમાં બેસીને આકાશમાર્ગે આવતા એવા શ્રેષ્ઠિ કુબેરદત્તને દીઠો. હર્ષથી પ્રફુલ્લિત તેણે કુબેરદત્તને આવકાર આપ્યો અને પૂછયું કે-" હે ભદ્ર ! ત્યાંથી તમે પાછા કેવી રીતે આવી શકયા." તેણે કહ્યું કે-" હે રાજશેખર ! ત્યાં જીનચૈત્યમાં દર્શન કર્યાં પછી ફરતાં ફરતાં મને એક મહેલ દેખાયો અને તેમાં એક અપ્રતિમ લાવણ્યમયી કન્યાને મેં જોઇ, તેણે મને સ્નેહથી બોલાવ્યો. મેં તેની પાસે જઇને તેનો સર્વ વૃતાંત પૂછતાં તેણે કહ્યું કે " હું પાતાલતિલક નગરના પાતાલકેતુ નામના વિદ્યાધરની કન્યા છું." એટલામાં પાતાલકેતુ ત્યાં આવી પહોંચ્યો અને તેણે તેની કન્યાનાં મારી સાથે લગ્ન કર્યાં. અને પોતાના રચેલા વિમાનમાં તેની કન્યા સાથે મને અત્રે મુકી ગયો." પછી રાજા તેને ખૂબ ધન્યવાદ આપીને સ્વસ્થાનકે ગયો.

જગતના સઘળા ઝગડાઓનું મૂળ અને માંયામમત્વના મૂળ પાયારૂપ એક જે ધન-સંપત્તિ અને તે પણ અનાયાસે મળતી ધન સંપત્તિનો ત્યાગ તો વિરલા પુરૂષો જ કરી શકે. અને એવા વીરલાજ ભવસાગરમાંથી તરી શકે.

---

## દૃશ્ય ૪ થું.

### પરમાર્હત કુમારપાળ મહારાજની અપ્રતિમ દયા ભાવના પૌષધમાં મંકોડાનો કરેલો બચાવ.

એકદા મહારાજા શ્રી કુમારપાળ પૌષધમાં બેઠા હતા. તે સમયે એક મંકોડો ત્યાં આવી ચઢયો, અને પોતાના જાતિ સ્વભાવ અનુસાર રાજાને સખત ડંખ દેવા લાગ્યો. રાજાએ વિચાર કર્યો કે " જો હું આ મંકોડાને દુર કરવા જઈશ તો તો ચામડીની સાથે સજડ ચોટેલો હોવાથી તેના પ્રાણનો વિનાશ થશે. " એમ વિચારીને રાજાએ સેવક પાસે એક કાતર મંગાવી અને પોતાની તેટલી ચામડી કપાવી નાંખી.

બીજાનાં જીવનને-શરીરને લેશ માત્ર પણ ઇજા ન થાય એવી ભાવનાથી જે મહાનુભાવો પોતાના શરીરની જરાપણ દરકાર નથી કરતા તેવા પુરૂષો ખરેખર કોટિશઃ ધન્યવાદને પાત્ર છે. અહિંસા વ્રતનું ઉત્કૃષ્ટ પાલન તે આનું નામ.

---

દયાની મૂર્ત્તી,


## કુમારપાળ નરેશ પૌષધવ્રતમાં.




પ્રકાશક. જૈ. સ. વાં. માલા. ક. ગિ. મહાયાત્રા.

કુમારપાળ નરેશ પૌષધવ્રતમાં.

મહારાજા કુમારપાળનો પૂર્વભવ. પાંચ કોડીને ફુલડે, પામ્યા દેશ અઢાર;



કુમારપાળ રાજા થયા, વર્ત્યો જયજયકાર. પ્રકાશક. જૈ. સ. વાં. માલા. ક. ગિ. મહાયાત્રા.

## દૃશ્ય ૫ મું.

### શ્રીમદ્ કુમારપાળ નરેશનો પૂર્વભવ, પાંચજ કોડીના ફુલથી કરેલી શ્રીજીનેશ્વર ભગવાનની પૂજાના અપૂર્વ ફલથી અઢાર દેશના અધિપતિપણાનું પામવું.

મારવાડ દેશમાં જયકેશી નામના રાજાને નરવીર નામનો પુત્ર હતો તે સાતે વ્યસનને સેવવાવાળો હતો તેથી રાજાયે તેનાથી કંટાલીને તેને નગર બહાર કાઢી મુકયો. નરવીર જઇને ચોરોની સાથે મળી ગયો અને ચોરી કરીને જીવન નિર્વાહ કરવા લાગ્યો. એક વખત "જયતા" નામના સાર્થવાહને તેણે લુંટયો. તે સાર્થવાહે ઉજ્જયનીના રાજા પાસે જઈ તેની મદદથી ફોજ લઇ આવીને નરવીર ઉપર હલ્લો કર્યો. નરવીર ત્યાંથી નાશી ગયો. સાર્થવાહે નરવીરની સગર્ભા સ્ત્રીને મારી નાંખી અને માલવપતિ પાસે ગયો પરંતુ માલવપતિયે તેણે સગર્ભા સ્ત્રીને મારી નાંખી—એ જાણવાથી તેનો ખૂબ તિરસ્કાર કર્યો તે સાર્થવાહે પણ પશ્ચાતાપ થવાથી તાપસી દીક્ષા ગ્રહણ કરી અને મરીને સિદ્ધરાજ થયો. પૂર્વે બાલહત્યા કરવાથી સંતાન પ્રાપ્તિ તેને થઇ નહિ. હવે નરવીર ત્યાંથી નીકળીને ધનુષ બાણ લઈને જંગલોમાં રખડતો હતો તેવામાં શ્રી યશોભદ્રસૂરિની સાથે તેની મુલાકાત થઈ. શ્રી સુરીશ્વરના ઉપદેશથી તેણે હીંસાનો ત્યાગ કર્યો. ત્યાંથી નીકળીને ફરતાં ફરતાં "એકશિલા" નગરમાં "ઓઢર" નામના શ્રાવકને ઘેર નોકર તરીકે રહ્યો. ઓઢરે શ્રી વીર પ્રભુનું વિશાલ અને

સુંદર મંદિર બંધાવ્યું હતું. ત્યાં હંમેશાં પૂજા કરવા જતો હતો. એક વખત પર્યુષણના દીવસોમાં ઓઢર સહકુટુંબ પ્રભુ-પૂજન કરવા ગયો અને નરવીરને પણ સાથે લેતો ગયો, ત્યાં પ્રભુને સ્નાત્ર પ્રક્ષાલન વીગેરે કરીને તેણે નરવીરને કહ્યું " હે ભદ્ર ! પુષ્પ વીગેરે સામગ્રી તૈયાર છે. તારી ભાવના હોય તો તું પણ પ્રભુનું પુજન કર " આ સાંભળીને નરવીરે વિચાર્યું કે આ પ્રભુ સર્વ પ્રકારનાં સુખોને આપવાવાળા છે. તો હું બીજા-ના આપેલા પુષ્પોથી શામાટે પ્રભુની પુજા કરૂં ? પરંતુ મારી પાસે તો માત્ર પાંચજ કોડી છે તો તેમાં પુજાની સામગ્રી શી થઈ શકશે ખેર, મારા ભાવ તો પુર્ણ થશે ? એમ વિચા-રીને પાંચ કોડીનાં ફુલો વડે પોતાના આત્માને ધન્ય ધન્ય માનતો પરમ આલ્હાદ પૂર્વક તેણે પ્રભુની પુજા કરી અને તે દિવસે ઉપવાસ કર્યો. પારણાંને દિવસે શ્રદ્ધા અને ભકિતપૂર્વક મુનિ મહારાજને દાન આપ્યું. તે દિવસથી નરવીર ધર્મમાં વિશેષ દ્દઢ થયો અને શુભ કાર્યોમાં જીવન ગુજારતો થયો. અનુક્રમે ત્યાંથી મરીને ગુર્જરદેશમાં રાજા ત્રિભુવનપાલના પુત્ર " કુમારપાલ " રૂપે ઉત્પન્ન થયાં.

માત્ર પાંચજ કોડીનાં પુષ્પથી પરંતુ અચલિત શ્રદ્ધા અને અપૂર્વ ભકિતથી વાસિત હૃદયે કરાયેલી ત્રિલોકનાથ દેવાધિદેવ શ્રી વિતરાગ-જીનેશ્વરદેવની પૂજા કેવા અદ્દભૂત ફળને આપે છે તે જુઓ અને તમો પણ તેવાજ પ્રફુલ્લ હૃદયે શ્રી જીનેશ્વરની પૂજા-સેવા-ભકિત કરવાને ઉત્સુક થાઓ—

લેખક:—**ચંપકલાલ જમનાદાસ.**

## આ મહોત્સવ પ્રસંગે ખુલ્લું મુકાયેલ રસોડું અને સ્વામીભાઇનું સ્વાગત.

આ ઉદ્યાપન મહોત્સવ ઉપર માનવ સમૂહ એટલો બધો મળ્યો હતો કે પાટણની બજારો અને મહોલ્લાઓ જ્યાં જુઓ ત્યાં ભરચક ગીરદી રહેતી હતી. ઉતારાઓ માટે જગ્યાની ગોઠવણ, તે માટે રખાયેલાં મકાનોની સંખ્યા ઘણી હતી. આવેલ મેમાનો તમજ સ્વામીભાઈઓને દરેક પ્રકારની સગવડો ઉતારામાંજ પુરી પડતી હતી. પોતાના ઘરમાં જે વ્યવસ્થા ન બને તેથી ઘણી વધુ સગવડતા આ મહોત્સવના પ્રસંગમાં આવનારને મળી હતી. રસોડા—અને જમણવાર માટે તો લખવુંજ શું ? શેઠ નગીનદાસભાઇનું સ્વામીભાઇને જમાડવાનું દીલ, તેમનું સ્વાગત અને ભક્તિનો લ્હાવો લેવાનું હૃદય ન માપી શકાય તેવું હતું. રોજ નવા નવા પકવાનો, ઉદાર દીલથી કરવામાં આવતાં હતાં. આટલી માનવ મેદનીની તમામ પ્રકારની નિયમીત વ્યવસ્થા સાચવવા માટે માણસોની સંખ્યા ઘણી રાખી હતી. દરેક ઉતારે માણસો જોઇતી વસ્તુ માટે પૂછવા પણ આવતા હતા. આવી વ્યવસ્થા અન્ય સ્થળે પ્રાયઃ ઓછી જોવામાં આવે છે.

શેઠ નગીનદાસ ભાઈએ અષ્ટોતરી સ્નાત્ર ભણાવવામાં દરેક સ્નાત્રમાં એકેક સોના મહોર ( ગીની ) મૂકી ઉદારતા દર્શાવી હતી. વદી ૧૩ ના અષ્ટોતરી સ્નાત્રમાં નવ સોનામહોર અને ૯૯ રૂપીયા મુકવામાં આવ્યા હતા.

આ ઉજમણા સાથે બીજું ઉજમણું શેઠ પ્રેમચંદભાઇ મોહનલાલે પણ માંડયું હતું. તેનો દેખાવ અને ઉજમણામાં ચીજો પણ ઘણી સુંદર મુકામાં આવી હતી. શેઠ પ્રેમચંદ

ભાઇએ પણ આ માંગલીક મહોત્સવમાં સારી ઉદારતા વાપરી હતી. શેઠશ્રી નગીનદાસભાઇએ આ ઉદ્યાપન મહોત્સવના શુભ કાર્યસાથે જૈન બોર્ડીંગ–જીવદયા–સાધારણ–સાતક્ષેત્ર વગેરે ખાતાઓમાં પણ સારી રકમ બક્ષીસ કરી હતી. ફાગણ વદી ૧૪ ના રોજ ઘણા બંધુઓ સાથે ચારૂપ તીર્થમાં જઇ પરમાત્માની ભક્તિ કરી હતી આ મહોત્સવ પ્રસંગમાં સુમારે એક લાખ રૂપીયાનો ખર્ચ કરી, દરેક કાર્યમાં ઉદારતા વાપરીને અત્યારે થતા મહોત્સવોમાં અગ્રસ્થાન પ્રાપ્ત કર્યું હતું.

## મેમાનોની વીદાયગીરી અને પહેરામણી સત્કાર.

આ માંગલીક મહોત્સવ પ્રસંગમાં શેઠ નગીનદાસભાઇના સગા–સંબંધી, પરિચીત જુદા જુદા શહેરોના પ્રતિષ્ઠીત ગૃહસ્થો અને સંબંધીઓ તેમજ થોડા પરિચયવાળા સ્વામી બંધુઓનાં હૃદય આ કાર્યથી હર્ષીત થઇ પ્રફુલ્લીત બન્યાં હતાં. શેઠશ્રીને પાઘડી ( ચાંલ્લા ) માટે દરેકનો આગ્રહ થતો હતો પરંતુ બહુજ નિકટના સંબંધીનો સ્વીકાર કર્યો જણાય છે. પરંતુ તેમની વીદાયગીરી વખતે સંબંધના પ્રમાણમાં દરેકને સામી પહેરામણી કરી બધી રીતનો લાભ લીધો હતો. પોતાના માણસોને પણ આવા માંગલીક પ્રસંગમાં ભુલ્યા નહોતા. આ ઉદ્યાપન મહોત્સવની સવીસ્તર હકીકત લખતાં તો એક પુસ્તક લખાઇ જાય તેમ છે. સ્થળ સંકોચને અંગે વાંચક વર્ગ આટલી હકીકતથી સાર સમજી લઇ પોતાની લક્ષ્મીનો સદ્વ્યય કરવા શેઠ નગીનદાસભાઇનું અનુકરણ કરી શ્રી વીર શાસનની શોભામાં અભિવૃદ્ધિ કરશે તેમ ઇચ્છું છું.

લી૦ અચરતલાલ.

# આ પંચતિર્થીનો સંઘ કાઢી,

## જીંદગીનો મહાન્ લાભ લેવા જેવો છે.

---

## સોળ લાખ વર્ષ પૂર્વેની પ્રાચીન પ્રતિમાના દર્શન !!!

---

શ્રી અજાહરા, ઊના, દીવ, દેલવાડા, પંચતીર્થીની

## અપૂર્વ યાત્રા !

પરમ ઉપકારી જગદ્‌ગુરૂ વિજયહિરસુરીશ્વરજી
મહારાજ તથા દેવસુરીશ્વરજી મહારાજ તથા
વિજયપ્રભુસુરીશ્વરજી મહારાજ વિગેરે
આચાર્યોની સ્વર્ગભૂમિનું દર્શન.

---

## અકાળે ફળેલા આંબાનું પ્રત્યક્ષ દર્શન !

---

સંવત ૧૦૧૪ ની સાલનો પ્રાચીન ગ્રંથ. !

શ્રી ગીરનાર પાસેના પ્રભાસપાટણથી ૨૨ કોશ દુર આવેલી શ્રી અજારા પાર્શ્વનાથજીના નામથી વિખ્યાત થયેલી પંચતીર્થી શ્રી ઊના, અજાર, દીવ, દેલવાડા એમ ચાર ગામ વચ્ચે આવેલી છે દરેક ગામ એકથી બે કોશને આંતરે આવેલ છે, પ્રભાસપાટણ, મહુવા, કુંડલા વિગેરે સ્થળેથી ખુશકી રસ્તે અને ભાવનગર, મુંબઈ, વેરાવળ, માંગરોળ વિગેરે સ્થળેથી જળમાર્ગે સ્ટીમરદ્વારા ત્યાં જઈ શકાય છે. રસ્તો સુગમ અને વાહનો સસ્તા ભાવથી મળી શકે એવો સુલભ છે.

શ્રી અજાહરા પાર્શ્વનાથની મહાન્ ચમત્કારી પ્રતિમા દેવલોકમાં એક લાખ વર્ષ સુધી ધરણેંદ્રે, છસો વર્ષ સુધી કુબેરે, અને સાત લાખ વર્ષ સુધી વરૂણદેવે પુજેલી છે. એ પછી એ પ્રતિમા અજય રાજાના ભાગ્યથી પદ્માવતી દેવીએ એક સાગર નામના શ્રેષ્ઠીને આપી. શ્રેષ્ઠીએ દીવ ગામે આવી તે અજય રાજાને અર્પણ કરી આ વખતે અજય રાજાને એકસો સાત જાતનાં વ્યાધી પીડા આપતા હતા, તે વ્યાધીઓ ભાવી તીર્થંકર શ્રી પાર્શ્વનાથજીની અદ્ભુત પ્રતિમાના દર્શન માત્રથી લય પામી ગયા, અજય રાજાના સ્વર્ગગમનને પ્રાયે આઠ લાખ વર્ષો વીતી ગયા છે જેથી દેવલોક અને મનુષ્ય લોકમાં સોળ લાખ વર્ષોથી પુજાતી પ્રતિમા કળીકાળમાં જાગતી જ્યોત પેઠે શ્રી અજાર (અજપુર) ગામે જયવંતી છે. આ પ્રતિમાના દર્શન માત્રથી બધી જાતની આધિ-વ્યાધિ અને ઉપાધિ નાશ પામી મનોવાંચ્છિત ફળ મળે છે.

અમીજરતી, છત્રધરી, જીવતો સજીવ હલન ચલન કરતો ધરણેંદ્ર જો જોવા ઇચ્છા હોય તો ઉનામાં શ્રી અમીજરા પાર્શ્વનાથજીની મૂર્તિનાં દર્શન કરો.

એવા આલ્હાદ જનક પાંચ ભવ્ય અને ચમત્કુતીવાળા જીનાલય અને તેની અંદરના વિશાળ ભોંયરા અને તેમાં બીરાજતી અદ્‌ભુત પ્રતિમાઓના દર્શન કરી ચીતને પાવન કરવા ઇચ્છા હોય, તથા અકબર બાદશાહ જેવા મોગલ શહેનશાહને બુજવનાર જગદ્‌ગુરૂના બીરૂદ ધારક શ્રીમાન્ વિજયહિરસૂરિશ્વરજી મહારાજ, તથા શ્રી વિજયદેવસૂરિશ્વરજી મહારાજ, તથા શ્રી વિજયપ્રભુસૂરિશ્વરજી મહારાજની સ્વર્ગભુમિ તથા અગ્નિ સંસ્કારવાળી ભુમિ જોવાની જો ઇચ્છા હોય તો ઊનામાં પ્રવેશ કરી તે સ્થળોના દર્શન કરો.

વર્ષારૂતુમાં ભાદરવા શુદ ૧૧ ના રોજે શ્રી જગદ્‌ગુરૂ વિજયહિરસૂરીશ્વરજી મહારાજના સ્થુલ દેહનો અગ્નિ સંસ્કાર કર્યો. તે જગ્યોએ તેજ રાત્રીના અકાળે આંબા ફલ્યા. તે આંબા જોવા ઇચ્છા હોય તો ઊનામાં પધારો. જે પ્રતિમા ખંડીત થવાથી ત્રણ ત્રણ વખત ભોંયરામાં પધરાવ્યા છતાં શાસનદેવે ભોંયરામાંથી બહાર કાઢી મુળ જગ્યોએ સ્થાપીત કર્યા એવી સુવિધિનાથ ભગવાનની પ્રતિમા જોવી હોય તો દીવની યાત્રા કરો.

જ્યાં નવલખો સંઘ વસતો હતો, ભગવાન ઉપર નવલખો

મુગટ હતો, નવલખી આંગી અને નવલખો હાર ધારણ કરાવવામાં આવતો હતો, એવા નવલખા પાર્શ્વનાથજીની મનોવાંચ્છિત કોડ પુરા કરનારી પ્રતિમાનાં દર્શન કરી જન્મ સફળ કરવો હોય તો દીવની યાત્રા કરો.

અખંડ શાંતિનો અનુભવ લેવો હોય તો ધમાધમ વગરના શાંત પ્રાચીન અને ચમત્કારોથી દીગ્મુઢ બનાવે તેવા આ મહાન્ તીર્થસ્થળોની યાત્રા કરો, અને કરાવો.

---

તા. ક.—

## કાયમની યાદગીરીની એક અમુલ્ય તક.

આ તિર્થની સંપૂર્ણ હકીકતનો ઇતિહાસ પ્રગટ કરવાની અમારી ઇચ્છા છે, અનેતે માટે તેની તૈયારી ચાલે છે લગભગ ૨૦૦-૨૫૦ પૃષ્ટનું આ પુસ્તક થશે.

આ તિર્થને સારા હિંદુસ્તાનમાં પ્રસિદ્ધિમાં લાવવાની વધુ જરૂર છે, અને તે માટે આવા ચમત્કારીક મહાકલ્યાણકારી તિર્થની સંપૂર્ણ હકીકતનું પુસ્તક જુદા જુદા ગૃહસ્થો તરફથી અમુક અમુક નકલો લેવાય અને [illegible], તેમ કરવાની જરૂર છે. ૨૫૦ નકલ લેનાર ગૃહસ્થનું નામ ફોટો વીગેરે તેમાં આવી શકશે. કિંમત લગભગ રૂ. ૧) રહેશે, શ્રીમાનોએ આ લાભ લેવા જેવો છે રૂ. ૨૫૦)માં કાયમની યાદગીરી સાથે યાત્રાનો મહાન્ લાભ લેવડાવવાનો ઉત્તમ માર્ગ છે. તે માટે નકી કરવા લખો:—

**જૈન સસ્તી વાંચનમાળા.**

રાધનપુરી બજાર,—**ભાવનગર.**

જૈન સસ્તી વાંચનમાળા.



ભાવનગર.